મહાપ્રાભાવિક

ઉવસગ્ગહરં સ્તોત્ર

યાને

જૈન મંત્રવાદની જયગાથા

-: લેખક :-

શતાવધાની પંડિત શ્રીધીરજલાલ શાહ

રમણિક

મહા પ્રાભાવિક

ઉવસગ્ગહરં સ્તોત્ર

યાને

જૈન મંત્રવાદની જયગાથા

*

લેખક :

પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહ

અધ્યાત્મવિશારદ, વિદ્યાભૂષણ, ગણિતદિનમણિ,
સાહિત્યવારિધિ, શતાવધાની આદિ.

*

સંશોધકો

પ. પૂ. આ. શ્રી વિજયધર્મધુરંધરસૂરિજી મ.
પ. પૂ. આ. શ્રી કીર્તિચંદ્રસૂરિજી મ.

*

પ્રસ્તાવના–લેખક

પ. પૂ. મુનિરાજશ્રી યશોવિજયજી મ.

*

પ્રકાશક :

જૈન સાહિત્ય પ્રકાશન મંદિર

મુંબઈ-૯.

પ્રકાશક :

નરેન્દ્રકુમાર ધીરજલાલ શાહ

વ્યવસ્થાપક :

જૈન સાહિત્ય પ્રકાશન મંદિર

લધાભાઈ ગુણપત બીલ્ડીંગ,

ગાંધીબજાર, મુંબઈ–૬.

*

આવૃત્તિ પહેલી

વિ. સં. ૨૦૨૫ સને ૧૯૬૯

મૂલ્ય રૂપિયા સાડા સાત

આ પુસ્તકના સર્વ હક્ક જૈન સાહિત્ય–
પ્રકાશન મંદિરને સ્વાધીન છે.

*

મુદ્રક :

કાંતિલાલ સોમાલાલ શાહ

સાધના પ્રિન્ટરી,

ઘીકાંટા રોડ, અમદાવાદ.

પ્રકાશકીય

શુભ સંકલ્પપૂર્વક જે કાર્યનો પ્રારંભ કર્યો હોય, અને જેની પાછળ પુરુષાર્થની પ્રશસ્ત પરંપરા હોય, તે કાર્ય અવશ્ય સિદ્ધ થાય છે તથા યશસ્વી નીવડે છે. જૈન સાહિત્ય પ્રકાશન મંદિરની પ્રવૃત્તિઓ સંબંધી અમારો અનુભવ આ જ પ્રકારનો છે.

સં. ૨૦૧૪ ના શ્રાવણ વદિ ૮ ના દિવસે એની સ્થાપના થઈ, ત્યારે અમારી પાસે મુખ્ય સાધન શુભ સંકલ્પનું જ હતું, પરંતુ અમારું ધ્યેય સ્પષ્ટ હતું અને તે માટે પૂરતો પુરુષાર્થ કરવાની પણ તૈયારી હતી, એટલે દશ વર્ષના ગાળામાં અમે નાનાં–મોટાં અતિ ઉપયોગી ૪૮ જેટલાં પ્રકાશનો કરી શક્યાં અને જૈન સમાજે તેને હાર્દિક ઉમળકાથી વધાવી લીધાં.

સં. ૨૦૨૨ ના શ્રાવણ માસમાં અમે '**નમસ્કારમંત્રસિદ્ધિ**' નામના ગ્રંથનું પ્રકાશન કર્યું, તેની એક જ વર્ષમાં બીજી આવૃત્તિ થવા પામી અને તે પણ હવે તો લગભગ પૂરી થવા આવી છે. તેણે આરાધનાવિષયક ગ્રંથો પ્રકટ કરવાનો અમારો ઉત્સાહ વધારી દીધો. પરિણામે અમે આજે '**મહા પ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર** યાને **જૈન મંત્રવાદની જયગાથા**' નામનો આ ગ્રંથ પાઠકોના કરકમલમાં મૂકી રહ્યા છીએ.

આ ગ્રંથ જૈન ધર્મ અને સંસ્કૃતિના ઊંડા અભ્યાસી અધ્યાત્મ-વિશારદ, વિદ્યાવિભૂષણ, ગણિતદિનમણિ, સાહિત્યવારિધિ, **શતાવધાની પંડિત શ્રી વીરજલાલ ટોકરશી શાહે** ઘણા પરિશ્રમે તૈયાર કર્યો છે. વધારે સ્પષ્ટ કહીએ તો તેઓ ઉવસગ્ગહરં સ્તોત્રના એક અનન્ય આરાધક છે અને તેના અલૌકિક પ્રભાવનો સાક્ષાત્કાર કરી ચૂકેલા છે, એટલે છેલ્લાં કેટલાંક વર્ષથી એ સ્તોત્ર અંગે એક મહત્ત્વપૂર્ણ ગ્રંથ પ્રકટ કરવાની તેમની ઉત્કટ ભાવના હતી, એ તેમણે આ ગ્રંથના સર્જન દ્વારા પૂરી કરી છે.

આ ગ્રંથમાં તેમણે ઉવસગ્ગહરં સ્તોત્રની આખી ભૂમિકા સરસ રીતે રજૂ કરી છે, તેના પર રચાયેલા સાહિત્યની યાદી પણ આપી

છે અને તેની પ્રત્યેક ગાથાના અર્થનું વિશદ વિવરણ કરીને તેમાં જે યંત્રો તથા મંત્રો રહેલા છે, તેનો પણ સપ્રમાણ સુંદર પરિચય કરાવ્યો છે. ઉપરાંત ચાર પરિશિષ્ટમાં પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં નામો તથા તીર્થો ઉપર સુંદર પ્રકાશ પાડ્યો છે. અમે આ ગ્રંથમાં અગત્યના ૧૭ યંત્રોના ચિત્રો પણ આપ્યાં છે કે જે તૈયાર કરાવવા માટે અમારે સારો એવો પરિશ્રમ કરવો પડ્યો છે.

પ. પૂ. આચાર્ય **શ્રીમદ્ વિજયધર્મધુરંધરસૂરીશ્વરજી મહારાજ** તથા પ. પૂ. આચાર્ય **શ્રી કીર્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજે** કૃપાવંત થઈને આ ગ્રંથનું શોધન કરી આપ્યું છે, તે માટે અમે તેમના અત્યંત આભારી છીએ. વળી સાહિત્ય–કલા–રત્ન **પૂજ્ય મુનિપ્રવર શ્રી યશોવિજયજી મહારાજે** તેની પ્રસ્તાવના લખી આપી ગ્રંથની ઉપયોગિતામાં વધારો કર્યો છે, તે માટે તેમના પણ આભારી છીએ. વિશેષમાં તેઓશ્રીએ આ ગ્રંથનું સમર્પણ સ્વીકારી અમારી લાંબા સમયની ભાવના પૂરી કરી છે, તેથી તેમના પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી પ્રકટ કરીએ છીએ.

પ. પૂ. જ્યોતિષમહર્ષિ મુનિરાજશ્રી પૂર્ણભદ્રવિજયજી મહારાજ, શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ, શેઠશ્રી રમણલાલ વાડીલાલ શાહ વગેરેએ આ ગ્રંથના પ્રકાશનમાં ઊંડો રસ દાખવ્યો છે, તેમના અમે ખાસ આભારી છીએ.

આ ગ્રંથમાં જે જે મહાશયોએ વંદના લખાવીને તથા તેના અગાઉથી ગ્રાહકો બનીને સુંદર સહકાર આપ્યો છે, તે સહુને અમે હાર્દિક ધન્યવાદ આપીએ છીએ.

આ ગ્રંથનું સમયસર પ્રકાશન કરવામાં સાધના પ્રીન્ટરીના માલીક શ્રી કાન્તિલાલ સોમાલાલ શાહ તથા શ્રી રમણીક શાહ ચિત્રકાર આદિ જે મહાનુભાવો સહાયભૂત થયા છે, તેમને પણ કેમ ભૂલી શકાએ ?

જો જૈન સમાજ તરફથી અમારી પ્રકાશન–પ્રવૃત્તિને આ રીતે ઉત્તજન મળ્યા કરશે, તો ભવિષ્યમાં બીજાં પણ કેટલાંક ઉપયોગી પ્રકાશન કરી શકીશું. જૈનં જયતિ શાસનમ્ ।

—પ્રકાશક



પ. પૂ. સાહિત્ય-કલા-રત્ન

મુનિપ્રવર

શ્રી યશોવિજયજી મહારાજ

સમર્પણ

શ્રી જિનશાસનની વિધવિધ રીતે

પ્રભાવના કરવામાં

જેમણે

સતત નિષ્ઠાભર્યો પ્રયાસ

કર્યો છે,

તે

સાહિત્ય–કલા–રત્ન

મુનિપ્રવર

શ્રી યશોવિજયજી મહારાજને

આ ગ્રંથ

સાદર સમર્પિત

વિનીત ધીરજલાલ શાહ

પરમ પૂજ્ય મુનિપ્રવર
શ્રી યશોવિજયજી મહારાજનો
જીવન–પરિચય

અહિંસા, સંયમ અને તપ વડે નિર્વાણયોગની સાધના કરનાર સાધુપુરુષો કોને વંદનીય નથી? જૈન શાસ્ત્રકારોએ તો 'साहू मंगलं', એ પદ વડે તેમને સાક્ષાત્ મંગલમૂર્તિ કહ્યા છે અને તેમને વારંવાર વંદન–પ્રણામ–નમસ્કાર કરતાં સર્વપાપનું પ્રણાશન થાય છે તથા છેવટે અક્ષય–અનુપમ સુખની પ્રાપ્તિ થાય છે, એમ જણાવ્યું છે.

પરમ પૂજ્ય મુનિપ્રવર શ્રી યશોવિજયજી મહારાજ આવા એક સાધુપુરુષ હોઈ તેમના જીવનનો પરિચય આપતાં અમને ખૂબ આનંદ થાય છે.

જન્મભૂમિ અને જન્મ :

વડોદરાથી ૧૯ માઈલના અંતરે આવેલું ડભોઈ શહેર ગુજરાતના ઈતિહાસમાં પ્રસિદ્ધ છે. પ્રાચીન કાલમાં તે દર્ભાવતી નામે ઓળખાતું હતું અને જૈન ધર્મનું એક પ્રસિદ્ધ કેન્દ્ર હતું. આજે પણ ત્યાંનો શ્રીમાળી વાગો એ પ્રાચીન જાહોજલાલીનો કેટલોક ખ્યાલ આપે છે. ત્યાં શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનોનાં ૩૦૦ જેટલાં ઘરો છે, ૮ આલિશાન મંદિરો, ૪ ઉપાશ્રયો, ૨ જ્ઞાનભંડારો છે તથા શ્રી આત્માનંદ જૈન પાઠશાળા વગેરે કેટલીક સંસ્થાઓ નિયમિતપણે ચાલી રહી છે.

આ શ્રીમાળી વાગામાં શ્રી નાથાજાત વીરચંદ શાહ તેમની ધર્મપરાયણતા, વ્યવહારકુશલતા તથા કાપડના બહોળા વ્યાપારને લીધે આગળ પડતું સ્થાન ધરાવતા હતા અને વીશાશ્રીમાળી જ્ઞાતિના પ્રધાન આગેવાન હતા. તેમના ધર્મપત્ની શ્રી રાધિકાબહેન પણ વિનમ્રતા, ઉદારતા તથા ધર્મપરાયણ પ્રવૃત્તિને લીધે સહુના હૃદયમાં

માનભર્યું સ્થાન પામી ચૂકયા હતા. તેમણે સં. ૧૯૭૨ના પોષ સુદિ ૨ ને દિવસે એક પુત્રરત્નને જન્મ આપ્યો. તે ખૂબ જીવનવાળો હોઈને તેનું નામ જીવણલાલ પાડવામાં આવ્યું.

પિતા અને માતાનો સ્વર્ગવાસ :

જીવણલાલ જ્યારે ગર્ભાવસ્થામાં હતા, ત્યારે જ તેમના પિતા ટૂંકી માંદગીમાં સ્વર્ગે સીધાવી ગયા, એટલે તેઓ પિતાની છત્રછાયા મેળવવાને ભાગ્યશાળી થયા નહિ. વળી તેઓ પાંચ વર્ષની ઉમરના થયા, ત્યારે માતાનો પણ સ્વર્ગવાસ થયો, એટલે તેઓ વિષમ પરિસ્થિતિમાં આવી પડ્યા; પરંતુ ત્રણ મોટાભાઈઓ તથા બે મોટી બહેનોએ તેમના તરફ ખૂબ મમતા બતાવી, એટલે વિષમ પરિસ્થિતિનો ભાર ઘણો હળવો થઈ ગયો. વડીલ બંધુ શ્રી નગીનભાઈએ તેમને ઉછેરવામાં આનંદ માન્યો. વધારે સ્પષ્ટ કહીએ તો તેમણે જીવણલાલને પોતાનાં હેતાળ હૈયાંની એટલી હુંફ આપી કે તેમને કદી માતા-પિતાની ખોટ સાલી નહિ.

વિદ્યાભ્યાસ અને ધાર્મિક શિક્ષણ :

પાંચ વર્ષની ઉમરે જીવણલાલ નિશાળે બેઠા અને વિદ્યાભ્યાસ કરવા લાગ્યા. તેની સાથે પાઠશાળાએ જવાનું પણ શરૂ કર્યું અને ધાર્મિક શિક્ષણ લેવા માંડયું. તે વખતે સિનોરનિવાસી પંડિત શ્રી ચંદુલાલ નાનચંદ શાહ ત્યાં ધાર્મિક શિક્ષણ આપતા હતા. તેઓ નિર્વ્યસની, શાંત સ્વભાવના તથા સાધુભક્ત હોઈને વિદ્યાર્થીઓ પર તેમની ખૂબ સુંદર છાપ પડતી હતી. જીવણલાલ પણ એ જ છાપથી અંકિત થયા અને તેમનામાં પૂર્વજન્મના સંસ્કારોને લીધે તથા કૌટુંબિક ધાર્મિક વાતાવરણને લીધે જે ધર્મપરાયણતા પ્રાપ્ત થઈ હતી, તે પાંગરવા લાગી.

સંગીત તથા નૃત્યની તાલીમ :

જીવણલાલ ૯–૧૦ વર્ષના થયા, ત્યારે સંગીતકલા તરફના

આકર્ષણને લીધે સરકારી શાળા તથા જૈન સંઘ તરફથી ચાલતી સંગીતશાળામાં જોડાયા અને ૬ થી સાત વર્ષ સુધી સંગીતની રીતસર તાલીમ લીધી. જાણીતા ભારતરત્ન ફૈયાઝખાનાં ભાણેજ શ્રી ગુલામરસુલ કે જેઓ મશહૂર ઉસ્તાદ અને સંગીતજ્ઞ હતા, તેઓ તેમના સંગીતગુરુ હતા.

અહીં એટલી સ્પષ્ટતા કરવી ઉચિત ગણાશે કે જીવણલાલે નાની ઉમર છતાં શ્રી સકલચંદ્રજી કૃત સત્તરભેદી પૂજા તેના જુદા જુદા ૩૫ રાગરાગિણીના વ્યવસ્થિત જ્ઞાન સાથે કંઠસ્થ કરી લીધી, તથા બીજી પૂજાઓ અને સ્તવનો પણ રાગરાગિણીમાં શીખી લીધાં. વળી સંગીતનાં વિવિધ વાદ્યિંત્રો અને તાલનું જ્ઞાન પણ મેળવી લીધું. વિશેષમાં નૃત્યકલા પ્રત્યે પણ તેમનું આકર્ષણ એટલું જ હતું, એટલે તેમણે નૃત્યકલાનું જ્ઞાન પણ સંપાદન કર્યું અને પ્રસંગ આવતાં દશ દશ હજાર માણસની મેદની સમક્ષ તેનું દર્શન કરાવી સહુની પ્રશંસા પ્રાપ્ત કરી.

સંયમસાધના પ્રત્યે અભિરુચિ :

આ રીતે સંગીત, નૃત્ય, ધાર્મિક શિક્ષણ તથા વ્યાવહારિક જ્ઞાનના યોગે જીવણલાલના જીવનનું ઘડતર થતું ગયું, તે સાથે તેમને સંયમસાધના પ્રત્યે પણ અભિરુચિ જાગી અને 'ક્યારે સાધુ–મુનિ–શ્રમણ બની આત્માનું કલ્યાણ કરું !' એ ભાવના જોર પકડવા લાગી. પરંતુ સંસારી સંબંધો તેમાં અંતરાયરૂપ નીવડ્યા. જો કે વડીલ બંધુ શ્રમણજીવનની અનુમોદના કરનારા હતા, પરંતુ કુટુંબીજનોએ મોહ અને લોકશરમના કારણે લીધેલી વિરોધી વલણને લીધે તેઓ એ માટે પોતાની સંમતિ જાહેર રીતે આપી શકતા ન હતા.

સાધુજીવન માટે સબળ પ્રયત્ન :

તેર વર્ષની ઉમરે જીવણલાલ ચોથી અંગ્રેજીમાં હતા, ત્યારે તેમણે સાધુજીવન માટે એક સબળ પ્રયત્ન કર્યો, પણ તે છેવટે સફળ

ન થયો. આમ છતાં સંયમદીક્ષા ગ્રહણ કરવા માટે તેમના પ્રયત્નો ચાલુ રહ્યા અને તે પંદર વર્ષની ઉમરે સફળ થયા.

ભાગવતી દીક્ષા :

સં. ૧૯૮૭ની અક્ષય તૃતીયાના દિવસે કદંબગિરિ મુકામે પરમ પૂજ્ય શાસનપ્રભાવક આચાર્ય શ્રી વિજયમોહનસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય મુનિશ્રી ધર્મવિજયજી મહારાજે તેમને ભાગવતી દીક્ષા આપી મુનિશ્રી યશોવિજયજી તરીકે પોતાના શિષ્ય જાહેર કર્યા. જેઠ વદિ ૧૧ના દિવસે મહુવા મુકામે તેમની વડી દીક્ષા ખૂબ ધામધૂમથી થઈ.

શાસ્ત્રાભ્યાસ :

શ્રમણજીવનનો સ્વીકાર કર્યા પછી તેઓ પૂજ્ય ગુરુવર્યોની નિશ્રામાં રહી શાસ્ત્રાભ્યાસ કરવા લાગ્યા. તેમાં પ્રકરણો, વ્યાકરણ, કાવ્ય, કોષ, કર્મગ્રંથો તથા આગમાદિ ગ્રંથોનું સારી રીતે અધ્યયન કર્યું. વિશેષમાં તેઓ વિવિધ જિનસ્તવનોની રચના કરીને પોતાની નૈસર્ગિક પ્રતિભાનો પરિચય આપવા લાગ્યા. તેમણે રચેલાં આ સ્તવનોનો સંગ્રહ **'સુયશ સ્તવનાવલી'** તરીકે પ્રસિદ્ધ થયો હતો અને ટૂંક સમયમાં જ આઠમી આવૃત્તિ સુધી પહોંચી ગયો હતો, જે તેની લોકપ્રિયતાનું પ્રબળ પ્રમાણ પૂરું પાડે છે.

ગ્રંથસંપાદન :

તેમણે શાસ્ત્રાભ્યાસના વિશિષ્ટ ફળરૂપે **'શ્રી બૃહત સંગ્રહણીસૂત્ર** યાને **શ્રી ત્રૈલોક્યદીપિકા'**નું સંપાદનકાર્ય હાથ ધર્યું અને તે અંગે અનેક પ્રકારનાં મહત્ત્વપૂર્ણ ચિત્રો નિર્માણ કરી તેની ઉપયોગિતામાં અતિશય વૃદ્ધિ કરી. અહીં એ વસ્તુ પણ પ્રકટ કરવી જોઈએ કે મુનિશ્રીને સંગીત અને નૃત્ય પ્રત્યે જેવો પ્રેમ હતો, તેવોજ પ્રેમ ચિત્રકલા પ્રત્યે પણ હતો અને તેમાં પણ ઘણી સારી પ્રગતિ કરી હતી. શ્રી બૃહત્ સંગ્રહણીનાં ૫૦ જેટલાં ચિત્રો તો તેમણે

સ્વયં દોરેલાં છે. આ ગ્રંથ વિદ્વાનોની, પત્રકારોની પ્રશંસાને પામ્યો અને તેની આવૃત્તિ જોતજોતામાં ખલાસ થઈ. કેટલાંક વર્ષો સુધી એ ગ્રંથ અલભ્ય રહ્યો, પણ હાલ તેની બીજી આવૃત્તિનું પ્રકાશન થવાની તૈયારી છે. આ ગ્રન્થમાં આવનારાં ચિત્રો તદ્દન નવીન ઢબે તૈયાર થયાં છે. ૨૫૦૦ વરસના ઇતિહાસમાં આ જાતનો પ્રયાસ પહેલો જ છે, એમ કહીએ તો ખોટું નથી. આ ગ્રન્થનાં પાંચ પરિશિષ્ટો માર્મિક રીતે લખાયેલાં છે. વર્તમાનપત્રો, શ્રી કુંવરજી આણંદજી, પૂજ્ય આચાર્યો, મુનિવરો તથા વિદ્વાનોએ આ ગ્રન્થની ભારે પ્રશંસા કરી છે.

ઉચ્ચ કોટિના વિદ્વાન :

તલસ્પર્શી અભ્યાસ, વિશિષ્ટ બુદ્ધિ–પ્રતિભા તથા સુંદર વિવેચનશક્તિને લીધે તેઓશ્રીએ ટૂંક સમયમાં જ જૈન ધર્મના એક ઉચ્ચ કોટિના વિદ્વાન્ તરીકેનું સ્થાન પ્રાપ્ત કરી લીધું.

તેમણે **'ચંદ્ર સૂર્યમંડળ કર્ણિકા'** નામનો એક ગ્રંથ લખ્યો છે, તે જૈન દૃષ્ટિએ ખગોળનું પ્રતિપાદન કરનારો છે અને આ વિષયમાં તેમનું અધ્યયન કેટલું ઊંડું તથા વિશદ છે, તેની પ્રતીતિ કરાવનારો છે.

તેઓશ્રીએ ઉણાદિવ્યુત્પત્તિકોષ, ધાતુકોષ તથા બીજી પણ કૃતિઓ વર્ષોથી લખી રાખેલ છે, જે પ્રકાશનની રાહ જોઈ રહી છે. સ્વાસ્થ્ય સારું રહે, અનુકૂળ સગવડો મળી રહે અને સામાજિક પ્રવૃત્તિઓથી થોડા મુક્ત રહે તો તેમના ચિત્તમાં રમી રહેલી સાહિત્ય, ચિત્ર, કલા તથા ધર્મપ્રચારને લગતી બીજી અવનવી અનેક ઉદાત્ત અને ઉપકારક યોજનાઓનો લાભ સમાજ મેળવી શકે.

આજે અનેક વિદ્વાનો, કલાકારો, અધિકારીઓ, વિવિધ ક્ષેત્રના સામાજિક કાર્યકરોનો સંપર્ક અવરનવર રહેતો જ હોય છે, એ તેઓશ્રીની જ્ઞાનપ્રિયતા, નમ્રતા, સહૃદયતા તથા સૌજન્યભર્યા વ્યક્તિત્વને આભારી છે.

તેઓશ્રીએ સંપાદિત કરેલી કૃતિઓ અનેક છે, જેમાં **કલ્પ-સૂત્રસુબોધિકા** ટીકા, **શ્રી યશોવિજય સ્મૃતિગ્રન્થ,** આત્મકલ્યાણ-માળા, સજ્ઝાયો તથા ઢાળિયાં, જિનેન્દ્રસ્તવનાવલિ ગુણ મોહનમાળા, પૌષધવિધિ, ઋષિમંડલસ્તોત્ર, નવ્વાણું યાત્રાની વિધિ વગેરેનો સમાવેશ થાય છે. આ સિવાય યશોભારતી જૈન પ્રકાશન સમિતિ તરફથી બહાર પડેલા **'ઐન્દ્રસ્તુતિ'** અને **'યશોદોહન'** ગ્રંથનું પણ તેમણે વિદ્વત્તાભર્યું સંપાદન કરેલું છે. આ સંસ્થા તરફથી અદ્યાવધિ અપ્રકાશિત મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના ન્યાય, સાહિત્ય, વ્યાકરણ, કાવ્ય, આગમ, અલંકાર વગેરે વિષયને લગતાં વીશેક પુસ્તકોનું સંપાદનકાર્ય તેઓશ્રી કરી રહ્યા છે.

મંત્રશાસ્ત્રના પણ તેઓ ઊંડા અભ્યાસી છે અને યંત્રો તથા મુદ્રાઓ વિષે ઘણું પ્રમાણભૂત જ્ઞાન ધરાવે છે, જે તેમણે વિવિધ પ્રકારે પ્રકાશિત કરેલા ૭ થી ૮ યંત્રો અને ઋષિમંડલસ્તોત્રની વિશિષ્ટ આવૃત્તિ પરથી જણાઈ આવે છે.

શિલ્પ-સ્થાપત્યના ઊંડા અભ્યાસી :

શિલ્પ–સ્થાપત્યમાં પણ તેઓ ઘણા ઊંડા ઉતર્યા છે અને તે અંગે નોંધપાત્ર જ્ઞાન ધરાવે છે. તે અંગે તેમણે જે વિશિષ્ટ સંગ્રહ કરેલો છે, તે એક સંગ્રહસ્થાનની ગરજ સારે એવો છે. શિલ્પકલાનું એમનું માર્મિક જ્ઞાન કેવું છે ? તેનો પુરાવો વાલકેશ્વર જૈન મંદિરમાં વિરાજમાન ભગવતી શ્રી પદ્માવતીદેવીની એનમૂન મૂર્તિ અને ભગવાન શ્રી પાર્શ્વનાથજીનું અભૂતપૂર્વ મૂર્તિશિલ્પ છે. શિલ્પ અને કલાને લગતું અભિનવ સર્જન સતત ચાલુ જ છે, એટલું જ નહિ પણ તેઓશ્રી વર્ષોથી એક વિશાળ જૈન સંગ્રહસ્થાન ઊભું કરવાની પ્રબલ ભાવના સેવે છે.

સાહિત્યસર્જન માટેના અથાગ પ્રયાસો :

અમારા હાથે લખાએલી અને વડોદરાની મુ. ક. જૈનમોહનમાળા

તરફથી પ્રગટ થએલી ધર્મબોધગ્રન્થમાળાનાં વીશ પુસ્તકોના પ્રેરક તેઓશ્રી જ હતા. ઉગતી જૈન પેઢી અને જૈનેતરોને સરલતાથી જૈન ધર્મના આચાર–વિચારોનું જ્ઞાન થાય તે માટે કિશોરો, યુવાનો અને પ્રૌઢો માટેની ૬૦ પુસ્તકની યોજનામાંથી ૨૦ પ્રગટ થઈ શકયાં. આ આ પુસ્તકો સારો આદર પામ્યાં હતાં.

પૂજ્ય ગુરુદેવની સંમતિથી પ્રો. શ્રી હીરાલાલ કાપડીઆ હસ્તક પ્રાપ્ય સંસ્કૃત ભાષાના ગ્રન્થો તેના ટૂંકા પરિચય સાથે લખાવરાવ્યા છે. તેનો પહેલો ભાગ પ્રકાશિત થઈ ગયો છે. બીજા બે ભાગ છપાઈ રહ્યા છે. એકંદર બે હજાર પૃષ્ઠમાં પ્રગટ થનારા આ બહુમૂલ્ય અને ખર્ચાળ પ્રકાશન પાછળ તેઓશ્રીનીજ પ્રેરણા હતી. પૂજ્યશ્રીના ગુરુદેવો જ્ઞાન–સાહિત્યના પ્રેમી હોવાથી આ બધું કાર્ય થતું રહ્યું છે.

જ્ઞાનકોષની યોજના :

પૂજ્યશ્રી, અનેક અભ્યાસીઓને જૈનધર્મમાં વધુમાં વધુ રસ લેતા કરવા હોય તો જૈનધર્મને લગતી ટૂંકી પણ સર્વાંગી માહિતી જરૂરી ચિત્રો સાથે મળે તેવા 'જ્ઞાનકોષ' ની અતિ આવશ્યકતા માને છે. વિ. સં. ૨૦૦૭માં ગોડીજીના ચાતુર્માસ પ્રસંગે તેઓશ્રીએ મુંબઈના આગેવાનો અને ટ્રસ્ટીવર્ગ આગળ આ યોજના પોતાના ગુરુદેવની નિશ્રામાં મળેલી સભામાં પાંચ લાખની પ્રાથમિક યોજના સાથે રજૂ કરી હતી, તે સહુને ગમી, પુનામાં કેન્દ્ર સ્થાપવું, પૂજ્યશ્રીએ ત્યાંજ રહેવું, આઠ વિદ્વાનોને રોકવા વગેરે નક્કી થયેલું, અને બે વરસના ખર્ચની બાંહેધરી પણ મળેલી. પરંતુ વિહાર થયા બાદ એ યોજના સ્થગિત બની ગઈ. ત્યારબાદ પૂ. આગમપ્રભાકર મુનિવરશ્રી પુણ્યવિજયજી મહારાજને પૂજ્યશ્રીએ આ કાર્ય કરવા વિનંતિ કરતાં તેઓશ્રી તુરતજ સંમત થયા હતા અને એ દિશામાં પ્રગતિ પણ થઈ છે.

અનેક આચાર્યોના કૃપાપાત્ર :

પૂજ્ય આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજે પૂજ્ય

મુનિજીને સંપૂર્ણ લોકપ્રકાશ સચિત્ર તૈયાર કરવાની જવાબદારી લેવા ૧૫ વરસ ઉપર સૂચવેલું. તેઓશ્રી પૂજ્યશ્રીના સહૃદયી મિત્ર છે અને સદાય સાથે રહીને આગમોના સંશોધનમાં સાથ–સહકાર આપે તેવું ઇચ્છી રહ્યા છે. પૂ. મુનિજી સ્વ. સૂરિસમ્રાટ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ, આગમોદ્ધારક શ્રી સાગરાનંદસૂરિજી મહારાજ, વિદ્યમાનમાં પૂજ્ય આ. શ્રી વિજયોદયસૂરિજી મહારાજ તથા પૂજ્ય આ. શ્રી વિજય નંદનસૂરિજી મહારાજ તથા અન્ય અનેક આચાર્યો અને મુનિવરોના કૃપાપાત્ર બની શકયા છે. પાલીતાણાનું આગમમંદિર કેવું બનાવવું વગેરે વિચારણામાં પૂ. શ્રી સાગરાનંદસૂરિજી સાથે મુનિજી પણ સામેલ હતા. મુનિજીએ જુદી ઢબની યોજના બતાવી હતી, આગમોદ્ધારકશ્રીને તે પસંદ પડેલી, પણ વધુ ખરચાળ થવાની સંભાવનાથી સ્વીકારી ન હતી.

નવીન પ્રસ્થાન :

ધાર્મિક અનુષ્ઠાનો વગેરેમાં પણ તેમની પ્રતિભા ઝળકયા વિના રહી નથી. વધારે સ્પષ્ટ કહીએ તો ઉપધાન–ઉજમણાં, ઉત્સવો–મહોત્સવો, ચંદરવા–પુંઠિયાની રચનાઓ, શિલ્પ–કલા–આદિની રચના અને વ્યવસ્થામાં તેમણે નવીન પ્રસ્થાનો કરેલાં છે અને આજે બહુધા તેનું જ અનુસરણ થાય છે.

આજના યુગમાં જિનશાસનની પ્રભાવના કેવી રીતે થઈ શકે ? તે માટે તેમણે ઘણું ચિંતન કરેલું છે. વળી તે અંગે યોગ્ય પ્રવૃત્તિઓ કરીને જૈન જનતાની, તેમજ રાષ્ટ્રનેતાઓની સારી એવી ચાહના પ્રાપ્ત કરી લીધેલી છે.

વિશ્વશાંતિ જૈન આરાધના સત્ર :

અષ્ટપ્રહોની યુતિના પ્રસંગે ઉપદ્રવ નિવારણાર્થે "વિશ્વશાંતિ જૈન આરાધના સત્ર" ઉજવવાનો વિચાર પૂજ્ય ગુરુદેવ અને જૈન સંઘ સમક્ષ તેઓશ્રીએ રજૂ કર્યો હતો અને તેમના બંને કૃપાળુ આચાર્યદેવોએ તેને સહર્ષ વધાવી લીધો હતો. પૂજ્ય ગુરુદેવોના સંપૂર્ણ

સહકાર, સાથ અને આશીર્વાદથી મુંબઈ–મમ્માદેવીના મેદાનમાં આ 'સત્ર'ની ન કલ્પી શકાય તેવી અદ્‌ભુત ઉજવણી થઇ, તેના મૂળમાં તેઓશ્રી જ હતા. ત્રણેય મુનિ–મહાત્માઓના પ્રબલ પુરુષાર્થ અને મુંબઈના જૈન સંઘ ઉપરના તેઓશ્રીના અસાધારણ પ્રભાવને લીધે આ ઉજવણીએ અભૂતપૂર્વ રૂપ ધારણ કર્યું હતું. તેમાં પૂજ્ય મુનિશ્રીની અપૂર્વ પ્રતિભા, વ્યવસ્થા અને સંચાલનશક્તિ, ઊંડી સુઝ અને દીર્ઘ દૃષ્ટિએ નોંધપાત્ર ફાળો આપ્યો હતો. વધારે સ્પષ્ટ કહીએ તો આ ઉત્સવના 'પ્રાણ' તેઓ જ હતા. તે વખતે જૈન સાહિત્ય કલાનું એક અતિ દર્શનીય પ્રદર્શન પણ યોજાયું હતું અને લાખો માણસોએ એનો લાભ લીધો હતો, તે પણ મુનિજીના સતત પરિશ્રમનું જ ફળ હતું. આ સત્ર અને પ્રદર્શનનું ઉદ્‌ઘાટન મહારાષ્ટ્ર રાજ્યના રાજ્યપાલ શ્રી શ્રીપ્રકાશે કર્યું હતું. *

છેલ્લા દિવસે મુંબઈમાં તેનો વરઘોડો નીકળ્યો, ત્યારે આકાશમાં વિમાન દ્વારા શાંતિજળની ધારા સમગ્ર શહેર ફરતી થઈ હતી અને એક લાખથી વધુ માણસોએ એ વરઘોડાનાં દર્શન કર્યા હતાં. આ સત્રે તપ અને જપની આરાધના દેશભરમાં કરાવરાવી હતી અને લાખો લોકોએ તેનો લાભ લીધો હતો.

રાષ્ટ્રીય જૈન સહકાર સમિતિની સ્થાપના :

ત્યારબાદ વિષમ પરિસ્થિતિમાં મૂકાયેલ ભારતના લોકશાહી તંત્રને સુવર્ણની જરૂર પડતાં તે વખતના ભારતના મહામાત્ય શ્રી લાલ-બહાદુર શાસ્ત્રીએ શ્રી મોરારજીભાઈ આદિની સલાહથી ગોલ્ડબોન્ડની યોજના રજૂ કરી, તે વખતે મુનિશ્રીએ 'રાષ્ટ્રીય જૈન સહકાર સમિતિ' સ્થાપીને તેને સબળ ટેકો આપ્યો હતો અને તે વખતના ગૃહપ્રધાન

---

* આ સત્રમાં અમે એક મંત્રી તરીકેની જવાબદારી સ્વીકારી હતી અને દોઢ મહિના સુધી રાત્રિ દિવસ કામ કર્યું હતું. ધી૦

શ્રી ગુલઝારીલાલ નંદાને મુંબઈ બોલાવી જાહેરસભામાં લગભગ ૧૭ લાખની કિંમતનું સુવર્ણ અર્પણ કરાવ્યું હતું. તે વખતે મુનિશ્રીએ રાષ્ટ્રના કલ્યાણ માટે જે વિચારો પ્રદર્શિત કર્યા, તેની ભારે તારીફ થઈ હતી.

રાજપુરુષોના વાર્તાલાપો વગેરે :

વિશેષમાં સન્માનનીય શ્રી મોરારજી દેશાઈ, શ્રી યશવંતરાવ ચૌહાણ તથા શ્રી ગુલઝારીલાલ નંદા વગેરે રાજપુરુષોએ મુનિજી જોડે વાર્તાલાપો કર્યા છે અને પત્રવ્યવહાર પણ કરેલો છે. મુનિશ્રીએ તેમને રાષ્ટ્રની ઉન્નતિ માટે મહત્ત્વપૂર્ણ સૂચનો કરેલાં છે.

કેટલીક નોંધપાત્ર પ્રવૃત્તિઓ :

તાજેતરમાં તેમણે શ્રી મહાવીર દેવનાં દેશ-પરદેશના અનેક રાષ્ટ્રના પ્રતિનિધિઓથી પ્રશંસા પામેલાં ૬૫ ચિત્રો અંગ્રેજી, હિંદી તથા ગુજરાતી નોંધો સાથે પ્રકટ કરવાની જે યોજના કરેલી છે, તેને જૈન સંઘે સુંદર ટેકો આપ્યો છે. **'જૈન ચિત્રકલા નિદર્શન'** તરફથી તે પ્રગટ થતાં, ભારે આદરપાત્ર બનશે એમ લાગે છે. તથા તેમણે તાજેતરમાં જ પૂજ્ય ગુરુદેવોના આશીર્વાદપૂર્વક **"જૈન સંસ્કૃતિ કલાકેન્દ્ર"** ની સ્થાપના કરી, તેને પણ આગેવાન જૈનોએ વધાવી લીધેલ છે.

ડભોઈમાં વિ. સં. ૨૦૦૬માં સ્વ. મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજની મૂર્તિપ્રતિષ્ઠા-પ્રસંગે **"શ્રી યશોવિજય સારસ્વત સત્ર"** ની અતિ સુંદર ઉજવણી થઈ, તેના ઉત્પાદક અને આયોજક પણ આ મુનિશ્રી જ હતા. પૂજ્ય ગુરુદેવોના આશીર્વાદ અને સર્વાંગી સાથથી એ સત્ર યાદગાર બન્યું હતું.

પાલીતાણાના **"જૈન સાહિત્ય મંદિર"** નું આકર્ષક બાંધકામ, પુસ્તકાલયનું પ્રશસ્ત સર્જન, વડોદરાના **'શ્રી મુક્તિકમલ જૈન**

મોહન જ્ઞાનમંદિરનું અવશેષ રહેલું બાંધકામ અને ત્યાં નવાં હજારો પુસ્તકોની પુનર્રચના વગેરે કાર્યો, મુનિશ્રીની વિશિષ્ટ કલામય દૃષ્ટિ અને સમર્થ વ્યવસ્થાશક્તિના સબળ સાક્ષી છે.

તેઓશ્રીના હાથે ખરીદાયેલા, સંગ્રહ કરાયેલા તથા હસ્તલિખિત મુદ્રિત પુસ્તકોની સંખ્યા પંદરેક હજારથી વધુ હશે. ખરીદીઓમાં ૧ લાખથી વધુ પુસ્તકો તેઓશ્રીના હાથ નીચેથી પસાર થયાં હશે.

સાચા સલાહકાર :

પોતાના મહાન ઉપકારી ગુરુદેવના ઉપદેશથી મુંબઈમાં જે જે પ્રવૃત્તિઓ થઈ, તે બધામાં તેઓ સદાય સાથે જ રહ્યા છે. અને વધારે સ્પષ્ટ કહીએ તો તેઓશ્રીએ પૂ. આચાર્યશ્રીના એક નમ્ર અને સાચા સલાહકારનું સ્થાન સદા શોભાવ્યું છે. આજે પૂજ્યશ્રી ગુરુદેવોના આદેશથી ત્રણ ત્રણ પ્રકાશન સંસ્થાઓની જવાબદારી સંભાળી રહ્યા છે, તે એમની પ્રબળ કાર્યનિષ્ઠા સૂચવે છે.

અનન્ય કલાપ્રેમી :

તેઓશ્રીએ કલાકારોને પાસે રાખીને, પોતાની પૂર્ણ દેખરેખ નીચે કલ્પસૂત્રનાં કેટલાંક ચિત્રો તૈયાર કરાવ્યાં છે, તે ખરેખર અતિ સુંદર છે. પોતાની પસંદગીના વિવિધ સાહિત્યથી સર્જેલી અર્થપૂર્ણ આકર્ષક કિનારોનું કાર્ય તો અભૂતપૂર્વ કહીએ તો પણ અનુચિત નથી. પ્રાયઃ આવી વ્યવસ્થિત રીતે અને વિશિષ્ટ ઢબે આલેખાએલી કિનારો પ્રાચીન–અર્વાચીન પ્રતિઓમાં ભાગ્યે જ જોવા મળે છે.

તેઓશ્રીએ કલ્પસૂત્ર–બારસા સુવર્ણાક્ષરે લખાવેલ છે, તે પણ એક અતિ દર્શનીય કૃતિ છે. મુનિજીની કલાદૃષ્ટિ અહીં પણ ઝળકી ઊઠી છે. એમાં નોંધપાત્ર વિવિધતા લાવવામાં તેઓશ્રી સફળ નીવડયા છે. વર્તમાનમાં લખાતી સુવર્ણાક્ષરી પ્રતિઓમાં આનું સ્થાન મૂર્ધન્ય છે.

પૂજ્યશ્રી તો સંપૂર્ણ આગમો, લોકપ્રકાશાદિ ગ્રન્થો, આચાર–

ગ્રન્થો વગેરેની અંદર આવતા વિવરણોને ચિત્રો દ્વારા ભરી દેવા માગે છે. આજથી વીશ વરસ ઉપર ૪૫ આગમોને સચિત્ર હસ્તલિખિત રીતે લખાવવાની રૂપિયા ૧૦ લાખની યોજના કરી હતી, એનું મંગલાચરણ પણ થયું હતું, પણ ગમે તે કારણે તે એમને એમ સ્થગિત થઈ ગઈ !

પૂજ્યશ્રી પાસે વિશિષ્ટ કોટિની સચિત્ર પ્રતિઓ, ચિત્રો, તીર્થોના ફોટોગ્રાફો, કલાભય વસ્તુઓ, વિવિધ શિલ્પકલાના નમૂનાઓ, વસ્ત્રાદિકના પટો વગેરેનો સારો એવો સંગ્રહ છે. તેમાં કેટલોક ભાગ ગુરુપરંપરાએ પ્રાપ્ત થયેલો છે અને કેટલોક પોતે કરેલો છે.

અનેકવિધ પ્રવૃત્તિઓથી સંકુલ જીવન વચ્ચે પણ ફુરસદના સમયે તેઓશ્રી અવનવું સર્જન કરતા રહે છે. તેમની પાસે બુદ્ધિશાલી કાર્યકર્તાઓનું જૂથ હોય, ધનની અને બીજી સગવડતાઓ હોય, તો તેઓ કંઈ નવું જ સર્જન કરી આપે તેમ છે. પૂજ્યશ્રીની દેખરેખ નીચે થયેલું વાલકેશ્વરના જૈન મંદિરનું હેતુલક્ષી ચિત્રકામ જે રીતે થયું છે અને જે જાતનું થયું છે, તેવું ભાગ્યે જ બીજા મંદિરોમાં થયું હશે. એમની વિશિષ્ટ ચકોર કલાદૃષ્ટિના કારણે મોટા નામાંકિત ચિત્રકારો, કંપનીઓ, કલાકારો પોતે બનાવેલી કલાકૃતિઓમાં પૂજ્ય શ્રીની સલાહ સૂચનાઓ લે છે, તે જૈન સમાજ માટે ભારે ગૌરવની વાત છે.

સ્વભાવ :

પૂજ્યશ્રી આટલા વિદ્વાન હોવા છતાં સ્વભાવે વિનમ્ર અને નિખાલસ છે તથા એક બાળક સાથે પણ વિનોદપૂર્ણ વાર્તાલાપ કરી શકે છે. વિદ્યાર્થીઓ, યુવાનો તથા મુમુક્ષુઓ જે કોઈ તેમના પરિચયમાં આવે છે, તેમને તેઓશ્રી નિઃસ્વાર્થપણે સાચી સલાહ આપે છે અને જે વાત નિતાંત હિતની હોય, તે કશો સંકોચ રાખ્યા વિના ગમે

તેવા મોટા માણસને પણ બેધડક કહી શકે છે. એકંદર તેઓશ્રી પ્રગતિશીલ વિચારવાદી અને સાત્ત્વિક મનના પુરુષ છે.

અહીં એ નોંધ પણ અવશ્ય કરવી જોઈએ કે તેમની વેધકદૃષ્ટિ અને વિલક્ષણ બુદ્ધિ તેમના સંઘાડાના ઉત્કર્ષમાં તથા સામાજિક કાર્યોમાં સફલતા આપનારી નીવડી છે. તેઓશ્રી વ્યક્તિગત લાભ કરતાં શાસન–સંઘ–સમુદાયની પ્રગતિ તથા વ્યવસ્થા પર વિશેષ લક્ષ્ય આપે છે અને તે જ કારણે સદ્ગત પ. પૂ. આ. શ્રી વિજયમોહનસૂરીશ્વરજી મહારાજની હાજરીથી માંડીને આજ સુધી તેઓશ્રી તેમના સમુદાયના કેન્દ્ર બની રહ્યા છે. પરંતુ આ બધું ગુરુકૃપાનું અને પ્રેમનું ફળ છે, એમ તેઓશ્રી અંતરથી માને છે અને એ કૃપા સદા બની રહે, તે માટે સદા જાગ્રત રહે છે. તેઓશ્રીએ સાધુજીવનનો મોટો ભાગ પૂ. ગુરુદેવોની નિશ્રામાં રહીને જ ગાળ્યો છે અને તેથી જ તેમને અધ્યાત્મનો ઉત્કૃષ્ટ પ્રસાદ સાંપડ્યો છે. ગુરુકુલવાસ અને વિનયાદિ ગુણોના વિકાસ વિના કોઈને અધ્યાત્મનો ઉત્કૃષ્ટ પ્રસાદ સાંપડ્યો નથી અને સાંપડશે પણ નહિ, એ જૈન મહર્ષિઓની અમોઘ વાણી છે.

શિષ્યમંડળ :

પૂજ્યશ્રીનાં શિષ્યરત્નો શતાવધાની ન્યાય–વ્યાકરણ–સાહિત્ય–તીર્થ પ્રવર્તક શ્રી જયાનંદ વિજયજીગણિ, મુનિશ્રી વાચસ્પતિવિજયજી મ૦, તથા મુનિશ્રી મહાનંદવિજયજી મ૦ શાસ્ત્ર–સ્વાધ્યાય તથા તપજપાદિ ક્રિયામાં, તેમ જ ઉત્સવ–મહોત્સવમાં ઘણો રસ લઈ રહેલ છે અને ઉજ્જ્વલ ભાવિની આશા આપે છે.

પદવીપ્રકરણ :

પૂજ્યશ્રી યોગોદ્વહન કરી શકે તેવી શારીરિક સ્થિતિ ન હતી, પરંતુ તેઓશ્રીએ બીજી બધી રીતે પદની યોગ્યતા પ્રાપ્ત કરી હતી, એટલે પૂ. મુનિશ્રી જયાનંદવિજયજી મહારાજની પ્રવર્તક–પદવી પ્રસંગે

તેઓશ્રીને મુંબઈના શ્રીસંઘે પંદર હજાર જેટલા શ્રાવક–શ્રાવિકાઓની હાજરીમાં 'સાહિત્ય–કલા–રત્ન'ની પદવી જાહેર કરી હતી, પરંતુ મુનિશ્રીએ તે સ્વીકારવાનો નમ્રતાપૂર્વક ઇન્કાર કર્યો હતો. આ સભામાં મુંબઈના ઘણા શ્રીમંત આગેવાનો ઉપસ્થિત હતા. એ વખતે અને ત્યાર પછી પણ તેઓશ્રીને આચાર્યપદ અર્પણ કરવાની ભાવના સ્થળે સ્થળેથી પ્રકટ થઈ હતી, પરંતુ તેઓશ્રીએ હજી સુધી તે માટે સંમતિ આપી નથી.

તૈયાર થઈ રહેલું સાહિત્ય :

હાલમાં તેઓશ્રીના હાથે તૈયાર થઈ રહેલા સાહિત્યમાં શ્રી સિદ્ધ-ચક્ર–બૃહદ્‌યંત્ર, શ્રી ઋષિમંડલબૃહદ્‌યંત્રપૂજનવિધિ સચિત્ર તથા શ્રી ઋષિમંડળ–સ્તોત્ર સચિત્ર, સાંવત્સરિક પ્રતિક્રમણવિધિ સચિત્ર, શ્રી પદ્માવતીદેવી–પૂજનવિધિ આદિ ગણનાપાત્ર છે.

એક અચ્છા અવધાનકાર :

એક મહત્ત્વની વાત કરવી રહી ગઈ કે મુનિજી પોતે અચ્છા અવધાનકાર છે. વિ. સં. ૨૦૦૯માં વડોદરા શહેરમાં પોતાની મેળે, શતાવધાની પ્રવર્તક મુનિશ્રી જ્યાનંદ વિજયજીનો સહકાર લઈને ૬૦ અવધાનો તૈયાર કર્યા અને પહેલો જ પ્રયોગ પૂજ્ય ગુરુદેવ, મુનિમંડળ અને શહેરીઓની સભામાં કર્યો અને તે સફળતાપૂર્વક પાર પાડ્યો. ત્યારબાદ શતાવધાનનો પ્રયોગ ઠેરઠેરામાં કરવાનો વિચાર રાખેલો, પણ અન્ય ઉપાધિઓ વચ્ચે તે બની શકયું નહિ.

વિવિધ ગ્રંથોનું નિરીક્ષણ :

અવધાનવિદ્યા ઉપરાંત તેઓશ્રીએ વૈદકના ચરક, સુશ્રુત વાગ્‌ભટ્ટ અને બીજા અનેક ગ્રંથોનું નિરીક્ષણ કર્યું છે. સંગીતશાસ્ત્ર, યોગ, જ્યોતિષ, સ્વરોદય, કાળજ્ઞાન, હસ્તસામુદ્રિક વગેરેને લગતા વિવિધ

ગ્રંથો પણ નિહાળ્યા છે. તેઓશ્રીને પુસ્તકસંગ્રહનો જબ્બર શોખ હોવાથી આમ બનવું સ્વાભાવિક છે.

આ ગ્રંથનું સમર્પણ તેમને શા માટે ?

તેઓશ્રી વર્ષોથી અમારી સાહિત્યપ્રવૃત્તિમાં હાર્દિક રસ લેતા આવ્યા છે અને સહાયક પણ બન્યા છે. ગત વર્ષે અમારા તરફથી પ્રકટ થયેલ **'નમસ્કારમંત્રસિદ્ધિ'** ગ્રંથને તેઓશ્રીની વિદ્વતાપૂર્ણ મનનીય પ્રસ્તાવના પ્રાપ્ત થઈ હતી અને આ ગ્રંથને પણ તેઓશ્રીની મનનીય પ્રસ્તાવનાનો લાભ મળ્યો છે.

વળી તેઓશ્રી પાર્શ્વનાથ અને પદ્માવતીદેવીના ખાસ આરાધક છે, એટલે આ ગ્રંથ તેમને સમર્પણ કરવાની અમારી ભાવના થઈ અને તેઓશ્રીએ કૃપાવંત થઈને તેનો સ્વીકાર કર્યો, તે માટે અમે તેમના પ્રત્યે વિશિષ્ટ કૃતજ્ઞતા પ્રકટ કરીએ છીએ.

અંતિમ અભિલાષા :

તેઓશ્રીના હાથે શાસનસેવાનાં વધુ ને વધુ કાર્યો થાય અને નામ પ્રમાણે તેમના યશસ્વી જીવનનો વિજય ઇતિહાસનાં પૃષ્ઠોમાં સુવર્ણાક્ષરે અંકિત થાય, એવી હાર્દિક ભાવના પ્રકટ કરી, આ જીવનપરિચય સમાપ્ત કરીએ છીએ.

આ ગ્રંથના સંદીપકો

ડૉ. પ્રાણજીવન મહેતા

ડૉ. પ્રાણજીવન મહેતા



પ. પૂ. જ્યોતિષમહર્ષિ

મુનિરાજશ્રી પૂર્ણભદ્રવિજયજી મહારાજ

જેમણે

આ ગ્રંથના પ્રકાશનમાં ઊંડો રસ
લીધો છે તથા સદુપદેશ આપી
વંદનાદિ દ્વારા સહાય પણ કરી છે.

સર્વવિઘ્નહરણાય દર્ભાવતીમંડન શ્રી લોટણ પાર્શ્વનાથાય નમઃ ।

પ્રસ્તાવના

શતાવધાની વિદ્વાન ધર્મસ્નેહી પં. શ્રી ધીરૂભાઈએ પ્રસ્તાવના લખી આપવા જ્યારે આગ્રહ કર્યો, ત્યારે સમય અને કંઈક 'મૂડ'ના અભાવે મેં ના જણાવી, પણ તેમનો પુષ્ટાગ્રહ જારી રહેતાં થોડું કંઈક લખવાનું વિચાર્યું.

સ્તોત્ર–મન્ત્ર–યન્ત્રની ઉપાસના આ કાળમાં પણ પોતાના પ્રગટ પ્રભાવને બતાવનારી છે, એ અનુભવીઓની અનુભવસિદ્ધ નિર્વિવાદ આપ્ત છે. છતાંય જે ઉપાસકોને આરાધના ફલવતી નથી દેખાતી, તેનાં કારણો શું છે? તે અંગે મારી દૃષ્ટિએ થોડું કંઈક લખવા ઇચ્છા હતી. વળી સમ્યગ્ દૃષ્ટિ શાસન–દેવ–દેવીઓ અને મન્ત્રોનું શું સ્થાન છે તથા તેનો પ્રભાવ શું છે? તે અને સાધકો અને ઉપાસકોના તેમજ મારા પોતાના અનુભવો અંગે પણ લખવાની ઇચ્છા હતી, પણ તે તો સ્વતંત્ર પુસ્તક દ્વારા જ શક્ય બને. એમ છતાં શતાવધાનીજીએ એમના મંત્રગ્રન્થોની શ્રેણિમાં આ અંગે ઘણું લખ્યું છે, વાંચકો તેથી જરૂર સંતોષ મેળવી શકે તેમ છે, એટલે હું તો ભગવાન શ્રીપાર્શ્વનાથ સાથે સબંધ ધરાવતી જાણવા જેવી કેટલીક હકીકતો, સ્તોત્રાદિક અંગેની મહત્ત્વની બાબત વગેરે જણાવીને મારી પ્રસ્તાવના સમાપ્ત કરીશ.

જે સ્તોત્ર ઉપર આ ગ્રન્થ તૈયાર થયો છે, એ સ્તોત્ર **પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ** ભગવાનનું છે. પ્રસ્તુત તીર્થંકર બાલ્યકાળથી મારા ઉપાસ્ય છે, આરાધ્ય છે. માત્ર આરાધ્ય જ નહિ, પરમારાધ્ય છે. એમનાં નામસ્મરણ, ધ્યાન તથા ઉપાસનાએ મારા જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે; એટલે પ્રારંભમાં ત્રિકરણયોગે વિધવિધ નામે ઓળખાતા જૈન સંઘના–લોકપ્રિય તીર્થંકરને ભાવપૂર્વક વંદન–નમસ્કાર

કરું છું. સાથે સાથે ભગવતી આરાધ્યદેવી શ્રી પદ્માવતી માતાજીનો પણ નમસ્કાર કરું છું.

ભગવાન 'પાર્શ્વ'નો જન્મકાળ :

જૈન ધર્મમાં કાલને એક સ્વતંત્ર દ્રવ્ય–પદાર્થ તરીકે ગણેલ છે. અને માનવજાતને સમજવા માટે સમય કે કાળની એક સ્વતંત્ર પરિભાષા નિર્માણ થઈ છે. એ પરિભાષામાં કાળના અવિચ્છિન્ન–અવિભાજ્ય પ્રમાણને સમય એવા સ્વતંત્ર શબ્દથી ઓળખાવ્યો છે. અહીંયાં 'સમય' શબ્દથી પ્રચલિત 'વખત' એવો અર્થ લેવાનો નથી.

આ સમયના પરિમાણને સમજવું શી રીતે? આ વિષયથી અજ્ઞ એવા હરકોઈ વાચકને આ પ્રશ્ન ઉઠે. એના માટે શાસ્ત્રમાં અનેક દૃષ્ટાંતો–દાખલાઓ આપ્યાં છે. એ પૈકી એક દાખલો જોઈએ.

આપણે આંખને મીંચીને તુરત ખોલી નાંખીએ, તેને 'પલકારો' કહીએ છીએ. એમાં જેટલો કાળ પસાર થયો, તેમાં અસંખ્ય સમયો વીતી ગયા. જરા કલ્પના તો કરો! તમારી કલ્પાના થીજી જાય એવી આ બાબત છે. એમાં હજારો, લાખો, કરોડો, અબજો નહિ પણ અસંખ્ય સમયો એટલે કે જેની ગણત્રી કરવી જ મુશ્કેલ, એટલા સમાયા છે. અત્યારે સ્થૂલ ગણિતમાં 'વિપલ' સુધીનું માપ છે. અંગ્રેજીમાં ચાલુ વહેવારમાં 'સેકન્ડ'નું (એક મીનીટના ૬૦ મા ભાગનું) માપ છે. આ વિપલ કે સેકન્ડમાં લાખો કરોડો સમયનો સરવાળો રહેલો છે. આથી એક સમય કેટલો સૂક્ષ્મ વિભાગ છે, તેની કલ્પના આવી શકશે. જૈન ધર્મનું આ આત્યન્તિક કોટિનું સૂક્ષ્મમાન છે. આ કાલગણિત તમને અન્યત્ર કયાંય નહિ મળે. કાળનું આદિમાન જેમ સમય છે, તેમ તેનું અન્તિમમાન અનંત છે.

સમયથી શરૂ થતું આ માપ ગણત્રીની મર્યાદા છોડીને આગળ વધે છે, ત્યારે તેને માટે અસંખ્ય શબ્દનો પ્રયોગ થાય છે. આવા

અસંખ્ય વરસોના કાળને એક પલ્યોપમ કહે છે. આવા અસંખ્યાતા પલ્યોપમના કાળને એક સાગરોપમનો કાળ કહેવાય છે. આવા દશ કોડાકોડી સાગરોપમ જેટલા કાળને એક ઉત્સર્પિણી, અને એટલા જ માનવાળા કાળને અવસર્પિણી, એવું ૩૬ નામ આપ્યું છે. અને ઉત્સર્પિણી અને અવસર્પિણી બંનેના સમુદિત–ભેગા કાળને માટે એક કાલચક્ર આવું નામકરણ કરવામાં આવ્યું છે. આવા અનંતાં કાળચક્રો વીતી ગયાં છે અને વીતશે.

અહિં ઉત્સર્પિણી અને અવસર્પિણી બંને કાલને છ છ ભાગે વહેંચી નાંખવામાં આવ્યો છે. શાસ્ત્રોક્ત શબ્દોમાં આ ભાગને આરા શબ્દથી ઓળખાવાય છે. તેના પર્યાય તરીકે પ્રચલિત ભાષામાં 'યુગ' શબ્દ યોજી શકાય. ઉત્સર્પિણી એટલે બધી રીતે ઉત્તરોત્તર ઉન્નતિ દર્શાવતો કાળ અને અવસર્પિણી એટલે ઉત્તરોત્તર અવનતિ દર્શાવતો કાળ.

આરોહ જેવા ઉત્સર્પિણી અને અવરોહ જેવા અવસર્પિણી કાળમાં, યથાયોગ્ય કાળે વિવિધ તીર્થંકરો–પરમાત્માઓ જન્મે છે. તેમની સંખ્યા પ્રત્યેક ઉત્સર્પિણીમાં ૨૪ અને પ્રત્યેક અવસર્પિણીમાં પણ ૨૪ જ હોય છે. ન્યૂનાધિક સંખ્યા હોતી જ નથી. એ ચોવીશે વ્યક્તિઓ એક જ વ્યક્તિના જન્માન્તર કે અવતારરૂપે હોતી નથી. પ્રત્યેક આત્મા અલગ અલગ હોય છે. જૈનધર્મમાં ઈશ્વરપદ એક જ વ્યક્તિ માટે રીઝર્વ્ડ નથી. ઈશ્વર થવાનો હક્ક સહુને આપવામાં આવ્યો છે. આ ધર્મની આ તર્કબદ્ધ ઉદાત્ત અને ઉદાર માન્યતા છે.

અત્યારે જે અવસર્પિણી કાળ ચાલી રહ્યો છે, એનો પ્રારંભ અબજો વરસ ઉપર થયો હતો. આ કાળના છ આરા-યુગ પૈકી સાત કોડાકોડિ સાગરોપમના બે આરા પસાર થયા, પછી પાછા બે કોડા કોડિ સાગરોપમ કાળ પ્રમાણનો ત્રીજો યુગ ઘણોખરો પસાર થયો, ત્યારે આ યુગના પહેલા તીર્થંકર ભગવાન ઋષભદેવ (આદીશ્વર)

જન્મ્યા. ત્યાર પછીના ચોથા આરાના અબજો વરસના કાળમાં બાવીશ તીર્થંકરો થયા અને ચોથો આરો ૩૫૩ વરસ અને સાડાઆઠ મહિના જેટલો બાકી રહ્યો, ત્યારે ભગવાન શ્રી પાર્શ્વનો આત્મા દેવલોકમાંથી મૃત્યુ પામીને કાશી નગરીમાં અશ્વસેન રાજાની રાણી શ્રી વામાદેવીની રત્નકુક્ષિમાં ગર્ભપણે અવતર્યો. નવ મહિના અને ૭ દિવસનો ગર્ભાવધિ પૂર્ણ થતાં શાસ્ત્રીય રીતના મહિના મુજબ પોષ[૧] વદિ દસમે, અને ગુજરાતી મહિના મુજબ માગસર વદિ દસમે વિશાખા નક્ષત્રમાં ચન્દ્રમાનો યોગ થયો ત્યારે મધ્ય[૨]રાત્રિને વિષે જન્મ લીધો. યોગ્ય વયે પ્રભાવતી નામની રાજકન્યા સાથે પાણિગ્રહણ કર્યું; પૂરાં ત્રીશ વર્ષ સંસારમાં રહી બીજા જ દીવસે એટલે પોષવદિ ૧૧ (માગસર વદિ ૧૧) ના રોજ ત્રીસ વરસની ઉમરે ચારિત્ર લીધું. ચારિત્ર લીધા બાદ અતિ ઉત્તમ ચારિત્ર પાળતાં ૮૩ દિવસ પસાર થયા, ત્યાં તો કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું, અને ત્યાર પછી ૬૯ વરસ ૨૭૭ દિવસ પૂરા થયા, ત્યારે તેઓ પૃથ્વી પર વિચરીને લાખો જીવોને સન્માર્ગે ચઢાવીને બિહારમાં સમ્મેતશિખર પર્વત ઉપર એક મહિનાના અન્ન-જલ વિનાના ઉપવાસ કરી, સકલ કર્મનો ક્ષય કરી, પૂરા ૧૦૦ વરસની વયે, પરિનિર્વાણ પામ્યા; એટલે કે જન્મ-જરા-મરણનાં બંધનોથી સદાયને માટે મુક્ત બન્યા. અર્થાત્ એમના સંસારનો અન્ત થયો. આ થઈ ટૂંકી તવારીખ.

---

૧. પ્રાચીન કાળમાં મહિના પૂનમિયા ગણાતા હતા, એટલે મહિનો પૂનમે પૂરો થાય અને બીજા દિવસથી આગળનો મહિનો શરૂ થાય. અને નવા મહિનાનો પહેલો પક્ષ વદિનો હોય ને બીજો સુદિનો હોય. એટલે માગસર સુદિ પૂનમે શાસ્ત્રીય મર્યાદાનુસાર માગસર પૂરો થયો, અને પડવાથી પોષ શરૂ થયો. અને વદિથી શરૂ થાય એટલે પોષવદિ દશમ જન્મતિથિ આવે. અત્યારના હિસાબે માગસર વદિ લેવાય. મારવાડમાં હજુ પૂનમિયા મહિના ચાલે છે.

૨. તીર્થંકરોનો જન્મ મધ્યરાત્રિએ જ થાય છે.

અહીં આપણને આ ભગવાન આપણાથી કેટલા વરસ ઉપર થયા હતા ? એ જાણવામાં વધુ રસ હોય, તો જણાવવાનું કે પશ્ચાનુપૂર્વીથી ગણીએ તો આજની ૨૦૨૫ ની સાલના હિસાબે ૨૮૪૫[૧] વર્ષ ઉપર પાર્શ્વનાથ પ્રભુનો જન્મ થયો હતો.

પાર્શ્વનાથ અને મહાવીર વચ્ચેની સમયગણના :

ભગવાન પાર્શ્વનાથના નિર્વાણ પછી, ૧૭૮ વરસે શ્રીવર્ધમાનસ્વામી (મહાવીર દેવ) નો જન્મ થયો અને તેઓશ્રી ૭૨ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી મુક્તિપદને વર્યા, એટલે બંનેના નિર્વાણ વચ્ચેનું અંતર ૨૫૦[૨] વરસનું છે. અને બંનેના જન્મ વચ્ચેનું અંતર ૨૭૮ વરસનું છે.

પાર્શ્વનાથજીનું શાસન ક્યાં સુધી ચાલ્યું ? તે અંગે ઐતિહાસિક વિચારણા :

શ્રી પાર્શ્વનાથજીના નિર્વાણ પછી, ૨૨૦ વર્ષ પૂરા થતાં શ્રમણભગવાન મહાવીરનું શાસનપ્રવર્તન શરૂ થયું. અને એમનું શાસન તો ૨૧ હજાર વર્ષ સુધી એટલે છઠ્ઠા આરા–યુગના અન્ત સુધી ચાલશે. ત્યારે આપણને એ જિજ્ઞાસા સ્વાભાવિક રીતે થાય કે પાર્શ્વનાથ ભગવાનનું શાસનપ્રવર્ત્તન ક્યાં સુધી ચાલ્યું કે ચાલશે ?

---

૧. વિક્રમ સંવત્ પૂર્વે ૮૨૦ વર્ષે.

૨. गते श्रीपार्श्वनिर्वाणात्, सार्द्धवर्षशते द्वये।—આ કથનથી અહિંઆ જરા વિચારવા જેવી બાબત એ છે કે આપણા સમીપ પાર્શ્વનાથ અને મહાવીર વચ્ચે, નેમિનાથ અને પાર્શ્વનાથ વચ્ચેનું અંતરકાલમાન ક્રમશઃ ૨૫૦, અને પછી લગભગ ૮૪ હજાર વર્ષનું શાસ્ત્રમાં લખ્યું છે, એટલે સેંકડોમાં અને હજારોમાં નોંધ્યું છે. જ્યારે નેમિનાથથી આગળ જોઈએ તો અંતરની સંખ્યા સીધી છ લાખ, ને પછી, ઉત્તરોત્તર ભારે ઝડપે વધતી જાય છે. એ સમજવા જેવી બાબત છે.

ભગવાન મહાવીરે પોતાનું શાસન સ્વયં લગભગ ૩૨ વર્ષ ચલાવ્યું. જ્યારે ભગવાન પાર્શ્વનાથે પોતાનું શાસન સ્વયં લગભગ ૭૦ વરસ ચલાવ્યું. પાર્શ્વનાથજીના નિર્વાણ પછી ભગવાન મહાવીરની હયાતિ સુધી તો પાર્શ્વનાથજીનું શાસન પ્રવર્ત્તતું હતું, એમ જૈનાગમોમાં મળતા અનેક ઉલ્લેખોથી નિર્વિવાદ પૂરવાર થાય છે. ખુદ મહાવીરના જ માતા-પિતા પાર્શ્વનાથ ભગવાનના સંતાનીય હતા, એમ [૧]આચારાંગ નામના જૈન આગમમાં સ્પષ્ટ જણાવ્યું છે. [૨]સૂત્ર કૃતાંગ આગમના નાલંદીયા અધ્યયનમાં ઉદકપેઢાલની ગૌતમ સ્વામીજી જોડે જે પ્રશ્નોત્તરી થઈ, તેમાં પ્રશ્નકાર શ્રાવક ઉદકને શ્રી પાર્શ્વનાથના સંઘના શ્રાવક તરીકે સૂત્રકારે ઓળખાવ્યા છે.

ભગવતીજીમાં અનેક સ્થળોએ વિવિધ હકીકતો-ચર્ચાઓના પ્રસંગો સંધરાયા છે. ત્યાં વ્યક્તિઓનો પરિચય આપતા [૩]પાસાવચ્ચિજ્જે, પાસાવચ્ચિજ્જા વગેરે વિશેષણો દ્વારા પ્રસ્તુત વ્યક્તિઓ શ્રી પાર્શ્વનાથ સંઘની છે, એમ સૂચિત કર્યું છે.

ભગવતીજીમાં '[૪]કાલાસવેસી' નામના અણગાર અને અન્ય [૫]સ્થવિરોની પ્રશ્નોત્તરી આવે છે. ત્યાં [૬]ગાંગેયનો તથા [૭]તુંગિયા નગરીના ૫૦૦ શ્રાવકોનો અધિકાર આવે છે. તેમને પાર્શ્વાપત્યકો તરીકે જ ઓળખાવ્યા છે. ઉત્તરાધ્યયનમાં [૮]કેશી ગણધર અને ઇન્દ્ર-

---

૧. જૂઓ-આચારાંગ-૨, ભાવચૂલિકા ૩, સૂત્ર ૪૦૧.
૨. જૂઓ-સૂત્રકૃતાંગ-૨, શ્રુ ૧, નાલંદીયા અધ્યયન.
૩. ભગવતી શતક ૧, ૫, ૯ વગેરે. સંસ્કૃતમાં 'પાર્શ્વાપત્યીય' કહેવાય.
૪. ભગવતી શતક ૧, ઉ. ૯, સૂ. ૭૬.
૫. ભગવતી શતક ૫, ઉ. ૯, સૂ. ૨૨૬
૬. ભગવતી શતક ૯, ઉ. ૩૨, સૂ. ૩૭૧
૭. ભગવતી શતક ૨, ઉ. ૫, સૂ. ૧૧૧
૮. કેશી ગૌતમીયા અધ્યયન ૨૩ મું, ગાથા ૨૩ થી ૩૨

ભૂતિનો મનોહર સંવાદ આપ્યો છે, એમાં કેશીને શ્રી પાર્શ્વનાથની પરંપરાના અણગાર તરીકે ઓળખાવ્યા છે.

શું મહાત્મા બુદ્ધ જૈન સાધુ હતા?

આ બધા ઉલ્લેખોથી એમ સમજાય છે કે ભગવાન મહાવીરની હયાતિમાં પાર્શ્વનાથનો સંઘ વિદ્યમાન હતો અને આ સંઘની પરંપરા તો મહાવીરના નિર્વાણ પછી ઘણા લાંબા સમય સુધી રહી હતી અને એ પરંપરામાં મહાન આચાર્યો થયા હતા. ખુદ મહાત્મા 'બુદ્ધ' પાર્શ્વનાથની જ નિર્ગ્રંથપરંપરામાં અમુક સમય સુધી જૈન સાધુ તરીકે હતા. પાર્શ્વનાથ–સંતાનીય કેશી શ્રમણના આજ્ઞાવર્તિ[૧] પેહિત નામના જૈન સાધુથી પ્રતિબદ્ધ બની તેમની જ પાસે એમણે જૈન દીક્ષા લીધી હતી. બુદ્ધ રાજપુત્ર હતા.

જૈન નિર્ગ્રંથ-પ્રવચન (શાસન) માં [૨]પ્રાર્થના, તત્ત્વજ્ઞાન, આચાર, ઉપદેશ, અનુષ્ઠાન વગેરે માટે જે જે [૩]શબ્દો યોજાયા છે, એ જ શબ્દો બૌદ્ધ પિટકો અને અન્ય ગ્રંથોમાં સર્વથા સામ્ય કયાંથી ધરાવે? જૈનાગમો સિવાય બીજા કોઈ ધર્મ–પંથમાં આ શબ્દો છે પણ નહિ. વળી બુદ્ધે કરેલું તપ, સાધના અને દિનચર્યાની વાતો બૌદ્ધ ગ્રંથોમાં વર્ણવી છે, તે જૈન પરંપરા અને માન્યતાને જ અનુસરનારી કયાંથી

---

૧. જુઓ ગ્રન્થ–'દર્શનસાર'

૨. નમો અરિહંતાણં, નમો સદ્ધાણં–બૌદ્ધોની આ પ્રાર્થના જૈન પ્રાર્થના સાથે ઘણું સામ્ય ધરાવે છે.

૩. પુગ્ગલ, આસ્રવ, સંવર, ઉવાસગ, સાવગ, અણગાર, સમ્યકત્વ, બોધિ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, વિરતિ વગેરે. જોકે કેટલાક શબ્દોનું અર્થ સાથે સામ્ય નથી. આ બધા શબ્દો દીઘનિકાય, મજ્ઝિમ–નિકાય, મહાવગ્ગ વગેરેમાં જોવાયા છે.

હોય ? સ્તૂપો,[૧] ચિત્રપટો, બુદ્ધના વિવિધ શિલ્પો, એમની પ્રવચન–મુદ્રાઓ, અનુષ્ઠાન–યંત્રાદિકમાં સારા પ્રમાણમાં જૈની છાયા અને જૈન અનુકરણો જે જોવા મળે છે, તે કયાંથી મળે ? [૨]બૌદ્ધ સાધુઓ અને જૈન સાધુઓનો પહેરવેશ, ભિક્ષાપાત્રો, [૩]ભિક્ષાવ્યવસ્થા, [૪]વંદન–મુદ્રાદિકમાં જૈન રીતિ–રિવાજો સાથે ઠીક ઠીક રીતે જે સામ્ય દેખાય છે, તે કયાંથી જોવા મળે ? અહીંઆ કોઈને તર્ક થાય કે બુદ્ધના કુટુંબને જૈન ધર્મનો સંપર્ક થયો હોય અથવા તેના કુટુંબમાં શ્રાવક જેવો ધર્મ પાળતો હતો એવો કોઈ પુરાવો છે ? જવાબ છે, હા. બૌદ્ધના [૫]"અંગુત્તરનિકાય" નામના ગ્રન્થમાં એવો એક ઉલ્લેખ છે કે કપિલવસ્તુ[૬] નગરનો 'વપ્પ' નામનો એક શાકય નિર્ગ્રંથ શ્રાવક હતો, અને આજ મૂલસૂત્તની એક કથામાં આ 'વપ્પ' ને ગૌતમ બુદ્ધના કાકા તરીકે સ્પષ્ટ ઓળખાવ્યો છે. બુદ્ધ પણ જ્ઞાતિએ શાકય જ હતા. આ ઉપરથી નિશ્ચિત થાય છે કે ગૌતમ બુદ્ધના કુટુંબમાં પણ જૈન ધર્મ પાળનારા હતા અને આ ધર્મની અસરોથી પ્રભાવિત થઈ તેઓ પાર્શ્વનાથના સાધુઓના પરિચયમાં આવ્યા હોય, અને પછી પ્રવ્રજ્યા લીધી હોય તો તે જરાય અસંભવિત નથી. ધર્માનંદ કૌસાંબી પણ પોતાના લખેલા ચાતુર્યામ પુસ્તકમાં આ વાતને ટેકો આપે છે. આ બધાં કારણોથી બુદ્ધ જૈન નિર્ગ્રન્થ[૭]–સાધુ–ધર્મનું આસ્વાદન

૧–૨–૩–૪ આ વિષયોનું સામ્ય બતાવવામાં પૃષ્ઠો વધી જાય, તેથી તેની વિગતો ચર્ચતો નથી.

૫. અથ સો વપ્પો સક્કો નિગણ્ઠસાવગો ।–અંગુત્તરનિ૦ ચતુષ્કનિપાત, પાંચમો વગ્ગ.

૬. નેપાળની નજીકમાં આવેલું શહેર, જ્યાં બુદ્ધનો જન્મ થયો હતો.

૭. હું મારા મિત્ર પ્રોફેસરો, એમ. એ. ભણતા વિદ્યાર્થી–વિદ્યાર્થિની ઓને વરસોથી કહેતો રહ્યું છે કે "બૌદ્ધ અને જૈન ધર્મ–વચ્ચેનું સામ્ય અને તેના કારણો" આ વિષય ઉપર કોઈ પીએચ. ડી.

જરૂર કર્યું હતું, એમ માન્યા સિવાય ચાલે તેમ નથી. આટલો ઐતિહાસિક ઉલ્લેખ કરી આગળ વધીએ.

ભગવાન પાર્શ્વનાથ પુરુષાદાનીય કેમ કહેવાયા ?

શાસ્ત્રકારે વર્તમાનના ૨૩ તીર્થંકરો પૈકી કોઈને પણ વિશિષ્ટ વિશેષણથી સંયુક્ત ઓળખાવ્યા નથી. જ્યારે ભગવાન પાર્શ્વનાથને આદર–બહુમાનવાળા વિશેષણથી બિરદાવ્યા છે અને એ વિશેષણ છે, 'પુરુષાદાનીય'.[૮] કલ્પસૂત્ર, ભગવતીજી આદિમાં જ્યારે જ્યારે પાર્શ્વનાથનો નામોલ્લેખ થયો છે, ત્યાં ત્યાં સર્વત્ર આ વિશેષણપૂર્વક જ થયો છે. એટલું જ નહિ, ખુદ ભગવાન મહાવીરે[૯] પણ સ્વમુખે 'પાર્શ્વ'નો ઉલ્લેખ કર્યો, ત્યારે 'પુરુષાદાનીય પાર્શ્વ' એ રીતે જ કર્યો છે. આ છે પાર્શ્વનાથ ભગવાનની પુણ્યાઈની પ્રકર્ષતા. પુરુષાદાનીય એટલે

થાય તો, ઘણી નવી નવી બાબતો પ્રકાશમાં આવે. મારા મનમાં એક વાત એ પણ ઘોળાતી રહી છે કે શ્રમણ કે નિર્ગ્રંથ સંસ્કૃતિ સાથે સહુથી નજીકનો નાતો બુદ્ધ સંસ્કૃતિ સાથે છે. નહિ કે વૈદિક, છતાં બૌદ્ધો સાથે સર્વથા સગપણ કેમ જતું રહ્યું હશે ? શું એમની સાથે મિત્રતાના સંબંધો વિકસાવી ન શકાય ? અત્યારે તો માત્ર સંકેત જ કરું છું.

૮. पासेणं अरहा पुरिसादाणीए। પાર્શ્વનાથ અર્હન્ પુરુષાદાનીય. પુરુષાદાનીયની વ્યુત્પત્તિ–पुरुषश्चासौ आदानीयश्च, आदेयनामतया च पुरुषादानीयः । पुरुषप्रधान इत्यर्थः ॥ (કલ્પસૂત્રટીકા)

૯. 'ચાતુર્યામ' એટલે ચાર મહાવ્રતોને પાળનારા. પાર્શ્વાપત્ય અણગારોએ ભગવાન મહાવીરને જ્યારે પ્રશ્નો પૂછ્યા, ત્યારે મહાવીરે ઉપર્યુક્ત શબ્દનો વ્યવહાર કર્યો હતો. पासेणं अरहा पुरिसादाणीएणं सासट्ठ लोए वुच्चइ (ભગ. ૫–૬–૨૬). પુરુષાદાનીય વિશેષણ વાપરી ભગવાન મહાવીરે પોતાનો હાર્દિક આદર વ્યક્ત કર્યો છે.

શું ? તો જેમના વચન–વાણીને કોઇ પણ વ્યક્તિ પ્રેમ અને આદર પૂર્વક ગ્રહણ કરે, અથવા જેમનું નામ સહુ કોઇને લેવાનું મન થાય. આ રીતે જગતમાં તેમનાં નામ અને વાણી બંને આદરણીય અને પ્રિય હતાં. ટૂંકા શબ્દોમાં કહીએ તો તત્કાલિન પુરુષોમાં પ્રધાન સ્થાન ભોગવતા હતા, એટલે તે પુરુષાદાનીય કહેવાયા.

લોકપ્રિય તીર્થંકર અને ૧૦૮ નામો :

ઉપર જણાવ્યું તેમ ભગવાન પાર્શ્વ જીવતા હતા, ત્યારે જેવા લોકપ્રિય હતા, તેવા જ લોકપ્રિય હજારો વરસો વીતવા છતાં પણ આજે છે. એમાં એ પરમ આત્માનો અજોડ પુણ્યપ્રકર્ષ, તેમનું અલૌકિક તપોબળ મુખ્ય કારણ હતું. પણ સાથે સહકારી કારણમાં ભગવાન પાર્શ્વની અધિષ્ઠાયિકા શ્રી **પદ્માવતી** દેવીજી પણ છે. ભૂતકાળમાં શ્રી પદ્માવતીજીના સાક્ષાત્કારો અનેક આચાર્યાદિ વ્યક્તિઓએ કર્યા છે. આજે પણ સાક્ષાત્કાર થઇ શકે છે. એમનો મહિમા–પ્રભાવ આજે જીવંત અને જોરદાર છે. જરૂર છે માત્ર ત્રિકરણ યોગે, સમર્પિતભાવે, પરમ શ્રદ્ધા–ભાવપૂર્વકની, ભગવાન પાર્શ્વનાથજીની ઉપાસના. આ થાય તો ઇષ્ટફલસિદ્ધિના અનુભવો મળ્યા સિવાય રહેતા નથી. આમાં સેંકડો વ્યક્તિઓનો અનુભવ પ્રમાણ છે અને એથી જ આ કાળમાં સહુથી વધુ ઉપાસના પાર્શ્વનાથજીની થઇ રહી છે. એ ભગવાનની ફણાધારી આકૃતિ સહુને એકદમ ગમી જાય તેવી છે. વૈદિક ધર્મો હિંદુઓના ભગવાન શ્રીશંકરને કોશકારોએ જનતાના અનુભવને ખ્યાલમાં રાખી આશુતોષ વિશેષણ કે પર્યાયવાચક શબ્દથી ઓળખાવ્યા છે, એનો અર્થ શીઘ્ર પ્રસન્ન થનારા થાય છે. જૈનોમાં 'આશુતોષ' તરીકે જો કોઇ પણ તીર્થંકરને બિરદાવવા હોય તો, એકી અવાજે સહુ ભગવાન ' પાર્શ્વ-નાથ 'ને જ પસંદ કરે એમાં શંકા નથી. અને એથી જ ૨૪ તીર્થંકરો પૈકી ભાગ્યે જ કોઈ તીર્થંકર બે પાંચથી વધુ નામોથી ઓળખાતા હોય, પણ ભગવાન પાર્શ્વનાથ તો ૧૦૮[૧] અને તેથી વધુ નામોથી

ઓળખાય છે. એમનાં બનેલાં અનેક તીર્થો આજે પ્રભાવ પાથરી રહ્યા છે; આ ભગવાન પાર્શ્વનાથના પ્રગટ પ્રભાવને અને પાર્શ્વનાથ પ્રત્યેની સર્વોપરિ અનહદ ભક્તિને જ સૂચિત કરે છે. વળી સમ્મેતશિખરજી ઉપર વીશ તીર્થંકરો મોક્ષે ગયા, પણ એ પહાડ વર્તમાનમાં 'પારસનાથ હીલ' તરીકે જ વિખ્યાત છે.

દેહપ્રમાણ અને દેહવર્ણ :

સર્વજનવલ્લભ, સહુના શ્રદ્ધેય અને શીઘ્ર આત્મીય બની જતા ભગવાન શ્રીપાર્શ્વદેવનું શરીર નવ હાથ પ્રમાણ હતું. તેમના શરીરનો રંગ કેવો હતો ? એમ પૂછીએ તો મોટા મોટા આચાર્ય ભગવંતોથી લઈ શિક્ષકો સુધીનાં સહુ કોઈ-૯૦ ટકા લોકો લીલો જ કહેશે. પણ શાસ્ત્રોક્ત રીતે જોઈએ તો તેમનો યથાર્થ રંગ નીલો હતો, નહીં કે લીલો. નીલો એટલે-આકાશ જેવો ભૂરો (બ્લ્યૂ) રંગ.

તો શું લીલો ન માનવો ? આ માટે તો એક સ્વતંત્ર લેખ લખવો પડે. પણ ટૂંકમાં એટલું જ છે કે પાછળથી પાર્શ્વનો રંગ લીલો અને કાળો બંને સ્વીકારવામાં આવ્યા છે અને પછી લીલાને અતિશય મહત્ત્વ અપાતાં નીલાનું સ્થાન લીલાએ લીધું. આમ વૈકલ્પિક રંગ તરીકે લીલો (તથા કાળો) માન્ય રખાયો છે. એમ કેટલાક ગ્રન્થોના આધારે કહી શકું. મારા સંગ્રહમાં અને અન્યત્ર ભૂરા અને લીલા બંને રંગનાં ચિત્રો મેં જોયાં છે.

ભગવાન પાર્શ્વનાથના અધિષ્ઠાયકો :

ભગવાન પાર્શ્વનાથના અધિષ્ઠાયકો કોણ ?[૨] એનો ચોક્કસ નિર્ણય આપી શકાય તેમ નથી. પણ આ સ્તોત્રમાં અને પ્રતિષ્ઠા, ચરિત્રાદિ

---

૧. ૧૦૮ નામને વ્યક્ત કરતું સ્તોત્ર આ જ ગ્રન્થમાં છે.

૨. આ વિષય થોડી ચર્ચા-વિચારણા માગે તેવો છે, પણ એ અહીં શક્ય નથી.

ગ્રન્થોમાં પુરુષ–અધિષ્ઠાયક તરીકે 'પાર્શ્વ' યક્ષનો ઉલ્લેખ છે. અને શ્રી અધિષ્ઠાયિકા તરીકે પદ્માવતીજીનો ઉલ્લેખ છે. બીજી બાજુ અન્યત્ર પદ્માવતીજી જોડે ધરણેન્દ્રનો [૧] જ સંબંધ બતાવ્યો છે, કારણ કે પદ્માવતીજી ધરણેન્દ્રના જ પત્ની છે. તો પાર્શ્વને બદલે ધરણેન્દ્રને સ્થાન કેમ આપવામાં ન આવ્યું? છદ્મસ્થાવસ્થામાં કમઠના ઉપસર્ગપ્રસંગે પાર્શ્વયક્ષ મદદે આવ્યા ન હતા, પણ ધરણેન્દ્ર–પદ્માવતીજી હાજર થયાં હતાં.

પદ્માવતીજીના મંત્રાક્ષરોમાં પુરુષયક્ષ તરીકે પાર્શ્વ અને સ્ત્રી અધિષ્ઠાયક તરીકે પાર્શ્વયક્ષિણી આવો ઉલ્લેખ મળે છે. તો પાર્શ્વયક્ષિણીથી શું સમજવું? પાર્શ્વથી યક્ષનું સ્વતંત્ર નામ સમજવું કે પાર્શ્વથી પાર્શ્વ ભગવાનનું ગ્રહણ કરવું? આ બાબતો વિચારણા માગે તેવી છે. પદ્માવતીજી એ અધોલોકની નાગકુમારનિકાયની દેવી છે.

માથે ફણા શા માટે છે ને શું છે?

ભગવાન પાર્શ્વનાથજીના માથે સામાન્ય રીતે ચાલુ મૂર્તિઓમાં સાતફણા બનાવવાનો રિવાજ છે. આમ તો ૯, ૨૭, ૧૫૮ અને ૧૦૦૮ મોટા–ફણાવાળો સર્પ બનાવાનો રિવાજ છે, પણ પ્રાચીન કાળથી મૂર્તિઓમાં સાત ફણાથી વધુ ફણા જોવા મળતી નથી. હજુ ઓછી એટલે પાંચ જોવા મળે ખરી. છઠ્ઠા સૈકાથી લઈને અગિયારમા સૈકા સુધીની, વડોદરા પાસેના આકોટાના જંગલમાંથી નીકળેલી અનુપમ સૌન્દર્ય ધરાવતી ધાતુમૂર્તિઓ મુખ્યત્વે સાત ફણાવાળી જ છે. આજે તે વડોદરાની મ્યુઝિયમમાં વિદ્યમાન છે. પાછલા સૈકાઓમાં આ મર્યાદા જળવાઈ નથી, મનમાની સંખ્યાઓ થવા પામી છે.

આ રીતે જે ફણા કરવાની પ્રથા છે, તે પ્રથા ભગવાનની

---

૧. ઋષિમંડલ યન્ત્રપટોમાં તથા ચિંતામણિ આદિ યન્ત્રોમાં પદ્માવતીની સામે ધરણેન્દ્ર જ બતાવ્યા હોય છે, પાર્શ્વયક્ષ નથી હોતા.

છદ્મસ્થાવસ્થામાં કમઠે કરેલા વૃષ્ટિના ઉપસર્ગપ્રસંગે, નાગકુમાર–નિકાયના ધરણેન્દ્રે, સર્પનું રૂપ લઈને ભગવાનના શરીરના રક્ષણ માટે પાછળ રહીને મસ્તક ઉપર ફણા ફેલાવી દીધી હતી. તેની સ્મૃતિમાં આ પ્રથા ચાલુ રાખવામાં આવી હોય; અને બીજું કારણ પણ છે, પણ તે અહીં નોંધતો નથી. આ ફણાને ભગવાનના અંગરૂપે જ ગણી લેવામાં આવી છે, એમ સમન્વય છે.

પાર્શ્વનાથ અને ફણાનું આલ્બમ :

પાર્શ્વનાથજીની વિશિષ્ટ મૂર્તિઓ અને માત્ર વિવિધ પ્રકારની ફણાઓના જ સંગ્રહનું એક આલ્બમ જો પ્રગટ થાય તો ભક્તિવંતો અને કલાકારોને ઉપયોગી થઈ પડે.

પાર્શ્વનાથજીની પ્રતિમાઓ :

આ ભગવાનની પ્રતિમાઓ પદ્માસન, અર્ધપદ્માસન અને ખડ્ગાસન ત્રણ પ્રકારે બનાવેલી મળે છે. તે પ્રતિમાઓ ભૂખરા પથ્થર ઉપર, આરસ ઉપર, તેમજ સોના–ચાંદી–પંચધાતુ અને કાષ્ઠમાં બનાવેલી પણ મળે છે. તે શ્વેત, શ્યામ, ગુલાબી, પીળા પત્થરોમાં કંડારેલી મળે છે. ભૂરા પત્થરમાં હજુ જોવા મલી નથી. એક તીર્થ, ત્રણ તીર્થ, પંચતીર્થ અને તેથી આગળ વધીને ચોવીશ તીર્થ પણ મળે છે. મૂર્તિઓ પરિકરવાળી અને પરિકર વિનાની પણ હોય છે. વચલા અમૂક સમય દરમિયાન મૂળનાયક પાર્શ્વનાથ કે ગમે તે તીર્થંકર હોય, પણ જો તે પરિકર સાથે હોય તો પરિકરમાં યક્ષ–યક્ષિણી તરીકે પાર્શ્વ (કે ધરણેન્દ્ર) તથા પદ્માવતી, કે અત્યારના નિયમ મુજબ તે તે ભગવાનના તે તે યક્ષ યક્ષિણી જ મૂકાતા હતા, એવું ન હતું. તે વખતે ભગવાનની જમણી બાજુએ પરિકરમાં મોટા પેટવાળો એક

૧. કોઈ એને સ્નાતસ્યાસ્તુતિમાં વર્ણવેલ 'સર્વાનુભૂતિ' તરીકે સૂચિત કરે છે, પણ મારી દૃષ્ટિએ એ નિઃશંક નિર્ણય નથી.

અજ્ઞાત યક્ષ અને યક્ષિણી તરીકે બધાયમાં [૧] 'અંબિકા'જ બનાવવામાં આવતી હતી.

એક જાણવા જેવી નવીન હકીકત :

આ સ્તોત્રની પાંચ ગાથાઓમાં તેમનો બહુમાન્ય સ્પષ્ટ પ્રભાવ વર્ણવ્યો છે. એમાં પહેલી જ ગાથામાં ભગવાનને મંગલ અને કલ્યાણના આવાસ જણાવ્યા છે, જ્યારે ચોથી ગાથામાં 'चिंतामणिकप्पपायव-ब्भहिए' આવો પાઠ છે. આમ તો આ વિશેષણો છે, વિશેષ્ય નથી. પણ કોઈ વિદ્વાન્ મુનિ વ્યક્તિએ 'मंगल, कल्याण, चिंतामणि, कल्पपादप આ ચાર શબ્દોને વિશેષનામ તરીકે ગણીને આ નામની પાર્શ્વનાથજીની ચાર મૂર્તિઓ બનાવી ચતુર્મુખ, ચૌમુખજી, તરીકે આબૂ પહાડ ઉપર દેલવાડામાં[૨] ખરતરવસહીના પહેલા મજલામાં સ્થાપિત કર્યા છે; પૂર્વ દિશામાં મંગલકર પાર્શ્વનાથ, દક્ષિણ દિશામાં કલ્યાણકર પાર્શ્વનાથ[૩] પશ્ચિમ દિશામાં મનોરથકલ્પદ્રુમ પાર્શ્વનાથ અને ઉત્તર દિશામાં ચિન્તામણિ પાર્શ્વનાથ છે. આ મૂર્તિઓ ઘણી મોટી અને ભવ્ય છે તથા નવ ફણાઓવાળી છે.

અહીં એક વાતનું ધ્યાન ખેંચવું જરૂરી છે કે પાર્શ્વદેવ ગણિએ કરેલી ઉવસગ્ગહરં સ્તોત્રની વૃત્તિમાં 'मंगलकल्लाण आवासं' આ શબ્દનો 'પાર્શ્વનાથ જિનાલય' એવો માર્મિક અર્થ કર્યો છે. કોઈ

---

૧. આવી થોડી મૂર્તિઓ વઢવાણ શહેરના મંદિરની ભમતીમાં છે. એક જમાનામાં અંબિકાને જ જૈનસંઘે શ્રી સંઘની અધિષ્ઠાયિકા તરીકે સ્થાપિત કરી હતી, એ આ અને બીજા પ્રમાણોથી સૂચિત થાય છે.

૨. આના પુરાવા માટે જૂઓ–મુનિશ્રી જયંતવિજયજી લિખિત 'તીર્થરાજ આબૂ' ભાગ ૧. પૃષ્ઠ ૧૭૧–૭૨.

૩. 'कल्याणकर' શબ્દ ભૂંસાઇ ગયો છે, પણ સંદર્ભથી એ જ છે એમાં શંકા નથી.

સૌજન્યમૂર્તિ

શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ

જેમણે

આ ગ્રંથના પ્રકાશનમાં ઊંડો

રસ લીધો છે.

ધર્મપ્રેમી

શ્રીમાન્ રમણલાલ વાડીલાલ શાહ

જેમના વરદ હસ્તે

આ ગ્રંથનું પ્રકાશન થયું છે.

વિદ્વાને જિનાલય શબ્દની મૂર્તિ એ અર્થમાં લક્ષણા કરી એ નામની મૂર્તિ ભરાવવાનો વિચાર કર્યો હશે. પછી થયું હશે કે એ મૂર્તિથી શું મેળ મળે? એટલે પછી તેને, ચતુર્મુખી બનાવવા 'ચિંતામણિ' અને 'કલ્પદ્રુમ' શબ્દને મૂર્તિના વિશેષનામ રૂપે સ્વીકારી ઉપર્યુક્ત મંદિર બનાવરાવ્યું હશે. આ મારું એક અનુમાન છે.

પાર્શ્વનાથ ભગવાન મંગલ અને કલ્યાણને કરનારા છે, ચિંતામણિ રત્નની જેમ ચિંતાને દૂર કરનારા છે, કલ્પવૃક્ષની જેમ ભક્તજન જે જે માગે તેને આપનારા છે.

સહુથી વધુ લોકોમાં સહુથી વધુ ગણાતું સ્તોત્ર :

જાણવા જેવી કેટલીક હકીકતો જણાવ્યા બાદ હવે મૂલ ગ્રન્થ અંગે કહું. આ ગ્રન્થ જૈન સંઘના નાનકડા છતાં બહુમાન્ય 'ઉવસગ્ગહરં' સ્તોત્ર અંગે વિવિધ ખ્યાલો આપતો સુંદર ગ્રન્થ છે. આ સ્તોત્ર મૂર્તિપૂજક સમ્પ્રદાયમાં મંદિરમાં જઈને નિત્યકર્મરૂપે કરાતા ચૈત્યવંદનમાં નિશ્ચિત સ્થાન પામેલું છે. લાખો જૈનો મંદિરમાં જઈને બોલે છે, અને પોતાના ઘરમાં રહીને પણ ૧૦૮, ૨૧, ૭ વાર ગણનારા હજારો ભાવિકો છે. ભગવાન પાર્શ્વનાથ ઉપરના હાર્દિક ભાવનાના કારણે તેમના સ્તોત્રસ્તુતિ ઉપર પણ એવો જ ભાવ સ્વાભાવિક રીતે જાગે જ, એટલે વિદ્યમાન–વિવિધ અન્ય સ્તોત્રોમાં સહુથી વધુ વ્યક્તિઓ દ્વારા સહુથી વધુ સંખ્યામાં ગણાતું આ સ્તોત્ર હશે, એમ મારું માનવું છે.

આ સ્તોત્ર તેના મન્ત્ર–યન્ત્રો અને તેની ઉપાસના કેમ કરવી? કેવી રીતે કરવી? એનો વિસ્તૃત પરિચય ગ્રન્થમાં આપેલો જ છે, એટલે તે અંગે વિશેષ ન લખતાં હું તો તેનું થોડું જ ઉડતું અવલોકન રજૂ કરું છું.

સ્તોત્રની ઉત્પત્તિનું કારણ અને સંખ્યામાન :

આ સ્તોત્રના કર્તા શ્રીભદ્રબાહુસ્વામીજી છે.[૧] ભદ્રબાહુના ભાઈ

---

૧. આ ભદ્રબાહુ કયા? એ માટે આ ગ્રન્થનું પ્રકરણ નં. ૫ જૂઓ.

વરાહમિહિરે વ્યન્તર થયા પછી ગત જન્મના રોષના–કારણે શ્રી સંઘમાં મહામારીનો ઉપદ્રવ કર્યો, ત્યારે તેનું શમન કરવા આ પ્રભાવક સ્તોત્ર રચી શ્રીસંઘને ઉપયોગ કરવા આપ્યું અને તેથી ઉપદ્રવ શાંત થયો, ત્યારથી આ સ્તોત્ર પ્રચલિત બન્યું છે.

આ સ્તોત્ર પાંચ,[૧] છ,[૨] સાત,[૩] ૯, ૧૩, ૧૭, ૨૦[૪]–૨૧,[૫] આમ વિવિધ માનવાળું બન્યું છે. તો અસલ ગાથા કેટલી હશે ? એમ પ્રશ્ન થાય, તો આ સ્તોત્રના તમામ ટીકાકારોના કથન મુજબ તો પાંચ ગાથામાં જ રચાયું હતું, એમ સ્પષ્ટ થાય છે. પાછળથી આરાધક ભક્તો આ ગાથામાં ઉમેરો કરતા આવ્યા છે.

ભગવતી શ્રી પદ્માવતી દેવીજી :

શ્રી પાર્શ્વનાથ પ્રભુના અધિષ્ઠાયકો તરીકે પાર્શ્વયક્ષ, ધરણેંદ્રદેવ અને પદ્માવતી ત્રણની વિશેષ પ્રસિદ્ધિ છે. પણ ચોથી વૈરોટ્યાદેવી એને પણ અધિષ્ઠાયિકાદેવી તરીકે કેટલાકોએ સ્વીકારી છે. બંને ધરણેંદ્રનીજ

---

૧. આ સ્તોત્રના ટીકાકાર દ્વિજપાર્શ્વદેવ પાંચ ગાથા હોવાનું કહે છે.

૨. પ્રિયંકરનૃપકથાના કર્તા જિનસુરમુનિ પૂર્વે ૭ ગાથા હતી, એમ ટીકામાં કહે છે.

૩. સ્તોત્રના વૃત્તિકાર હર્ષકીર્તિ સાત ગાથા હોવાનું નોંધે છે.

૪. પાછળથી આ સ્તોત્રમાં યથેષ્ટ વધારો થતો રહ્યો અને તે કાગળ ઉપર અંકિત થયો, એટલે આજે ૯ થી લઈને ૨૭ સુધીના વિવિધ માનવાળું સ્તોત્ર બની ગયું.

૫. આ સ્તોત્ર ઉપર વૃત્તિ–ટીકા–અવચૂરિ મલીને ૧૧ ની સંખ્યા છે. તેજઃસાગરમુનિએ આ સ્તોત્રના પ્રત્યેક ચરણની પાદપૂર્તિરૂપે એક સ્તુતિ રચી છે તે અને વર્તમાનમાં આચાર્ય શ્રી ધર્મધુરંધરસૂરિજીએ પણ પાદપૂર્તિરૂપે એક કૃતિ રચી છે. બંને આ જ ગ્રન્થમાં મુદ્રિત થઈ છે.

દેવીઓ છે. વાલકેશ્વરમાં ભગવતી શ્રી પદ્માવતીજીની પરિકરવાળી અદ્વિતીય મૂર્તિ સ્થાપિત કરવામાં આવી છે, તેમાં વૈરોટ્યાને પણ સ્થાન આપ્યું છે.

ॐ नमः पार्श्वनाथाय विश्वचिंतामणीयते ।
ह्रीँ धरणेन्द्रवैरोट्या—पद्मादेवीयुतायते ॥१॥

આનો આદર્શ મૂર્તિમાં રજૂ કરવામાં આવ્યો છે.

સ્તોત્રફલ અને જપવિધાન :

આ સ્તોત્રનું નામ જ સૂચિત કરે છે કે આનો પાઠ ઉપસર્ગો—એટલે ઉપદ્રવો—વિઘ્નો—અનિષ્ટોનું શમન કરનાર છે. આ ગ્રન્થમાં જ જણાવવામાં આવ્યું છે કે પાર્શ્વનાથજીની આરાધના શાન્તિ—મંગલને કરનારી, શુભસંપત્તિ, દૃષ્ટસિદ્ધિ, પુત્રપ્રાપ્તિને આપનારી છે.

રોજ ૧૦૮ વાર પવિત્ર થઈ, શુદ્ધ વસ્ત્રાદિક પહેરી, હાર્દિક ભાવપૂર્વક, પૂર્વદિશા સન્મુખ સ્થિરાદિ આસને બેસી જાપ કરે તો કાર્યની સિદ્ધિ થાય છે. છ મહિના સુધી જો અખંડ ગણે તો દૈવિક દોષો અને રાજકીય ભયો કદી થતા નથી તથા માનસિક બેચેની દૂર થઈ પ્રસન્નતા અનુભવાય છે. કલિકાલમાં પણ આ મહિમાવંત સ્તોત્ર છે.

પ્રસ્તુત ગ્રન્થનો પરિચય :

શતાવધાની પંડિતજીએ પ્રારંભમાં પાર્શ્વનાથજીની ઐતિહાસિક સાખીતી—માહિતી આપીને જીવનચરિત્ર આપ્યું છે. મંત્રોપાસનાનું સ્થાન, તેનો સદુપયોગ, સાધનવિધિ, પાંચ ગાથાઓનો અર્થ, મંત્રના પ્રકારો, યન્ત્રના પ્રકારો, તેનો પૂજનવિધિ, પ્રભાવ, પાંચ ગાથાવાળાથી લઈને ચાર જાતના બીજા ઉવસગ્ગહરં સ્તોત્રો, તેનો અર્થ, શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં ૧૦૮ નામો, તેમનાં તીર્થોનો રસિક પરિચય અને અત્યુપયોગી યંત્રોનો વિશાળ સંગ્રહ, આ બધી વસ્તુથી આ કૃતિને સમૃદ્ધ બનાવવામાં આવી છે. લેખકે આ માટે પુષ્કળ પરિશ્રમ ઉઠાવ્યો છે.

શતાવધાનીજીને ધન્યવાદ :

તેઓ એક માર્મિક વિદ્વાન બહુશ્રુત વ્યક્તિ છે. જૈન સમાજમાં આવી પરિશ્રમી વ્યક્તિઓ ઘણી ઓછી જોવા મળે છે. મને તો તેમની અનેક જ્વલંત શક્તિઓ, પ્રખર જ્ઞાનોપાસના, ગુણગ્રાહિતા, સાત્ત્વિક વિચારદૃષ્ટિ વગેરે કારણે હાર્દિક આદરભાવ છે. એટલે એમની પ્રવૃત્તિને હું અને અમારા પૂજ્ય ગુરુવર્યો વરસોથી વિવિધ રીતે સહકાર આપતા રહ્યા છીએ.

'આ ગ્રન્થ તમારા ખાસ આરાધ્ય ભગવાન પાર્શ્વનાથજીને લગતો છે, એટલે તેનું સમર્પણ તમારે સ્વીકારવું જ જોઈએ' એ જાતની પંડિતજીની પ્રબળ દલીલ અને ઇચ્છા આગળ લાચાર બનીને મારે સહકારી બનવું જ પડ્યું છે.

આ ગ્રંથના પ્રકાશનથી મન્ત્ર–યન્ત્રને લગતી તેમણે શરૂ કરેલી ગ્રન્થ શ્રેણીમાં એક મહત્ત્વના ગ્રન્થનો ઉમેરો થાય છે. આવા ગ્રન્થોની જરૂરિયાત માટે હું વીશવરસથી સ્વપ્નું સેવતો હતો. મંત્ર–યંત્ર–તંત્રને લગતા બે ગ્રન્થો તૈયાર કરવા માટે કેટલીયે સામગ્રી હું સંચિત કરતો રહ્યો છું, –પણ મારો માલ ગોડાઉનમાં જ પડ્યો રહ્યો, જ્યારે કુશળ વેપારી જેવા પંડિતજીએ તો સંગ્રહીત માલ ગોડાઉનમાંથી લાવી બજારમાં મૂકી દીધો છે. આપણા માટે એ આનંદનો વિષય છે. અગાઉની જેમ રસપ્રદ શૈલીમાં લખાયેલા આ સુંદર ગ્રન્થને જનતા સહર્ષ સત્કારશે જ, એમાં શંકા નથી. અન્તમાં નિમ્ન શ્લોક દ્વારા મારા અજપાજાપની જેમ અદર્શનદર્શન જેવા ભગવાન પાર્શ્વનાથના સમતા–ક્ષમાભાવની સ્તુતિ અને વિનંતિ કરી વિરમું છું.

कमठे धरणेन्द्रे च, स्वोचितं कर्म कुर्वति ।
प्रभुस्तुल्यमनोवृत्तिः, पार्श्वनाथः श्रियेऽस्तु वः ॥

— શ્રી હેમચંદ્રાચાર્ય

અર્થ—એક બાજુ દુશ્મન કમઠે આપને ત્રાસ આપવા વરસાદનો ભયંકર ઉપસર્ગ કર્યો, બીજી બાજુ આપના ભક્તદેવ ધરણેંદ્ર આપની પાસે આવી ઉપસર્ગથી રક્ષણ કર્યું. એક શત્રુ અને બીજા મિત્ર પોતપોતાને યોગ્ય કર્મ કરવા છતાં હે પ્રભુ! આપે તો બંને ઉપર સમાન મનોવૃત્તિ રાખી. ધન્ય હો! આપને. આવા હે પાર્શ્વનાથ ભગવાન! તમે સહુનું કલ્યાણ કરો.

આ સ્તોત્રના નિત્ય–નિયમિત પાઠ દ્વારા વિવિધ ક્ષેત્રોમાં ચાલી રહેલા અનેક ઉપદ્રવોથી સહુનું રક્ષણ થાય, એ જ શુભેચ્છા.

વિ. સં. ૨૦૨૫,
પોષ દશમ.
વાલકેશ્વર,
મુંબઈ.

પ. પૂ. આચાર્ય શ્રી વિજય–
ધર્મસૂરીશ્વરશિષ્ય
મુનિ યશોવિજય

કિંચિત્

જૈન સંઘને એવો દૃઢ વિશ્વાસ છે કે પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ સ્વામીનું નામ–સ્મરણ–સ્તોત્ર, જપ કે ધ્યાન કરતાં આપણી સઘળી વિપદાઓ દૂર થાય છે. અને અનુભવ પણ એજ વાતની સાક્ષી પૂરે છે. વર્તમાનકાળે શ્રી સિદ્ધગિરિરાજની યાત્રાર્થે દેશ–વિદેશમાંથી અગણિત જનસમુદાય દર વર્ષે ઉમટે છે, તેથી બીજા નંબરે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનનાં દર્શનાર્થે આવે છે અને હજારો ભાવિકો અઠ્ઠમની તપશ્ચર્યા આદરી તેમની આરાધના કરે છે તથા અનેરો આનંદ અનુભવે છે.

શ્રી પાર્શ્વનાથ ભગવાનને લગતા સ્તુતિ સ્તોત્રો, સ્તવનો અને મંત્રોની સંખ્યા ઘણી મોટી છે, તેથી એ સિદ્ધ થાય છે કે શ્રી પાર્શ્વનાથ ભગવાનનો મહિમા–પ્રભાવ અચિંત્ય અને અલૌકિક છે.

આ જગતમાં પોતાનાં દુઃખો, દર્દો અને મુશીબતો દૂર કરવા કોણ મથી રહ્યું નથી ? તેમાંના કેટલાક મંત્ર, યંત્ર અને તંત્રનો આશ્રય લે છે, પણ આ વિષયનું પૂરતું જ્ઞાન ન હોવાથી તેમાં જોઈએ તેવી સફળતા સાંપડતી નથી. પરંતુ તેનો અર્થ એ નથી કે મંત્ર–યંત્ર–તંત્રનો કોઈ પ્રભાવ કે ફળ નથી. અને આજે તો આપણે ફળ લેવામાં એટલા ઉતાવળા–અધીરા બની ગયા છીએ કે ન પૂછો વાત ! આવી અધીરાઈ કામ ન જ આવે. હમણાં જ બીજ રોપ્યું–ન રોપ્યું અને તરત ફળની અભિલાષા રાખવી, એ તો તદ્દન અનુચિત જ ગણાય. આપણામાં કયાં ખામી છે, કેટલી ઉણપ છે, અને આપણી કેવી યોગ્યતા છે, તેનું નિરીક્ષણ કર્યા વગર મહાન ફળની આશા રાખવી, એ અસ્થાને જ ગણાય.

પ્રસ્તુત પુસ્તક ‘ મહા પ્રાભાવિક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર ’– શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહ દ્વારા તેમની

કલ્પાયેલી કલમે લખાઈને સોહામણા રૂપ-રંગે બહાર પડી રહ્યું છે, એ એક ગૌરવ લેવા જેવી બીના છે. તેથી કોને આનંદ નહિ થાય!

વર્ષોના અનુભવ પછી એનાં પરિપાકરૂપ મહા પ્રાભાવિક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર પર વિશદ વિવેચન કરતું આ પુસ્તક લોકપ્રિય નીવડશે, એ નિઃસંદેહ હકીકત છે.

મેં આ પુસ્તક સાદ્યંત વાંચ્યું છે, બારીકાઈથી તેનું નિરીક્ષણ કર્યું છે અને એમાંથી મને ઘણું જાણવા મળ્યું છે.

આ પુસ્તક સરળ અને લોકભોગ્ય ભાષામાં હોઈ જનતા તેને હોંશે હોંશે વાંચશે. જે લોકો આ પુસ્તકનું સાદ્યંત વાંચન, મનન અને પરિશીલન કરશે, તેમના હૃદયમાં શ્રી પાર્શ્વનાથ ભગવાન પ્રત્યે અનેરો આદર અને ભક્તિભાવ ઉત્પન્ન થશે, એ નિઃસંદેહ હકીકત છે.

પ્રતિદિન રાત્રે સૂતા પહેલાં એક નવકાર અને એક ઉવસગ્ગહરં એમ ૭ વખત નવકાર અને ૭ વાર ઉવસગ્ગહરં ગણવાથી જેમને ઉપદ્રવ કરનારા ખરાબ સ્વપ્નો આવતાં હતાં, ઊંઘ નહોતી આવતી, બીક લાગતી હતી, તે બધી ફરિયાદો દૂર થતી સાંભળી છે. એક વખત નાની વયે અમારા સંસારી ઘરની બીંતેથી એક સાપનો કણો ચાલ્યો જતો હતો, તે વખતે અમારા સંસારી માતુશ્રીએ, ૧-૨ વાર ઉવસગ્ગહરં સ્તોત્રનો પાઠ કર્યો કે સર્પ કયાંય અદશ્ય થઈ ગયો! એટલે શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રના અલૌકિક પ્રભાવ વિષે બે મત છે જ નહિ.

આ પુસ્તકમાં જૈન મંત્રવાદના વિશદ વિવેચન ઉપરાંત પ્રાંતે શ્રી પાર્શ્વનાથ ભગવાનના મહત્ત્વના તીર્થોની કથાઓ, તેમજ ૧૦૮ નામ, પાદપૂર્તિરૂપ સ્તોત્રો વગેરે પણ અપાયેલ છે; એટલે આ ગ્રન્થ ઘેર ઘેર વંચાશે, લોકપ્રિય બનશે અને જનતાનો આદર પાત્ર બનશે, એ નિઃશંક છે.

સાહિત્યવારિધિ શ્રી ધીરજલાલભાઈએ આ દસકામાં સુંદર–ઉપયોગી અને અનુભવના નિચોડરૂપ અનેક ગ્રન્થો લખ્યા છે તથા પ્રકાશિત કર્યા છે અને તે જનતાનો આશીર્વાદ રૂપ નીવડયા છે. તેમનું 'સંકલ્પસિદ્ધિ' પુસ્તક ચાર ચાંદ લાગે તેવું શ્રેષ્ઠ અને ઉંચી કોટિનું લખાયેલું છે.

આવા પુસ્તકોના વાંચન–મનન દ્વારા આત્મામાં અનેરો પ્રકાશ પથરાય છે, અનુભવ વધે છે, આત્માની શક્તિઓ વિકાસ કરવાની તક સાંપડે છે; એટલે તેમને આવું સંસ્કારી સુંદર સાહિત્ય સર્જન કરવા બદલ હું પુનઃ પુનઃ અભિનંદન આપું છું અને ભવિષ્યમાં આવું સુંદર સાહિત્ય સર્જી યશ અને લાભના અધિકારી બને તથા જીવનને ઊર્ધ્વગામી બનાવે, એવી આંતરિક અભિલાષા પ્રકટ કરું છું.

જૈન જ્ઞાનમંદિર,
દાદર, મુંબઈ–૨૮
વિ. સં. ૨૦૨૫ના
માગશર સુદિ–૮.

પૂજ્યપાદ આચાર્ય શ્રીમદ્
વિજય લક્ષ્મણસૂરીશ્વર–
શિષ્યાણુ કીર્તિચંદ્રસૂરિ



વિષયાનુક્રમ

૧.	મંગલ અને અભિધેય	૩
૨.	પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ	૧૫
૩.	જૈન ધર્મમાં મંત્રોપાસનાને મહત્ત્વનું સ્થાન	૪૨
૪.	મંત્રશક્તિનો સદુપયોગ	૫૪
૫.	ઉવસગ્ગહરં સ્તોત્રની ઉત્પત્તિ	૭૩
૬.	ઉવસગ્ગહરં સ્તોત્રનો અજબ પ્રભાવ	૮૬
૭.	તે અંગે અમારો અનુભવ	૧૧૬
૮.	મંત્રસિદ્ધિ અંગે કિંચિત્	૧૩૨
૯.	યંત્રનો મહિમા	૧૪૮
૧૦.	ઉવસગ્ગહરં સ્તોત્ર અંગે રચાયેલું સાહિત્ય	૧૬૩
૧૧.	સ્તોત્રનું ગાથાપ્રમાણ	૧૭૧
૧૨.	પહેલી ગાથાનું અર્થવિવરણ	૧૭૫
૧૩.	બીજી ગાથાનું અર્થવિવરણ	૧૮૬
૧૪.	ત્રીજી ગાથાનું અર્થવિવરણ	૧૯૩
૧૫.	ચોથી ગાથાનું અર્થવિવરણ	૨૦૩
૧૬.	પાંચમી ગાથાનું અર્થવિવરણ	૨૧૦
૧૭.	સ્તોત્ર રચના અંગે વિશિષ્ટ વિચારણા	૨૧૭
૧૮.	પ્રથમ ગાથાના યંત્રો અને મંત્રો	૨૨૬
૧૯.	બીજી ગાથાના યંત્રો અને મંત્રો	૨૩૬
૨૦.	ત્રીજી ગાથાના યંત્રો અને મંત્રો	૨૪૯

૨૧. ચોથી તથા પાંચમી ગાથાના યંત્રો અને મંત્રો ૨૫૫
૨૨. નવ ગાથાનું સ્તોત્ર ૨૫૯
૨૩. તેર ગાથાનું સ્તોત્ર ૨૬૯
૨૪. સત્તર ગાથાનું સ્તોત્ર ૨૭૨
૨૫. એકવીશ ગાથાનું સ્તોત્ર ૨૭૬
૨૬. સત્તાવીશ ગાથાનું સ્તોત્ર ૨૮૧
૨૭. ઉપસંહાર ૨૮૭

પરિશિષ્ટ

૧. ઉવસગ્ગહરં સ્તોત્રની પાદપૂર્તિ ૨૮૯
૨. પંચપરમિટ્ઠિ થુત્તં (પાદપૂર્તિ રૂપ) ૨૯૨
૩. એકસો આઠ નામગર્ભિત શ્રી પાર્શ્વનાથ સ્તોત્ર ૨૯૩
૪. શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં વિદ્યમાન મુખ્ય તીર્થો ૨૯૭
૧. શ્રી અજારા પાર્શ્વનાથ ૨૯૭
૨. શ્રી અમીઝરા પાર્શ્વનાથ ૨૯૯
૩. શ્રી અહિચ્છત્રા પાર્શ્વનાથ ૩૦૦
૪. શ્રી અવંતિ પાર્શ્વનાથ ૩૦૧
૫. શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ ૩૦૨
૬. શ્રી કરેડા પાર્શ્વનાથ ૩૦૬
૭. શ્રી કાપરડા પાર્શ્વનાથ ૩૦૮
૮. કાશી (વારાણસી) ૩૧૧
૯. શ્રી કુકડેશ્વર પાર્શ્વનાથ ૩૧૪
૧૦. શ્રી ગોડી પાર્શ્વનાથ ૩૧૪
૧૧. શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ ૩૨૪
૧૨. શ્રી ચારુપમંડન પાર્શ્વનાથ ૩૨૬
૧૩. શ્રી જીરાવલા પાર્શ્વનાથ ૩૨૬

૧૪. શ્રી નાકોડા પાર્શ્વનાથ ૩૨૯
૧૫. શ્રી નાગફણા પાર્શ્વનાથ ૩૩૦
૧૬. શ્રી પંચાસરા પાર્શ્વનાથ ૩૩૨
૧૭. શ્રી ફલોધિ પાર્શ્વનાથ ૩૩૨
૧૮. શ્રી બલેન્દ્ર પાર્શ્વનાથ ૩૩૫
૧૯. શ્રી મક્ષી પાર્શ્વનાથ ૩૩૫
૨૦. શ્રી લોદ્રવા પાર્શ્વનાથ ૩૩૬
૨૧. શ્રી લોઢણ પાર્શ્વનાથ ૩૩૭
૨૨. શ્રી વરકાણા પાર્શ્વનાથ ૩૩૮
૨૩. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ૩૩૯
૨૪. શ્રી સમેતશિખર યાને પારસનાથનો પહાડ ૩૪૧
૨૫. શ્રી સેરિસા પાર્શ્વનાથ ૩૪૩
૨૬. શ્રી સ્થંભન પાર્શ્વનાથ ૩૪૫

યંત્રાવલી

૧. જગદ્વલ્લભકર યંત્ર
૨. સૌભાગ્યકર યંત્ર
૩. લક્ષ્મીકર યંત્ર
૪. ભૂતાદિનિગ્રહકર યંત્ર
૫. જ્વરનિગ્રહકર યંત્ર
૬. શાકિનીનિગ્રહકર યંત્ર
૭. વિષમવિષનિગ્રહકર યંત્ર
૮. ક્ષુદ્રોપદ્રવનિર્નાશ યંત્ર
૯. બૃહચ્ચક્ર
૧૦. ચિંતામણિચક્ર
૧૧. વંધ્યાશબ્દાપહ યંત્ર

૧૨. મૃતવત્સાદોષનિવારણ યંત્ર
૧૩. કાકવંધ્યાદોષનિવારણ યંત્ર
૧૪. બાલગ્રહપીડાનિવારણ યંત્ર
૧૫. લઘુદેવકુલ યંત્ર
૧૬. શાંતિક–પૌષ્ટિક યંત્ર
૧૭. નવગાથાત્મક ઉવસગ્ગહરં સ્તોત્રનો વિશિષ્ટ યંત્ર

ડભોઈમંડન પ્રભાવક શ્રી લોઢણ
પાર્શ્વનાથ ભગવાન

• પહેલી વંદના •

અનંત જ્ઞાન તથા શક્તિના અધિનાયક,
પરમ જ્યોતિસ્વરૂપ,
સર્વજ્ઞ અને સર્વદર્શી
એવા
પુરુષાદાનીય
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

રમણલાલ વાડીલાલ શાહ
ઠે. યુફાર્મા લેબોરેટરીઝ, યુફાર્મા હાઉસ,
તેજપાળ સ્કીમ રોડ નં. ૫, વીલેપારલે (પૂર્વ)
મુંબઈ-૫૭.

• બીજી વંદના •

જેમનું પવિત્ર નામસ્મરણ
બાહ્ય – અભ્યંતર સર્વ પ્રકારના
ઉપસર્ગોને હરનારું છે,
તથા
સકલ મનોરથોની સિદ્ધિને
કરનારું છે,
તે
દેવાધિદેવ
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

માણેકલાલ ચુનીલાલ શાહ
લક્ષ્મી બીલ્ડીંગ,
૧૭૭–૭૯ કાલબાદેવી રોડ,
મુંબઈ–૨.

• ત્રીજી વંદના •

જેમની સેવા – ભક્તિ – પૂજા
કલ્પવૃક્ષ, કામધેનુ કે ચિંતામણિ રત્નથી
પણ અધિક ફલદાયી છે
અને
સ્વર્ગ તથા અપવર્ગને
સત્વર સમીપ લાવનારી છે,
તે
ત્રેવીશમા તીર્થંકર
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

હરગોવિંદદાસ રામજી શાહ
હરિભુવન, ઝવેર રોડ,
મુલુંડ, મુંબઈ-૮૦

• ચોથી વંદના •

જેમના ચરણની સતત સેવા
કરવામાં
નાગરાજ ધરણેંદ્ર
તથા
શ્રી પદ્માવતી દેવી
અનન્ય આનંદ માને છે,
તે
ત્રિલોકેશ્વર
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

દીપચંદ એસ. ગાર્ડી
તથા કુટુંબીજનો.
ચંદ્રરશ્મિ, જમનજી પીટીટ રોડ,
મુંબઈ-૨૬

• પાંચમી વંદના •

દર્ભાવતી (ડભોઈ) નગરીના

દિવ્ય શણગારરૂપ,

અચિંત્ય પ્રભાવશાળી,

સર્વ સમીહિતપૂરક,

શ્રી લોઢણ પાર્શ્વનાથને

અમારી કોટિ કોટિ

વંદના હો.

卐

શ્રી વિજયદેવસુરસંઘ

ડભોઈ

(ગુજરાત)

• છઠ્ઠી વંદના •

જે પરમેષ્ઠિના પ્રથમ પદે
પ્રતિષ્ઠિત છે,
યોગીશ્વરની અદ્વિતીય ખ્યાતિને
પામેલા છે
તથા
મંત્રસમૂહના મહાન મેરુ છે,

મંગલમૂર્તિ
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
અમારી કોટિ કોટિ
વંદના હો.

卐

સ્વ૦ ભાણજીભાઈ ધરમશી શાપરીઆ
બીજનો તરફથી.
૭૪, ચર્નીરોડ, મુંબઈ–૪

• સાતમી વંદના •

જેમણે ભોગમાર્ગનો ત્યાગ કરી
મુક્તિસાધક મહાયોગનું
અદ્વિતીય આલંબન લીધું
અને
પરમ વીતરાગદશા પ્રાપ્ત કરી,
તે
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

જયંતિલાલ રતનચંદ શાહ
મસ્કતી મહાલ, પહેલે માળે,
લુહાર ચાલ, મુંબઈ–૨

• આઠમી વંદના •

જેમનું નામ લેતાં
ભયંકર વિષધરોના વિષનો
નાશ થાય છે,
તથા
અપૂર્વ શાંતિનો અનુભવ
થાય છે,
તે
પરમામૃતસ્વરૂપ
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

ધરણીધર ખીમચંદ શાહ
હે. પ્રવીણચંદ્ર ડી. શાહ
૧૦૫, ગુલાલવાડી,
મુંબઈ–૪.

• નવમી વંદના •

જેણે સર્વ જીવોને મિત્ર માન્યા,
મહાન ઉપસર્ગો કરનાર ઉપર
પણ
કરુણાદૃષ્ટિ રાખી
અને
અહિંસાધર્મનો અનન્ય ઉપદેશ આપ્યો,
તે
શમરસનિધિ
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
અમારી કોટિ કોટિ
વંદના હો.

卐

સ્વ૦ હરિલાલ ભુરાભાઈ ભીમાણી
ના કુટુંબીજનો તરફથી.
ઠે. ૨૨૯, શેખમેમણ સ્ટ્રીટ,
મુંબઈ–૨

• દશમી વંદના •

અનંત કાળથી આત્માની શક્તિને
આવરી રહેલ
કર્મકટક સાથે આકરાં
યુદ્ધ ખેલીને
જ્વલંત જય મેળવનાર
હે જિનેશ્વર પાર્શ્વનાથ!
તમને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

કેશવલાલ બુલાખીદાસ શાહ
ક્ષીરદોશ,
સુભાષ રોડ,
મુંબઈ-૧

• અગિયારમી વંદના •

જે કર્મરૂપી વાદળના સમૂહથી
મુકત છે
તથા
સહસ્ત્ર સૂર્યોથી પણ અધિક
તેજસ્વી છે,
તે
સર્વલોકોદ્યોતકર
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

રમણલાલ નગીનદાસ પરીખ
જયંત મહાલ,
ચર્ચગેટ ડી. રોડ,
મુંબઇ–૧

• બારમી વંદના •

જે ૐકારસ્વરૂપ છે,
ક્રીંકાર દ્વારા વ્યકત થાય છે,
કલીં બીજથી કલિત છે
તથા
મંત્રસમૂહમાં શિવશકિતરૂપે
વિરાજે છે,
તે
પરમબ્રહ્મસ્વરૂપ
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

તવીનચંદ્ર છગનલાલ કંપાણી
જમનાદાસ મોરારજીની કું.
૮/૧૦ દલાલ સ્ટ્રીટ,
ફોર્ટ, મુંબઈ-૧

• તેરમી વંદના •

જેમણે રાગાદિ અઢાર દોષોને
દૂર કરી
પવિત્રતાની પરમ જ્યોત
પ્રકટાવી,
તે
પુરુષોત્તમ
પાર્શ્વનાથ ભગવાનને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

અમૃતબેન માવજી દામજી શાહ
૧૮૪, ખેતવાડી મેઈન રોડ,
'વિમલ' બીજે માળે,
મુંબઈ-૪

• ચૌદમી વંદના •

જેમણે પૌદ્‌ગલિક ભાવોના પ્રવાહથી
પર થઈને
આત્મરમણતાની
અનેરી મોજ માણી
અને
આનંદઘનપદ પ્રાપ્ત કર્યું,
તે
શ્રી પાર્શ્વનાથ પ્રભુને
અમારી કોટિ કોટિ
વંદના હો.

卐

શ્રી કોટ તપગચ્છ મૂર્તિપૂજક શ્વેતામ્બર
જૈન સંઘ
ભોરાબજાર, કોટ,
મુંબઈ-૧

• પંદરમી વંદના •

જેમણે મૈત્રીભાવથી વિશ્વને
વ્યાપ્ત કર્યું,
પ્રમોદભાવનાનો સર્વત્ર
વિસ્તાર કર્યો,
કારુણ્યભાવનાનું અનુપમ
દૃષ્ટાંત પૂરું પાડ્યું
તથા
માધ્યસ્થ ભાવનાનું
સતત સેવન કરીને
સમભાવની સિદ્ધિ કરી,
તે
ધર્મનાયક
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
અમારી કોટિ કોટિ
વંદના હો.

卐
બી'પીનભાઈ કાંતિલાલ ઝવેરી
તથા
શરદભાઈ કાંતિલાલ ઝવેરી
૧૯૨, ઝવેરી બજાર,
મુંબઈ-૨

• સોળમી વંદના •

જેઓ જન્મ, જરા અને મૃત્યુની
ભીષણ શૃંખલા ભેદીને
અક્ષય અમરપદે
આરૂઢ થયા,
તે
સિદ્ધસ્વરૂપ
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

મનસુખલાલ ભગવાનદાસ
મુંબઈ

• સત્તરમી વંદના •

જેમની મધુર ધર્મદેશનાએ
લાખો હૈયાનાં
મિથ્યાત્વમલને ધોઈ નાખ્યો,
કષાયરૂપી કાદવને દૂર કર્યો
તથા
સમ્યક્ત્વની સુધાવર્ષા કરી,
તે
ધર્મનાયક
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

ચોપટલાલ ભીખાચંદ ઝવેરી
નારાયણ દાભોલકર રોડ,
કમલાનિકેતન,
વાલકેશ્વર, મુંબઈ-૧

• અઢારમી વંદના •

જેમનાં પાવન પગલે
સર્વ પ્રકારની ઇતિઓ અને ભીતિઓનું
શમન થયું
તથા
આનંદ-મંગલની અપૂર્વ
વૃદ્ધિ થઈ,
તે
પરમ કલ્યાણકારી
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

મનસુખલાલ તારાચંદ મહેતા
૧૧, પારસી બજાર સ્ટ્રીટ,
ફોર્ટ, મુંબઈ-૧

• ત્રેવીસમી વંદના •

જેમણે લોકાલોકનું સ્વરૂપ પ્રકાશ્યું,
ષડ્દ્રવ્યની પ્રરૂપણા કરી
તથા
ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યનો
સિદ્ધાંત સમજાવી
અનેકાંતવાદને આગળ કર્યો,
તે
મહાન ધર્મદેશક
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
અમારી કોટિ કોટિ
વંદના હો.

卐

ચોપટલાલ એન્ડ કું.
૪, રાંભિયા નિવાસ,
ચીંચબંદર, મુંબઈ-૯

• વીશમી વંદના •

જેમણે કષાયની કાલિમા દૂર કરી,
મોહરાયને મહાત કર્યો
તથા
સમભાવની પરમ સાધના વડે
વીતરાગપદ પ્રાપ્ત કર્યું,
તે
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

હીરાલાલ લલ્લુભાઇ શાહ
પોદ્દાર ચેમ્બર્સ, પારસી બજાર સ્ટ્રીટ,
ફોર્ટ, મુંબઈ-૧

• એકવીશમી વંદના •

અપૂર્વ રૂપ, અનુપમ લાવણ્ય,
અનંત બળ
તથા
અનન્ય પરોપકાર–પરાયણતા વડે
મહામાનવનો આદર્શ
રજૂ કરનારા
ત્રિલોકના નાથ
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

શ્રી ગુણવંત ટી. દફ્તરી
ગયા બીલ્ડીંગ, ઉજે માળે,
યુસુફ મહેરઅલ્લી રોડ,
મુંબઈ–૩

• બાવીશમી વંદના •

જેમની મુખમુદ્રા પ્રશમરસમાં
નિમગ્ન છે,
જેમની સેવા કરનારના
સર્વ મનોરથો
અજબ રીતે પૂરા થાય છે,
તે
મોહમયી નગરીના અધિરાજ
શ્રી ગોડી પાર્શ્વનાથને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

શ્રી મૂળચંદ હરિલાલ શાહ
૫૯, નાખોદા સ્ટ્રીટ, પાયધુની,
મુંબઈ-૩.

• ત્રેવીશમી વંદના •

અસંખ્ય વર્ષોથી દેવદેવીઓ વડે
પૂજાતા
તથા
શ્રી ધરણેન્દ્ર નાગરાજ વડે
પ્રકટ કરાયેલા,
અલૌકિક પ્રભાવશાળી
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

શ્રી કાન્તાબહેન મૂળચંદ શાહ
૫૯, નાખોદા સ્ટ્રીટ, પાયધુની,
મુંબઈ-૩

• ચોવીશમી વંદના •

ભંડક્યિાને અન્નનો ભવ્ય ભંડાર
બનાવી દેનાર,
ઘૃતના કુલ્લામાં રહીને
સકલ સંઘને
કિલ્લોલ કરાવનાર,
સુથરીના શિરતાજ
શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

શ્રી કેશવજી હીરજી ગોગરી
કે. હર્ષા પ્રિન્ટરી,
સર્વોદય કેન્દ્ર બીલ્ડીંગ,
૧૨૨, ડો. મહેશ્વરી રોડ,
મુંબઈ-૯.

• પચીશમી વંદના •

જેઓ રથંભનપુરીમાં બોરપીંપળે બિરાજી
ભકતવૃંદના હૈયામાં
દાન, દયા અને પરોપકારની
પવિત્ર ભાવના પ્રકટાવી
રહ્યા છે,
તે
શ્રી નવપલ્લવ પાર્શ્વનાથને
અમારી કોટિ કોટિ
વંદના હો.

卐

કેશવલાલ દલપતભાઇ ઝવેરી
મુંબાદેવી રોડ,
મુંબઈ-૨.

• છવીશમી વંદના •

જેમના ગુણોની સ્તુતિ વડે
નાગેન્દ્રો પોતાની બે જિહ્વાને
સફળ માને છે
અને
જેમનું મુખ જોવા વડે
ઇંદ્રો પોતાના હજાર નેત્રોને
કૃતકૃત્ય ગણે છે,
તે
મહાગુણનિધિ
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

જેઠુભાઈ નાગજી શાહ
ઠે. જવાહીર પ્રીન્ટીંગ પ્રેસ,
૧૦૫–કેશવજી નાયક રોડ,
મુંબઈ–૯

• સત્તાવીશમી વંદના •

જેમણે ભિંગલપુરના રાજાને
કોઢથી મુકત કર્યો,
જેમણે આકાશમાં અદ્ધર રહીને
અચિંત્ય શકિતનો
પરિચય આપ્યો
તથા
જેમણે મુનિવર શ્રીભાવવિજયજીની
ચાલી ગયેલી ચક્ષુની રોશનીને
ફરી પ્રકટાવી,
તે
શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

ડૉ. મનુભાઇ જમનાદાસ શાહ
૧૮, સાગરમહાલ, ત્રીજે માળે,
૬૫, વાલકેશ્વર રોડ,
મુંબઇ-૬

• અઠ્ઠાવીશમી વંદના •

ૐ હ્રીં શ્રીધરણેન્દ્ર–પદ્માવતીપરિપૂજિતાય
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમ :

*

શંખપુરમાં પંચાશી હજાર વર્ષથી
અધિક સમય સુધી પૂજાયેલ,
શ્રી ઉદયરત્નજીએ બાવાની
મંજુષામાંથી પ્રકટ કરેલ
અને દુર્જનશલ્ય રાજાનિર્મિત
ભવ્ય મંદિરમાં પ્રતિષ્ઠિત કરાયેલ,
સપ્તફણા સહિત
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

શ્રી તલકશી ગણપત દેઢિયા
શા. ગણપત પાસુની કું.
૧૧૩, કેશવજી નાયક રોડ,
મુંબઈ–૯

• ઓગણત્રીશમી વંદના •

જેમણે અહિંસાધર્મને ઉત્તમ માન્યો,
સંયમધર્મની શ્રેષ્ઠતા દર્શાવી
તથા
બાહ્ય–અભ્યંતર તપશ્ચર્યા
કરવાનો
પ્રબળ અનુરોધ કર્યો,
તે
વિશ્વના તારણહાર
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

જયંતિલાલ ચીમનલાલ શાહ
સાઈનાથ નગર,
૧લે માળે, પ્લોટ નં. ૧૩
આગ્રા રોડ, ઘાટકોપર,
મુંબઈ–૭૭

• ત્રીશમી વંદના •

ત્રિવિધ તાપથી તપી રહેલી
માનવજાતિને
અનન્ય શરણ આપનાર,
જગદ્‌રક્ષક, જગદ્‌બંધુ
તથા
પતિતપાવન
એવા
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

ખૂમચંદ રતનચંદ જોરાજી (ભંડારવાળા)
૨૧૯ કીકા સ્ટ્રીટ,
મુંબઈ-૨

• એકત્રીશમી વંદના •

જેમનો નામમંત્ર
જલમાં, સ્થલમાં તથા આકાશમાં
અપૂર્વ રક્ષણ આપે છે
તથા
જેમનું ધ્યાન
અંતરની સર્વ અશુચિ દૂર કરીને
પવિત્રતાનો પરમ પ્રકાશ
પાથરે છે,
તે
વિશ્વવંદ્ય
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

જે. કે. રેયોન
૪૭, મહાકાળી ચાલ,
તાંબા કાંટા,
મુંબઇ–૩

• બત્રીશમી વંદના •

વારાણસીની વિથિકાઓને
પાવન કરનાર,
ક્ષત્રિયકુલના મહાન ભૂષણ,
અશ્વસેન રાજા અને વામાદેવીના
પનોતા પુત્ર કે જેમણે
મહાન ત્યાગી અને તપસ્વી બની
આર્ય સંસ્કૃતિને ઉજ્જવળ કરી,
તે
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
અમારી કોટિ કોટિ
વંદના હો.

卐

શ્રી દલીચંદ અમીચંદ શાહ
તથા કુટુંબીજનો તરફથી.
૩૭, મહાવીરનગર
ફેકટરી લેન, તીલકરોડ,
બોરીવલી (વેસ્ટ),
મુંબઇ–૯૨.

• તેત્રીશમી વંદના •

જેમણે ત્રીશ વર્ષની ભર યુવાવસ્થામાં
સંસારના સર્વ સંબંધો
છોડી મહાભિનિષ્ક્રમણ કર્યું
અને મુમુક્ષુઓને મોક્ષ-
પ્રાપ્તિની મંગલ દિશા
બતાવી,
તે
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

શ્રી જયંતિલાલ ચુનીલાલ શાહ
જાદવજી મીસ્ત્રી બીલ્ડિંગ, રૂમ નં. ૯,
કાંદીવલી (વેસ્ટ)
મુંબઈ-૬૭

• ચોત્રીશમી વંદના •

પરોપકારાદિ અનંત ગુણોથી
વિભૂષિત,
સત્ય ધર્મના મહાન
ઉપદેશક,
અહિંસાધર્મનો મહાન
ઉદ્યોત કરનાર,
ધર્મચક્રવર્તી
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

શ્રી શારદાબેન ચંપકલાલ ચંદુલાલ
કારટર રોડ નં. ૮,
બોરીવલી (ઈસ્ટ),
મુંબઈ-૯૨.

• પાંત્રીશમી વંદના •

यन्नाममन्त्रस्मरणाद् व्रजन्ति,
कर्माणि दूरं चिरसंचितान्यपि ।
यः शं प्रदाता भविने जिनं तं,
पार्श्वं भटेवाभिधमाश्रयेऽहम् ॥

જેમનાં
પ્રશમરસનિમગ્ન નેત્રયુગલનાં
દર્શન કરતાં
ભવોભવની ભાવટ ભાંગે છે,
તે
ચાણસ્મા નગરીના
અધિરાજ
શ્રી ભટેવા પાર્શ્વનાથને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

શ્રી બબલચંદ ગભરૂચંદ ઝવેરી
૧૨૨, કીકાસ્ટ્રીટ, બીજે માળે
મુંબઈ-૪

• છત્રીશમી વંદના •

ધર્મચક્રના પ્રવર્તન વડે
સમસ્ત જગત પર
ઉપકારની
અસાધારણ વર્ષા કરનાર
પરમ પુરુષ
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

રસિકલાલ ત્રિકમલાલ શાહ
વિપુલ, બ્લોક નં. ૧૩,
મુંબઈ-૬

• સાડત્રીશમી વંદના •

જેમની કાયા પ્રમાણોપેત હતી,
અનેક શુભ લક્ષણોથી યુક્ત
હતી અને નીલવર્ણની
અદ્‌ભુત કાંતિને ધારણ
કરતી હતી,
તે
સર્વ શક્તિમાન
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
અમારી કોટિ કોટિ
વંદના હો.

卐

સ્વ. જગજીવન મુલજી બનીઆ-
ના કુટુંબીજનો તરફથી.
રંગઉદ્યાન, માહીમ,
મુંબઈ-૧૬

• આડત્રીશમી વંદના •

જેમનાં દર્શન માત્રથી
મહામનિષી
શ્રી અભયદેવસૂરિનો કુષ્ટરોગ
દૂર થયો
અને નવાંગી વૃત્તિ કરવાની
ક્ષમતા સાંપડી,
તે
પ્રકટ પ્રભાવી
શ્રી સ્થંભન પાર્શ્વનાથને
અમારી કોટિ કોટિ
વંદના હો.

卐

શા. ખીમજી વેલજી તાલપત્રીવાલા-
ના કુટુંબીજનો તરફથી.
૬૨, દોનતાડ સ્ટ્રીટ, ઝામરગલી,
મુંબઈ-૯

• ઓગણચાલીશમી વંદના •

જેમનો નામમંત્ર
શ્વાસ, કાસ, જ્વર, કુષ્ટ
તથા
અન્ય વ્યાધિઓના
ઉપશમન માટે
સંજીવની ઔષધનું કામ કરે છે
તથા
સ્થાવર–જંગમ સર્વ પ્રકારના વિષોનું
શીઘ્ર વારણ કરે છે,
તે
દશાવતારી
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

પવિત્રરાય ધરમશી ટોલિયા
સાધના બીલ્ડીંગ, બી. રોડ,
મુંબઈ–૧

• ચાલીશમી વંદના •

સ્વર્ગમાં, પાતાલમાં
તથા
મર્ત્યલોકમાં,
જ્યાં જ્યાં
શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં
પવિત્ર બિંબ
વિરાજતાં હોય,
તેમને
ત્રિકરણશુદ્ધ
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

નિર્મલાબેન આર. મણિયાર
બીરલા મેન્સન, બીજે માળે,
બનામ હોલ લેન, ગીરગામ,
મુંબઈ-૪

• એકતાલીશમી વંદના •

ત્રિવિધ તાપપીડિત માનવજાતિને
સુખ અને શાંતિનો
સાચો રાહ દર્શાવનાર
તથા
આત્માની અનંત શક્તિનો
સાક્ષાત્કાર કરાવનાર,
સંતશિરોમણી
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

વનેચંદ અવિચલ મહેતા
(વાંકાનેરવાળા)
શ્રીનિકેતન સોસાયટી,
બ્લોક નં. ૭, પહેલે માળે,
ચોપાટી બેન્ડ સ્ટેન્ડ,
મુંબઈ નં–૭

• બેંતાલીશમી વંદના •

જેમણે દાનધર્મનો ડંકો વગાડ્યો,
શીલધર્મની સુગંધ પ્રસારી,
તપધર્મનું તેજ પ્રકાશ્યું,
તથા
ભાવધર્મની ભવ્યતાનો
અપૂર્વ વિસ્તાર કર્યો,
તે
પરમહિતૈષી
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

સુરતવાળા સ્વ. માતુશ્રી
સુભદ્રાબહેન ગુલાબચંદ ઝવેરીના
સ્મરણાર્થે તેમના સુપુત્ર
જીવણચંદ ગુલાબચંદ ઝવેરી
તરફથી.

• તેંતાલીશમી વંદના •

જેમણે અનન્ય યોગસાધના વડે
આત્માની પરમ શુદ્ધિ કરી
તથા
શમદ્રમાદ્રિ ગુણોની
મહાન પ્રતિષ્ઠા કરી,
તે
પરમ યોગીશ્વર
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

અબુબહેન ભીખાચંદ શાહ
તવાવાળા બીલ્ડીંગ,
લુહારચાલ,
મુંબઈ–૨

• ચુંમાલીશમી વંદના •

પવનના ભયંકર સુસવાટા
શરૂ થયા,
વરસાદ મુસળધારાએ
વરસવા લાગ્યો,
પાણીનો પ્રવાહ નાસિકા
સુધી આવ્યો,
છતાં
જેઓ ધ્યાનથી જરા પણ
ચલિત ન થયા,
તે
મહામુનિ
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
અમારી કોટિ કોટિ
વંદના હો.

卐

સ્વ૦ જગજીવન ભાઇચંદ શાહના સ્મરણાર્થે

ટી. જે. શાહ એન્ડ બ્રધર્સ

પ્રીન્સેસ સ્ટ્રીટ,

મુંબઈ-૨૧

• પીસ્તાલીશમી વંદના •

ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
કેશરપૂજા એ કેવળજ્ઞાનનું અને ફળ એ મોક્ષ-
ફળનું પ્રતીક છે. તે જ રીતે જળ એ અથાગ
ભવસાગરનું પ્રતીક છે. ધૂપથી ભવતારિણી ત્યાગ
વૈભવભરી દીક્ષાની કલ્પના કરેલી છે અને
અક્ષતથી એ ચિંતવવાનું કે ફરી ભવખીજ
પાંગરે નહિ. આવી ચિત્તશુદ્ધિવાળી વિવિધ
પ્રકારના ભાવવાળી ભાવપૂજા સાથે દરેક
શાશ્વતી જિન પ્રતિમાઓને
તથા
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
અમારી કોટિ કોટિ
વંદના હો.

卐

ચંચળબેન આણંદલાલ સંઘવી

(જામનગરવાળા)

પાન ઈલેકટ્રીકલ્સ

તવાવાળા બીલ્ડીંગ–લોહારચાલ

મુંબઈ–૨

• છેંતાલીશમી વંદના •

ॐ ह्रीँ श्रीँ जीरावली पार्श्वनाथाय
रक्ष कुरु कुरु स्वाहा ।

જીરાવલા પાર્શ્વનાથને
અમારી કોટિ કોટિ
વંદના હો.

તેજપાળ રાયચંદ શાહ
તથા
શાંતિલાલ જે. મહેતા.
મુંબઈ.

ભક્તજનોના સર્વ મનોરથો
પૂર્ણ કરનાર
શ્રી ચિંતામણિ પાર્શ્વનાથને
અમારી કોટિ કોટિ
વંદના હો.

卐

કચ્છ કોડાયવાલા
સ્વ૦ માવજી નેણશીના
સ્મરણાર્થે તેમના ભાઈ ઓ તરફથી.

• સુડતાલીશમી વંદના •

જેમણે
ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી યુક્ત
સત્‌ની પ્રરૂપણા કરી
તથા
ષડ્‌દ્રવ્યના નિરૂપણ વડે
વિશ્વવ્યવસ્થાનું રહસ્ય
પ્રકાશ્યું,
તે
જ્ઞાનેશ્વર
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

પોપટલાલ કચરાલાલ શાહ

તથા

રેવાબહેન કચરાલાલ શાહ

છેડાભુવન, કારટર રોડ,
બોરીવલી (પૂર્વ)
મુંબઇ—૯૨

• અડતાલીશમી વંદના •

અષ્ટ મહાપ્રાતિહાર્યથી યુક્ત
ચોત્રીશ અતિશયવંત,
પાંત્રિશ ગુણગર્ભિત
વાણીના સ્વામી,
કોટિ દેવોથી પરિવૃત્ત,
ત્રિલોકપ્રદીપ
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
અમારી કોટિ કોટિ
વંદના હો.

卐

સૂર્યકાન્ત તલકચંદ ઝવેરી
તથા
વીણાબહેન સૂર્યકાન્ત ઝવેરી
તેજપાળ રોડ, પીપરમેન્ટ કારખાનાની બાજુમાં
૫૪ B મીસ્ત્રી બ્લોક, વીલેપારલે (પૂર્વ)
મુંબઇ–૫૭

• એગણપચાસમી વંદના •

વિવિધ પરિષહો અને ઉપસર્ગોને
સમભાવે સહી લેનાર,
અપકારીનો પણ સદા ઉપકાર
ચિંતવનાર,
ક્ષમાના અપૂર્વ ભંડાર
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

શ્રી સુમતિલાલ ભોગીલાલ પ્રેમચંદ
(દવાવાળા)
પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ-૨

• પચાસમી વંદના •

જેમને
પવિત્ર ભાવે પ્રણામ કરતાં
પાપપુંજનો
પ્રલય થાય છે,
પુણ્યસમૂહની
અતિશય વૃદ્ધિ થાય છે
તથા
કઠિનમાં કઠિન કર્મો પણ
સત્વર નાશ પામે છે,
તે
સદા સ્મરણીય
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

વાડીલાલ આર. શાહ

ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ.,
લાલસિંગ માનસિંગ બીલ્ડીંગ,
લુહાર ચાલ, મુંબઈ-૨.

• એકાવનમી વંદના •

જેમની નવોદિત મેઘસમાન
નીલકાંતિનાં
દર્શન કરતાં જ
અંતરમાં ઉલ્લાસ જાગે છે,
પ્રસન્નતા પ્રકટે છે
અને
પવિત્રતાનો ભાવ ઉછળવા
લાગે છે,
તે
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

દીપક ટ્રેડીંગ કું
અને
તેની સાથે જોડાયેલી અન્ય પેઢીઓ
૭૨, એડવેન્ટ, ફોરશોર રોડ,
મુંબઈ–૧

● ભાવનમી વંદના ■

નાગરાજની સહસ્રફણાથી મંડિત
જેમનું મસ્તક
અલૌકિક શોભા ધારણ કરે છે
તથા
નમસ્કારમંત્રના
અચિંત્ય પ્રભાવની યાદ આપે છે,
તે
સહસ્રફણા પાર્શ્વનાથને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

ચીનુભાઈ હિંમતલાલ
જીવનવિહાર,
માનવમંદિર રોડ,
મુંબઈ-૬

• ત્રેપનમી વંદના •

જેમની સ્તુતિ કરતાં
વાણી વિશદ્ધ બને છે,
જેમનો
ગુણાનુવાદ સાંભળતાં
કાન પવિત્ર થાય છે,
તથા
જેમનું ધ્યાન ધરતાં
પરમાત્માનો નિર્મળ પ્રકાશ
સાંપડે છે,
તે
સદ્ધાશિવ
પાર્શ્વનાથ ભગવાનને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

ટોકરશી ભુલા વીરા
૨૮, એ. પી. માર્કેટ,
ધોબી તળાવ,
મુંબઈ-૨

• ચોપનમી વંદના

જે સદાચારનું સર્જન કરવામાં
બ્રહ્મા છે,
સદ્ધર્મને સ્થિર કરવામાં
વિષ્ણુ છે,
તથા
અન્યાય–અનીતિનો નાશ કરવામાં
મહેશ્વર છે,
તે
ત્રિગુણમૂર્તિ
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
મારી કોટિ કોટિ
વંદના હો.

卐

મોરારજી કાલિદાસ દલાલ
ઠે. શા નરોત્તમદાસ હરિવલ્લભદાસ,
૮૦, ખાંડબજાર, માંડવી
મુંબઈ–૩

• પંચાવનમી વંદના •

જેમનાં
કલામય મનોહર મંદિરોએ
ભારતની ભૂમિને ભવ્ય બનાવી
તથા
આત્મવિકાસની અવનવી
પ્રેરણા આપી,
તે
અહર્નિશ આરાધવા યોગ્ય
ભગવાન પાર્શ્વનાથને
અમારી કોટિ કોટિ
વંદના હો.

卐

અમૃતલાલ પોપટલાલ મણિયાર
તથા તેમના સુપુત્રો
નવીનચંદ્ર તથા રસિકલાલ તરફથી.
C/o. મહાવીર રીક્રેકટરીઝ કોરપોરેશન,
ગોપાલનિવાસ, બીજે માળે,
૧૩૩, પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ–૨ (બી. આર.)

• છપ્પનમી વંદના •

જેમણે સમેતશિખર ગિરરાજની
ભવ્ય ભૂમિમાં
તેત્રીશ મુનિવરો સાથે
નિર્વાણની પ્રાપ્તિ કરી
અને
જેઓ શિવપુરીના સ્વામી બન્યા,
તે
નાથ નિરંજન
શ્રી પાર્શ્વનાથ ભગવાનને
અમારી કોટિ કોટિ
વંદના હો.

卐

ચંદુલાલ ભાઈચંદ શાહ

તથા

કંચનબહેન ચંદુલાલ શાહ

૬૬, વિનોદ વીલા, રજે માળે,
કાવેલ કોસ લેન નં. ૩,
રામવાડી, કાલબાદેવી રોડ,
મુંબઈ-૨.

મહા પ્રાભાવિક

ઉવસગ્ગહરં સ્તોત્ર

યાને

જૈન મંત્રવાદની જયગાથા



શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ

[૧]

મંગલ અને અભિધેય

'ॐ ह्रीँ अर्हँ श्री पार्श्वनाथाय नमः।' આ પવિત્ર મંત્રનું શુદ્ધ ભાવે, ત્રણ વાર સ્મરણ કરીને, અમે આ કલ્યાણકારી ગ્રંથનો આરંભ કરીએ છીએ.

મંગલાચરણ, કાવ્ય અર્થાત્ પદ્યમય કૃતિથી જ થાય એવું નથી. તે મંત્રસ્મરણથી પણ થઈ શકે છે. મૂળ વાત એટલી કે ગ્રંથરચનારૂપી શુભ કાર્યની શરૂઆતમાં ઇષ્ટદેવને નમસ્કાર કરવો જોઈએ, જેથી શિષ્ટાચારનું પરિપાલન થાય અને મંગલની પ્રાપ્તિ થાય.

શિષ્ટાચાર એટલે શિષ્ટ પુરુષોએ પ્રવર્તાવેલો આચાર. તે બહુ સમજી-વિચારીને પ્રવર્તાવેલો હોય છે અને તેનું પરિપાલન કરવામાં જ આપણું હિત છે. વિશેષમાં જે શિષ્ટ પુરુષોએ પ્રવર્તાવેલા આચારને-માર્ગને અનુસરે છે, તે 'માર્ગાનુસારી' બને છે અને તેને જ ભવસાગર તરવામાં ઉત્તમ પ્રવહણ[1] સમાન વીતરાગકથિત ધર્મની પ્રાપ્તિ થાય છે.

---

૧. વહાણ.

મંગલ તેને કહેવાય છે કે જે સર્વ પ્રાણીઓના હિતને માટે પ્રવર્તે છે.[૨] અથવા જેના વડે દુર્ભાગ્ય દૂર ચાલ્યું જાય છે.[૩] શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે **વિશેષાવશ્યક ભાષ્ય**માં કહ્યું છે કે—

मंगिज्जएऽधिगम्मइ जेण हिअं तेण मंगलं होई।
अहवा मंगो धम्मो, तं लाइ तयं समादत्ते ॥

'જેના વડે હિત સધાય તેને મંગલ કહેવાય છે. અથવા જે મંગ એટલે ધર્મને લાવે–પ્રાપ્ત કરાવે, તે મંગલ કહેવાય છે.'

આનો અર્થ એમ સમજવાનો કે ઇષ્ટદેવને શુદ્ધ ભાવે નમસ્કાર કરવાથી દુર્ભાગ્ય દૂર ચાલ્યું જાય છે, એટલે વિઘ્નો નડતાં નથી, આપત્તિઓ સતાવતી નથી તથા મુશ્કેલીઓ કે મુંઝવણો ગંતવ્ય માર્ગનો અવરોધ કરતી નથી. અથવા તેનાથી હિત સધાય છે, એટલે જે જે વસ્તુ આ ભવ અને પરભવ માટે લાભકારી હોય તે આવી મળે છે અને પ્રશસ્ત યશ–કીર્તિનો વિસ્તાર થાય છે. અથવા ધર્મને પ્રાપ્ત કરાવે છે, એટલે ધર્મબુદ્ધિ–ધર્મભાવના ઉત્પન્ન કરે છે અને તેનું પરિણામ દરેક રીતે સારું જ આવે છે. કહ્યું છે કે—

धर्माज्जन्म कुले शरीरपटुता सौभाग्यमायुर्बलं,
धर्मेणैव भवन्ति निर्मलयशो विद्यार्थसंपत्तयः।

---

૨. मङ्गति हितार्थं सर्पतीति मंगलम् ।

૩. मङ्गति दुरदृष्टमनेनास्माद् वेति मङ्गलम् ।

कान्ताराच्च महाभयाच्च सततं धर्मः परित्रायते,
धर्मः सम्यगुपासितो भवति हि स्वर्गापवर्गप्रदः ॥

'ધર્મથી ઊંચા કુલમાં જન્મ થાય છે, પાંચેય ઇન્દ્રિયોની પૂર્ણતા પ્રાપ્ત થાય છે, તથા સૌભાગ્ય, આયુષ્ય અને બલની પ્રાપ્તિ થાય છે. વળી ધર્મથી જ નિર્મલ યશ, વિદ્યા અને અર્થની સંપત્તિ પ્રાપ્ત થાય છે. તે જ રીતે ધર્મ ઘોર જંગલમાં અને કોઇપણ સ્થળે મહાન ભયો ઉપસ્થિત થયે રક્ષણ કરે છે. ખરેખર! આવા ધર્મની આરાધના જો સમ્યક્ પ્રકારે કરવામાં આવે તો તે સ્વર્ગ અને મોક્ષનું સુખ આપી શકે છે.'

અહીં એ પણ સ્પષ્ટ કરવું જોઇએ કે મંગલ વડે સર્વનું હિત સધાય છે, એટલે મંગલાચરણ કરનારને ધર્મની પ્રાપ્તિ થાય છે અને તેને સાંભળનાર–વાંચનાર સર્વના મનમાં શુભ ભાવ ઉત્પન્ન થતાં તેમનું પણ કલ્યાણ થાય છે.

આ રીતે ઇષ્ટદેવને નમસ્કાર કરવારૂપ મંગલાચરણનો મહા મહિમા હોવાથી આ ગ્રન્થરચનાના આરંભે અમે તેનો આશ્રય લીધો છે અને કૃતાર્થતા અનુભવી છે.

અહીં કોઈ પાઠકને પ્રશ્ન થશે કે 'ઇષ્ટદેવને નમસ્કાર કરવાથી આટલા બધા લાભો શી રીતે થાય?' તેનો ઉત્તર એ છે કે ઇષ્ટદેવને શુદ્ધ ભાવે કરાતો નમસ્કાર કલ્પવૃક્ષ, કામધેનુ, કામકુંભ કે ચિંતામણિરત્નથી પણ અધિક છે, એટલે તેના દ્વારા આ સર્વ લાભો થવાની સંભાવના છે. શાસ્ત્રોમાં તો એમ પણ કહ્યું છે કે—

इक्को वि नमुक्कारो, जिणवरवसहस्स वद्धमाणस्स ।
संसारसागराओ, तारेइ नरं व नारीं वा ॥

'જિનેશ્વરોમાં ઉત્તમ એવા શ્રી વર્ધમાન સ્વામીને અર્થાત્ શ્રી મહાવીર પ્રભુને કરાયેલો એક નમસ્કાર પણ નર કે નારીને સંસારસમુદ્રથી તારે છે.'

અહીં જે નમસ્કારનો નિર્દેશ કરેલો છે, તે સામર્થ્ય-યોગથી કરાતા નમસ્કારનો સમજવાનો છે. અન્ય તીર્થંકરોને સામર્થ્યયોગથી નમસ્કાર કરીએ તો તેનું પરિણામ પણ આવું જ આવે છે. જેમાં મન, વચન અને કાયાની અત્યંત શુદ્ધિ હોય અને નમસ્કાર કરવા માટે પૂરેપૂરું સામર્થ્ય ફોરવવામાં આવતું હોય, તેને સામર્થ્યયોગ કહેવાય છે.

નમસ્કારને કોઈએ નાની કે સામાન્ય વસ્તુ સમજવાની નથી. શ્રીમાન્ હરિભદ્રસૂરિ મહારાજે **લલિતવિસ્તરા-ચૈત્યવંદનાવૃત્તિ**માં નમસ્કારની મહત્તા સમજાવતાં કહ્યું છે કે 'धर्मं प्रति मूलभूता वन्दना–અર્થાત્ ધર્મ પ્રત્યે લઈ જવાને માટે મૂલભૂત વસ્તુ વંદના છે, નમસ્કાર છે; કારણ કે તેના વડે ઉત્પન્ન થતો ભાવોલ્લાસ આત્મક્ષેત્રમાં ધર્મ-પ્રશંસા અને ધર્મબહુમાનરૂપી બીજને વાવે છે, ધર્મ-ચિન્તનાદિ રૂપ અંકુરાઓને પ્રકટાવે છે, ધર્મશ્રવણ અને ધર્માચારરૂપ શાખા-પ્રશાખાઓનો વિસ્તાર કરે છે તથા સ્વર્ગ અને મોક્ષનાં સુખોની પ્રાપ્તિરૂપ ફૂલ તથા ફલોને આપે છે.'

આજે ભૌતિકવાદની ભ્રમણામાં આપણે આપણો ધર્મ

ભૂલ્યા છીએ અને ઇષ્ટદેવ પ્રત્યે જે શ્રદ્ધા–ભક્તિ હોવી જોઈએ, તે રહી નથી. તેનું જ એ પરિણામ છે કે આપણા જીવનમાં જે સુખ અને શાંતિનો અનુભવ થવો જોઈએ, તે થતો નથી.

'ભૌતિકવાદ જેટલો વધારે, તેટલું જગત્ વધારે દુઃખી' એ મહાપુરુષોએ કરેલો અફર નિર્ણય છે અને જો તટસ્થ ભાવે વિચાર કરીએ તો તે આપણી બુદ્ધિમાં ઉતરી શકે એવો છે, પણ આપણે તટસ્થ ભાવે વિચાર કરીએ છીએ ખરા ?

આગળ વધી રહેલો ભૌતિકવાદ આપણને નવાં નવાં સાધનો આપે છે અને તેથી આપણે મોહિત થઈએ છીએ, પણ સાધનો વધવાથી સુખ વધતું નથી; એ તો સાચી સમજણમાંથી જ પ્રાપ્ત થાય છે; અને એ સમજણ ભૌતિકવાદ નહિ, પણ અધ્યાત્મવાદ જ આપણને આપે છે.

આજે ભૌતિકવાદને અનુસરનાર વૈજ્ઞાનિકોની સિદ્ધિઓનાં ડિંડિમ વાગી રહ્યાં છે, પણ તેથી માનવજાતિનું સુખ વધવાને બદલે ઘટયું છે. પ્રથમ તો આપણા જીવનની સલામતી પહેલા જેવી રહી નથી. કયારે અણુશસ્ત્રો ત્રાટકશે અને કયારે આપણો નાશ કરશે ? એ કળવું–કહેવું મુશ્કેલ બની ગયું છે. બીજું સંપત્તિની વહેંચણી અસમાન બની ગઈ છે, તેથી એક બાજુ ધનાઢયતા તો બીજી બાજુ કાળી ગરીબી, એવી દુઃખદ પરિસ્થિતિ નિર્માણ થઈ છે. અને ત્રીજું ભૌતિક લાલસાઓથી લદબદી રહેલાં મન, ન્યાય અને નીતિને ઠોકરે મારીને પોતાનો ક્ષુદ્ર સ્વાર્થ સાધવા માટે ભ્રષ્ટાચારની એવી

ભયાનક બિભીષિકા સર્જી રહ્યાં છે કે ન પૂછો વાત ! આ સ્થિતિમાંથી ઉગરવાનો એક જ ઉપાય છે અને તે અધ્યાત્મવાદ પર અડગ ઊભેલા ધર્મનું અનુસરણ.

આવો ધર્મ અમારી સમજણ પ્રમાણે જૈન ધર્મ છે અને તેથી જ તેને મહામંગલમય, પરમકલ્યાણકારી તથા સર્વ ધર્મોમાં શ્રેષ્ઠ કહેવામાં આવ્યો છે.

જૈન ધર્મમાં વીતરાગ અવસ્થાને પામેલા, અષ્ટાદશ-દોષરહિત, સર્વજ્ઞ અને સર્વદર્શી એવા જિન, અર્હત્ કે તીર્થંકર પરમાત્મા દેવ (દેવાધિદેવ) મનાયેલા છે અને તેમને જ અહીં ઇષ્ટદેવ સમજવાના છે.

આ સ્થાને એ સ્પષ્ટતા પણ કરી દઈએ કે તીર્થંકર દેવો વીતરાગ હોવાથી પોતે કોઈ પર પ્રસન્ન થતા નથી કે કોઇ પર રોષ કરતા નથી, પરંતુ તેમનું નામ એટલું પ્રભાવશાળી છે કે તેનો આશ્રય લેતાં ઉપર જણાવેલા બધા લાભો આપોઆપ થાય છે. મહર્ષિ નંદિષેણે **'અજિત-શાન્તિ-સ્તવ'**માં કહ્યું છે કે—

अजियजिण ! सुहप्पवत्तणं,
तव पुरिसुत्तम ! नामकित्तणं ।
तह य धिइ-मइ-प्पवत्तणं,
तव य जिणुत्तम ! संति ! कित्तणं ॥

'હે પુરુષોત્તમ અજિતજિન ! તમારું નામ-સ્મરણ સર્વ સુખને પ્રવર્તાવનારું, તેમજ સ્થિર બુદ્ધિને આપનારું

છે. હે જિનોત્તમ શાંતિનાથ ! તમારું નામ–સ્મરણ પણ એવું જ છે.'

જેમનું નામ આટલું પ્રભાવશાળી હોય, તેનાં દર્શન –પૂજન આદિનું તો કહેવું જ શું ? શ્રી જિનેશ્વર દેવનાં ભક્તિભાવે દર્શન–પૂજન કરતાં ચક્ષુ તથા મન પવિત્ર થાય છે અને સર્વ પાપો નાશ પામે છે. વળી એ વખતે અપૂર્વ ઉલ્લાસ જાગે તો સ્વર્ગ કે મોક્ષનાં દ્વાર ઉઘડી જાય છે. **જિનોપાસના** નામના ગ્રંથમાં અમે આ વસ્તુ અંગે વિસ્તૃત વિવેચન કરેલું છે, તે જિજ્ઞાસુઓએ અવશ્ય જોઈ લેવું.

અહીં એટલી વાત ધ્યાનમાં રાખવી ઘટે કે શ્રી જિનેશ્વરદેવના શાસનની રખેવાળી કરતા દેવોને શાસનદેવ કહેવામાં આવે છે. તે શ્રી જિનેશ્વરદેવની અનન્ય ભાવે ભક્તિ કરનારને ઘણી સહાય કરે છે અને તેમના વિવિધ મનોરથોની પૂર્તિ કરે છે. આવો અનુભવ ભૂતકાળમાં ઘણાને થયો છે અને આજે પણ થાય છે, એટલે તેમાં કોઈ સંદેહ રાખવા જેવો નથી.

હવે જે મંત્ર દ્વારા મંગલાચરણ કરવામાં આવ્યું છે, તે અંગે કેટલુંક વિવેચન કરીશું.

'ૐ હ્રીઁ અર્હં શ્રી પાર્શ્વનાથાય નમઃ' આ શબ્દ સંયોજનને મંત્ર કહેવાનું કારણ એ છે કે તે વારંવાર મનન કરવા યોગ્ય છે, અથવા તો તેનું મનન કરતાં વિવિધ પ્રકારના ભયોમાંથી ત્રાણ સાંપડે છે, અથવા તો તે એક દેવાધિષ્ઠિત અક્ષરરચના છે.

આ દ્વાદશાક્ષરી (બાર અક્ષરવાળો) મંત્ર આપણી જન્મ કુંડલીના દ્વાદશ સ્થાનોને શુદ્ધ કરે એવો છે, એટલે કે તેનો જપ કરતાં માઠી ગ્રહદશા સુધરી જાય છે અને કોઈ પણ ગ્રહની આપણા પ્રત્યે ક્રૂર દૃષ્ટિ રહેતી નથી.

જે મંત્રમાં માત્ર બીજાક્ષરો હોય તેને બીજમંત્ર કહેવાય છે અને જેમાં મંત્રાધીશ્વરનો સ્પષ્ટ નામોલ્લેખ હોય, તેને નામમંત્ર કહેવાય છે. એ રીતે આ મંત્ર દ્વાદશાક્ષરી નામમંત્ર છે.

આ મંત્રના પ્રારંભમાં ૐકાર વિરાજે છે[૪] તે આમ તો તેજોબીજ કે વિનયબીજ છે, પણ અહીં મંત્રસેતુ[૫] તરીકે વપરાયેલો છે. વિશેષમાં તે પંચપરમેષ્ઠિના પ્રથમ અક્ષરોથી ઉત્પન્ન થયેલો છે. કહ્યું છે કે–

अरिहंता असरीरा, आयरिय उवज्झाय मुणिणो।
पंचक्खरनिप्फन्नो, ॐकारो पंचपरमिट्ठि ॥

'ૐકાર પંચપરમેષ્ઠી–સ્વરૂપ છે, કારણ કે તે અરિહંત, અશરીરી (સિદ્ધ), આચાર્ય, ઉપાધ્યાય અને મુનિ (સાધુ) એ પંચપરમેષ્ઠીના પ્રથમ અક્ષરોથી નિષ્પન્ન થયેલો છે.'

અ + અ = આ. આ + આ = આ. આ + ઉ = ઓ. ઓ + મ્ = ઓમ્ = ૐ.

એટલે આ મંત્રબીજ પંચપરમેષ્ઠીનું સૂચન કરે છે અને તેની સાથે નમઃ શબ્દનો યોગ કરતાં પંચપરમેષ્ઠીને

૪. ૐકારના વિસ્તૃત વિવેચન માટે જુઓ–મંત્રચિંતામણિ–પહેલો ખંડ.
૫. જે મંત્રશક્તિનું અનુસંધાન કરી આપે તેને મંત્રસેતુ કહે છે.

નમસ્કાર થાય છે કે જે સર્વ પાપનો નાશ કરનાર તથા ઉત્કૃષ્ટ મંગલરૂપ છે.[૬]

ૐકાર પછી હ્રીંકાર વિરાજે છે, તે માયાબીજ, શક્તિબીજ કે ત્રૈલોક્યાક્ષર છે. તેનો મહિમા **મંત્રાધિરાજ-કલ્પ**માં આ પ્રમાણે વર્ણવેલો છે :–

हितं जयावहं भद्रं कल्याणं मङ्गलं शिवम् ।
तुष्टिपुष्टिकरं सिद्धिप्रदं निवृत्तिकारणम् ॥
निर्वाणाभयदं स्वस्तिशुभधृतिरतिप्रदम् ।
मतिबुद्धिप्रदं लक्ष्मीवर्द्धनं सम्पदां पदम् ॥
त्रैलोक्याक्षरमेनं ये संस्मरन्तीह योगिनः ।
नश्यत्यवश्यमेतेषामिहामुत्रभवं भयम् ॥

ત્રૈલોક્યાક્ષર એટલે હ્રીંકાર સાધકનું હિત કરનારો છે, જયને લાવનારો છે, સુખને આપનારો છે, કલ્યાણ કરનારો છે, વિઘ્નોને દૂર કરી અભીષ્ટની પ્રાપ્તિ કરાવનારો છે, શુભ છે, તુષ્ટિ અને પુષ્ટિ કરનારો છે, સર્વ કાર્યમાં સિદ્ધિ અપાવનારો છે, મોક્ષનું કારણ છે, નિર્વાણરૂપી અભયને દેનારો છે, સ્વસ્તિ–શુભ–ધૃતિ–રતિ–મતિ–બુદ્ધિને આપનારો છે, લક્ષ્મીને વધારનારો છે તથા વિવિધ પ્રકારની સંપત્તિઓનું ધામ છે. જે યોગસાધકો તેનું સારી રીતે સ્મરણ કરે છે, તેમનો આ લોક અને પરલોક સંબંધી ઉત્પન્ન થયેલો ભય અવશ્ય નાશ પામે છે.'

---

૬. નમસ્કારમંત્રનો મહિમા તથા તેની સાધના–સિદ્ધિ કેવી રીતે કરવી ? તે અમોએ '**નમસ્કારમંત્રસિદ્ધિ**' ગ્રંથમાં વિસ્તારથી દર્શાવ્યું છે. જિજ્ઞાસુએ તેનું અવલોકન અવશ્ય કરવું.

વિશેષમાં આ બીજ જિનશક્તિથી વિભૂષિત છે, એટલે કે તેમાં ચોવીશ તીર્થંકરોની સ્થાપના છે, એટલે તેની મંગલમયતા સહેજે સમજી શકાય એવી છે.૭

જો ૐ અને ह्रीँની સાથે नमः પદનો યોગ કરીએ તો તે 'ૐ ह्रीँ नमः' એ પ્રકારની ह्रीँકારવિદ્યા બને છે કે જેના જપથી મનુષ્ય અચિંત્ય કાર્યો કરવાને શક્તિમાન થાય છે.૮

અર્હંમ્ બીજ અંગે કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે **सिद्धहेमशब्दानुशासन-स्वोपज्ञबृहद्वृत्ति** માં કહ્યું છે કે–

अर्हमित्यक्षरं ध्येयं, वाचकं परमेष्ठिनः।
सिद्धचक्रस्य सद्बीजं, सर्वतः प्रणिदध्महे ॥

'अर्हंम् એ અક્ષર (મંત્રબીજ) પરમેશ્વર એવા પરમેષ્ઠીનો વાચક છે, સિદ્ધચક્રનું આદિ બીજ છે, સકલ આગમોનું રહસ્ય છે, સર્વ વિઘ્નોનો નાશ કરવામાં સમર્થ છે, સર્વ પ્રકારના દૃષ્ટ અને અદૃષ્ટ એવા સંકલ્પોને પૂરવા માટે કલ્પવૃક્ષ સમાન છે. આ બીજનું શાસ્ત્રના અધ્યયન–અધ્યાપન સમયે અવશ્ય પ્રણિધાન કરવું જોઈએ.'

તાત્પર્ય કે આ બીજ પ્રસ્તુત મંત્રમાં અનેરો પ્રાણ

---

૭. ह्रीँકારના વિસ્તૃત પરિચય માટે જુઓ–મંત્રચિંતામણિ–બીજો ખંડ.

૮. આ વિદ્યાની વિશેષ સમજ માટે જુઓ–મંત્રચિંતામણિ. બીજો ખંડ–પ્રકરણ સાતમું.

પૂરનારું છે અને તેને દિવ્ય શક્તિથી વિભૂષિત કરનારું છે.

'ॐ अर्हँ नमः' તથા 'ॐ ह्रीँ अर्हँ नमः' આ બંને રીતે અર્હંમંત્રનો જાપ થાય છે અને તે સાધકની અસાધારણ ઉન્નતિ કરે છે.

'શ્રી પાર્શ્વનાથ'એ આ મંત્રના અધીશ્વરનું મંગલમય નામ છે અને તે ચતુર્થ વિભક્તિના યોગમાં હોવાથી શ્રી पार्श्वनाथाय એવો શબ્દ પ્રયોગ થયેલો છે. શ્રી પાર્શ્વનાથપ્રભુ વર્તમાન ચોવીશીના ત્રેવીશમા તીર્થંકર હતા. તેમનો વિશેષ પરિચય બીજા પ્રકરણમાં આપેલો છે, એટલે અહીં તે અંગે વધારે વિવેચન કરતા નથી.

नमः પદ આ મંત્રના છેડે આવેલું હોવાથી પલ્લવરૂપ છે અને તે શાન્તિ–તુષ્ટિ–પુષ્ટિનો સંકેત કરે છે. 'નમસ્કાર હો' એ તેનો શબ્દાર્થ છે.

આ આખા મંત્રનો સળંગ અર્થ આ પ્રમાણે સમજવોઃ 'ॐકાર અને ह्रीँકારરૂપ, અરિહંતની પરમ શક્તિથી વિભૂષિત એવા શ્રી પાર્શ્વનાથ ભગવાનને મારો નમસ્કાર હો.'

'અહીં શ્રી પાર્શ્વનાથ ભગવાનને જ નમસ્કાર શા માટે?' તેનો ઉત્તર એ છે કે 'આ ગ્રંથમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિરૂપ **महा प्राभाविक उवसग्गहरं स्तोत्र** નો પરિચય આપવાનો છે તથા તે અંગે વિસ્તૃત વિવેચન કરવાનું છે, તેમજ જૈન મંત્રવાદની જય ગાથામાં પણ તેઓ જ પ્રધાનસ્થાને છે, તેથી તેમને જ નમસ્કાર કરવો યુક્તિયુક્ત છે.'

ઉવસગ્ગહરં સ્તોત્રનો મૂલપાઠ આ પ્રમાણે સમજવો :

उवसग्गहरंपासं, × पासं वंदामि कम्मघणमुक्कं ।
विसहर-विस-निन्नासं, मंगल-कल्लाण-आवासं ॥१॥
विसहरफुलिंगमंतं, कंठे धारेइ जो सया मणुओ ।
तस्स गह-रोग-मारि-दुट्ठजरा जंति उवसामं ॥२॥
चिट्ठउ दूरे मंतो, तुज्झ पणामोवि बहुफलो होइ ।
नरतिरिएसु वि जीवा, पावंति न दुक्ख-दोगच्चं ॥३॥
तुह सम्मत्ते लद्धे, चिंतामणि-कप्पपायवब्भहिए ।
पावंति अविग्घेणं, जीवा अयरामरं ठाणं ॥४॥
इअ संथुओ महायस ! भत्तिब्भरनिब्भरेण हियएण ।
ता देव दिज्ज बोहिं, भवे भवे पासजिणचंद ! ॥५॥

× સામાન્ય વ્યવહારમાં આ બંને પદો જુદાં બોલાય છે, પણ અર્થની દૃષ્ટિએ એક જ છે. તે આ શબ્દપરનું અર્થવિવેચન જોતાં સમજી શકાશે.

[૨]

પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ

જૈન ધર્મમાં સહુથી ઊંચું સ્થાન તીર્થંકરો એટલે જિનો કે અર્હંતોનું છે, તેથી જ પંચપરમેષ્ઠીને નમસ્કાર કરતાં પ્રથમ નમસ્કાર અર્હંતોને–અરિહંતોને કરવામાં આવે છે.

ભૂતકાળમાં આવા અરિહંતો અનંત થઈ ગયા અને ભવિષ્યમાં પણ અનંત થશે, કારણ કે કાલ અનાદિ–અનંત છે, પરંતુ એક કાલચક્રના ઉત્સર્પિણી અને અવસર્પિણી એ બે વિભાગો પૈકી દરેક વિભાગમાં ભરતક્ષેત્રમાં ચોવીશ તીર્થંકરો થાય છે.

એ રીતે વર્તમાન અવસર્પિણી કાલના ત્રીજા આરાના અંતભાગથી લઈને ચોથા આરાના અંત સુધીમાં ભરતક્ષેત્રમાં ચોવીશ તીર્થંકરો થયા છે અને તેમણે સમયે સમયે સત્ય ધર્મની જ્યોત પ્રકટાવીને લાખો–ક્રોડો માનવીના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરેલ છે તથા તેમને સન્માર્ગે પ્રવર્તાવીને મુક્તિસુખના અધિકારી બનાવેલ છે. અને તે જ કારણે

આજે તેમની મંદિરે મંદિરે પૂજા-અર્ચના થાય છે, અને તેમના સદ્‌ભુત ગુણોની કીર્તના કરવામાં આવે છે. ખરેખર! આ જગતમાં અરિહંત જેવું ઉપકારી અન્ય કોઈ જ નથી.

ચોવીશ તીર્થંકરો પૈકી એકવીશ તીર્થંકરો ઐતિહાસિક ક્ષિતિજની બહાર છે, એટલે કે ઐતિહાસિક દૃષ્ટિ ત્યાં પહોંચી શકે એમ નથી, પણ બાવીશમા તીર્થંકર શ્રી અરિષ્ટનેમિનો ઇતિહાસકારો સ્વીકાર કરતા જાય છે.

ડૉ. કુહરર **એપિગ્રાફિકા ઈન્ડિકા**ના પ્રથમ ભાગમાં (પૃ. ૩૮૯) પર જણાવે છે કે જૈનોના બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથ પ્રભુને ઐતિહાસિક વ્યક્તિ તરીકે સ્વીકારવામાં આવ્યા છે. પ્રો. એલ. ડી. બાર્ટન '**એન્સીયન્ટ મીડ-ઈન્ડિયન ક્ષત્રિય ટ્રાઈબ્સ**' નામના પુસ્તકના પ્રથમ ભાગની પ્રસ્તાવનામાં આ મતને માન્ય રાખે છે અને સંસ્કૃતના પ્રસિદ્ધ વિદ્વાન્ ડૉ. નાગેન્દ્રનાથ બસુ '**હરિવંશપુરાણ**'ની પ્રસ્તાવનામાં શ્રી અરિષ્ટનેમિના ઐતિહાસિક વ્યક્તિત્વનો સ્પષ્ટતયા સ્વીકાર કરે છે. શ્રી હરિસત્ય ભટ્ટાચાર્ય તથા રેવન્ડ જે. કેનેડીએ આ મતનું સમર્થન કર્યું છે અને બનારસ હિંદુ યુનિવર્સિટીના પ્રાધ્યાપક ડૉ. પ્રાણનાથ વિદ્યાલંકારે પોતાને સૌરાષ્ટ્રમાંથી પ્રાપ્ત થયેલા એક તામ્રપટના આધારે આ માન્યતાને મહોર મારી છે.

જૈન ધર્મ શ્રી મહાવીર સ્વામી તથા ગૌતમ બુદ્ધ પહેલાં પણ આ દેશમાં પ્રચલિત હતો, એ હકીકત પ્રો. મેક્ષમુલર, ઓલ્ડનબર્ગ, બેન્ડોલે, સર મોનિયર વિલિયમ્સ,

હાર્વે, વ્હીલર આદિ વિદેશી વિદ્વાનો તથા બાળગંગાધર ટિળક વિગેરે ભારતીય વિદ્વાનોએ સિદ્ધ કરી આપી છે. પરિણામે **'કેમ્બ્રીજ હિસ્ટરી ઓફ ઈન્ડિયા'** (પૃ. ૧૫૩), **'એન્સાઇક્લોપીડિયા ઓફ રિલિજિયન એન્ડ એથિક્સ'** (વો. ૭ મું) તથા **હાર્મ્સવર્થ હિસ્ટરી ઓફ ધી વર્લ્ડ** (વો. ૨જું–પૃ. ૧૧૯૮) માં ત્રેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથની એક ઐતિહાસિક પુરુષ તરીકે નોંધ લેવામાં આવી છે.

શ્રી પાર્શ્વનાથનો સમય વિક્રમ સંવત્ પૂર્વે ૮૨૦ થી ૭૨૦ નો એટલે ઈ. સ. પૂર્વે ૮૭૬ થી ૭૭૬નો ગણાય છે.

શ્રી પાર્શ્વનાથ ભગવાન અને શ્રી મહાવીર સ્વામીના નિર્વાણ વચ્ચે બરાબર અઢીસો વર્ષનું અંતર હતું, એવા ઉલ્લેખો જૈન શાસ્ત્રોમાં પ્રાપ્ત થાય છે. જેમકે—

गते श्री पार्श्व-निर्वाणात्, सार्द्धे वर्षशते द्वये।
श्री वीरस्वामिनो जज्ञे, महानन्दपदोदयः॥

'શ્રી પાર્શ્વનાથના નિર્વાણ પછી અઢીસો વર્ષ વ્યતીત થતાં શ્રી મહાવીર સ્વામી નિર્વાણ પામ્યા.'

શ્રી મહાવીર પ્રભુનું નિર્વાણ વિ. સં. ૪૭૦ વર્ષ પૂર્વે થયું હતું, જે બે સંવત્સર વર્ષે ચાલતા તફાવતથી જાણી શકાય છે. (આજે વિ. સં. ૨૦૨૪ છે, તો વી. નિ. સંવત્ ૨૪૯૪ ચાલે છે.) એટલે શ્રી પાર્શ્વનાથનું નિર્વાણ વિ. સં. પૂર્વે ૪૭૦ + ૨૫૦ = ૭૨૦ વર્ષે થયું અને તેમણે ૧૦૦

વર્ષનું આયુષ્ય ભોગવ્યું હતું, એટલે તેમનો જન્મ વિ. સં. પૂર્વે ૮૨૦ વર્ષે થયો, એમ ખાતરીથી જાણી શકાય છે.

× × ×

તે કાલે, તે સમયે કાશી દેશનું રાજધાનીનું શહેર વારાણસી હતું. ત્યાં અશ્વસેન નામે ક્ષત્રિય રાજા રાજ્ય કરતા હતા, જે ઘણા શૂરવીર, ઉદાર અને ન્યાયપરાયણ હતા. તેમને વામાદેવી નામે પટ્ટરાણી હતી. તે રૂપ લાવણ્યનો ભંડાર હતી તથા પવિત્રતા, નમ્રતા અને નિખાલસતાને લીધે અદ્વિતીય શોભા ધારણ કરતી હતી. તેમને એક વાર હાથી, વૃષભ, સિંહ આદિ ચૌદ સુંદર સ્વપ્નો આવ્યાં. નૈમિત્તિકોએ તેનો અર્થ કરતાં કહ્યું કે તમે એક સર્વગુણસંપન્ન મહાતેજસ્વી પુત્ર રત્નને જન્મ આપશો. એ જગત્‌વિજેતા થશે.' આથી વામાદેવીને, અશ્વસેન રાજાને તથા સર્વ કુટુંબીજનોને અત્યંત આનંદ થયો.

પોષ વદિ દશમ (ગુજરાતી મિતિ પ્રમાણે માગશર વદિ દશમ) ના દિવસે વામાદેવીએ એક પુત્રરત્નને જન્મ આપ્યો. એ જ વખતે દિશાઓ હસી ઉઠી, આકાશમાંથી અમૃતનાં છાંટણાં થયાં અને સર્વત્ર પ્રકાશ જોવામાં આવ્યો.

દેવોએ તેમનો જન્મમહોત્સવ કર્યો અને રાજભવનમાં તથા સમસ્ત શહેરમાં દિવસો સુધી ઉત્સવ ઉજવાયો.

આ પુત્ર ગર્ભમાં હતો, ત્યારે અંધારી રાત્રિએ પણ વામાદેવીએ એક કાળા સર્પને પાર્શ્વથી-પાસેથી પસાર થતો જોયો હતો, એટલે તેનું નામ પાર્શ્વકુમાર રાખવામાં આવ્યું.

શ્રી પાર્શ્વકુમાર અનેક શુભ લક્ષણોથી યુક્ત હતા. વિશેષમાં તેમના દેહમાંથી નીલમના જેવું અદ્‌ભુત તેજ પ્રકટતું હતું, તેથી તેમનો દેહ નીલ વર્ણનો જણાતો હતો. જ્યારે તેઓ મોટા થયા, ત્યારે સપ્રમાણ શરીર અને સુગઠિત અવયવોને લીધે અત્યંત શોભવા લાગ્યા તથા ધીરતા, વીરતા, ઉદારતા, પ્રસન્નતા આદિ ગુણોથી સહુનું આકર્ષણ કરવા લાગ્યા.

કુશસ્થલની રાજકુમારી પ્રભાવતી તેમના આ રૂપ–ગુણ પર મોહિત થઈ. ખાતાં–પીતાં, ઉઠતાં–બેસતાં, હરતાં–ફરતાં એ તેમનું જ રટણ કરવા લાગી. જેમ અખિલાનંદનો આશક જોગી બધી જંજાળોને દૂર રાખી, એક માત્ર પરમાત્માનું ધ્યાન ધરે છે, તેમ તે સર્વ વસ્તુઓથી વિમુખ થઈ, એક માત્ર પાર્શ્વકુમારનું જ ધ્યાન ધરવા લાગી. ઉત્તમ વસ્ત્રો તેને વૈરી જેવા લાગવા માંડ્યાં, સુંદર અલંકારો તેને આગ જેવા આકરાં થઈ પડ્યાં. શું સ્નાન કે શું મર્દન, શું અંગરાગ કે શું ફૂલહાર, બધાં તેને વિષમ વેદના કરવા લાગ્યાં. ચાંદનીભરી શીતલ રાત્રિઓ, જે આનંદ અને આરામનું સાધન છે, તે એને શોક અને સંતાપનું કારણ થઈ પડી; અલબેલી ઉષા અને સોહામણી સંધ્યા જે માનવી માત્રના મનનું રંજન કરે છે, તે એને દારુણ દુઃખ આપવા લાગી. તેના અંતરમાંથી સઘળું સુખ ચાલ્યું ગયું, તેના દિલમાંથી કરાર માત્ર ઉડી ગયો. પ્રતિદિન તે દુર્બળ અને દુર્બળ થવા લાગી.

પ્રભાવતીની આ હાલતનું કારણ તેના માતા–પિતાએ

સખીઓ દ્વારા જાણી લીધું, એટલે તેને સ્વયંવરા તરીકે પાર્શ્વકુમાર આગળ મોકલવાનો નિર્ણય કર્યો અને તે અંગે સઘળી તૈયારીઓ કરવા માંડી.

પ્રભાવતીનું રૂપ અપાર હતું, લાવણ્ય અમાપ હતું. વિદ્યા અને કલાની પણ તે ઉત્તમ જાણકાર હતી. આજ સુધીમાં કેટલાક રાજાઓ તેને વરવાનો મનસુબો કરી ચૂકયા હતા, પણ પુત્રીની ઇચ્છાને માન આપનાર પ્રસેનજિત રાજાએ તે સર્વેને સાફ ઇન્કાર સુણાવ્યો હતો. એટલે જ્યારે એ સમાચાર બહાર આવ્યા કે 'પ્રભાવતી પાર્શ્વકુમારને પરણવા માટે સામી જાય છે,' ત્યારે ભારે ચકચાર પેદા થઈ. તેમાં કલિંગનો બળવાન રાજા યવન સહુથી આગળ પડયો. તેણે ભરસભામાં મૂછ પર તાવ દઈને જણાવ્યું કે 'પદ્મિની સ્ત્રીનો સ્વામી તે જ થઇ શકે છે કે જેની ભુજામાં અખંડ બળ ભરેલું હોય. તેથી પ્રભાવતીના લગ્નનો ફેંસલો રણમેદાનમાં જ થશે. હું એ જોઇશ કે પ્રસેનજિત રાજા પ્રભાવતીને કેવી રીતે પાર્શ્વકુમાર આગળ મોકલે છે?' અને તે જ વેળાએ તેણે કલિંગની પ્રચંડ સેનાને કુશસ્થલ તરફ કુચ કરવાનો હુકમ આપ્યો. પ્રભાવતી કુશસ્થલ છોડે તે પહેલાં તો તે કલિંગની સેનાથી ઘેરાઈ ગયું.

રાજા પ્રસેનજિત બહાદુર હતો, પણ કલિંગની સેના ઘણી મોટી હોવાથી આખર સુધી તેની સામે ટકી શકે તેમ ન હતો. તેથી તેણે પોતાના એક વિશ્વાસુ દૂતને અશ્વસેન રાજા પાસે મોકલી મદદની માગણી કરી.

અશ્વસેન રાજા સાચા ક્ષત્રિય હતા, એટલે તેમણે મદદ મોકલવાનો નિશ્ચય કર્યો અને તે માટે સૈન્યને તૈયાર કર્યું. એ વખતે પાર્શ્વકુમારે પિતાને પ્રણામ કરીને નમ્રતાપૂર્વક જણાવ્યું કે 'યુદ્ધમાં અજોડ એવા આપને કુશસ્થલ સુધી જવાની કોઈ જરૂર નથી. આજ્ઞા હોય તો હું જ આ સૈન્યની સરદારી લઈને ત્યાં જઈશ અને યવનરાજની શાન ઠેકાણે લાવીશ.'

અશ્વસેન રાજાએ કહ્યું : 'કુમાર ! તમારાં આ વચનો સાંભળીને મારું હૈયું હર્ષથી નાચી ઉઠે છે. પરંતુ તમે હજી નાના છો, ક્રીડાને યોગ્ય છો. અતિ વિકટ એવી રણયાત્રા કરવાને હજી તમારે વાર છે, માટે તમે અહીં જ રહો અને મારી ગેરહાજરીમાં વારાણસીનું રક્ષણ કરો.'

એ સાંભળી પાર્શ્વકુમારે કહ્યું : 'પૂજ્ય પિતાજી ! પુત્ર ગમે તેવડો મોટો થાય, તો પણ સ્નેહને લીધે માતાપિતાને તે નાનો જ લાગવાનો. પરંતુ પુત્રે પોતાનું કર્તવ્ય સમજવું જોઈએ. વળી રણયાત્રાનો મને અતિ ઉમંગ છે, તો આપ આશીર્વાદ આપો, એટલે કુશસ્થલને ભયથી મુક્ત કરું.'

પુત્રના અતિ આગ્રહને પિતાએ નમતું આપ્યું. પાર્શ્વકુમાર વારાણસીના સૈન્યની સરદારી લઈને કુશસ્થલના રસ્તે પડ્યા.

'મહારાજ ! યવનરાજની સેના અહીંથી એક પડાવ જેટલી જ દૂર છે, એટલે આપણે અહીં થોભી જવું જોઇએ.' નિરીક્ષકોએ આવીને સમાચાર આપ્યા.

'વારુ, યવનરાજની સેના કેટલી મોટી લાગે છે ?' પાર્શ્વકુમારે માહિતી મેળવવા માટે નિરીક્ષકોને પ્રશ્ન કર્યો.

'મહારાજ! યવનરાજની સેના તો મોટી છે, પણ તે આપણા સૈન્ય સામે ઝીક ઝાલે એમ લાગતું નથી. એના ત્રણ યોદ્ધા ને આપણો એક યોદ્ધો બરાબર છે.' નિરીક્ષકોએ બહુ બારીકાઈથી મેળવેલી બાતમી જાહેર કરી.

'ઠીક છે' એટલું બોલીને પાર્શ્વકુમારે સ્મિત કર્યું અને સેનાને પડાવ નાખવાનો હુકમ કર્યો. નજીકમાં એક નાનો સરખો પહાડ હતો, તેની છાયામાં વારાણસીનું લશ્કર પથરાઈ ગયું.

દુશ્મનને પ્રથમ ચેતવણી આપવી અને તે ન સમજે તો જ તેની સાથે યુદ્ધ કરવું, એ ક્ષત્રિયોની નીતિ હતી. તેથી પાર્શ્વકુમારે બીજા દિવસે સવારે એક દૂતને બધી વાતની સમજ આપીને યવનરાજ ભણી રવાના કર્યો. આ દૂતે યવનરાજ પાસે પહોંચીને જણાવ્યું કે 'હે રાજન્! વારાણસીના મહારાજ કુમારશ્રી પાર્શ્વ તમને મારી મારફત કહેવડાવે છે કે પ્રસેનજિત રાજાએ મારા પિતાનું શરણ અંગીકાર કરેલું છે, માટે તેમની સાથે લડવાનું છોડી દો. મારા પિતા પોતે જ યુદ્ધ માટે અહીં આવતા હતા, પરંતુ બહુ પ્રયાસે તેમને રોકીને તે કાર્ય માટે હું અહીં આવેલો છું, તેથી તમારું કુશલ ચાહતા હો, તો જલ્દી તમારા ઠેકાણે પાછા ચાલ્યા જાઓ. જો વિના વિલંબે તેમ કરશો, તો તમારો અપરાધ માફ કરવામાં આવશે.'

આ વચનો સાંભળીને યવનરાજે કહ્યું: 'ઓ દૂત! પાર્શ્વકુમાર તો હજી બાળક છે. તે લડવા આવ્યો તેથી શું?

અને કદાચ તેનો વૃદ્ધ પિતા પોતે જ લડવા આવ્યો હોત, તો તેથી પણ શું ? તેઓ મારી વાસ્તવિક તાકાતથી પરિચિત હોય તેમ લાગતું નથી. હું કલિંગાધિપતિ યવનરાજ છું, દુશ્મનોનો સાક્ષાત્ કાળ છું. માટે પાર્શ્વકુમાર જેવા આવ્યા છે, તેવા જ પાછા ચાલ્યા જાય, તેમાં તેમની શોભા છે. જાણીબુઝીને સિંહને છંછેડવામાં સાર નથી.'

દૂતે ફરી કહ્યું: 'ઓ મદઘેલા મહીપતિ ! પાર્શ્વકુમાર કોણ છે ? તેની તને ખબર નથી. એમના કાંડામાં અનેક વજ્રનું બળ છે, એમની ભુજામાં સેંકડો હાથીની તાકાત છે. એમની આગળ ઊભવાને તું જરા પણ સમર્થ નથી. ક્યાં ગરુડ અને ક્યાં કાકોલ ? ક્યાં મેરુ અને ક્યાં સરસવ ? ક્યાં શેષનાગ અને ક્યાં સાપોલિયું ? પરંતુ તેઓ મહાદયાળુ છે, પરમ કૃપાળુ છે, તેથી તને ચેતવણી આપવા માટે જ મને અહીં મોકલ્યો છે. હવે સમજવું ન સમજવું એ તારા ભાગ્યની વાત છે.'

આ શબ્દો સાંભળતાં જ યવનરાજ ઉશ્કેરાઈ ગયો. તેણે કહ્યું: 'ઓ દૂત ! વધારે બડબડાટ કરવાથી શું ? આ શબ્દો જો બીજો કોઈ મારી પાસે બોલ્યું હોત, તો તેની જીભ અહીંને અહીં જ ખેંચી કાઢત, પણ દૂત હોઈને તું અવધ્ય છે, એટલે તને જતો કરું છું. ઓ વાચાળ ! તું હવે જલ્દી અહીંથી ચાલ્યો જા અને તારા સ્વામીને જણાવી દે કે જાણીબુઝીને તે આગ સાથે રમત રમવાનું છોડી દે.'

દૂત પાછો ફર્યો, બંને સૈન્યોમાં હથિયાર ખખડવા લાગ્યા, પણ તે જ રાત્રે એક ઘટના એવી બની કે જેણે વાતાવરણનો બધો યે રંગ પલટી નાખ્યો.

મધરાતનો સમય હતો. મંત્રીઓ સાથેની વાટાઘાટો હમણાં જ પૂરી થઇ હતી. યવનરાજ સૂવાની તૈયારી કરતો હતો. તેના તમામ અંગરક્ષકો પાસેની નાની નાની રાવટીઓમાં આરામ લેવાને માટે ચાલ્યા ગયા હતા. અત્યારે તે પોતાના તંબુમાં એકલો જ હતો. તે વખતે 'યવનરાજ' એવા શબ્દો તેના સાંભળવામાં આવ્યા. જાણે મોટેથી સાદ પાડીને કોઈ તેને બોલાવી રહ્યું હતું.

આ શબ્દો સાંભળતાં જ યવનરાજ ચમકી ગયો. તેણે આજુબાજુ જોયું તો ત્યાં કોઇ જણાયું નહિ, એટલે તે તંબુની બહાર નીકળ્યો અને બારીકાઈથી જોવા લાગ્યો, પરંતુ ત્યાં પણ કોઈ વ્યક્તિ તેના જોવામાં આવી નહિ. તેથી તે વિચારવા લાગ્યો કે પોતાને ભ્રમ થયો કે શું ? નક્કી એવું જ કંઈક હશે, એમ માનીને તે ફરી સૂવાને તૈયાર થયો. તે વખતે 'યવનરાજ' એવા શબ્દો પુનઃ તેના સાંભળવામાં આવ્યા. એ અવાજ એટલો સ્પષ્ટ હતો કે 'પોતે ભ્રમમાં નથી, પણ ખરેખર સાંભળી રહ્યો છે.' એવી તેને ખાતરી થઈ અને તેના અચંબાનો પાર રહ્યો નહિ.

'આટલી મોડી રાત્રિએ પોતાને અહીં કોણ બોલાવતું હશે ? અને બોલનાર નજરે પડતો કેમ નહિ હોય ?' એ વિચાર તેને મુંઝવવા લાગ્યો. એ જ વખતે ત્રીજી વાર અવાજ થયો : 'યવનરાજ ! મિથ્યા સાહસ છોડી દે. પાર્શ્વકુમાર એ કોઈ સામાન્ય રાજકુમાર નથી, પણ યુગ-યુગના તપ કરીને અવતરેલા એક પરમ પુરુષ છે. વિવિધ વિદ્યાઓ

તેમની દાસી છે, સંખ્યાબંધ સિદ્ધિઓ તેમની ચાકરડી છે. એ બધું તેમને સહજ રીતે જ પ્રાપ્ત થયેલું છે. તારું કોઈ પણ શસ્ત્ર કે અસ્ત્ર તેમના પર કે તેમની સેના પર ચાલવાનું નથી. માટે જીવનું જતન કરવું હોય અને કલિંગ સહિસલામત પાછા ફરવું હોય, તો વેળાસર તેમને શરણે જા. અન્યથા ભાવિ ભયંકર છે.'

પ્રચંડ અને વિલક્ષણ અદાથી બોલાતાં આ શબ્દો યવનરાજનું કાળજું વીંધીને આરપાર નીકળી ગયા. તે થરથરી ઉઠ્યો અને ભયથી ધ્રૂજવા લાગ્યો. જાણે કોઈ ગયબી શક્તિ તેનું તેજ માત્ર હરી રહી હતી. આવા ચમત્કારો વિષે તેણે આજ સુધીમાં ઘણું ઘણું સાંભળ્યું હતું, પરંતુ અનુભવ પહેલો જ હતો, તેથી આશ્ચર્યથી મૂઢ બની ગયો. બાકીની આખી રાત તેણે પડખાં ફેરવીને પૂરી કરી.

સવાર થયું અને સૈનિકો પોતાની ફરજ પર ચડ્યા, તે વારે યવનરાજે મંત્રીઓને પાસે બોલાવ્યા અને જણાવ્યું કે 'પોતે ગઈ રાત્રીના નિર્ણયમાં ફેરફાર કર્યો છે. હવે તે પાર્શ્વકુમાર સાથે લડવા ચાહતો નથી, પરંતુ મૈત્રીનો હાથ લંબાવવા માગે છે. અને જો તેનો સ્વીકાર થશે તો કુશસ્થલ પરનો ઘેરો ઉઠાવીને તે પોતાની રાજધાનીમાં પાછો ફરશે.'

યવનરાજના નિર્ણયમાં રાતોરાત આવો ફેરફાર કેમ થયો, તે કોઇ સમજી શક્યું નહિ; પરંતુ કાંઇ પણ બન્યું બરૂં, એવું અનુમાન કરીને બધાએ તે નિર્ણયનો સ્વીકાર કરી લીધો. પછી સફેદ વાવટો આગળ રાખીને યવનરાજ

પોતાના થોડા વિશ્વાસુ માણસો સાથે પાર્શ્વકુમાર આગળ આવ્યો અને દૂરથી જ બે હાથ જોડીને તેમને પ્રણામ કર્યા. ત્યારબાદ નજીક આવીને ચરણસ્પર્શ કરતાં જણાવ્યું કે 'મહારાજ ! મારા ગઈ કાલના શબ્દો સામું જોશો નહિ. તે માટે હું દીલગીર છું. આજે મૈત્રીની માગણી કરવા માટે હું જાતે જ આપની પાસે આવ્યો છું, માટે તેનો સ્વીકાર કરો. આપનો હુકમ થતાં જ હું અહીંથી મારું લશ્કર ઉઠાવીને કલિંગ પાછો ચાલ્યો જઈશ.'

પાર્શ્વકુમારે તેનું યોગ્ય સન્માન કરતાં જણાવ્યું કે 'રાજન્ ! તમારો આ વિચાર પ્રશંસનીય છે. બળ અને સંપત્તિના મદમાં છકી જઈને આફતકારી યુદ્ધોને નોતરવાં એ કોઈપણ રીતે વ્યાજબી નથી. સત્તા મળી છે, તે નબળાનું રક્ષણ કરવા માટે છે. સંપત્તિ મળી છે, તે ગરીબોની ભાવટ ભાંગવા માટે છે. તેનો સ્વાર્થ કાજે બેફામ ઉપયોગ કરવો, એ અવલ પ્રકારનો અન્યાય છે, અધર્મ છે. આ વાત તમે સમજી શકયા અને મૈત્રી બાંધવાને પ્રેરાયા, તેથી મને આનંદ ઉપજે છે. તમારી મૈત્રીનો હું સ્વીકાર કરું છું. હવે આજે ને આજે તમે કુશસ્થલને ગોઝારી ગુંગળામણથી મુક્ત કરો.'

યવનરાજે ઘેરો હઠાવી લીધો. કુશસ્થલની પ્રજા હરખઘેલી બની. રાજા પ્રસેનજિત અને પ્રભાવતીના આનંદનો પાર રહ્યો નહિ. તેઓ આભારી હૃદયે સ્વજન-પરિવાર સાથે પાર્શ્વકુમારનો સત્કાર કરવા સામે ગયા. ત્યાં રાજા પ્રસેનજિતે કહ્યું : 'અમારા ઉપર બહુ મોટી કૃપા થઈ. આપ સમયસર આવી પહોંચ્યા,

એટલે અમારું રક્ષણ થયું. હવે વધારે કૃપા કરીને, મારી પુત્રી પ્રભાવતીનો આપ સ્વીકાર કરો.'

એ સાંભળી પાર્શ્વકુમારે કહ્યું : 'રાજન્! પિતાની આજ્ઞાથી તમારું રક્ષણ કરવા માટે જ હું અહીં આવેલો છું. મારું એ કામ પૂરું થયું છે, તેથી હવે હું વારાણસી પાછો ફરીશ. મારું આગમન અહીં લગ્ન નિમિત્તે થયેલું નથી.'

પાર્શ્વકુમારના આવા શબ્દો સાંભળી પ્રસેનજિતે વિચાર્યું કે 'આ કુમાર તો નિઃસ્પૃહ જણાય છે. પરંતુ પિતાની આજ્ઞાને તે અવશ્ય માથે ચડાવશે.' એટલે તેણે કહ્યું : 'હું અશ્વસેન રાજાની ચરણવંદના કરવા ચાહું છું. તેથી રજા હોય તો આપની સાથે ચાલું.'

પાર્શ્વકુમારે તેમાં સંમતિ આપી, એટલે પ્રસેનજિત રાજા પ્રભાવતીને સાથે લઈને વારાણસી આવ્યા અને ત્યાં અશ્વસેન રાજાને વંદન કરીને પ્રભાવતીનો સ્વીકાર કરવા માટે વિનંતિ કરી.

અશ્વસેન રાજાએ કહ્યું : 'આ સંબંધી પાર્શ્વકુમારની ઇચ્છા શી છે? તે મારે જાણવી જોઈએ.' પછી તેમણે પાર્શ્વકુમારને પ્રસેનજિતની માગણીથી વાકેફ કર્યા. તે વખતે પાર્શ્વકુમારે કહ્યું : 'પિતાજી! સંસારના કોઈ પણ વૈભવ-વિલાસનું મને આકર્ષણ નથી. હું તો મહાપ્રયત્ને મળેલા આ મનુષ્યજીવનની સંપૂર્ણ સાર્થકતા ચાહું છું.' એ સાંભળીને અશ્વસેન રાજાએ કહ્યું : 'હે કુમાર! તમારી મનોવૃત્તિઓને ધન્ય છે. તો પણ અમારા આનંદ અને સંતોષની ખાતર એક વાર પ્રસેનજિતની પુત્રી પ્રભાવતીની સાથે લગ્ન કરો અને યોગ્ય અવસરે ઉચિત લાગે તેમ કરજો.'

પિતાની આજ્ઞાને માથે ચડાવનાર પાર્શ્વકુમારે પ્રભાવતીનું પાણીગ્રહણ કર્યું. તેની ખુશાલીમાં રાજ્યભરમાં મહાન ઉત્સવ ઉજવવામાં આવ્યો, ગરીબગરબાંને પુષ્કળ દાન દેવામાં આવ્યું, બાળકોને મીઠાઈ વહેંચવામાં આવી અને સમસ્ત પ્રજાનો એક વર્ષ સુધીનો કર માફ કરવામાં આવ્યો.

પ્રભાવતીનો મનોરથ આખરે પૂરો થયો હતો, એટલે તેના હર્ષમાં મણા ન હતી. અશ્વસેન અને વામાદેવીએ પુત્રને વિવાહિત થયેલો નિહાળ્યો, એટલે તેમના આનંદને અવધિ ન હતી.

શ્રીપાર્શ્વકુમારને વિવાહિત જીવનના ફળરૂપે કોઈ પુત્ર –પુત્રી થયાનો ઉલ્લેખ આવતો નથી અને આગળ જતાં તેઓશ્રી પાર્શ્વનાથના શાસનમાં એક સાધ્વી બને છે, તે પરથી એમ લાગે છે કે શ્રી પાર્શ્વકુમારે તેમને સંયમનું મહત્ત્વ સમજાવ્યું હશે અને બંનેએ નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળ્યું હશે. વિશેષ સંશોધન ન થાય, ત્યાં સુધી આ વિધાનને માત્ર સંભાવના સમજવી.

એક વાર પાર્શ્વકુમાર નગરનું અવલોકન કરી રહ્યા હતા, તે વખતે પાસે ઊભેલા સેવકને પ્રશ્ન કર્યો કે 'આજે કયો તહેવાર છે?'

'પ્રભો! આજે કોઈ ખાસ તહેવાર હોય એવું યાદ આવતું નથી.' સેવકે નમ્રતાથી ઉત્તર આપ્યો.

'તો પછી આટલા બધા લોકો હાથમાં ફૂલની છાબડીઓ લઈને નગર બહાર કેમ જાય છે?' પાર્શ્વકુમારે સેવકને કારણ પૂછ્યું.

'અન્નદાતા! આવું તો હમણાં રોજ ચાલે છે. પેલા જોગીનાં દર્શન માટે લોક ઘેલું બન્યું છે.' સેવકે પોતાની જાણ મુજબ જવાબ આપ્યો.

'પેલો એટલે કયો જોગી?' પાર્શ્વકુમારને વધારે જાણવાની જિજ્ઞાસા થઈ.

'કૃપાળુ! કમઠ નામનો એક જટાળો જોગી કેટલાક દિવસથી આપણા નગરની બહાર આવેલો છે. તે બહુ તપસ્વી છે અને ચમત્કારિક પણ છે.' સેવકે જોગીની ઓળખાણ આપી.

'એ જોગી ચમત્કારી છે, એમ શાથી જાણ્યું?' પાર્શ્વકુમારે સેવકને એક વધારે પ્રશ્ન કર્યો.

'મહારાજ! મેં પોતે તો તેનો કોઈ ચમત્કાર જોયો નથી, પણ લોકોના મોઢેથી સાંભળ્યું છે કે તેણે ઘણા ચમત્કારો કરી બતાવ્યા છે. તે ધન જોઈએ તેને ધન, પુત્ર જોઈએ તેને પુત્ર અને સ્ત્રી જોઈએ તેને સ્ત્રી આપે છે.'

'ત્યારે તો કલ્પવૃક્ષ પોતે જ ચાલીને અહીં આવ્યું છે, એમ જ ને?' પાર્શ્વકુમારે જરા સ્મિત કરતાં સેવકના ઉત્તર પર રમુજ કરી.

'હા, મહારાજ! લોકોને તો હાલ એવું જ લાગે છે.' એમ કહી સેવકે પોતાની મનોવૃત્તિનો પૂરો પરિચય આપી દીધો.

'ત્યારે આપણે એ કલ્પવૃક્ષને નજરે નિહાળવું પડશે.' એમ કહી પાર્શ્વકુમારે કમઠની પાસે જવાની તૈયારી કરી અને થોડા સેવકો સાથે તેના સ્થાને ગયા. ત્યાં લોકોની ભારે ભીડ મચી હતી. તેમણે કમઠને ફૂલના હારોથી ઢાંકી દીધો.

હતો. કમઠ ચારે બાજુ ધૂણી ધખાવીને બેઠો હતો અને ઉપરથી સૂર્યની આતાપના લઈ રહ્યો હતો. બીજી બાજુ લોકોને આશીર્વાદ આપીને જાણે તેમનો તારણહાર હોય એવો દેખાવ કરી રહ્યો હતો.

લોકોએ પાર્શ્વકુમારને ત્યાં આવેલા જોઈ વંદન કર્યું અને જવાનો માર્ગ કરી આપ્યો. એટલે પાર્શ્વકુમાર કમઠની બહુ નજીક ગયા. કમઠે જમણો હાથ ઊંચો કરીને તેમને આશીર્વાદ આપ્યા.

'યોગીરાજ! આ બધું શું ચાલી રહ્યું છે?' પાર્શ્વકુમારે પ્રશ્ન કર્યો.

'તે બધું આપની સમક્ષ છે.' કમઠે તેનો પ્રત્યુત્તર આપ્યો. એ સાંભળી પાર્શ્વકુમારે ફરી પ્રશ્ન કર્યો કે 'હું આપની પાસેથી એ જાણવા ઇચ્છું છું કે હાલમાં આપના તરફથી શી પ્રવૃત્તિ ચાલી રહી છે?'

આ પ્રશ્નમાં દેખીતી જિજ્ઞાસા હતી, પણ તેમાં સત્તાનો રણકાર હતો, એટલે કમઠે કહ્યું કે 'સર્વ પાપનો નાશ કરનારું એવું પંચાગ્નિ નામનું તપ હાલમાં હું કરી રહ્યો છું. તેની સાથે યોગની સાધના અને ઈશ્વરનું ભજન પણ ચાલે છે.'

'કયું તપ સર્વ પાપનો નાશ કરી શકે? એ આપ જણાવી શકશો?' પાર્શ્વકુમારે એક માર્મિક પ્રશ્ન રજૂ કર્યો.

'જે તપ હું કરી રહ્યો છું તે.' કમઠે તેમના મર્મને સમજ્યા વિના જવાબ આપ્યો.

પાર્શ્વકુમારે કહ્યું : 'એમ નહિ. તપ કોને કહેવાય?

તેનાં લક્ષણો શું છે? અને તેનું કેવી રીતે અનુષ્ઠાન થાય તો સર્વ પાપનો નાશ થાય? તે આપ જણાવો.'

કમઠને લાગ્યું કે આ તો મારી પરીક્ષા લેવાઈ રહી છે, એટલે તેણે કહ્યું કે 'રાજકુમાર! વિવાદને શા માટે આમંત્રણ આપો છો? અમે યોગી લોકો એવી માથાકૂટમાં ઉતરતા નથી. અહીં તો 'ચટ રોટી અને પટ દાળ' એવો હિસાબ છે.'

પાર્શ્વકુમારે કહ્યું: 'હું વિવાદને આમંત્રવા ઇચ્છતો નથી, કારણ કે આપ વિવાદ કરી શકો એમ નથી, એ હું બરાબર જાણું છું. પરંતુ હું આપનું ધ્યાન ખેંચવા ઇચ્છું છું કે આવા બાહ્યાડંબરથી આપ નથી તો આપનું કલ્યાણ કરતા કે નથી જનતાનું કલ્યાણ કરતા.'

કમઠને આ શબ્દો આકરા લાગ્યા. તેણે કહ્યું: 'રાજકુમાર! અમારું કલ્યાણ શેમાં છે અને શેમાં નથી, તે અમે સારી રીતે જાણીએ છીએ. પરંતુ એક રાજકુમારને તેની શી સમજ પડે? એ તો હાથી-ઘોડા ખેલવી જાણે અને ભોજશોખમાં મસ્ત રહે.'

પાર્શ્વકુમાર ગંભીર હતા, ટોણો સાંભળીને જરા પણ ઉશ્કેરાય તેમ ન હતા. તેમણે પોતાની એ જ નમ્રતા અને પ્રસન્નતાથી કહ્યું: 'જેને પણ અંતરદૃષ્ટિ છે, તે કલ્યાણનો માર્ગ સમજી શકે છે. જાતિ, વય કે લિંગ પર તેનો આધાર નથી.'

'તો આપ શું અંતરદૃષ્ટિ થયેલા છો કે કલ્યાણ અને

અકલ્યાણની ચર્ચા કરી રહ્યા છો ? કુમાર ! યોગી લોકોને સતાવવામાં સાર નથી, એ આપે સમજી લેવું ઘટે છે.' કમઠ હવે પોતાનું મૂળ સ્વરૂપ પ્રકટ કરી રહ્યો હતો.

એ સાંભળી પાર્શ્વકુમારે કહ્યું : 'લોકોના હિતનું રક્ષણ થાય, એ જોવાની અમારી ફરજ છે. એ ફરજ બજાવતાં કદી યોગીઓનો ખોફ વહોરી લેવો પડે તો પણ અમે તેની દરકાર કરતા નથી. જ્યાં ધર્મને નામે ધતિંગ ચાલી રહ્યાં હોય અને જ્યાં તપને નામે હિંસાનું આચરણ થઈ રહ્યું હોય, ત્યાં ચૂપ રહેવું, એ નરી કાયરતા છે.'

'તો શું હું આ તપ વડે હિંસાનું આચરણ કરી રહ્યો છું ?' કમઠે સીધો પ્રશ્ન પૂછ્યો.

'એ વાતની સાબીતી આ કાષ્ઠો પૂરશે.' એમ કહી પાર્શ્વકુમારે સેવકોને હુકમ કર્યો કે 'ધૂણીમાંનું આ મોટું લાકડું બહાર ખેંચી કાઢો અને તેને સાચવીને ફાડો કે જેથી તેની અંદર રહેલા નાગને હરકત પહોંચે નહિ.'

આ સાંભળી ત્યાં ઊભેલા બધા લોકો આશ્ચર્ય પામ્યા. કમઠ પણ આતુરતાથી જોવા લાગ્યો કે હવે શું થાય છે ? અને બધાની અજાયણી વચ્ચે પાર્શ્વકુમારના વચનો સાચાં જણાયાં. એ લાકડાને ચીરતાં આખા શરીરે દાઝી ગયેલો એક નાગ તેમાંથી બહાર નીકળી આવ્યો.

'આ નાગ હવે બહુ વખત જીવવાનો નથી, માટે તેને નમસ્કારમહામંત્ર સંભળાવો.' પાર્શ્વકુમારે સેવકોને હુકમ કર્યો અને સેવકોએ તે નાગને પવિત્ર નમસ્કારમંત્ર સંભ-

ળાવવા માંડ્યો. નમસ્કારમંત્રનું સ્મરણ કરતાં થોડી વારે એ નાગ શુભ અધ્યવસાયમાં મરણ પામ્યો અને ભુવનપતિ દેવની નાગકુમારનિકાયમાં ધરણ નામનો ઇન્દ્ર થયો, ધરણેન્દ્ર થયો.

કમઠ પર જામેલી લોકોની અંધશ્રદ્ધા તે જ વખતે તૂટી પડી અને પાર્શ્વકુમાર મહાજ્ઞાની તથા વિવેકી છે, એ વાત જગજાહેર થઈ.

કમઠને પાર્શ્વકુમાર ઉપર ઘણો રોષ ચડ્યો, પરંતુ તેમનો પરાભવ કરવા માટે તેની પાસે કોઈ સાધન ન હતું. તેણે તરત જ પોતાનો ડેરો ત્યાંથી ઉઠાવી લીધો અને તે અન્ય સ્થળે ચાલ્યો ગયો. હવે ખેદ અને વિષાદથી હતાશ થયેલો તે યોગી ટૂંક સમયમાં જ મરણ પામ્યો અને અજ્ઞાન તપના કારણે ભુવનવાસી દેવોની રતનિતકુમારનિકાયમાં મેઘમાળી નામે દેવ થયો.

ત્યારપછી જે ઘટના બની, તેનું વર્ણન શ્રી વીરવિજયજી મહારાજે પોતાની પ્રાસાદિક શૈલિમાં આ પ્રમાણે કર્યું છે :

રાણી સાથ વસંતમેં, વન ભિતર પેઠે;
પ્રાસાદ સુંદર દેખ કે, ઉંહા જાકર બેઠે,
રાજિમતીકું છોર કે, નેમ સંજમ લીના;
ચિત્રામણ જિન જોવતે, વૈરાગે ભીના;
લોકાંતિક સુર તે સમે, બોલે કર જોરી;
અવસર સંજમ લેનકા, અબ બેર હે થોરી;
નિજ ઘર આયે નાથજી, પિયા ખિણુ ખિણુ રોવે;
માતપિતા સમજાય કે,દાન વરસી દેવે.

દીનદુઃખી સુખિયા કિયા, દારિદ્રકું ચૂરે;
શ્રી શુભવીર હરિ તિહાં, ધન સઘળો પૂરે.

વસંતઋતુ પુર બહારમાં ખીલી ઉઠી છે અને બધા લોકો વન-ઉપવનમાં ફરવા નીકળ્યા છે. એ વખતે પાર્શ્વકુમાર પણ પોતાની રાણી પ્રભાવતી સાથે ફરવા નીકળ્યા અને વસંતની શોભા જોઈ હર્ષ પામ્યા. આગળ જતાં તેમણે એક સુંદર પ્રાસાદ (મહેલ) જોયો, એટલે તેની સુંદરતા નિહાળવા અંદર દાખલ થયા. તેના એક ખંડમાં શ્રી અરિષ્ટનેમિ ભગવાનની જાનનું અનુપમ દૃશ્ય હતું અને એ પ્રસંગથી બોધ પામીને તેઓ રાજીમતીનો ત્યાગ કરી જાય છે, એ ઘટના પણ તેમાં હૂબહુ ચિતરવામાં આવી હતી.

પાર્શ્વકુમાર એ ચિત્ર સામું થોડી વાર એકી ટશે જોઈ રહ્યા અને તેમને ભાવસંવેદન થવા લાગ્યું. 'મારે પણ આ જ રાહ લેવાનો છે. હવે વિલંબ શાને કરું છું!'

એ જ વખતે લોકાંતિક દેવો પોતાનો આચાર સમજી ત્યાં આવી પહોંચ્યા અને હાથ જોડી કહેવા લાગ્યા: 'પ્રભો! હવે આપને સંયમ લેવાને થોડો જ વખત બાકી રહ્યો છે, માટે તૈયારી કરો.'

પાર્શ્વકુમાર પોતાના મહેલમાં પાછા ફર્યા અને તેમણે રાણી પ્રભાવતીને પોતાની ભાવનાથી પરિચિત કર્યા. તેજ વખતે તેની આંખમાંથી દડ દડ આંસુ સરી પડ્યાં અને તે કહેવા લાગી: 'નાથ! આપ સંયમની ભાવનાવાળા છો, એ તો હું ઘણા વખતથી જાણું છું, પણ તે માટે આટલી

ઉતાવળ ન કરો ! તમારા વિના હું કેમ જીવી શકીશ ! શું સારસી સારસ વિના એક પણ દિવસ નિર્ગમન કરી શકે છે ખરી ! મારી હાલત પણ તેવી જ સમજશો.'

પાર્શ્વકુમારે ધીર-ગંભીર ભાવે તેનો ઉત્તર આપતાં કહ્યું : 'દેવી ! સ્વસ્થ થાઓ. આ માનવજીવન એક વિશિષ્ટ હેતુ માટે પ્રાપ્ત થયેલું છે અને તે હેતુની સિદ્ધિ માટે હવે પુરુષાર્થ આદરવો જ જોઈએ. તેમાં જેટલો વિલંબ થાય, તેટલો પ્રમાદ ગણાય અને હવે હું પ્રમાદનું લેશમાત્ર પણ સેવન કરવા ઇચ્છતો નથી. તમે તો સમજુ છો અને સંયમ સાધનાનું મહત્ત્વ સમજી ચૂકયા છો, તો લાગણીથી પર થઈને મને મારું અભીષ્ટ સાધવાની રજા આપો. તમારે પણ ભવિષ્યમાં આ જ રાહ લેવાનો છે, એ ભૂલશો મા.'

ત્યાર બાદ પાર્શ્વકુમારે માતાપિતાને સમજાવીને સંયમ-દીક્ષા ગ્રહણ કરવાનો વિચાર પાકો કર્યો અને વરસીદાન દેવા માંડયું. તેના પરિણામે અનેક દીન-દુઃખી સુખિયા થયા અને તેમનું દારિદ્ર નાશ પામ્યું. આ વરસીદાન માટે જેટલા ધનની જરૂર હતી, તે બધું ઇંદ્રે અન્ય સ્થળેથી લાવીને અદૃશ્ય રીતે તેમના દાનપાત્રમાં મૂકયું.

વિક્રમ સવંત્ પૂર્વે ૭૯૦ની સાલમાં પોષ વદિ અગિયારસ (ગુજરાતી મિતિ અનુસાર માગસર વદિ ૧૧) ના દિવસે તેમણે મહાભિનિષ્ક્રમણ કર્યું, એટલે કે ગૃહનો સદાને માટે ત્યાગ કરીને સંયમસાધનાનો માર્ગ સ્વીકાર્યો અને પંચમુષ્ટિ લોચ કરીને આજીવન સામાયિકવ્રત ઉચ્ચર્યું. તે જ વખતે

તેમને મનઃપર્યવ નામનું ચોથું જ્ઞાન ઉત્પન્ન થયું. આ સમયથી તેઓ પાર્શ્વકુમાર મટી શ્રી પાર્શ્વ મુનિ બન્યા અને શ્રી પાર્શ્વનાથ કહેવાયા.

તીર્થંકરો જન્મથી જ વૈરાગ્યવંત હોય છે, તેમજ મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાનથી યુક્ત હોય છે. તેઓ દીક્ષા ગ્રહણ કરે ત્યારે તેમને ચોથું મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે. તે પછી જ્યાં સુધી સકલ કર્મનો ક્ષય ન થાય, ત્યાં સુધી તેઓ મૌનપણે વિચરી ધર્મધ્યાનમાં જ લીન રહે છે. એ વખતે તેઓ કોઈને ધર્મની દેશના આપતા નથી, પરંતુ કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી તેઓ ધર્મની દેશના આપે છે અને ધમ્મદયાણં ધમ્મદેસયાણં ધમ્મનાયગાણં આદિ પદોને સાર્થક કરે છે. આ રીતે તેઓ મૌનપણે એક સ્થળેથી બીજા સ્થળે વિચરવા લાગ્યા.

એ વખતે અંગદેશની ચંપાનગરીમાં કરકંડુ નામે રાજા રાજ્ય કરતો હતો. તેની નજીક કાદંબરી અટવીમાં કલિ નામે પહાડ હતો અને તેની નીચે કુંડ નામે સરોવર હતું. તે અટવીમાં યુદ્ધ કરવામાં ચપળ એવો મહીધર નામે હાથી હતો. એકદા શ્રી પાર્શ્વનાથ પ્રભુ તે સરોવર પાસે કાયોત્સર્ગ અવસ્થાએ ધ્યાનમાં ઊભા. ત્યારે પ્રભુને જોઈને એ હાથીને જાતિસ્મરણ જ્ઞાન થયું અને તેણે સરોવરમાંથી સુંદર સુગંધવાળાં કમળો લાવી પ્રભુનાં ચરણમાં ધર્યાં અને એ રીતે તેમની પૂજા કરી.

અંગાધિપતિ કરકંડુ રાજા પ્રભુના આગમનની ખબર

પડતાં વંદન કરવા આવ્યો, પણ ત્યારે પ્રભુ ત્યાંથી અન્યત્ર વિહાર કરી ગયા હતા, એટલે તેને દર્શન થયાં નહિ, તેથી તે પોતાના આત્માની નિંદા કરવા લાગ્યો. પછી ત્યાં જિનમંદિર બંધાવી તેમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની મણિમય પ્રતિમા પધરાવી અને તેની નિત્ય પૂજા કરવા લાગ્યો. ત્યારથી તે સ્થાન કલિકુંડ તીર્થના નામે પ્રસિદ્ધ થયું. પેલો હાથી મૃત્યુ પામીને એ તીર્થનો અધિનાયક દેવ થયો.

એક વખતે શ્રી પાર્શ્વનાથ ફરતાં ફરતાં એક ઉદ્યાનમાં આવ્યા. ત્યાં રાત્રિના સમયે વડના વૃક્ષ નીચે કાયોત્સર્ગ અવસ્થાએ ધ્યાન ધરવા લાગ્યા. એ વખતે પૂર્વભવના વૈરને યાદ કરતો મેઘમાળી દેવ ત્યાં આવ્યો અને તેણે ઉપસર્ગો શરૂ કર્યા. પ્રથમ ધૂળની વૃષ્ટિ કરી, પછી વ્યાઘ્ર, સિંહ, સર્પ વગેરે વિકુર્વી તેમને પ્રભુપર છોડી મૂક્યા, પણ ભગવાન ધ્યાનથી લેશમાત્ર ચલાયમાન ન થયા. એટલે તેણે પોતાની શક્તિથી ભયંકર પ્રેત અને વૈતાલ ઉત્પન્ન કર્યા, તો પણ પ્રભુ ક્ષોભ પામ્યા નહિ. છેવટે તેણે જલવર્ષાથી પ્રભુને ડૂબાવી દેવાનો નિર્ધાર કર્યો.

તે જ ક્ષણે આકાશમાં કાળાં વાદળાં દેખાયાં અને તેમાંથી મુશળધાર વરસાદ વરસવા લાગ્યો. થોડી વારમાં તો બધું જળબંબાકાર થઈ ગયું. તેનું પાણી પ્રભુની નાસિકા સુધી આવ્યું, છતાં તેઓ ધ્યાનમાંથી ડગ્યા નહિ કે જરા પણ ભય પામ્યા નહિ.

પરંતુ આ વખતે ધરણેંદ્રનું આસન ડોલવા લાગ્યું.

તેણે ઉપયોગ મૂકીને જોયું તો મેઘમાળી પ્રભુને સતાવવા ભયંકર વર્ષા કરી રહ્યો છે અને તેનું પાણી પ્રભુની નાસિકા સુધી પહોંચ્યું છે. એટલે તે તરત જ પોતાની ઇંદ્રાણીઓ સાથે ત્યાં આવ્યો. પછી ભગવાનને નમી તેમની નીચે કમલની રચના કરી અને પોતે નાગનું રૂપ ધારણ કરી ભગવાનના શરીરને વીંટી લીધું અને મસ્તક ઉપર ફણા વિસ્તારી છત્ર ધારણ કર્યું. આથી ભગવાનને ધ્યાન ધરવાનું વધારે સુગમ થયું. જેમ જેમ જળ વધે, તેમ કમળ ઊંચું આવે અને ઉપર નાગફણાનું છત્ર હોવાથી પાણીનું ટીપું શરીર પર પડે નહિ. ધરણેંદ્રની ઇંદ્રાણીઓ ત્યાં પથરાઈ ગયેલા વિશાળ જળપટ ઉપર ભક્તિથી નાટારંભ કરવા લાગી.

કમઠ મેઘમાળીરૂપે ભગવાન પર ઉપસર્ગ કરી રહ્યો હતો અને ધરણેંદ્ર ભક્તિવશાત્ તેમનું રક્ષણ કરી રહ્યો હતો, છતાં ભગવાનને કમઠ પર દ્વેષ ન થયો કે ધરણેંદ્ર પર રાગ ન થયો. આ રીતે તેમણે મનનું અદ્‌ભુત સમતોલપણું જાળવ્યું. શાસ્ત્રીય પરિભાષામાં કહીએ તો તેઓ આ વખતે સમતારસમાં મગ્ન બન્યા હતા અને તેમના મનમાં પોતાનું કે પારકું એવો કોઈ ભેદ રહ્યો ન હતો.

ધરણેંદ્ર જેવા સામર્થ્યવાન દેવ આગળ મેઘમાળીનું શું ચાલે ? તેમણે આકોશ કરીને પોતાના સેવકોને તેની સામે છોડી મૂકતાં જ તેની સાન ઠેકાણે આવી ગઈ અને તેણે આ ઉપસર્ગલીલા સંહરી લીધી. એટલું જ નહિ, પણ તે પ્રભુને નમી પડ્યો અને પાપનો પશ્ચાત્તાપ કરવા લાગ્યો.

દીક્ષાથી ચોરાશીમા દિવસે પ્રભુ વારાણસી આવ્યા અને આશ્રમપદ નામના ઉદ્યાનમાં ધાતકી વૃક્ષની નીચે કાયોત્સર્ગ અવસ્થાએ ધ્યાન ધરવા લાગ્યા. તે વખતે તેમને લોકાલોકનો પ્રકાશ કરનારું એવું કેવલજ્ઞાન ઉત્પન્ન થયું, એટલે તેઓ 'જિન' બન્યા, 'અર્હત્' બન્યા.

અનુક્રમે તેમણે ધર્મની દેશના દીધી. તે સાંભળી અશ્વસેન રાજા પ્રતિબોધ પામ્યા અને તેમણે પોતાના લઘુ પુત્ર હસ્તિસેનને રાજ્ય સોંપી દીક્ષા લીધી.

વામાદેવી અને પ્રભાવતીએ પણ પ્રભુની દેશનાથી પ્રતિબોધ પામી, દીક્ષા ગ્રહણ કરી. ઘણા પુરુષો તથા સ્ત્રીઓએ શ્રાવકનાં વ્રત ધારણ કર્યાં. આ રીતે સાધુ–સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘની સ્થાપના થઈ કે જેને સામાન્ય રીતે તીર્થ કહેવામાં આવે છે. તીર્થને કરનારા–સ્થાપનારા તે તીર્થંકર, એ રીતે શ્રી પાર્શ્વનાથ ભગવાન ત્રેવીશમા તીર્થંકર ગણાયા. તેમને આર્યદત્ત વગેરે દશ ગણધરો થયા.

શ્રી પાર્શ્વનાથ પ્રભુનો પ્રભાવ અલૌકિક હતો. તેમનાં નામ માત્રથી જ લોકોનાં મનવાંછિત પૂર્ણ થતાં. એટલે તેઓ પુરુષાદાનીય (પુરિસાદાણી) કહેવાયા. પુરુષાદાનીય એટલે નામ લેવા લાયક પવિત્ર પુરુષ.

શ્રી પાર્શ્વનાથે ૭૦ વર્ષ સુધી ભારતવર્ષની પ્રજાને ધર્મનો ઉપદેશ આપતા એક નવો જ ધર્મયુગ નિર્માણ થયો અને અનેક રાજા–મહારાજાઓ, અનેક શેઠ–શાહુકારો તથા સંખ્યા-

અંધ વિદ્વાનો પર તેની અસર પહોંચી. તેઓ શ્રી પાર્શ્વ-નાથના પરમ ભક્ત બન્યા અને તેમનાં સ્મરણ, દર્શન તથા પૂજનથી પોતાની જાતને કૃતાર્થ માનવા લાગ્યા.[૧]

તેઓને સોળ હજાર સાધુઓ. આડત્રીશ હજાર સાધ્વીઓ, ત્રણસો ને પંચાસ ચૌદપૂર્વધારી, એક હજાર ને ચારસો અવ-ધિજ્ઞાની, સાડી સાતસો મનઃપર્યવજ્ઞાની, એક હજાર કેવલ-જ્ઞાની, અગિયારસો વૈક્રિય લબ્ધિવાળા અને છસો વાદ-લબ્ધિવાળા સાધુ-સાધ્વીઓનો પરિવાર થયો, તથા એક લાખ ને ચોસઠ હજાર શ્રાવકો થયા અને ત્રણ લાખ ને સત્તો-તેર હજાર શ્રાવિકાઓ થઈ.

વિશેષમાં તેમના શાસનરક્ષક દેવ તરીકે પાર્શ્વયક્ષની તથા શાસનરક્ષિકા દેવી તરીકે પદ્માવતીની સ્થાપના થઈ. તેમાં પાર્શ્વયક્ષ કાચબાના વાહનવાળો, કૃષ્ણવર્ણ ધારણ કરનારો, હસ્તી જેવા મુખવાળો, નાગની ફણાના છત્રથી શોભતો, ચાર ભુજાવાળો, બે વામ ભુજામાં નકુલ અને સર્પ તથા બે દક્ષિણ ભુજામાં બીજોરું અને સર્પ ધારણ કરનારો છે. અને પદ્માવતી દેવી કુર્કુટ જાતિના સર્પના વાહનવાળી, સુવર્ણના જેવા વર્ણવાળી, બે દક્ષિણ ભુજામાં પદ્મ અને પાશ તથા બે વામ ભુજાઓમાં ફળ અને અંકુશ ધારણ કરનારી છે.

બીજા પણ ઘણા દેવ-દેવીઓ તેમની સાન્નિધ્યમાં રહેતા અને તેમની નિરંતર ભક્તિ કરતાં.

---

૧ શ્રી મહાવીર પ્રભુનું શાસન થયા પછી પણ કલિંગ આદિ દેશોમાં શ્રી પાર્શ્વનાથ અને શ્રી મહાવીરસ્વામીની જોડિયા મૂર્તિઓ પૂજાતી હતી, તેના પુરાવાઓ આજે મળી આવે છે.

અનુક્રમે નિર્વાણ સમય પાસે આવતાં શ્રી પાર્શ્વપ્રભુ સમેતશિખર ગિરિ પર પધાર્યા અને વીરનિર્વાણ પૂર્વે ૭૨૦ની સાલમાં શ્રાવણ સુદિ આઠમના દિવસે વિશાખા નક્ષત્રમાં તેત્રીશ મુનિઓ સાથે મોક્ષપદને પ્રાપ્ત થયા.

તે દિવસથી લોકો સમેતશિખર ગિરિને પારસનાથના પહાડ તરીકે ઓળખે છે.

શ્રી પાર્શ્વનાથની સ્મૃતિમાં અનેક તીર્થો સ્થપાયાં છે અને અનેક મંદિરો બંધાયાં છે, જે આજે પણ એક યા બીજા પ્રકારનો ચમત્કાર બતાવે છે. વિશેષમાં જૈન શ્રમણોએ તેમની ભક્તિ નિમિત્તે અનેક સ્તુતિઓ બનાવી છે, અનેક ભાવભર્યાં સ્તવનોની રચના કરી છે તથા અનેક મંત્ર-યંત્ર-ગર્ભિત ચમત્કારિક સ્તોત્રો નિર્માણ કર્યાં છે. ઉવસગ્ગહરં સ્તોત્ર તેમાંનું એક છે. તેની ઉત્પત્તિ શી રીતે થઈ? તેનો પ્રભાવ કેવો છે? તેના પર કેટલું સાહિત્ય રચાયેલું છે? તથા તેમાં કેવું રહસ્ય છૂપાયેલું છે, વગેરે બાબતોનું વિસ્તૃત વિવેચન હવે પછીનાં પ્રકરણોમાં જોઈ શકાશે.

[૩]

જૈન ધર્મમાં મંત્રોપાસનાને મહત્ત્વનું સ્થાન

મનને સ્થિર કરવા માટે તથા આંતરિક શક્તિઓનો વિકાસ સાધવા માટે મંત્ર એક સબળ સાધન હોઈ જૈન ધર્મે અતિ પ્રાચીન કાલથી તેનો સ્વીકાર કર્યો છે અને તેની સાધના, આરાધના કે ઉપાસનાને મહત્ત્વનું સ્થાન આપ્યું છે.

અહીં અમે 'અતિ પ્રાચીન' કાલથી એવા સમયનો નિર્દેશ કરીએ છીએ કે જ્યાં ઐતિહાસિક દૃષ્ટિ પહોંચી શકે એમ નથી અને ગણિતના આંકડાઓની ગતિ નથી, અન્ય શબ્દોમાં કહીએ તો તત્ત્વજ્ઞોએ જેનો સંકેત 'અનાદિ' શબ્દથી કર્યો છે, તેને જ અમે સમજવાની સરલતા ખાતર અહીં અતિ પ્રાચીન કાલ કહ્યો છે.

જૈન મહર્ષિઓએ કહ્યું છે કે—

अणाइ कालो अणाइ जीवो अणाइ जिणधम्मो ।
तइआवि ते पढंता इसुच्चिअ जिण-नमुक्कारो ॥

'કાલ અનાદિ છે, જીવ અનાદિ છે અને જન ધર્મ

પણ અનાદિ છે. જ્યારથી તેનું પ્રવર્તન થયું છે, ત્યારથી આ જ જિન-નમસ્કાર અર્થાત્ નમસ્કારમંત્ર ભવ્ય જીવો ભણી રહ્યા છે.'

આ શબ્દો ધ્યાનમાં લેતાં જૈન ધર્મમાં પ્રવર્તી રહેલી મંત્રોપાસનાને આપણે અનાદિ જ માનવી પડે ને? અમે '**નમસ્કારમંત્રસિદ્ધિ**' ગ્રંથના ચોથા પ્રકરણમાં આ ગાથા પર વધારે વિવેચન કરેલું છે અને 'જૈન ધર્મ અનાદિ તો પંચપરમેષ્ઠી પણ અનાદિ અને પંચપરમેષ્ઠી અનાદિ તો તેમને કરાતો નમસ્કાર પણ અનાદિ' એ વસ્તુ યુક્તિપૂર્વક સમજાવી છે. તે આ વિષયમાં વધારે જાણવા ઇચ્છનારે અવશ્ય જોઈ લેવી.

અહીં એ જણાવવું રસપ્રદ થઈ પડશે કે શ્રીમાન્ જ્યોતિપ્રસાદ જૈન એમ.એ., એલ્.,એલ્.; બી. એ '**જૈનીઝમ ધ ઓલ્ડેસ્ટ લીવીંગ રિલિજિયન**' નામના અંગ્રેજી નિબંધમાં અનેક પ્રમાણો આપીને એ વસ્તુ પુરવાર કરી છે કે આ જગતના બધા ધર્મોમાં જૈન ધર્મ પ્રાચીન છે અને તે આજ સુધી જીવંત રહ્યો છે.[1] અમે પોતે '**નવતત્ત્વ-દીપિકા**'ના[2] પ્રારંભિક વક્તવ્યમાં જૈન ધર્મની પ્રાચીનતા અને મૌલિકતા અંગે કેટલુંક વિવેચન કરેલું છે. આ બંને વસ્તુઓ સુજ્ઞ પાઠકોએ અવશ્ય અવલોકી લેવી.

---

૧ આ નિબંધ જૈન સંસ્કૃતિ સંશોધનમંડલ–વારાણસી તરફથી સને ૧૯૫૧માં પ્રસિદ્ધ થયેલો છે.

૨ આ ગ્રંથ અમારે હસ્તક ચાલતા જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર તરફથી પ્રસિદ્ધ થયેલો છે, પણ હાલ અપ્રાપ્ય છે. જ્ઞાન-ભંડારો કે પુસ્તકાલયમાં જોવા મળી શકશે.

જૈન મહર્ષિઓએ એ પણ જણાવ્યું છે કે—

पणवहरियारिहं इअ मंतह बीआणि सप्पहावाणि ।
सव्वेसिं तेसिं मूलो इक्को नवकार वरमंतो ॥

'પ્રણવ એટલે ઊંકાર,[૩] હ્રીંકાર,[૪] અર્હંત્[૫] વગેરે પ્રભાવશાળી મંત્રબીજો છે. તે સર્વેનું મૂળ એક નમસ્કાર વરમંત્ર છે.'

તે પરથી સ્પષ્ટ થાય છે કે સહુથી પ્રથમ એકલો નમસ્કારમંત્ર જ હતો અને તેમાંથી કાલક્રમે ઊંકાર, હ્રીંકાર, અર્હંત્ વગેરે પ્રભાવશાળી મંત્રબીજો પ્રકટ્યાં અને તેના આધારે અનેક પ્રકારના મંત્રો અને અનેક પ્રકારની વિદ્યાઓનું પ્રવર્તન થયું.[૬] સમય-સંયોગો અનુસાર જૈન ધર્મે એનો સ્વીકાર કર્યો અને એ રીતે મંત્રોપાસનાનું ક્ષેત્ર વિસ્તાર પામ્યું.

ત્રેવીશમા તીર્થંકર પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ ભગવાનના

---

૩ ઊંકારના વિસ્તૃત પરિચય માટે જુઓ–'**મંત્રચિંતામણિ**'–ખંડ પહેલો.

૪ હ્રીંકારના વિસ્તૃત પરિચય માટે જુઓ–'**મંત્રચિંતામણિ**' ખંડ બીજો.

૫ અર્હં મંત્રના વિસ્તૃત પરિચય માટે જુઓ–'**નમસ્કારમંત્ર સિદ્ધિ**'–પ્રકરણ બત્રીશમું.

૬ કેટલીક વાર મંત્ર અને વિદ્યા એકાર્થી શબ્દો તરીકે વપરાય છે, પણ જૈન શાસ્ત્રોએ તેનો ભેદ બતાવતાં કહ્યું છે કે જે પુરુષ-દેવતાથી અધિષ્ઠિત હોય અને પાઠ કરતાં જ સિદ્ધ થાય, તેને મંત્ર સમજવો અને જે સ્ત્રીદેવતાથી અધિષ્ઠિત હોય તથા અનુષ્ઠાનથી સિદ્ધ થાય તેને વિદ્યા સમજવી.

સમય સુધીમાં એ મંત્રો અને વિદ્યાઓની સંખ્યા સારા પ્રમાણમાં વધવા પામી અને અનુક્રમે તેનો વિદ્યાપ્રવાદ નામના દશમા પૂર્વમાં[૭] સંગ્રહ થયો.

અહીં એ નોંધ કરવી ઉચિત ગણાશે કે એ સમયે સમસ્ત ભારતવર્ષમાં–ખાસ કરીને આર્યાવર્તના નામથી ઓળખાતા પ્રદેશમાં મંત્રવાદ બહુ જોર પર આવ્યો હતો અને સહુ કોઈની દૃષ્ટિ મંત્રવાદ ભણી મંડાઈ હતી. સામાન્ય લોકો તો એમ જ સમજતા થઈ ગયા હતા કે જેની પાસે મંત્રશક્તિ હોય તે મહાન, બીજા બધા સામાન્ય. એટલે મંત્રોપાસકોની સંખ્યામાં મોટો વધારો થાય અને મંત્રો તથા વિદ્યાઓની સંખ્યા વધવા પામે, એ સ્વાભાવિક હતું.

આજે વિદ્યાપ્રવાદ પૂર્વ વિદ્યમાન નથી. અન્ય પૂર્વોની જેમ તે પણ લુપ્ત થયું છે, પણ તેમાંથી ઉદ્ધરેલી કેટલીક કૃતિઓ વિદ્યમાન છે. ઉવસગ્ગહરં સ્તોત્ર તેમાંનું એક હોવાનો પ્રબળ પ્રવાદ છે.

ચરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીના સમયમાં પણ મંત્ર અને વિદ્યાઓનું ઘણું જોર હતું તથા શક્તિશાળી લોકો

---

૭ દ્વાદશાંગીમાં બારમું સૂત્ર 'દૃષ્ટિવાદ' નામનું હતું. તેના પાંચ વિભાગો હતા : (૧) પરિકર્મ, (૨) સૂત્ર, (૩) પૂર્વગત, (૪) અનુયોગ અને (૫) ચૂલિકા. તેમાં પૂર્વગત શ્રુત ચૌદ વિભાગોમાં વહેંચાયેલું હતું અને તે ચૌદપૂર્વો તરીકે ઓળખાતું હતું. તેમાંનું દશમું પૂર્વ વિદ્યાનુવાદ નામનું હતું. કેટલાક વિદ્વાનો એમ માને છે કે ભગવાન મહાવીરની પૂર્વે જે શ્રુત વિદ્યમાન હતું, તે પૂર્વ. તેનો સંગ્રહ દૃષ્ટિવાદ નામના બારમા અંગસૂત્રમાં થયેલો હતો.

વિવિધ પ્રકારની લબ્ધિઓ તથા સિદ્ધિઓ મેળવવા માટે પ્રયત્નશીલ હતા, એ વસ્તુ તેમનું ચરિત્ર વાંચતાં સમજી શકાય છે.

પછીના સમયમાં પણ મંત્રો અને વિદ્યાઓની ઉપાસના ચાલુ જ રહી હતી અને જેઓ તેમાં વિશિષ્ટ સિદ્ધિ મેળવી તેનો ધર્મના રક્ષણ કે પ્રચાર અર્થે ઉપયોગ કરતા તેમને શાસનપ્રભાવક તરીકે ઓળખવામાં આવતા. આઠ પ્રકારના પ્રભાવકોમાં વિદ્યાસિદ્ધ અને મંત્રસિદ્ધનો નિર્દેશ સ્પષ્ટાક્ષરે જોઈ શકાય છે.

જેમ કે—

पावयणी धम्मकही, वाई नेमित्तिओ तवस्सी अ ।
विज्जा सिद्धो य कवि, अट्ठ पभावगा भणिआ ॥

(૧) **પ્રાવચનિક**—સુંદર પ્રવચન કરનાર.

(૨) **ધર્મકથી**—ધર્મનું અદ્‌ભુત રીતે નિરૂપણ કરનાર.

(૩) **વાદી**—અન્ય દર્શનીઓ સાથે વાદ કરવામાં સમર્થ.

(૪) **નૈમિત્તિક**–અષ્ટાંગ નિમિત્તને યથાર્થપણે જાણનાર.

(૫) **તપસ્વી**–મહાન તપશ્ચર્યા કરનાર.

(૬) **વિદ્યાસિદ્ધ**–રોહિણી, પ્રજ્ઞપ્તિ આદિ વિદ્યાઓને સાધનાર.[૮]

---

૮ શાકત સંપ્રદાયમાં દશ મહાવિદ્યાઓની ભારે પ્રતિષ્ઠા છે અને તેની ઉપાસના સારા પ્રમાણમાં થાય છે. તે જ રીતે જૈન ધર્મમાં (૧) રોહિણી, (૨) પ્રજ્ઞપ્તિ, (૩) વજ્રશૃંખલા, (૪) વજ્રાંકુશી, (૫) અપ્રતિચક્રા, (૬) પુરુષદત્તા, (૭) કાલી, (૮) મહાકાલી, (૯)

(૭) **મંત્રસિદ્ધ**–મંત્રોપાસના વડે સિદ્ધિ મેળવનાર.
(૮) **કવિ**–કાવ્યકલામાં અપૂર્વ ચાતુર્ય દર્શાવનાર,

એ આઠ પ્રકારના પ્રભાવકો (જિનશાસનમાં) કહેલા છે.

જૈન શ્રમણો નિર્વાણસાધક યોગની સાધના કરવા માટે જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધના ઉપરાંત તપનો પણ આશ્રય લેતા. આ તપ તેના બાહ્ય સ્વરૂપ પૂરતું મર્યાદિત ન હતું, પણ તેના અભ્યંતર સ્વરૂપને ય પૂરેપૂરું સ્પર્શતું હતું અને તેમાં મંત્રજપનો પણ સમાવેશ થતો હતો.

(૧) અનશન, (૨) ઊનોદરિકા, (૩) વૃત્તિસંક્ષેપ, (૪) રસત્યાગ, (૫) કાયકલેશ અને (૬) સંલીનતા, એ બાહ્ય તપના છ પ્રકારો છે અને (૧) પ્રાયશ્ચિત્ત, (૨) વિનય, (૩) વૈયાવૃત્ત્ય, (૪) સ્વાધ્યાય, (૫) ધ્યાન અને (૬) ઉત્સર્ગ એ અભ્યંતર તપના છ પ્રકારો છે.

અહીં સ્વાધ્યાય શબ્દથી મોક્ષશાસ્ત્રનું અધ્યયન તથા મંત્રજપ એ બંને વસ્તુ અભિપ્રેત છે. પાક્ષિક પ્રતિક્રમણમાં તપ અંગે નિવેદન કરવામાં આવે છે, ત્યાં ૧ ઉપવાસ, ૨

ગૌરી, (૧૦) ગાંધારી, (૧૧) સર્વાસ્ત્ર–મહાજ્વાલા, (૧૨) માનવી, (૧૩) વૈરોટ્યા, (૧૪) અચ્છુપ્તા, (૧૫) માનસી અને (૧૬) મહામાનસી એ સોળ વિદ્યાદેવીઓની ભારે પ્રતિષ્ઠા છે. પ્રાચીન સમયમાં જૈન શ્રમણો તેને સિદ્ધ કરતા અને તેના દ્વારા અનેક પ્રકારનાં અસાધારણ કાર્યો કરવાને શક્તિમાન થતા. આજે એ મહાવિદ્યાઓની સાધના જોવામાં આવતી નથી અને તેના કલ્પો પણ નજરે પડતા નથી!!

આયંબિલ, ૩ નિવ્વી, ૪ એકાસણાં, ૮ બેઆસણાં, અથવા ૨૦૦૦ સ્વાધ્યાય (સજ્ઝાય) કહેવામાં આવે છે. ચાતુર્માસિક પ્રતિક્રમણમાં તેનાથી બમણું તપ કહેવામાં આવે છે અને સાંવત્સરિક પ્રતિક્રમણમાં તેનાથી ત્રણગણું તપ કહેવામાં આવે છે. અર્થાત્ ત્યાં ૪૦૦૦ સ્વાધ્યાય અને ૬૦૦૦ સ્વાધ્યાય કહેવામાં આવે છે. તે એટલી વાર મોક્ષશાસ્ત્ર ભણવાના અર્થમાં નહિ, પણ મંત્રજપના અર્થમાં જ કહેવામાં આવે છે અને ત્યાં નમસ્કારમંત્રની એટલી જ ગણના કરવામાં આવે છે.

જૈન શાસ્ત્રોમાં કહ્યું છે કે—

बारसविहम्मि वि तवे, सब्भितर बाहिरे कुसलदिट्ठे ।
नवि अत्थि नवि अ होही, सज्झाय समं तवोकम्मं ॥

'સર્વજ્ઞકથિત બાહ્ય અને અભ્યંતર બાર પ્રકારના તપને વિષે સ્વાધ્યાય જેવું બીજું તપકર્મ છે નહિ અને થશે પણ નહિ.'

આ વસ્તુ વાચના, પ્રચ્છના, પરિવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા એ પાંચ પ્રકારના સ્વાધ્યાયને, તેમજ મંત્ર-જપરૂપ સ્વાધ્યાયને એમ બંનેને લાગુ પડે છે.

પતંજલિમુનિકૃત યોગશાસ્ત્રની ટીકામાં પણ સ્વાધ્યાયનો અર્થ પુરુષસૂક્તાદિ મોક્ષશાસ્ત્રનું અધ્યયન તથા પ્રણવમંત્ર આદિનો જપ કરવામાં આવ્યો છે.

વળી 'તપ ત્યાં જપ' એ ઉક્તિ એમ સૂચવે છે કે કોઈપણ તપશ્ચર્યા મંત્રજપ વિના તેની પૂર્ણતાને પામતી

નથી, અને તેથી જ જિનશાસનમાં ગમે તે તપશ્ચર્યા કરવામાં આવે તેની સાથે અમુક મંત્રની ગણના કરવામાં આવે છે. આ આપણા રોજિંદા અનુભવની વાત છે, છતાં જેમને આ સંબંધી વિશેષ માહિતી જોઈતી હોય, તેમણે '**તપોરત્ન-મહોદધિ**' આદિ ગ્રંથોનું નિરીક્ષણ કરવું.

શ્રીમાન્ હરિભદ્રસૂરિજીએ '**યોગવિંશિકા**' માં પ્રથમ યોગની વ્યાખ્યા કરી છે અને પછી તેની સાધના અંગે પાંચ પ્રકારની ભૂમિકાઓ વર્ણવી છે. તે પરથી એમ સમજાય છે કે જૈન શ્રમણો યોગની સાધના કરવા માટે પ્રથમ કોઈ પણ અનુકૂળ આસનનો સ્વીકાર કરતા. પછી વીતરાગ મહાપુરુષોએ કહેલાં શાસ્ત્રવચનો સંભારી જતાં કે ઇષ્ટમંત્રનો જપ શરૂ કરતા. અહીં એટલું યાદ રાખવું ઘટે કે જે સૂત્ર વારે વારે સ્મરવા યોગ્ય હોય, મનન કરવા યોગ્ય હોય, તેને જ પ્રાચીન કાળમાં મંત્ર ગણવામાં આવતો અને એ રીતે જ નમસ્કારમંત્રનો પાઠ તથા બીજાં કેટલાંક સૂત્રો મંત્રની ગણનામાં આવતાં. '**मननात् त्रायते इति मन्त्रः**' એ વ્યાખ્યા પછીથી પ્રચલિત થઈ, પરંતુ એ વ્યાખ્યા અનુસાર પણ ઉપરના સૂત્રોની ગણના મંત્રમાં જ થતી, કેમકે તેનાથી વિવિધ પ્રકારના ભયોમાંથી રક્ષણ થતું અને સર્વથી મોટો ભય જન્મ-મરણનો તેનાથી પણ બચી શકાતું.

મંત્રજપ પછી યોગસાધક શ્રમણો તેના અર્થનું સૂક્ષ્મ ચિંતન કરતા કે જેમને સામાન્ય રીતે અનુપ્રેક્ષા કહેવામાં આવે છે. ત્યારબાદ તેઓ ધ્યાનનો પ્રારંભ કરતા, તેમાં પ્રથમ

આલંબન ધ્યાન સિદ્ધ કરતા અને પછી નિરાલંબન ધ્યાનનો આશ્રય લેતા. આલંબન ધ્યાનમાં કોઈ પણ મંત્રબીજ, મંત્રપદ કે જિનમૂર્તિ આદિનું આલંબન લેવાતું અને નિરાલંબન ધ્યાનમાં તો ધ્યાતા અને ધ્યાનની અભેદ પરિણતિ એ જ મુખ્ય વસ્તુ હતી.

તાત્પર્ય કે મંત્રોપાસના એ જૈન યોગસાધનાનો પણ એક મહત્વનો ભાગ હતો અને એ રીતે તેની ભારે પ્રતિષ્ઠા હતી.

યોગનું આલંબન લીધા વિના ધર્મધ્યાન સિદ્ધ થતું નથી અને શુકલધ્યાનમાં પ્રવેશ કરી શકાતો નથી. જો શુકલધ્યાનમાં પ્રવેશ ન થાય અને અનુક્રમે તેના બીજા પાયે પહોંચવામાં ન આવે તો કેવલજ્ઞાનની પ્રાપ્તિ શી રીતે થાય ? અને કેવલજ્ઞાનની પ્રાપ્તિ ન થાય તો મોક્ષમાં પણ શી રીતે જવાય ? તેથી સર્વ તીર્થંકરો સાધનાકાલ દરમિયાન યોગનું આલંબન લેતા અને તેમાં નિષ્ણાત બની કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરતા તથા યોગીશ્વરની ખ્યાતિને પ્રાપ્ત થતા.

શ્રી માનતુંગસૂરિએ '**ભક્તામરસ્તોત્ર**'માં કહ્યું છે કે—

त्वामव्ययं विभुमचिन्त्यमसङ्ख्यमाद्य,
ब्रह्माणमीश्वरमनन्तमनङ्गकेतुम् ।
योगीश्वरं विदितयोगमनेकमेकं,
ज्ञानस्वरूपममलं प्रवदन्ति सन्तः ॥२४॥

'હે પ્રભો ! સંત પુરુષો તમને અવ્યય, વિભુ,

અચિંત્ય, અસંખ્ય, આદ્ય, બ્રહ્મા, ઈશ્વર, અનંત, અનંગકેતુ, યોગને જાણનાર યોગીશ્વર, અનેક, એક તથા નિર્મળ જ્ઞાન–સ્વરૂપ કહે છે.'

આથી દરેક તીર્થંકરનું યોગીશ્વરપણું સિદ્ધ છે. શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણે '**ધ્યાનશતક**'ના પ્રારંભમાં મંગલાચરણ કરતાં શ્રમણ ભગવાન મહાવીરની યોગીશ્વર તરીકે સ્તવના કરી છે, એ શું બતાવે છે?

શ્રી ભદ્રબાહુ સ્વામી મહાપ્રાણ નામનું ધ્યાન સિદ્ધ કરવા માટે નેપાળની તળેટીમાં ગયા હતા, એ હકીકત શાસ્ત્રોમાં સ્પષ્ટાક્ષરે જણાવેલી છે, એટલે જૈનાચાર્યો અને જૈન શ્રમણો યોગસાધનામાં મગ્ન રહેતા અને એ રીતે આત્માનો સાક્ષાત્કાર કરીને, વિરલ સિદ્ધિઓ પ્રાપ્ત કરીને તથા છેવટે કેવલજ્ઞાન અને કેવલદર્શન પ્રાપ્ત કરીને પોતાની સાધના સફલ બનાવતા. આ વસ્તુ પર આજના શ્રમણવર્ગે ગંભીર વિચાર કરવાની જરૂર છે.

જનાચાર્યોનાં જે ચરિત્રો આપણને પ્રાપ્ત થાય છે, તેમાં તેમણે મંત્ર તથા વિદ્યાના બળે કેવાં અસાધારણ કામો કર્યાં હતાં, તેનાં વર્ણનો અવલોકી શકાય છે. જો આવા આચાર્યોની સંખ્યા આંગળીના ટેરવે ગણાય એટલી જ હોત તો તેને આપણે અપવાદરૂપ લેખત, પણ એ સંખ્યા ઘણી મોટી છે અને તે પ્રાચીન કાલથી આજ સુધીના સમયને આવરી લે છે. આ રહ્યાં તેમાંનાં કેટલાંક નામો :–શ્રી ભદ્રબાહુ સ્વામી, શ્રી સ્થૂલભદ્ર સ્વામી, શ્રી વજ્રસ્વામી, આર્યખપુટ,

આર્યમંગુ, શ્રી પાદલિપ્તસૂરિ, શ્રી સિદ્ધસેન દિવાકર, શ્રી હરિભદ્રસૂરિ, શ્રી માનદેવસૂરિ, શ્રી માનતુંગસૂરિ, કલિકાલ-સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિ, શ્રી જિનપ્રભસૂરિ, વાદિવેતાલ શાંતિસૂરિ, શ્રી મલ્લિષેણસૂરિ, શ્રી જિનદત્તસૂરિ, શ્રી સિંહ-તિલકસૂરિ, શ્રી કલ્યાણસાગરસૂરિ, શ્રી શાંતિચંદ્ર ઉપાધ્યાય, શ્રી મોહનલાલજી મહારાજ વગેરે વગેરે.

અહીં એ નોંધ કરવી પણ આવશ્યક છે કે જૈનાચાર્યોએ મંત્રોપાસનાનું ધોરણ એકંદર ઘણું ઊંચું રાખ્યું છે, એટલે તેની કોઈ વિકૃત અસર જૈન સમાજ પર પડવા પામી નથી; જ્યારે મધ્ય યુગમાં બૌદ્ધોની વજ્રયાન શાખાએ તથા શાક્ત સંપ્રદાયના વામાચારીઓએ મંત્રોપાસનાને નામે પંચમકાર એટલે મત્સ્ય, માંસ, મદિરા, મુદ્રા અને મૈથુનનો સ્વીકાર કરીને તેનું ધોરણ ઘણું નીચું ઉતારી નાખ્યું હતું અને તેથી ભારતના ધર્મપ્રિય નીતિપરાયણ લોકોને તેમના માટે ભારે નફરત પેદા થઈ હતી. પછી તો એવો સમય પણ આવી ગયો કે જ્યારે લોકોએ હાથમાં કોદાળી-પાવડા લઈને બૌદ્ધ મઠોના પાયા ઉખાડી નાખ્યા તથા વામાચારીઓને ભૂંડા હાલે ભગાડી મૂક્યા.

અહીં એ વસ્તુ પણ સ્પષ્ટ કરવી જોઈએ કે મધ્ય યુગમાં રચાયેલા કેટલાક મંત્રકલ્પોમાં હિંસક વિધાનો જોવામાં આવે છે, પણ તેનો અમલ ભાગ્યે જ થયેલો છે અને સંવેગી પક્ષના સાધુઓનું પરિબલ વધતાં એ વસ્તુ માત્ર કાગળ પર જ રહી જવા પામી છે. તાત્પર્ય કે આજે

જૈન સંઘમાં ચાલી રહેલી મંત્રોપાસનામાં કોઇ હિંસક વિધાન કે અનુચિત ક્રિયાઓને સ્થાન નથી અને તેથી તે અન્ય કોઈ પણ મંત્રોપાસના કરતાં વધારે ઉપાદેય બનેલી છે.

આજે જૈન ધર્મમાં ક્રિયાયોગના અધિકારે જે જે પ્રવૃત્તિઓ ચાલી રહી છે, જે જે અનુષ્ઠાનો થઈ રહ્યાં છે, તેમાંની કોઈ પ્રવૃત્તિ કે કોઈ અનુષ્ઠાન એવું નથી કે જેમાં અમુક મંત્રોને સ્થાન આપવામાં આવ્યું ન હોય. શ્રી સિદ્ધચક્ર પૂજન, શ્રી ઋષિમંડલ પૂજન, શ્રી અર્હત્ મહાપૂજન આદિ પૂજનો તો શુદ્ધ માંત્રિક અનુષ્ઠાનો જ છે અને તે અતિ લોકપ્રિય બનેલાં છે.

આધુનિક કાળે જિનમંદિરમાં શ્રી જિનેશ્વર દેવની તથા અન્ય શાસનદેવતાઓની પ્રતિષ્ઠા થાય છે, તેમાં પણ મંત્રોની મુખ્યતા હોય છે અને એક સામાન્ય પૂજા ભણાવવી હોય તો પણ તેના અંતે એક ખાસ મંત્ર બોલવામાં આવે છે. વળી નવસ્મરણની[૯] નિત્ય ગણના પણ તેની મંત્રમયતાને જ આભારી છે.

આ રીતે જૈન ધર્મમાં અતિ પ્રાચીન કાળથી આજ સુધી મંત્રોપાસનાને મહત્ત્વનું સ્થાન અપાતું આવ્યું છે અને એ વસ્તુ આપણા લક્ષ્યમાં બરાબર રાખવાની છે.

---

૯ નવસ્મરણનો ક્રમ આ પ્રમાણે સમજવો : (૧) નમસ્કારમંત્ર, (૨) ઉવસગ્ગહરં સ્તોત્ર, (૩) સંતિકરં સ્તોત્ર, (૪) તિજયપહુત્ત સ્તોત્ર, (૫) નમિઊણ સ્તોત્ર, (૬) અજિતશાન્તિ-સ્તવ, (૭) ભક્તામર સ્તોત્ર, (૮) કલ્યાણમંદિર સ્તોત્ર અને (૯) બૃહચ્છાન્તિ (પાઠ).

[૪]

મંત્રશક્તિનો સદુપયોગ

મંત્રની સાધના, આરાધના કે ઉપાસના દ્વારા વિશિષ્ટ શક્તિ ઉત્પન્ન થાય છે અને તે અમુક અમુક પ્રકારનું કાર્ય કરે છે. આ કાર્ય એટલું ઝડપથી થાય છે કે તેની આપણને કલ્પના પણ આવી શકે નહિ. છતાં દૃષ્ટાંતથી કહેવું હોય તો એમ કહી શકીએ કે જેમ ઇલેકટ્રીક સ્વીચ દબાવીએ અને દીવો થાય છે, તેમ સિદ્ધમંત્રનો પાઠ કરીએ કે ધારેલું પરિણામ આવીને ઊભું રહે છે.

'આવું તે કેમ બની શકે?' એવો સંશય ઘણાના મનમાં ઉઠશે. અમને પણ પ્રથમ એવો સંશય ઉઠ્યો હતો, પણ જેમ જેમ અમારી વય વધતી ગઈ અને મંત્રશક્તિના સાક્ષાત્ ચમત્કારો જોવામાં આવ્યા, તેમ તેમ અમારા મનનું સમાધાન થતું ગયું અને આજે એ બાબતમાં અમારા મનમાં જરા પણ શંકા રહી નથી. આ અનુભવોનો સાર અમે 'મંત્રવિજ્ઞાન'ના બીજા પ્રકરણમાં વિસ્તારથી જણાવ્યો છે, તે જિજ્ઞાસુઓએ ત્યાંથી જોઈ લેવો.

મંત્રશક્તિ દ્વારા જે પ્રકારનાં પરિણામો લાવી શકાય છે, તેના મુખ્યત્વે છ વિભાગો પાડવામાં આવ્યા છે અને તેને સામાન્ય રીતે '**તાંત્રિક ષટ્કર્મ**' કહેવામાં આવે છે.

જે મંત્રશક્તિ દ્વારા ગ્રહોની દુષ્ટ અસર નાબુદ થાય, વિવિધ પ્રકારના રોગો તથા વ્યાધિઓનું નિવારણ થાય, મનુષ્ય, તિર્યંચ કે દેવદ્વારા થએલા ઉપસર્ગો દૂર થાય, ઘાતક પ્રયોગોનો ખુલો છેદ થાય, તેમજ ચિત્તમાં તથા વાતાવરણમાં શાંતિ પ્રસરે, તેને **શાંતિકર્મ** કહેવામાં આવે છે. જેનાથી આપણા મનને તોષ–સંતોષ થાય, તેમજ ઇચ્છિત કાયમાં વિજય મળે, તેને તુષ્ટિકર્મ કહેવામાં આવે છે અને જેનાથી ધન, ધાન્ય, સંપત્તિ, ઐશ્વર્ય તથા કીર્તિમાં વધારો થાય, તેને પુષ્ટિકર્મ કહેવામાં આવે છે. પરંતુ આ બધાનો સામાન્ય રીતે શાંતિક–પૌષ્ટિક કર્મ તરીકે ઉલ્લેખ થાય છે અને વધારે સંક્ષેપ કરવો હોય તો માત્ર શાંતિકર્મ કહેવાય છે.

મંત્રશક્તિનો આ શાંતિ–તુષ્ટિ–પુષ્ટિ કર્મ માટે ઉપયોગ કરવો સુવિહિત છે, એટલે કે તે એક પ્રકારનો સદુપયોગ છે અને તે અંગે કોઈ વિવાદ નથી. જૈન શ્રમણો સામાન્ય રીતે આવા શાંતિ–તુષ્ટિ–પુષ્ટિકર્મમાં જ વિશેષ રસ લે છે અને તેનાં પરિણામો ધર્મશ્રદ્ધાની અભિવૃદ્ધિમાં તથા ધર્મની સુંદર પ્રભાવનામાં આવે છે.

રાજસ્થાનના એક જૈન ગૃહસ્થ ઘણા ધનવાન હતા અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં આગેવાનીભર્યો ભાગ લેતા હતા. તેમના પૂર્વજોની સ્થિતિ પણ આવી જ હતી, પરંતુ કર્મ-

સંયોગે તેમના ધનનો ક્ષય શરૂ થયો અને તેની ચિંતા તેમના મનને કોરી ખાવા લાગી. તેમની આ સ્થિતિ જોઈને ગુરુએ પૂછ્યું : 'આમ કેમ ?'

એ ગૃહસ્થે ઉત્તર આપ્યો : 'કંઈ નહિ.'

ગુરુએ કહ્યું : 'હકીકત શું છે ? તે મને જણાવો.'

ત્યારે એ ગૃહસ્થે દિલ ખોલીને બધી વાત કહી અને એક ઊંડો નિસાસો નાખ્યો. આ પરથી ગુરુને લાગ્યું કે જો આને ટકાવીશું નહિ, તો સંઘને મોટો ફટકો પડશે અને ધર્મનાં અનેક કામો રખડી પડશે, એટલે તેમણે પોતાની મંત્રગણના કરવાનો ખાસ પટ એ ગૃહસ્થને આપ્યો અને તેને સામે રાખી પ્રતિદિન અમુક મંત્ર, અમુક વિધિએ ગણવાનું સૂચવ્યું.

પેલા ગૃહસ્થે તે મુજબ ગણના કરવા માંડી, તો પરિસ્થિતિએ તરત જ પલટો લીધો અને ધનક્ષયની જગાએ ધનાગમ થવા લાગ્યો. પરિણામે થોડા જ વખતમાં એ ગૃહસ્થની ચિંતા ટળી ગઈ અને તેઓ પહેલાં કરતાં પણ વધારે જુસ્સાથી ધાર્મિક કાર્યો કરવા લાગ્યા. આજે તેમની સાતમી કે આઠમી પેઢીના વંશજો પણ સુખી છે અને તેઓ ધાર્મિક પ્રવૃત્તિઓમાં સારો ભાગ લે છે. આજથી ચૌદ-પંદર વર્ષ પહેલાં અમે જૈન સાહિત્યના સંશોધન અર્થે માળવાનો પ્રવાસ ખેડ્યો, ત્યારે તેમના આ વંશજોને મળવાનો તથા તેમણે અતિ ભક્તિભાવથી જાળવી રાખેલા પેલા મંત્રપટને જોવાનો સુઅવસર અમને સાંપડ્યો હતો.

ગુરુએ પેલા ગૃહસ્થને જે મંત્રપટ આપ્યો, તે સિદ્ધ કરેલો હતો અને તેના પર લાખો મંત્રો ચડી ચૂકેલા હતા. વળી તેમણે સુખી થવાનો અંતરથી આશીર્વાદ પણ આપ્યો હતો, એટલે તેનું પરિણામ આ રીતે આપત્તિના નિવારણમાં અને ચિત્તને શાંતિ પ્રાપ્ત થવામાં આવ્યું.

પાટલીપુત્રના રાજા મુરુંડને મસ્તકનો દુઃખાવો ઉપડ્યો. તે કોઈ વૈદ્ય મટાડી શક્યો નહિ. એવામાં ત્યાં શ્રીપાદલિપ્ત-સૂરિની પધરામણી થઈ. કોઇએ રાજાને કહ્યું કે જૈનોના આ આચાર્ય મહામંત્રવાદી છે અને તે તમારો મસ્તકનો દુઃખાવો અવશ્ય મટાડશે. એટલે રાજાએ તેમને તેડવા મંત્રીઓને મોકલ્યા અને શ્રીપાદલિપ્તસૂરિ પણ લાભનું કારણ જાણી તેમની સાથે ચાલ્યા.

રાજમહેલમાં એક ઊંચા આસન પર તેમને બેસાડવામાં આવ્યા. મુરુંડ રાજાએ તેમનાથી થોડે દૂર એક નીચી બેઠક ગ્રહણ કરી.

સૂરિજીએ કહ્યું : 'હે રાજન્! તમે મારી ટચલી આંગળી સામે જોઇ રહો.' અને તેમણે પોતાની ટચલી આંગળીને ગોળ ગોળ ભમાડવા માંડી. જેમ જેમ એ આંગળી ભમતી ગઇ, તેમ તેમ રાજાના મસ્તકનો દુઃખાવો ઘટતો ગયો અને થોડી વારમાં તો તે મસ્તકના દુઃખાવામાંથી તદ્દન મુક્ત થઈ ગયો. તેના હર્ષનો પાર રહ્યો નહિ. તે સૂરિજીને પગે પડ્યો અને પોતાને કંઈ પણ આજ્ઞા કરવાની વિનંતિ કરી.

સૂરિજીએ કહ્યું : 'હે રાજન્! અમે ત્યાગી મુનિઓ

છીએ. અમને ધન-માલની જરા પણ જરૂર નથી. અમે તો એટલું જ ઇચ્છીએ છીએ કે તું આજથી જ અરિહંત દેવની તથા નિર્ગ્રંથ ગુરુઓની ભક્તિ કરવા માંડ, જેથી તારું કલ્યાણ થશે.'

અને મુરુંડ રાજાએ તે જ વખતે જૈન ધર્મનો સ્વીકાર કર્યો. તેના પગલે બીજા પણ હજારો મનુષ્યો જૈન ધર્મી બન્યા અને જૈન ધર્મનું પાલન કરવા લાગ્યા.

આને પણ આપણે મંત્રશક્તિનો સદુપયોગ જ કહી શકીએ, કારણ કે તેનાથી એક દુઃખીના દર્દનું નિવારણ થયું અને તેનું પરિણામ ધર્મભાવનાની અભિવૃદ્ધિમાં આવ્યું.

વીરનિર્વાણની સાતમી સદીના અંત ભાગે શાકંભરી નગરીમાં કોઈ પણ કારણે કુપિત થયેલી શાકિનીએ મહામારીનો ઉપદ્રવ ફેલાવ્યો. એ ઉપદ્રવ એટલો ભારે હતો કે તેમાં ઔષધો કે વૈદ્યો કાંઇ પણ કામ આપી શકતા ન હતા. તેથી માણસો ટપોટપ મરવા લાગ્યા અને આખી નગરી સ્મશાન જેવી ભયંકર જણાવા લાગી.

આ પરિસ્થિતિમાં કેટલાક સુરક્ષિત રહેલા શ્રાવકો જિનચૈત્યમાં એકઠા થઈને વિચાર કરવા લાગ્યા કે 'આ શું થવા બેઠું છે ? આજે સંઘના દુર્ભાગ્યે કપર્દીયક્ષ, અંબિકા-દેવી, બ્રહ્મશાંતિ યક્ષ, યક્ષરાજ તથા વિદ્યાદેવીઓ પણ અદૃશ્ય થઈ ગએલી જણાય છે, અન્યથા આપણી હાલત આવી હોય નહિ. હવે શું કરવું ?'

તેઓ આ રીતે ચિંતામાં મગ્ન બન્યા, ત્યારે અંતરીક્ષમાંથી અવાજ આવ્યો કે 'તમે ચિંતા શા માટે કરો છો ?

નાડૂલ નગરીમાં શ્રી માનદેવસૂરિ વિરાજે છે, તેમના ચરણોના પ્રક્ષાલનજલનો તમારાં મકાનોમાં છંટકાવ કરો, એટલે બધો ઉપદ્રવ શાંત થઇ જશે.'

આ વચનથી આશ્વાસન પામેલા સંઘે વીરદત્ત નામના એક શ્રાવકને વિજ્ઞપ્તિપત્ર સાથે નાડૂલનગરે (નાડોલ–રાજસ્થાનમાં) શ્રી માનદેવસૂરિ પાસે મોકલ્યો.

સૂરિજી તપસ્વી, બ્રહ્મચારી અને મંત્રસિદ્ધ મહાપુરુષ હતા તથા લોકોપકાર કરવાની પરમ નિષ્ઠાવાળા હતા. તેથી તેમણે 'શાંતિ–સ્તવ' નામનું એક મંત્રયુક્ત, ચમત્કારિક અને શાંતિ કરવામાં નિમિત્તભૂત એવું સાધન (તંત્ર) સ્તોત્ર રૂપે બનાવી આપ્યું[1] અને પગધોવણ પણ આપ્યું. આ બંને વસ્તુ લઈને વીરદત્ત શાકંભરી નગરીએ પહોંચ્યો. ત્યાં પગધોવણનું પાણી અન્ય પાણી સાથે મિશ્રિત કરીને છાંટતાં તથા શાંતિ–સ્તવનો પાઠ કરતાં મહામારીનો ઉપદ્રવ શાંત થઈ ગયો.

આને પણ આપણે મંત્રશક્તિનો સદુપયોગ જ કહી

---

૧ આ સ્તવ ૧૯ ગાથાનું છે અને તે લઘુશાંતિ તરીકે પ્રસિદ્ધ છે. તે દૈવસિક પ્રતિક્રમણ વખતે બોલાય છે તથા કોઈ પણ ઉપદ્રવના નિવારણ અર્થે પણ બોલાય છે. પ્રથમ સમસ્મરણની ગણના થતી, તેમાં આ સ્તવ બોલવું. શ્રી હર્ષકીર્તિસૂરિએ તેને ચોથું સ્મરણ ગણી તેના પર વૃત્તિ રચેલી છે અને શ્રી સિદ્ધિચન્દ્રગણિએ તેને છઠું સ્મરણ ગણીને તેના પર વૃત્તિ રચેલી છે. આજે નવસ્મરણની ગણના થાય છે, તેમાં આ સ્તોત્ર બોલાતું નથી. અમે શ્રી પ્રતિક્રમણ સૂત્ર–પ્રબોધટીકાના બીજા ભાગમાં તેના પર વિસ્તૃત વિવેચન કરેલું છે.

શકીએ, કારણ કે તેણે જનતાના સંકટનું નિવારણ કર્યું અને અનેક લોકોનો જીવ બચાવી તેમને શાંતિ પમાડી.

જે મંત્રશક્તિ દ્વારા હજારો લોકોનું પોતાના તરફ આકર્ષણ થાય અને પોતાનો પડયો બોલ ઝીલાય તેને વશીકરણ કે **વશ્યકર્મ** કહેવામાં આવે છે. સાધુ-મહાત્માઓનું હૃદય વિશ્વપ્રેમથી છલોછલ ભરેલું હોય છે, વળી તેમનો ત્યાગ, તેમની તપશ્ચર્યા, તેમની આત્મપ્રિયતા, તેમની ઉદારતા અને તેમની વાણીનું માધુર્ય અતિ ઉચ્ચ કોટિનું હોય છે, એટલે લોકો સ્વાભાવિક રીતે જ તેમના તરફ આકર્ષાય છે, તેમને માન આપે છે અને તેમનો પડયો બોલ ઝીલે છે, એટલે તે માટે એમને મંત્રોપાસનાનો ખાસ આશ્રય લેવો પડતો નથી. આમ છતાં કોઈ વાર રાજા કે મંત્રીઓના મનનું વલણ વિપરીત હોય કે લોકમત પોતાનાથી વિપરીત જતો હોય અને એ રીતે પોતાના તરફથી થઈ રહેલા ધર્મપ્રચારમાં વેગ આવતો ન હોય તો આ પ્રકારના મંત્રપ્રયોગોનો આશ્રય લેવામાં આવે છે અને તેમાં કશું ખોટું થતું હોય એમ લાગતું નથી.

આગળના જમાનામાં રાજસભાઓમાં વાદવિવાદ થતા, તેમાં પ્રચંડ વિદ્વત્તાની જરૂર તો પડતી જ, પરંતુ તેની સાથે વિશિષ્ટ વ્યક્તિત્વની પણ જરૂર રહેતી અને તેમાં આ પ્રકારની મંત્રોપાસના ઘણી સહાયભૂત નીવડતી. મહારાજા સિદ્ધરાજના સમયમાં દિગમ્બર વાદી કુમુદચંદ્રને શ્વેતામ્બર આચાર્યો સાથે વાદ થયેલો, તે વખતે દલીલો ખૂટી જતાં કુમુદચંદ્રે મંત્ર-

શક્તિનો આશ્રય લીધેલો, પણ શ્વેતામ્બર આચાર્યો મંત્ર-શક્તિમાં કમ ન હતા. તેમણે એનો મંત્રશક્તિથી જવાબ વાળ્યો અને આખરે કુમુદચંદ્ર પરાજિત થયો.

આબૂવાળા શ્રી શાંતિવિજયજી મહારાજ રબારીના કુળ માંથી આવેલા અને ખાસ ભણતર કંઈ જ ન હતું. તેઓ ગુજરાતી અને રાજસ્થાની ભાષાની મિશ્રણવાળી ભાષા બોલતા. પણ તેમણે એવી મંત્રોપાસના કરી કે જેના લીધે હજારો લોકોનું તેમના પ્રત્યે આકર્ષણ થયું અને મોટા મોટા શ્રીમંતો તથા રાજા-મહારાજાઓ પણ તેમનાં દર્શને આવવા લાગ્યા. ઉપરાંત કેટલાક વિદેશી લોકોને પણ તેમનું આકર્ષણ થયું અને તેમાંનાં કોઈ કે તો ત્યાં સુધી કહ્યું કે-' Really Shri Shantivijayji is God-ખરેખર! શ્રી શાંતિવિજયજી મહારાજ પ્રભુ છે.'

સંસારી જીવનમાં કેટલીક વાર નહિ ધારેલા એવા દુઃખદ પ્રસંગો આવી પડે છે, તેનું નિવારણ કરવામાં વશ્ય-કર્મ ઉપયોગી થાય છે. દાખલા તરીકે એક ગૃહસ્થે કોઈ પણ તુચ્છ કારણસર પોતાની સ્ત્રીને તરછોડી અને ફરી તેને ન બોલાવવાની મનમાં ગાંઠ વાળી, તેના પિયર મોકલી આપી. આથી તે સ્ત્રીને ઘણું દુઃખ થયું. તેના મા-બાપે તથા સગાં-વહાલાંઓએ એ ગૃહસ્થને ઘણું ઘણું સમજાવ્યા, છતાં તે એકનો બે ન થયો. વચ્ચે જ્ઞાતિના ડાહ્યા માણસો પડ્યા, છતાં તેણે પોતાનું વલણ ન બદલ્યું. આ સ્થિતિમાં સાત વર્ષ વ્યતીત થઈ ગયાં. આખરે આ બહેને એક જૈન મંત્ર-

વાદીનો આશ્રય લીધો, તેણે એને અમુક પ્રકારની મંત્રગણના કરવા કહ્યું અને થોડા જ વખતમાં પેલા ગૃહસ્થના મનનું પરિવર્તન થયું, એટલે કે ફરી તેને આ સ્ત્રી પ્રત્યે આકર્ષણ થયું અને તેને પિયરથી બોલાવી લીધી. ત્યાર પછી એમનો સંસાર સુખપૂર્વક ચાલવા લાગ્યો.

પરંતુ વશ્યકર્મમાં ભયસ્થાનો અવશ્ય છે. જો કોઈ સ્વાર્થી દુષ્ટ વૃત્તિના માણસોને વશીકરણવિદ્યા સિદ્ધ થઈ જાય તો તેઓ અનેક વ્યક્તિઓને પોતાના ફંદામાં ફસાવી શકે છે અને તેમની પાસેથી મનગમતું કામ લઈ શકે છે. આપણે વર્તમાનપત્રોમાં ઘણી વાર વાંચીએ છીએ કે અમુક બાવાએ કે બાવાનો વેશ ધારણ કરનાર કોઈ પણ દુર્જને અમુક વ્યક્તિના ગળામાં કાળો દોરો નાખી દીધો કે તે વ્યક્તિ ભાન ભૂલી ગઈ અને પછી તેની પાછળ જ ચાલવા લાગી કે તે કહે તેમ કરવા લાગી. અથવા તો અમુક રંગના કાચ બતાવવાથી કે રૂમાલ સુંઘાડવાથી કે 'સરનામું વાંચી આપો' એવું બહાનું કાઢી અમુક કાગળ ધરવાથી પણ અમુક વ્યક્તિ ભાન ભૂલી ગઈ અને તે પેલાના કાબૂમાં આવી ગઈ વગેરે.

મંત્રશક્તિનો આ ભયંકર દુરુપયોગ છે અને તેટલા માટે જ શાસ્ત્રકારોએ ફરમાવ્યું છે કે આ મંત્રરૂપી સાધન જે-તેને આપવું નહિ. જે આપશે તે નરકમાં જશે વગેરે.

શક્તિ બેધારી તલવાર જેવી છે. તેનો જે તરફ ઉપયોગ કરવા ધારીએ, તે તરફ થઈ શકે. પણ સુજ્ઞજનોએ તો તેનો સદુપયોગ કરવા તરફ જ લક્ષ્ય આપવું જોઈએ.

જે મંત્રશક્તિનો પ્રયોગ કરતાં વિરોધી વ્યક્તિઓના સમૂહમાં ફાટફૂટ પડે અને એ રીતે એમનું વિઘાતક બળ તૂટી જાય તેને **વિદ્વેષણ કર્મ** કહે છે. રાજ્યનું રક્ષણ કરવા માટે કે અનુચિત સંગઠન તોડવા માટે આવા પ્રયોગોની જરૂર પડતી અને તે વખતે રાજાઓ કે સમાજના સૂત્રધારો મંત્રવાદી મહાપુરુષોનું શરણ શોધતા અને તેઓ પણ રાષ્ટ્રહિત–લોકહિતનો વિચાર કરીને એવો પ્રયોગ કરી બતાવતા. આને પણ આપણે મંત્રશક્તિનો સદુપયોગ જ સમજવો જોઈએ, કારણ કે તે કલ્યાણબુદ્ધિથી કરવામાં આવતો અને તેથી પ્રજાનું હિત સચવાતું. પરંતુ આ જ કર્મ ક્ષુદ્ર સ્વાર્થભાવનાને વશ થઈને કરવામાં આવે તે ઇષ્ટ નથી.

રાજસ્થાનના એક ગામનો આ કિસ્સો છે કે જ્યારે મુસલમાનોએ એ ગામ પર હલ્લો કરવાનો વિચાર કર્યો અને તેઓ મોટી સંખ્યામાં એકત્ર થવા લાગ્યા તથા હથિયાર એકઠા કરવા મંડ્યા. આથી ગામ લોકો ગભરાયા, કારણકે તેઓ તેમનો સફળ સામનો કરી શકે એવી સ્થિતિમાં ન હતા. બહુ વિચાર પછી તેઓ એ ગામમાં વસતા એક કબીરપંથી સાધુ પાસે ગયા અને આ સ્થિતિનું નિવારણ કરવા વિનંતિ કરી. પેલા સાધુએ એજ વખતે મંત્રપાઠ કર્યો અને ગામલોકોને જણાવ્યું કે 'તમે નિશ્ચિંત રહો, એ બધા કાલે વિખરાઈ જશે.' તાત્પર્ય કે એ સાધુએ મંત્રશક્તિથી વિદ્વેષણ પ્રયોગ કર્યો, એટલે તેના આગેવાનોમાં ભારે ફૂટ પડી અને તેઓ ઘણી ચર્ચા–વિચારણાના અંતે 'હાલ આ ગામ પર હલ્લો ન કરવો' એવા નિર્ણય પર આવી વિખરાઈ ગયા.

જે મંત્રશક્તિના પ્રયોગથી એક કે અનેક વ્યક્તિઓ સ્તંભિત થઈ જાય અને તે હાલી-ચાલી શકે નહિ, તેને **સ્તંભનકર્મ** કહેવામાં આવે છે. લૂંટારાઓ લૂંટ કરવા આવ્યા હોય કે ચોરો ચોરી કરવા આવ્યા હોય કે દુષ્ટ-દુર્જન-ગુંડો એક નિર્દોષ વ્યક્તિ પર હુમલો કરવાની તૈયારીમાં હોય, ત્યારે આ જાતનો પ્રયોગ કરવામાં આવે છે અને તે સફલ થતાં માલમિલકતનું તથા નિર્દોષ વ્યક્તિના જાનનું રક્ષણ થાય છે, તેથી તેને મંત્રશક્તિનો સદુપયોગ જ ગણવો જોઈએ.

જંબૂકુમાર ધનાઢ્ય પિતાના એકના એક પુત્ર હતા અને પૂરા લાડકોડમાં ઉછરેલા હતા. તેમનું સગપણ તેમના નગરની સારામાં સારી આઠ કન્યાઓ સાથે કર્યું હતું, પરંતુ શ્રી સુધર્માસ્વામીનો ઉપદેશ સાંભળી તેમને સંસાર પરથી વૈરાગ્ય થયો હતો અને તેમણે આજીવન બ્રહ્મચર્યવ્રત સ્વીકારી લીધું હતું. આમ છતાં માતાપિતાનો અતિ આગ્રહ થતાં તેમણે એ આઠ કન્યાઓ સાથે પાણિગ્રહણ કર્યું હતું અને તેમની સાથે તેઓ વાસભુવનમાં દાખલ થયા હતા.

હવે તેજ વખતે પ્રભવ નામનો એક ચોર પોતાના પાંચસો સાથીઓ સાથે પુષ્કળ માલમત્તા મેળવવાના ઈરાદાથી ત્યાં આવી પહોંચ્યો. તેણે બે વિદ્યાઓ સિદ્ધ કરેલી હતી. એક ઊંઘ મૂકવાની અને બીજી તાળાં ઉઘાડવાની. તેણે આ વિદ્યાઓ અજમાવી કે ઘરનાં બધાં માણસો ઊંઘમાં પડ્યા અને તિજોરી તથા પટારાઓનાં તાળાં ટપોટપ ઉઘડવા લાગ્યાં.

ચોરોએ તેમાંથી જેઈએ તેટલી મત્તા ઉઠાવીને ગાંસડીઓ બાંધી તથા તે પોતાના માથે ચડાવી ત્યાંથી ચાલવાની તૈયારી કરી.

જંબૂકુમારનું મન અતિ પવિત્ર અને મજબૂત હતું. તેમને વિદ્યાની અસર થઈ ન હતી. તેઓ ચોરોને ચોરી કરતાં જોઈ વિચારવા લાગ્યા : 'મને ધન પર કંઈ મમતા નથી, પણ જો આજે મોટી ચોરી થશે અને કાલે હું દીક્ષા લેવા બહાર નીકળીશ તો લોકો શું ધારશે? 'ધન ગયું એટલે વૈરાગ્ય થયો અને ભાઈ દીક્ષા લેવા ચાલી નીકળ્યા.' એટલે આ ચોરોને એમને એમ તો ન જ જવા દેવા. અને તેમણે અનન્ય શ્રદ્ધાથી નમસ્કારમંત્ર ગણવા માંડયો. તેના પ્રભાવથી બધા ચોરો સ્થંભી ગયા.

હવે તે ચોરો ત્યાંથી જવા માટે ઘણો યે પ્રયત્ન કરે, પણ તેમનો પગ ઉપડે શાનો? તેમના પર સ્તંભનકર્મની અસર પૂરેપૂરી થઈ ગઈ હતી. આથી પ્રભવ ચોર ગભરાયો અને તે ચારે તરફ જોવા લાગ્યો. ત્યાં તેણે જંબૂકુમારને જાગતા જોયા, એટલે તે ભારે વિચારમાં પડી ગયો કે 'આને વિદ્યાની અસર કેમ થઈ નહિ હોય?'

તેણે હાથ જોડીને કહ્યું: 'શેઠજી! મને જીવતદાન આપો. મને અહીંથી પકડીને રાજદરબારે મોકલશો તો કોણિક રાજા ગરદન મારશે. લ્યો, આપને હું બે વિદ્યાઓ આપું છું. બદલામાં મને જીવતદાન આપો અને સ્તંભિની વિદ્યા આપો.'

જંબૂકુમારે કહ્યું: 'અરે ભાઈ! ગભરાઈશ નહિ. તને જીવતદાન છે. મારી પાસે કોઈ વિદ્યા નથી. એક ધર્મવિદ્યા છે, તે તને આપું છું.' એમ કહી તેને ધર્મ સમજાવ્યો.

પ્રભવને આવી વાતો સાંભળવાનો પ્રસંગ જીવનમાં પહેલો જ હતો. તેણે એ વાત સાંભળી બધા ચોરોના માથેથી ગાંસડીઓ ઉતરાવી નાંખી અને સહુની ઊંઘ પાછી ખેંચી લીધી, પછી તે બે હાથ જોડીને બોલ્યોઃ 'જંબૂકુમાર! ધન્ય છે તમને કે ધનના ઢગલા છોડી. અપ્સરા જેવી સ્ત્રીઓનો ત્યાગ કરી, દીક્ષા લેવા તૈયાર થયા છો. હું તો મહાપાપી છું અને ધન મેળવવા માટે નીચમાં નીચ ધંધો કરું છું, પણ આજે મને સાચા જીવનનું ભાન થયું. સવારે હું પણ બધા ચોરો સહિત તમારી સાથે દીક્ષા લઈશ.'

આ વખતે બધી સ્ત્રીઓ જાગતી હતી અને તે જંબૂકુમારને દીક્ષા ન લેવા સમજાવી રહી હતી, પણ જેને વૈરાગ્યનો પાકો રંગ ચડી ચૂક્યો હતો, તે ચતુરાઓની ચિત્તાકર્ષક વાતોથી કેમ ચળે? આખરે તે આઠેય સ્ત્રીઓ પ્રતિબોધ પામી અને તેઓ પોતાના માતાપિતા પાસે દીક્ષાની રજા લેવા ગઈ. માબાપોએ તેમને રજા આપી અને તેઓ પણ દીક્ષા લેવા તૈયાર થયા.

બીજા દિવસે પ્રાતઃકાલે શ્રી જંબૂકુમારે, તેમના માતાપિતાએ, તેમની આઠ સ્ત્રીઓએ, તેમના માતપિતાઓએ તથા પ્રભવાદિ પાંચસો ચોરોએ એમ કુલ પાંચસોને સત્તાવીશ વ્યક્તિઓએ શ્રી સુધર્માસ્વામી પાસે દીક્ષા લીધી. એ વખતે જે ઉત્સવ થયો, તે અપૂર્વ હતો, અજોડ હતો.

તાત્પર્ય કે અમુક સંયોગોમાં સ્તંભનકર્મ કરવું પડે છે અને તેનું પરિણામ સારું આવે છે, એટલે તેની ગણના સદુપયોગમાં થાય છે.

ક્ષુદ્ર સ્વાર્થસાધના માટે કોઈ વ્યક્તિ ઉપર સ્તંભન-પ્રયોગ કરવો અને તેના હાથ-પગ રહી જાય કે શરીર સજ્જડ થઈ જાય એવી સ્થિતિ ઉભી કરવી, એ ઇચ્છવા યોગ્ય નથી. મધ્યયુગમાં આ શક્તિનો દુરુપયોગ કરવાથી તો મંત્રવાદ નિંદાયો અને લોકો તેનાથી દૂર રહેવા લાગ્યા. સાચા સાધુપુરુષો તો આવો પ્રયોગ કદી કરતા જ નથી, સિવાય કે તેમને યાત્રાર્થે જતાં સંઘની કે કોઈ ધાડપાડુઓ ચડી આવતા જિનમંદિર વગેરેની રક્ષા કરવાની જરૂર લાગે.

જે મંત્રશક્તિના પ્રયોગથી સામી વ્યક્તિઓને પદ-ભ્રષ્ટ-સ્થાનભ્રષ્ટ થવાનો વખત આવે કે લોહી વગેરેની ઉલ-ટીઓ થાય તેને ઉચ્ચાટન કર્મ કહેવામાં આવે છે. આ એક પ્રકારનું ઉગ્ર કર્મ છે અને સાધુ પુરુષો ન છૂટકે જ ધર્મના રક્ષણ માટે તેનો પ્રયોગ કરે છે, પરંતુ પછીથી પ્રાયશ્ચિત્ત લઈને શુદ્ધ થાય છે.

પાટલીપુત્રના બ્રાહ્મણધર્મી રાજાએ એવો હુકમ બહાર પાડયો કે મારા રાજ્યમાં વસતા દરેક માણસે બ્રાહ્મણને નમસ્કાર કરવો. જો કોઈ આ હુકમનું ઉલ્લંઘન કરશે તો તેને હદપારની શિક્ષા કરવામાં આવશે. જૈન મુનિઓનો પણ આમાં સમાવેશ થઈ જતો હતો.

હવે જૈન મુનિઓ તો ગૃહસ્થ એવા બ્રાહ્મણોને નમે

નહિ, કારણ કે તેમનો તે પ્રકારનો આચાર નથી. એટલે સંઘ વિચારમાં પડ્યો કે 'શું કરવું ?' જો મુનિઓ આ કારણે આ શહેર અને આ પ્રદેશ છોડીને ચાલ્યા જશે તો આપણે ધર્મનું આરાધન કેવી રીતે કરીશું ? રાજા તો જૈન ધર્મનો પૂરેપૂરો દ્વેષી છે, એટલે તે કોઈ પણ ઉપાયે પોતાની વાત છોડે એમ નથી. આથી તેમણે પવનવેગી સાંઢણી પર સંઘના બે માણસોને ભરૂચ મોકલ્યા કે જ્યાં મહામંત્રવાદી આર્યખપુટ બિરાજતા હતા. તેમણે સમસ્ત પરિસ્થિતિનું આચાર્યને નિવેદન કર્યું અને તેમાંથી બચાવવાની વિનંતિ કરી.

આર્યખપુટાચાર્યે આ સાંભળી પાટલીપુત્ર જવાની તૈયારી કરી. ત્યાં તેમના શિષ્ય શ્રી દેવેન્દ્ર ઉપાધ્યાયે કહ્યું કે 'આવા એક નાનકડા કામ માટે આપને પાટલીપુત્ર જવાની શી જરૂર છે ? મને આજ્ઞા આપો તો એ કામ હું પતાવી દઈશ.' અને આચાર્યે તેમને આ કાર્ય માટે આશીર્વાદ આપ્યા.

શ્રી દેવેન્દ્ર ઉપાધ્યાય આકાશમાર્ગે પાટલીપુત્ર પહોંચ્યા. આ વખતે તેઓ પોતાની સાથે કરેણુની બે નાની મંત્રેલી લાકડીઓ સાથે લઈ ગયા હતા.

પાટલીપુત્રનો સંઘ તેમના ત્વરિત આગમનથી ઘણો ખુશ થયો. પછી શ્રી દેવેન્દ્ર ઉપાધ્યાયના સૂચનથી તેમણે રાજાને કહેવડાવ્યું : 'હે રાજન્ ! અમારા જૈન મુનિઓ આપના બ્રાહ્મણ પંડિતોને વિધિસર વંદન કરવા ઇચ્છે છે, તો આવતી કાલે સહુને રાજસભામાં એકત્ર કરો.'

આ સાંભળી રાજા હર્ષ પામ્યો અને તેણે બીજા દિવસે રીતસર રાજસભા ભરી તેમાં ૫૦૦ બ્રાહ્મણ વિદ્વાનોને હાજર રાખ્યા.

શ્રી દેવેન્દ્ર ઉપાધ્યાય, થોડા જૈન મુનિઓ તથા સંઘના કેટલાક આગેવાનો એ રાજસભામાં હાજર થયા. ત્યાં શ્રી દેવેન્દ્ર ઉપાધ્યાયે રાજાને ઉદ્દેશીને કહ્યું કે 'હે રાજન્! અમે તમારી આજ્ઞાનુસાર બ્રાહ્મણ વિદ્વાનોને વંદન કરવા ઇચ્છીએ છીએ, પણ તેઓ બે ભાગમાં બેઠેલા છે, એટલે પ્રથમ પૂર્વાભિમુખને વંદન કરીએ કે પશ્ચિમાભિમુખને?'

રાજાએ કહ્યું: 'તમને ઠીક લાગે તેને પ્રથમ વંદન કરો.' એટલે શ્રી દેવેન્દ્ર ઉપાધ્યાયે કરેણુની એક લાકડી પૂર્વાભિમુખ બેઠેલા બ્રાહ્મણો સામે ફેરવી કે તે બધાની ગરદનો મરડાઈને પશ્ચિમાભિમુખ થઈ ગઈ અને તેઓ મુખમાંથી લોહી વમવા લાગ્યા.

પછી પશ્ચિમાભિમુખ બેઠેલાઓની સામે એ લાકડી ફેરવી કે તેમની ગરદન મરડાઈને પૂર્વાભિમુખ થઈ ગઈ અને તે બધા પણ લોહી વમવા લાગ્યા. આથી ત્યાં થોડી જ વારમાં હાહાકાર મચી ગયો.

રાજાની વિહ્વલતાનો પાર ન હતો. છતાં તેણે પોતાના મનને કૈંક સ્વસ્થ કરીને બે હાથ જોડવાપૂર્વક તથા મસ્તક નમાવવાપૂર્વક શ્રી દેવેન્દ્ર ઉપાધ્યાયને વિનંતિ કરી કે 'આપ તો મહામુનિ છો, દયાના ભંડાર છો, તો દયા કરો અને આ બધા બ્રાહ્મણોનો જીવ બચાવો.'

શ્રી દેવેન્દ્ર ઉપાધ્યાયે કહ્યું : ' અમે તો સર્વ જીવો ઉપર દયા રાખીએ છીએ; પણ તમારા અન્યાયી કૃત્યથી શાસનદેવ કોપ્યા લાગે છે. હવે આ બ્રાહ્મણ પંડિતોએ બચવું હોય તો એક જ ઉપાય છે કે તેમણે જૈન ધર્મની સાધુદીક્ષા લેવી. જો આ વાત મંજૂર હોય તો અમે શાસનદેવને એ બાબતની વિનંતિ કરીએ. '

આ જગતમાં માણસોને જીવથી વધારે વહાલું શું છે ? એ શરત મંજૂર રાખવામાં આવી. એટલે શ્રી દેવેન્દ્ર ઉપાધ્યાયે કરેણની બીજી લાકડી ઉલટી ફેરવી કે દરેકની ગરદન સીધી થઈ ગઈ અને મુખમાંથી લોહી પડતું બંધ થઈ ગયું.

રાજાએ તે જ વખતે પેલો હુકમ પાછો ખેંચી લીધો અને હવે પછી કોઈ સાધુ–સંતને તકલીફ થાય તેવું વર્તન નહિ કરવાની બાંહેધરી આપી.

શ્રી સંઘને ઘણો હર્ષ થયો. પછી પેલા ૫૦૦ બ્રાહ્મણોને, શ્રી દેવેન્દ્ર ઉપાધ્યાય પોતાની સાથે ભરૂચ લઈ આવ્યા અને ત્યાં તેમને દીક્ષા આપવામાં આવી.

તાત્પર્ય કે જ્યાં ઘોર અન્યાય થતો હોય, સાધુ–સંતો તકલીફમાં મૂકાતા હોય અને અન્ય કોઈ ઉપાય કામ લાગતો ન હોય, ત્યાં આવી ઉચ્ચાટનાદિ ક્રિયાઓ કારગત થાય છે અને તે અહિંસાપ્રિય મુનિઓને દુભાતા દિલે કરવી પડે છે.

જે મંત્રશક્તિથી સામી વ્યક્તિનું તરત કે અમુક કાળ પછી મરણ થાય તેને **મારણકર્મ** કહેવામાં આવે છે. છ યે

માંત્રિકકર્મમાં આ કર્મ સહુથી વધારે ઉગ્ર છે, કારણ કે આ જગતમાં દરેક જીવને પોતાના પ્રાણ વ્હાલા હોય છે અને મરવાનું ગમતું નથી, પરંતુ એક વ્યક્તિ સત્તાના મદમાં અંધ બનીને ન કરવાનાં કામો કરે અને સતીઓ તથા સાધ્વીઓની લાજ લૂંટવા તત્પર થાય તથા કોઈની શિખામણને ગણકારે નહિ, ત્યારે સાધુપુરુષોનું અંતર કકળી ઉઠે છે અને તેને યોગ્ય દંડ દેવા માટે આ જાતના પ્રયોગનો આશ્રય લેવો પડે છે. જો કે પોતાના અહિંસાપ્રિય વલણને લીધે તેમને પોતાને આ વસ્તુ રુચતી નથી, પણ કિંકર્તવ્યમૂઢ થઈને બેસી રહે તો ધર્મ નિંદાય અને તેની વ્યવસ્થા તૂટી પડે, એટલે તેમને નિરુપાયે આ કાર્ય કરવું પડે છે. તેઓ પછીથી પ્રાયશ્ચિત્ત લઈને શુદ્ધ થાય છે, પણ એકવાર તો તેઓ આ રીતે દુષ્ટો કે દુર્જનોની સાન ઠેકાણે લાવી દે છે.

ઉજ્જયિનીના રાજા ગર્દભિલે સરસ્વતી સાધ્વીનું અપહરણ કર્યું અને તેમને અંતઃપુરમાં ગોંધી રાખ્યાં. શ્રી કાલિકાચાર્ય સંસારીપક્ષે તેમના સગાભાઈ થતા હતા અને એ વખતે શાસનનો ભાર પણ વહન કરી રહ્યા હતા. તેમણે ગર્દભિલને કહેણ મોકલ્યું કે, 'આ ઠીક થતું નથી, તું સાધ્વીને છોડી મૂક, નહિ તો તેનું પરિણામ સારું નહિ આવે.' પણ મદાંધ ગર્દભિલના મનમાં એમ કે આ સાધુ મને કરી કરીને શું કરવાનો છે? વધારે બોલશે તો તેને પણ જોઈ લઈશ. એટલે તેણે શ્રી કાલિકાચાર્યની સૂચનાને ઠોકરે મારી. આથી તેમને ઘણું લાગી આવ્યું અને તેમણે શક

લોકોનો સહકાર મેળવી ઉજ્જયિની પર ચડાઈ કરાવી તથા પોતે ધનુષ્યબાણ લઈને મોખરે રહ્યા તથા સામા પક્ષ તરફથી ગર્દભી આદિ જે વિદ્યાઓ અજમાવવામાં આવી તેને પોતાની વિદ્યાથી નિષ્ફળ બનાવી અને આખરે ગર્દભિલ્લ રાજાને મૃત્યુદંડ દીધો, ત્યારે જ જંપ્યાં. પછીથી તેમણે પ્રાયશ્ચિત્ત લઈને પોતાની શુદ્ધિ કરી અને જિનશાસનનો ભાર ફરી સંભાળ્યો.

આ રીતે કોઈ સાધુ-મહાત્માને ધર્મના રક્ષણ માટે કે સાધ્વી સ્ત્રીઓના શિયળની રક્ષા માટે મંત્રશક્તિનો ઉપયોગ કરી મૃત્યુદંડ દેવો પડે તો તેને એ શક્તિનો સદુપયોગ જ કહીશું, કારણ કે તેના પરિણામે ધર્મ કે સતીત્વનું રક્ષણ થાય છે અને તેની પરંપરા ચાલુ રહે છે.

ક્ષુદ્ર સ્વાર્થ માટે કોઈ પણ વ્યક્તિ ઉપર મારણકર્મનો પ્રયોગ કરવો, એ બિલકુલ ઇચ્છવા યોગ્ય નથી. આવો પ્રયોગ કરનારને પાછળથી પસ્તાવાનો વખત આવે છે અને 'શેરના માથે સવા શેર' એ ન્યાયે કોઈ અન્ય મંત્રવાદી તેનો પણ આ જ રીતે અંત આણે છે.

આજે અણુશક્તિ મહાન ગણાય છે, પણ તેનો ઉપયોગ સંહારના શસ્ત્રો બનાવવા માટે થાય છે, એટલે કે તેનો દુરુપયોગ થઈ રહ્યો છે અને તેથી આખું યે જગત્ ભયગ્રસ્ત બન્યું છે. જો આ જ શક્તિનો ઉપયોગ સર્જનમાં થાય તો લોકોને આશીર્વાદ રૂપ નીવડે. મંત્રશક્તિનું પણ આમ જ સમજવાનું છે. તેનો ઉપયોગ સ્વ-પર-કલ્યાણ અર્થે કરીએ તે જ ઇષ્ટ છે. તેનો ઉપયોગ અન્યને રંજાડવા માટે કે અન્યને નુકશાન પહોંચાડવા માટે હરગીઝ કરવો નહિ.

[૫]

ઉવસગ્ગહરં સ્તોત્રની ઉત્પત્તિ

ઉવસગ્ગહરં સ્તોત્રની ઉત્પત્તિ કેવી રીતે થઈ? તે અંગે જૈન પરંપરામાં નીચેની કથા પ્રચલિત છે:

પ્રતિષ્ઠાનપુરમાં ભદ્રબાહુ અને વરાહમિહિર નામના બે બ્રાહ્મણબંધુઓ રહેતા હતા. તેઓ ધર્મશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, વ્યાકરણ, કાવ્ય વગેરેમાં નિપુણતા ધરાવતા હતા. એકદા તેમને શ્રી યશોભદ્રસૂરિજીનો સમાગમ થયો કે જેઓ શ્રી મહાવીરસ્વામીની પાંચમી પાટે આવેલા હતા.[૧] અને શાસનનું સુકાન સંભાળી રહ્યા હતા. તેમની અદ્‌ભુત ઉપદેશશૈલી, અસાધારણ વિદ્વત્તા, ઉત્તમ ચારિત્ર અને પરમ શાંત મુદ્રાથી આ બંને બંધુઓ અતિ પ્રભાવિત થયા અને વિચારવા લાગ્યા કે 'આ મહાપુરુષ આગળ આપણું જ્ઞાન તો કંઈ

---

૧ શ્રમણ ભગવાન મહાવીરની પાટે (૧) પંચમ ગણધર શ્રી સુધર્મા સ્વામી આવ્યા. તેમની પાટે (૨) શ્રી જંબૂસ્વામી, તેમની પાટે (૩) શ્રી પ્રભવસ્વામી, તેમની પાટે (૪) શ્રી શય્યંભવસૂરિ અને તેમની પાટે (૫) શ્રી યશોભદ્રસૂરિ આવેલા હતા.

વિસાતમાં નથી, તેથી આપણે આ મહાપુરુષના શિષ્ય થઈએ અને આપણા આત્માનું કલ્યાણ કરીએ.' પછી તે બંને બંધુઓએ સૂરિજી પાસે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી અને જૈન શાસ્ત્રોનું અધ્યયન કરવા માંડયું.

કાળક્રમે તે બંને મુનિઓ આચારાંગ આદિ અગિયાર અંગો ભણી ગયાં. પછી બારમું દૃષ્ટિવાદ અંગ આવ્યું કે જે અતિ ગંભીર અર્થવાળું હોઈ ભણવામાં ઘણું કઠિન હતું, ત્યાં વરાહમિહિર મુનિ અટકયા અને ચંદ્રપ્રજ્ઞપ્તિ આદિ બીજાં શાસ્ત્રોનું અધ્યયન કરવા લાગ્યા, પરંતુ શ્રી ભદ્રબાહુ મુનિએ અત્યંત ધીરજ, ખંત તથા પરિશ્રમ દ્વારા દૃષ્ટિવાદનો અભ્યાસ પૂર્ણ કર્યો અને એ રીતે તેઓ ચતુર્દશ પૂર્વધર અર્થાત્ શ્રુતકેવલી બન્યા.

અનુક્રમે ગુરુએ શ્રી ભદ્રબાહુસ્વામીને યોગ્ય જાણી આચાર્યપદ આપ્યું.[૨] આ વખતે વરાહમિહિર મુનિને પણ આચાર્યપદે આરૂઢ થવાની આકાંક્ષા હતી, પણ તે પૂર્ણ ન થવાથી તેમણે દીક્ષા છોડી દીધી અને ફરી બ્રાહ્મણ બની ગયા તથા જૈન ધર્મ અને જૈન સાધુઓનો દ્વેષ કરવા લાગ્યા.

શ્રી ભદ્રબાહુ સ્વામીએ પોતાની અગાધ વિદ્વત્તાનો ઉપયોગ કરીને દશ આગમો પર નિર્યુક્તિઓ રચી તથા કલ્પસૂત્રાદિ બીજાં પણ ઘણાં શાસ્ત્રો નિર્માણ કર્યાં અને એ રીતે જૈન શ્રુતની પ્રશસ્ત પ્રભાનો પરમ વિસ્તાર કર્યો.

---

૨ શ્રી યશોભદ્રસૂરિજીની પ્રથમ પાટે શ્રી સંભૂતિવિજયસૂરિજી આવ્યા હતા, તેમની પાટે તેમના શિષ્ય શ્રી સ્થૂલભદ્રજી આવત,

વરાહમિહિરે સાધુ અવસ્થામાં જ્યોતિષવિદ્યાનો સારો અભ્યાસ કર્યો હતો. એટલે એ વિદ્યાથી રાજા તથા પ્રજાનું મન રંજન કરવા લાગ્યો. પછી તો તેણે એવી વાત પણ વહેતી મૂકી કે–

'હું નાનો હતો ત્યારથી મને જ્યોતિષવિદ્યાનો બહુ શોખ હતો. હું એક વાર જંગલમાં ગાયો ચરાવવા ગયો હતો, ત્યાં રમતાં રમતાં મેં એક શિલા પર સિંહ–લગ્નની કુંડલી બનાવી હતી. સાંજે વખત થઈ જવાથી હું ઉતાવળમાં ને ઉતાવળમાં પેલી કુંડલી ભૂંસ્યા વગર ઘેર ગયો. પણ રાત્રે વિચાર આવ્યો કે મેં બનાવેલી લગ્નકુંડલી ભૂંસી નથી, માટે અત્યારે જઈને ભૂંસી નાખું. તરત જ હું કોઈ પણ જાતનો ભય રાખ્યા વિના એકલો જંગલમાં ગયો ને જોયું તો એ લગ્નકુંડલી ઉપર એક સિંહ બેઠેલો હતો, પરંતુ મેં એ સિંહનો ડર રાખ્યા વિના તેની નીચે હાથ નાખીને એ કુંડલી ભૂંસી નાખી.

સિંહ મારું આ પરાક્રમ જોઈ પ્રસન્ન થયો અને સૂર્ય-રૂપે પ્રત્યક્ષ થઈને બોલ્યો કે 'હે વત્સ! હું તારી આ લગ્ન-કુંડલી ઉપરની ભક્તિથી અને તારા પરાક્રમથી પ્રસન્ન થયો છું. માટે તું કોઈ પણ વર માગ.'

પરંતુ આચાર્ય શ્રી સંભૂતિવિજયજી આચાર્યપદ પર માત્ર આઠ જ વર્ષ રહ્યા હતા અને એમના સ્વર્ગવાસ–સમયે શ્રી સ્થૂલભદ્રજી નવા જેવા જ હતા, આથી શ્રી યશોભદ્રસૂરિજીની પાટે તેમના જ બીજા શિષ્ય શ્રી ભદ્રબાહુસ્વામીજી પણ પટ્ટધર બન્યા. એ જ કારણે પટ્ટાવલીકારોએ શ્રી યશોભદ્રસૂરિજીની પાટે બે શિષ્યો પટ્ટધર બન્યાનો ઉલ્લેખ કર્યો છે.

—જૈન પરંપરાનો ઇતિહાસ, ભાગ પહેલો, પૃ. ૧૨૬

મેં કહ્યું : 'હે સૂર્યદેવ ! જો તમે મારા ઉપર ખરેખર જ પ્રસન્ન થયા હો તો મને જ્યોતિષચક્રના દરેક ગ્રહો, નક્ષત્રો, તારાના વિમાનો, એની ચાલ તથા સંપૂર્ણ જ્યોતિષ-મંડળ બતાવો.'

સૂર્યદેવે મારી વિનંતિ સ્વીકારી અને આખું જ્યોતિષ-મંડળ બતાવ્યું. અને તે મેં બરાબર યાદ રાખી લીધું. આ રીતે મિહિર (સૂર્ય)ના પ્રસાદથી મને જ્યોતિષનું સાચું જ્ઞાન મળ્યું છે, તેથી જ મારું નામ વરાહમિહિર તરીકે પ્રસિદ્ધ થયું છે, વગેરે વગેરે.

ત્યાર પછી વરાહમિહિરે જ્યોતિષનો સવાલાખ શ્લોક પ્રમાણ એક મોટો ગ્રંથ રચ્યો અને બીજી પણ કેટલીક કૃતિઓ નિર્માણ કરી. અનુક્રમે તેની લોકપ્રિયતા વધતાં તે નંદ રાજાનો માનીતો થયો.

હવે એક દિવસ તેણે રાજાને કહ્યું : 'હે રાજન્ ! આ ચોમાસામાં અમુક દિવસે ઘણી જ વૃષ્ટિ થશે, તે વખતે એક આવન પળનું મોટું માછલું આવીને મેં દોરેલા કુંડાળાની મધ્યમાં પડશે.' પછી તેણે એ નિમિત્તે એક મોટું કુંડાળું દોર્યું.

આ સમાચાર આચાર્યશ્રી ભદ્રબાહુ સ્વામીને મળ્યા. તેમણે રાજાને કહેવડાવ્યું કે 'ચોમાસાના અમુક દિવસે ઘણી જ વૃષ્ટિ થશે એ વાત સાચી છે, પણ તે વખતે જે માછલું પડશે, તે કુંડાળાની કિનાર પર પડશે અને તેનું વજન આવન પળ નહિ, પણ સાડી એકાવન પળનું હશે.'

હવે ચોમાસામાં નિયત દિવસે ખૂબ વૃષ્ટિ થઈ અને

માછલું પડ્યું, પણ તે શ્રી ભદ્રબાહુ સ્વામીના કહ્યા મુજબ કુંડાળાની કિનારે પડ્યું અને તેનું વજન કરી જોતાં તે બરાબર સાડી એકાવન પળ થયું. આથી વરાહમિહિરની પ્રતિષ્ઠાને ફટકો પડ્યો અને તે જૈનસંઘ તથા જૈન મુનિઓનો વધારે દ્વેષ કરવા લાગ્યો.

એવામાં રાજાને ત્યાં પુત્રજન્મ થયો. વરાહમિહિરે તેની કુંડલી બનાવી અને ભવિષ્ય ભાખ્યું કે 'આ રાજકુમાર પૂરાં સો વર્ષ જીવશે.' આથી રાજા અને પ્રજાને ઘણો આનંદ થયો અને મોટો ઉત્સવ ઉજવાયો. એ વખતે બધા ધર્મના ગુરુઓ ખુશાલી બતાવવા રાજા પાસે ગયા અને 'આ પુત્ર ઘણું જીવો' એવા આશીર્વાદ આપી આવ્યા, પરંતુ શ્રી ભદ્રબાહુ સ્વામી ત્યાં ગયા નહિ કે તે માટે તેમણે પોતાના આશીર્વાદ પાઠવ્યા નહિ.

આ પ્રસંગનો લાભ લઈ વરાહમિહિરે રાજાને કહ્યું : 'રાજન્ ! આપને ત્યાં લાંબા વખતે પુત્રજન્મ થવાથી સહુ હર્ષિત થયા અને પોતાની ખુશાલી બતાવી ગયા, પણ જૈનોના આચાર્ય ભદ્રબાહુ આવ્યા નહિ, તેનું કારણ તો તમે જાણો.'

રાજાએ શકડાલ મંત્રીને પૂછ્યું કે 'આ આનંદ પ્રસંગે બધા મને મળવા આવ્યા, પણ તમારા ગુરુ કેમ ન આવ્યા ?' શકડાલ મંત્રીએ કહ્યું : 'એમને પૂછીને કાલે જવાબ આપીશ.'

શકડાલ મંત્રી શ્રી ભદ્રબાહુ સ્વામીને મળ્યા અને કારણ પૂછ્યું. શ્રી ભદ્રબાહુ સ્વામીએ કહ્યું : 'મુનિઓને જન્મથી હર્ષ અને મરણથી શોક થતો નથી. વળી એ રીતે રાજાને

ત્યાં જવાનો એમનો આચાર પણ નથી. પરંતુ આ વાત કોઈ એ રાજાને ઉશ્કેરવા માટે જ કરી છે, તેથી તેની જિન-શાસન પર અપ્રીતિ ન થાય, તેમ કરવું જોઈએ. વારુ, તમે રાજાને એમ કહેજો કે નકામું બે વખત આવવું–જવું શા માટે ? આ પુત્ર તો આજથી સાતમા દિવસે બિલાડીથી મરણ પામવાનો છે.'

શકડાલ મંત્રીએ આ વાત રાજાને કરી, એટલે રાજાએ પુત્રની રક્ષા કરવા ખૂબ ચોકી–પહેરા મૂકી દીધા અને નગરની બધી બિલાડીઓને પકડાવી દૂર મોકલી દીધી. પણ બન્યું એવું કે સાતમા દિવસે ધાવમાતા બારણામાં બેસીને પુત્રને ધવરાવતી હતી, તે વખતે અકસ્માત તે પુત્ર પર લાકડાનો આગળિયો પડ્યો અને તે મૃત્યુ પામ્યો. આથી સર્વત્ર શોક છવાઈ ગયો અને વરાહમિહિર પોતાનું મુખ સંતાડવા લાગ્યો.

આ વખતે શ્રી ભદ્રબાહુ સ્વામી રાજાનો શોક નિવારવા રાજમહેલમાં ગયા. ત્યાં રાજાને સંસારનું સ્વરૂપ સમજાવ્યું અને શાંત્વન આપ્યું. રાજાએ તેમના જ્યોતિષજ્ઞાનની પ્રશંસા કરી અને સાથે એ પણ પૂછ્યું કે ' બિલાડીથી મરણ થશે, એ વાત સાચી કેમ ન પડી ?' એ વખતે આચાર્યશ્રીએ આગળિયો મંગાવ્યો તો તેના પર બિલાડીનું મોઢું કોરેલું હતું. આથી રાજાને સંતોષ થયો અને તે આચાર્યશ્રીનો પરમ ભક્ત બન્યો.

આ પ્રસંગથી વરાહમિહિરનો દ્વેષ વધારે સતેજ થયો અને તે મરીને વ્યંતર થતાં જૈન સંઘમાં મહામારીનો ઉપદ્રવ

ફેલાવવા લાગ્યો. આથી શ્રી ભદ્રબાહુ સ્વામીએ અનેક મંત્રોથી ગર્ભિત એવું ઉવસગ્ગહરં સ્તોત્ર બનાવ્યું અને તેનો શ્રીસંઘને પાઠ કરવા કહ્યું. તેથી મહામારીનો ઉપદ્રવ દૂર થયો અને ત્યારથી આ સ્તોત્ર ઇહલૌકિક તથા પારલૌકિક કલ્યાણ અર્થે શ્રીસંઘ દ્વારા ભણાવા લાગ્યું.

ઉવસગ્ગહરં સ્તોત્ર શ્રીભદ્રબાહુ સ્વામીએ બનાવ્યું, એ હકીકતની નોંધ અનેક ગ્રંથોમાં થયેલી છે અને તે માટે નીચેની ગાથા પ્રસિદ્ધ છે :--

उवसग्गहरं थोत्तं, काऊणं जेण संघकल्लाणं ।
करुणायरेण विहियं, स भद्दबाहु गुरू जयउ ॥

'કરુણાના ભંડાર એવા જેમણે ઉપસર્ગહર સ્તોત્ર રચીને શ્રીસંઘનું કલ્યાણ કર્યું, તે શ્રીભદ્રબાહુ ગુરુ જયવંતા વર્તો.'

શ્રીસંઘતિલકકૃત **सम्यक्त्वसप्ततिकावृत्ति**માં કહ્યું છે કે 'तेहिं नाणबलेण वराहमिहिरवंतरस्स दुच्चिट्ठियं नाऊण सिरिपाससामिणो 'उवसग्गहरं' थवणं काऊण संघकए पेसियं– તે શ્રીભદ્રબાહુ સ્વામીએ જ્ઞાનબળથી વરાહમિહિર વ્યંતરનું દુશ્ચેષ્ટિત જાણીને શ્રી પાર્શ્વનાથ સ્વામીનું ઉવસગ્ગહરં નામનું સ્તવન બનાવીને સંઘને મોકલ્યું.' તે પહેલાં આ જ વૃત્તિમાં એવી નોંધ થયેલી કે ચતુર્દશપૂર્વધર શ્રી ભદ્રબાહુ સ્વામીને વરાહમિહિર નામનો એક સહોદર એટલે સગો ભાઈ હતો.

શ્રી મુનિસુંદરસૂરિએ **ગુર્વાવલી**માં કહ્યું છે કે–

अपश्चिमः पूर्वभृतां द्वितीयः,
श्री भद्रबाहुश्च गुरुः शिवाय ।

कृत्वोपसर्गादिहरस्तवं यो,
ररक्ष संघं धरणार्चितांहिः ॥
निर्यूढ सिद्धान्तपयोधिरापे,
स्वर्यश्च वीरात् खनगेन्दुवर्षे ।

'આચાર્યશ્રી યશોભદ્રસૂરિજીના બીજા પટ્ટધર, છેલ્લા પૂર્વધર, ઉપસર્ગહરસ્તોત્ર રચીને સંઘરક્ષા કરનાર, ધરણેંદ્રથી પૂજિત, સિદ્ધાંતસાગરને વહન કરનાર અને વીર સંવત્ ૧૭૦માં સ્વર્ગવાસી થયા એવા શ્રી ભદ્રબાહુ ગુરુ તમારા કલ્યાણને માટે થાઓ.'

આ બધા ઉલ્લેખો પરથી તો એમજ સમજાય છે કે ચતુર્દશપૂર્વધર શ્રીભદ્રબાહુ સ્વામીએ આ સ્તોત્ર વ્યંતરકૃત ઉપદ્રવ નિવારવા માટે શ્રીસંઘના કલ્યાણ માટે રચ્યું. પરંતુ ઐતિહાસિક સંશોધન કરનારા વિદ્વાનોનું એમ કહેવું છે કે જો ભદ્રબાહુ સ્વામીને વરાહમિહિર નામના ભાઈ હતા, તે જ્યોતિષના પરમ નિષ્ણાત હતા અને મરણ બાદ વ્યંતર થતાં તેણે કરેલો ઉપસર્ગ નિવારવા આ સ્તોત્ર રચ્યું, એ હકીકતને માન્ય રાખીએ તો ચતુર્દશપૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામી આ સ્તોત્રના રચયિતા સંભવી શકતા નથી, કારણ કે તેઓ વીર-નિર્વાણ ૧૭૦માં સ્વર્ગવાસી થયેલ છે અને જ્યોતિષવિદ્યામાં પરમ નિષ્ણાત એવા વરાહમિહિર તો ઇસ્વીસનના છઠ્ઠા સૈકામાં એટલે વીરનિર્વાણ પછી અગિયારમી-બારમી સદીમાં થયેલા છે.

પ્રો. એ. મેકડોનલે **સંસ્કૃત-સાહિત્યના ઈતિહાસ**

(પૃ. ૫૬૪) માં જણાવ્યું છે કે વરાહમિહિરનો જન્મ ઉજ્જન આગળ થયો હતો. એણે ગણિતનું કામ આશરે ઈ. સ. ૫૦૫માં કરવા માંડયું અને એના એક ટીકાકારના કહેવા પ્રમાણે એ ઈ. સ. ૫૮૭માં મરણ પામ્યો.

તેના રચેલા મુખ્ય ગ્રંથો **બૃહત્સંહિતા, હોરાશાસ્ત્ર, લઘુજાતક** અને **પંચસિદ્ધાન્તિકા** છે. તેમાંથી બૃહત્ સંહિતાનું ભાષાંતર જર્નલ ઓફ એસિયાટિક સોસાયટી (Journal of Asiatic Society) ના ચોથા પુસ્તકમાં પ્રકટ થયેલું છે. મૂળ ગ્રંથ સને ૧૮૬૪–૬૫ ની બીબ્લીઓથીકા ઇન્ડિકામાં પ્રસિદ્ધ થયેલો છે. હોરાશાસ્ત્રનું ભાષાંતર મદ્રાસના સી. આયરે કરેલું છે. લઘુજાતકના થોડા ભાગનું ભાષાંતર પ્રૉ. વેબર અને જેકોબીએ સને ૧૮૭૨માં કરેલું છે અને પંચસિદ્ધાન્તિકાનું પ્રકાશન તથા તેના મોટા ભાગનું ભાષાંતર પ્રૉ. થીબો અને એસ. દ્વિવેદીએ બનારસથી પ્રકટ કરેલું છે. તે પૈકી પંચસિદ્ધાન્તિકામાં તેનો રચનાકાલ શાકે ૪૨૭ બતાવેલો છે, એટલે કે તે ઈ.સ. ૫૬૧ માં રચાયેલી છે.

વિશેષમાં તેઓ કહે છે કે જ્યોતિષશાસ્ત્રમાં પરમ નિષ્ણાત એવો અન્ય કોઈ વરાહમિહિર આ પૂર્વના કાળમાં થયો હોય, એવું હજી સુધી જાણવામાં આવ્યું નથી. વળી સવા લાખ શ્લોકવાળી વાત અમુક અંશે બૃહત્સંહિતાને જ લાગુ પડે છે. દંતકથાઓમાં રસની જમાવટ માટે ઘણીયે વાર અતિશયોક્તિ થાય છે, તેવું આમાં પણ બન્યું હોય. એટલે કથામાં જે વરાહમિહિરનો ઉલ્લેખ કરવામાં આવે છે, તે આ જ વરાહમિહિર સંભવે છે.

બીજી બાજુ ભદ્રબાહુસ્વામી એક કરતાં વધારે હોવાનું પુરવાર થતું જાય છે અને દશ નિર્યુક્તિઓ, કલ્પસૂત્ર આદિના રચનાર ચતુર્દશપૂર્વધર શ્રીભદ્રબાહુ સ્વામી નહિ, પણ બીજા શ્રીભદ્રબાહુ સ્વામી હોવા જોઈએ, એમ માનવાને કારણો મળે છે. દાખલા તરીકે જે ઓઘનિર્યુક્તિ ચતુર્દશપૂર્વધર શ્રીભદ્રબાહુ સ્વામીની મનાય છે, તેની પ્રથમ ગાથા આ પ્રકારની છે :

अरिहंते वंदित्ता चउद्दसपुव्वी तहेव दसपुव्वी ।
एक्कारसंग सुत्तधारए सव्वसाहू य ॥

આ ગાથાના રચનાર ચતુર્દશપૂર્વધર હોય તો તેઓ દશપૂર્વી વગેરેને શા માટે નમસ્કાર કરે ?

વળી આવશ્યકનિર્યુક્તિની ગાથા ૨૩૦માં શ્રી વજ્રસ્વામીનો ઉલ્લેખ આવે છે કે જેમનો જન્મ વીરનિર્વાણ સંવત્ ૪૯૬માં થયો હતો અને નિર્વાણ વી. નિ. સંવત્ ૫૮૪ માં થયું હતું. તે જ રીતે ગાથા ૨૩૨માં શ્રી આર્યરક્ષિતનો ઉલ્લેખ આવે છે કે જેમનો જન્મ વી. નિ. સંવત્ ૫૨૨માં થયો હતો અને નિર્વાણ વી. નિ. સં. ૫૯૭માં થયું હતું. (માથુરી વાચના અનુસાર વી. નિ. સં. ૫૮૪માં થયું હતું.)

ત્યાર બાદ સાત નિહ્નવોનું વર્ણન કરતાં શ્રી મહાવીર નિર્વાણ બાદ ૪૦૯મા વર્ષે બોટિક એટલે દિગમ્બર મતની ઉત્પત્તિ બતાવી છે.

આ બધું વી. નિ. સં. ૧૭૦માં સ્વર્ગવાસી થયેલ ચતુર્દશપૂર્વધર શ્રીભદ્રબાહુસ્વામી શી રીતે લખે ? એટલે

કે તેનું નિર્માણ તેમની પછી લાંબા અંતરે થયેલા અન્ય ભદ્રબાહુ સ્વામીએ જ કરેલું સંભવે છે અને વરાહમિહિરનો સંબંધ જોતાં એ બીજા ભદ્રબાહુ સ્વામી ઈસ્વીસનના છઠ્ઠા સૈકામાં થયેલા હોવા જોઈએ, એવો નિશ્ચય થાય છે.

બીજા ભદ્રબાહુ સ્વામીનો ઉલ્લેખ દિગમ્બર સાહિત્યમાં આવે છે. **તિલોયપન્નત્તિ**માં તેમનું બીજું નામ વજ્રયશા જણાવેલું છે, **ઉત્તરપુરાણ, હરિવંશપુરાણ, સૂયખંધો** વગેરેમાં તેમનું નામ યશોબાહુ જણાવેલું છે, **શ્રુતાવતાર**માં તેમનું નામ જયબાહુ જણાવેલું છે અને જિનસેનકૃત **આદિપુરાણ**માં તેમનું નામ મહાયશસ્ જણાવેલું છે. અહીં વિચારવાનું એ છે કે ઉવસગ્ગહરં સ્તોત્રની પાંચમી ગાથામાં આવતો **મહાયસ** શબ્દ તેમનો સૂચક તો નહિ હોય!

શ્રવણબેલ્ગોલે–ચંદ્રગિરિના લેખમાં એમ કહ્યું છે કે શ્રુતકેવલી આચાર્ય ભદ્રબાહુની પરંપરામાં થયેલા નિમિત્તવેદી બીજા ભદ્રબાહુએ બાર વર્ષનો દુષ્કાળ પડતાં દક્ષિણમાં કર્ણાટક સુધી વિહાર લંબાવ્યો અને ત્યાં એક પહાડી પર ૭૦૦ શ્રમણો સાથે અનશન લઈ મરણસમાધિ મેળવી. પોતે સંઘ સાથે વિહાર કરતાં આગળ વધતા હતા, ત્યારે તેમણે એક શિષ્યને અનશન કરવાની મનાઇ કરી રોકી રાખ્યો હતો. આ શિષ્યનું નામ 'દક્ષિણવિહારી' હતું, ત્યાર પછી ત્યાં આચાર્ય ચંદ્રગિરિ પધાર્યા વગેરે.

તાત્પર્ય કે ઈસ્વીસનના છઠ્ઠા સૈકામાં એટલે કે વીર નિર્વાણ પછી અગિયારમી–બારમી સદીમાં બીજા ભદ્રબાહુ

સ્વામી થયા હોવા જોઇએ કે જેમને વરાહમિહિર નામનો ભાઈ હતો, જે પોતે મહા વિદ્વાન હતા અને જ્યોતિષશાસ્ત્રના અદ્વિતીય જ્ઞાતા હોઈ વરાહમિહિરની સૂક્ષ્મમાં સૂક્ષ્મ ગણતરીમાં પણ ભૂલો બતાવી શકયા હતા. તેમણે નીચેના ગ્રંથોની રચના કરી હોય એ સંભવિત છે:

૧ આવશ્યકનિર્યુક્તિ
૨ દશવૈકાલિક ,,
૩ ઉત્તરાધ્યયન ,,
૪ આચારાંગ ,,
૫ સૂત્રકૃતાંગ ,,
૬ સૂર્યપ્રજ્ઞપ્તિ ,,
૭ ઋષિભાષિત ,, મૂળ પણ પોતે રચેલું અને નિર્યુક્તિ પણ પોતે રચેલી છે.
૮ વ્યવહારસૂત્ર ,,
૯ દશાશ્રુતસ્કંધ ,,
૧૦ બૃહત્કલ્પસૂત્ર ,,
૧૧ પિંડનિર્યુક્તિ
૧૨ સંસક્તનિર્યુક્તિ
૧૩ ઓઘનિર્યુક્તિ
૧૪ ભદ્રબાહુસંહિતા
૧૫ નવગ્રહશાન્તિસ્તોત્ર
૧૬ દ્વાદશભાવજન્મપ્રદીપ
૧૭ વસુદેવહિંડી
૧૮ ઉવસગ્ગહરં સ્તોત્ર

પર્યુષણ પર્વમાં શ્રી ભદ્રબાહુ સ્વામીકૃત જે કલ્પસૂત્ર વંચાય છે, તે તેમણે રચેલા દશાશ્રુતસ્કંધના આઠમા અધ્યયનનો વિસ્તાર છે.

પ્રાચીન કાલમાં ઐતિહાસિક સાધનો ઓછાં હતાં, એટલે આ વસ્તુ તરફ ધ્યાન ખેંચાયું ન હોય એ બનવા જોગ છે અને બીજા ભદ્રબાહુની વાત પ્રથમ ભદ્રબાહુ સાથે જોડાઈ ગઈ હોય એ સંભવિતતાને પણ નકારી કાઢવા જેવી નથી. પ્રબંધકારોએ તથા આ સ્તોત્ર પરના ટીકાકારોએ આ સ્તોત્રની ઉત્પત્તિ સંબંધમાં લગભગ ઉપર જણાવી તેવી જ હકીકત પરંપરાગત માન્યતાને આધારે કહેલી છે, પરંતુ તે પણ સાવ દોષરહિત નથી.

દાખલા તરીકે કેટલાક પ્રબંધકારોએ વરાહમિહિરને પ્રતિષ્ઠાનપુરનો ન માનતાં પાટલિપુત્રનો માન્યો છે અને તેનો સંબંધ નંદ રાજા સાથે જોડ્યો છે, તો કેટલાક પ્રબંધકારોએ તે પ્રતિષ્ઠાનપુરના રાજા જિતશત્રુનો પુરોહિત થયો, એમ જણાવ્યું છે.

ખરી હકીકત તો એ છે કે જે શ્રુતિઓ પરંપરાએ તેમની પાસે આવી હતી, તેને તેમણે અક્ષરાંકિત કરેલી છે અને એ શ્રુતિઓ ભિન્ન ભિન્ન પ્રકારની હોવાથી તેમનાં વર્ણનોમાં આ પ્રકારની ભિન્નતાઓ દેખાય છે.

ઉપાસકોની દૃષ્ટિએ તો આ કૃતિ પ્રથમ ભદ્રબાહુની હોય કે બીજા ભદ્રબાહુની હોય એ બહુ મહત્ત્વની વાત નથી. તે એક શ્રુતસ્થવિર મંત્રવાદી મહાત્માની કૃતિ છે અને મહા પ્રાભાવિક છે, એ હકીકત જ મહત્ત્વની છે. તે અંગે વધારે વિવાદ કરવાથી શું ?

[૬]

ઉવસગ્ગહરં સ્તોત્રનો અજબ પ્રભાવ

ઉવસગ્ગહરં સ્તોત્રનો પ્રભાવ વર્ણવતાં શ્રી જિનસૂર મુનિએ ' **પ્રિયંકરનૃપકથા** 'માં કહ્યું છે કે—

उपसर्गहरस्तोत्रं, कृतं श्रीभद्रबाहुना ।
ज्ञानादित्येन सङ्घस्य, शान्तये मङ्गलाय च ॥१॥

' આ ઉપસર્ગહર સ્તોત્ર જ્ઞાનના સૂર્ય સમાન શ્રી ભદ્રબાહુ સ્વામીએ સંઘની શાંતિ અને કલ્યાણ માટે બનાવ્યું છે. '

આ સ્તોત્રનો પ્રારંભ ' **उवसग्गहरं** ' શબ્દથી થતો હોવાથી તે ' ઉવસગ્ગહરં સ્તોત્ર ' તરીકે ઓળખાય છે. તેનો સંસ્કૃત સંસ્કાર ' **उपसर्गहरस्तोत्र** ' છે. કેટલીક જગાએ તેને ' **उपसर्गहरस्तव** ' કે ' **उपसर्गहरस्तवन** ' પણ કહેવામાં આવ્યું છે, તો કોઈક સ્થળે તેનો ઉલ્લેખ ' **उपसर्गहरणस्तोत्र** ' તરીકે પણ થયેલો છે. વળી આ કૃતિમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સ્તવન થયેલું હોવાથી કોઈ કે તેને ' **पार्श्वजिन-**

લઘુસ્તુતિ,' તો કોઈએ માત્ર 'પાર્શ્વસ્તવન' તરીકે પણ તેની નોંધ લીધેલી છે.

આ સ્તોત્ર શ્રી ભદ્રબાહુ સ્વામીએ બનાવેલું છે કે જેઓ જ્ઞાનના સૂર્ય સમાન હતા, અર્થાત્ ચૌદ-પૂર્વધારી હતા. 'તેમને આ સ્તોત્ર શા માટે બનાવવું પડ્યું?' તેનો ખુલાસો કરતાં શ્રી જિનસૂરમુનિએ જણાવ્યું છે કે સંઘમાં ઉપદ્રવની શાંતિ થાય તથા મંગલ પ્રસરે તે માટે તેમણે આ મહા પ્રાભાવિક સ્તોત્ર બનાવેલું છે.

एतत्स्तवप्रभावो हि, वक्तुं केनापि शक्यते?।
गुरुणा हरिणा वा वाक्-प्रह्वयाऽप्येकजिह्वया ॥२॥

'આ સ્તવનો પ્રભાવ કહેવાનું કોનાથી શક્ય છે? વાણીમાં નમ્ર એવી એક જીભથી તો બૃહસ્પતિ કે ઇંદ્ર પણ તે કહેવાને સમર્થ નથી.'

અહીં સ્તવ અને સ્તોત્ર શબ્દ એકાર્થવાચી છે. આ સ્તોત્રનો પ્રભાવ એટલો મહાન છે-મોટો છે કે ખુદ બૃહસ્પતિ કે ઇંદ્ર પણ તેને એક જીભ વડે કહી શકે નહિ. અર્થાત્ તેનું પૂરું વર્ણન કરવું હોય તો સેંકડો જીભો જોઈએ.

उपसर्गहरस्तोत्रं, स्मृते स्युः शुभसम्पदः।
संयोगसन्ततिर्नित्यं, स्युः समीहितसिद्धयः ॥३॥

'ઉપસર્ગહર સ્તોત્રનું નિત્ય સ્મરણ કરવાથી શુભ સંપત્તિઓ, સંતતિનો યોગ તથા ઇચ્છિત સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે.'

અહીં શુભ સંપત્તિથી વિદ્યાસંપત્તિ, કલાસંપત્તિ,

ધર્મસંપત્તિ તથા ધનસંપત્તિ સમજવી. સંતતિના યોગથી વિનયવાન આજ્ઞાંકિત પુત્ર–પુત્રીઓનો પરિવાર સમજવો અને ઇચ્છિત સિદ્ધિઓથી વ્યાપારમાં લાભ, શત્રુપક્ષ પર વિજય તથા મંત્રાદિ સિદ્ધિઓ સમજવી.

उदयोच्चपदोपाया, उत्तमत्वमुदारता ।
उकाराः पञ्च पुंसः स्युरुपसर्गहरस्मृतेः ॥

'ઉપસર્ગહરસ્તોત્રનું સ્મરણ કરતાં પુરુષને પાંચ ઉકાર પ્રાપ્ત થાય છે. તે આ પ્રમાણે : (૧) ઉદય, (૨) ઉચ્ચપદ, (૩) ઉપાય, (૪) ઉત્તમતા અને (૫) ઉદારતા.'

ઉવસગ્ગહરં સ્તોત્રનો પ્રથમ અક્ષર ઉ છે. તે પાંચ ઉકારને આપનારો છે. તેમાં પ્રથમ ઉ થી ઉદય એટલે દિન-પ્રતિદિન ચડતી થાય છે. બીજા ઉ થી ઉચ્ચપદ એટલે કોઈ મોટા પદની પ્રાપ્તિ થાય છે; જેમકે નગરશેઠાઈ, મંત્રીપદ, પ્રધાનપદ વગેરે. આધુનિક પરિભાષામાં કહીએ તો તેનાથી કોઈ મોટો હોદ્દો મળે છે કે રાજ્યાદિ તરફથી સન્માન મળે છે. ત્રીજા ઉ થી ઉપાય એટલે ઇષ્ટપ્રાપ્તિનાં સાધનો પ્રાપ્ત થાય છે. ચોથા ઉ થી ઉત્તમતા એટલે શ્રેષ્ઠતા પ્રાપ્ત થાય છે અને પાંચમા ઉ થી ઉદારતા એટલે દાન કે પરોપકાર કરવાની વૃત્તિ જાગે છે.

पुण्यं: पापक्षयः प्रीतिः, पद्मा च प्रभुता तथा ।
पकाराः पञ्च पुंसां स्युः, पार्श्वनाथस्य संस्मृतौ ॥५॥

'શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સ્મરણ કરતાં પુરુષોને પાંચ

પકારની પ્રાપ્તિ થાય છે. તે આ પ્રમાણે : (૧) પુણ્ય, (૨) પાપક્ષય, (૩) પ્રીતિ, (૪) પદ્મા અને (૫) પ્રભુતા.'

ઉવસગ્ગહરં સ્તોત્રનું સ્મરણ કરતાં મુખ્યત્વે પુરુષાદાનીય શ્રીપાર્શ્વનાથ ભગવાનનું સ્મરણ થાય છે. એ સ્મરણમાં પાંચ પકાર આપવાની શક્તિ રહેલી છે. પહેલા પકારથી (પુણ્યથી) પુણ્યની અભિવૃદ્ધિ સમજવી. બીજા પકારથી પાપક્ષય સમજવો. ત્રીજા પકારથી (પ્રીતિથી) લોકોની પ્રીતિ અર્થાત્ લોકપ્રિયતા સમજવી. ચોથા પકારથી (પદ્માથી) લક્ષ્મી સમજવી અને પાંચમા પકારથી પ્રભુતા એટલે સર્વ કાર્યમાં અગ્રેસરપણું સમજવું.

उपसर्गहरस्तोत्रमष्टोत्तरशत सदा ।
यो ध्यायति स्थिरस्वान्तो मौनवान् निश्चलासनः ॥६॥
तस्य मानवराजस्य, कार्यसिद्धिः पदे पदे
भवेच्च सततं लक्ष्मीश्चञ्चलाऽपि हि निश्चला ॥७॥

'જે મનુષ્ય આસન સ્થિર કરી, મૌનપણે, સ્થિરચિત્તથી ઉપસર્ગહરસ્તોત્રનું ૧૦૮ વાર નિરંતર સ્મરણ કરે છે, તે શ્રેષ્ઠ મનુષ્યને પગલે પગલે કાર્યસિદ્ધિ થાય છે અને લક્ષ્મી સ્વભાવે ચંચલ હોવા છતાં તેને ત્યાં નિશ્ચલા–સ્થિર થઈને રહે છે, અર્થાત્ તેનું ઘર છોડતી નથી.'

ઉપસર્ગહરસ્તોત્રનું સ્મરણ કેવી રીતે કરવું ? તેનો અહીં નિર્દેષ કરવામાં આવ્યો છે. પ્રથમ તે માટે કોઈ અનુકૂળ આસન ગ્રહણ કરીને બેસવું જોઈએ. જો પદ્માસન કે સ્વસ્તિ–

કાસન સરલતાથી થઈ શકતું હોય તો તે ગ્રહણ કરવું, અન્યથા સુખાસને બેસવું. પણ તે વખતે કાયાને સ્થિર રાખવી, એટલે કે જરા પણ હલાવવી નહિ. હાથ–પગ ઊંચા નીચા કરવા, ડોક મરડવી, આમતેમ જોવું કે કોઈ પણ પ્રકારની ઈશારત કરવી, એ આ નિયમનો ભંગ કરવા બરાબર છે.

બીજું એ વખતે મૌન ધારણ કરવું, એટલે કોઈની સાથે કોઈ પ્રકારની વાત કરવી નહિ તથા સ્તોત્રનો પાઠ પણ મનથી જ કરવો.

ત્રીજું એ વખતે ચિત્તને સ્થિર રાખવું, એટલે કે તેને જ્યાં ત્યાં રખડવા દેવું નહિ. તેની સર્વ વૃત્તિઓ ઉપસર્ગહર-સ્તવનના માનસિક સ્મરણમાં જ એકાગ્ર કરવી. મંત્રવિશારદોનો એ અભિપ્રાય છે કે જ્યાં સુધી મંત્ર અને મન એક થાય નહિ, અર્થાત્ તેનું અભેદભાવે સ્મરણ–ચિંતન થાય નહિ, ત્યાં સુધી મંત્રાર્થ કે મંત્રચૈતન્ય પ્રકટ થતાં નથી અને તેનો પ્રભાવ જોવામાં આવતો નથી. સંત કબીરે કહ્યું છે કે—

माला तो करमें फिरे, जीभ फिरे मुखमांही ।
मनडुं तो चिहुं दिश फिरे, ए तो सुमिरन नांही ।

'હાથમાં માળા ફરી રહી હોય, મુખમાં જીભ ફરી રહી હોય અને મન ચારે દિશામાં ભટકી રહ્યું હોય તો તેને સ્મરણ કહેવાય નહિ.'

તાત્પર્ય કે જ્યારે આ સ્તોત્રનું સ્મરણ કરવા માટે માળા ફેરવતા હોઈએ ત્યારે મુખમાં જીભ હલાવવી નહિ

અને મનને જ્યાં ત્યાં રખડવા દેવું નહિ. તો જ તેનું સાચા અર્થમાં સ્મરણ થયું ગણાય. જો આવું સ્મરણ રોજ ૧૦૮ વાર કરવામાં આવે તો મનમાં ધારેલા કોઇપણ કાર્યની સિદ્ધિ અવશ્ય થાય તથા લક્ષ્મી સ્થિરવાસ કરીને રહે. અન્ય શબ્દોમાં કહીએ તો તેને કદી પણ ધનની–પૈસાની તંગી પડે નહિ.[1]

शाकिन्यादिभयं नास्ति, न च राजभयं जने ।
षण्मासं ध्यायमानेऽस्मिन्नुपसर्गहरस्तवे ॥८॥

'આ ઉપસર્ગહર સ્તોત્રનું છ મહિના સુધી સ્મરણ કરનાર માણસને આ લોકમાં શાકિની વગેરેનો તથા રાજા તરફનો ભય રહેતો નથી.'

प्रत्यक्षा यत्र नो देवा, न मन्त्रा न च सिद्धयः ।
उपसर्गहरस्यास्य, प्रभावो दृश्यते कलौ ॥९॥

'જે સમયમાં દેવો પ્રત્યક્ષ થતા નથી, તેમજ મંત્રો અને સિદ્ધિઓ પણ પ્રત્યક્ષ થતી નથી, એવા આ કલિકાલમાં આ ઉપસર્ગહરસ્તોત્રનો પ્રભાવ બરાબર જોવામાં આવે છે.'

સત્–સત્ય, ત્રેતા અને દ્વાપરયુગમાં દેવો જેટલા સહેલાઇથી પ્રકટ થતા, મંત્રો અને સિદ્ધિઓ જેટલી સહેલાઇથી પ્રાપ્ત થતી, તેટલી સહેલાઇથી આજે કલિકાલમાં

---

૧ આ ગાથા પછી કેટલીક પ્રતિઓમાં 'जलेऽनले नगे मार्गे' વાળી ગાથા નજરે પડે છે, પણ તેનો પાઠ શુદ્ધ નહિ હોવાથી અહીં લીધેલી નથી.

પ્રાપ્ત થતી નથી; એટલે કે આજે તે ઘણા પ્રયત્ને પ્રત્યક્ષ થાય છે. પરંતુ ઉપસર્ગહરસ્તોત્ર તો એટલું પ્રભાવશાળી છે કે તેનો પ્રભાવ તરત જોવામાં આવે છે.

प्राप्नोत्यपुत्रः सुतमर्थहीनः
श्रीदायते पत्तिरपीशतीह ॥
दुःखी सुखी चाथ भवेन्न किं किं
त्वद्रूपचिन्तामणिचिन्तनेन ॥१०॥

'આ સ્તોત્રના સ્મરણથી પુત્ર વિનાનો પુત્રને પ્રાપ્ત કરે છે, ધન વગરનો કુબેર સમાન થાય છે, પગપાળો એટલે સામાન્ય સૈનિક રાજાની માફક શાસન ચલાવે છે અને દુઃખી માણસ સુખી થાય છે. (હે સ્તોત્રરાજ!) તારા જેવા ચિંતામણિનું ચિંતન કરવાથી શું શું નથી થતું? તાત્પર્ય કે બધું જ થાય છે.'

एकया गाथयाऽप्यस्य, स्तवस्य स्मृतमात्रया ।
शान्तिः स्यात् किं पुनः पूर्ण पञ्चगाथाप्रमाणकम् ॥११॥

'આ સ્તોત્રની માત્ર એક ગાથાનું સ્મરણ કરવાથી પણ શાંતિ થાય છે, તો પાંચ ગાથાપ્રમાણ પૂર્ણ સ્તોત્રના સ્મરણનું તો કહેવું જ શું? તાત્પર્ય કે તેનાથી અવશ્ય શાંતિ થાય છે.'

આ ગાથા તેમજ અન્ય પ્રમાણોથી એમ જણાય છે કે આ સ્તોત્ર મૂળ પાંચ ગાથાનું હતું, પણ કાલક્રમે તેમાં વધારો થતો ગયો અને આજે તે સત્તાવીશ ગાથા સુધી

પહોંચ્યું છે. પ્રસ્તુત ગ્રંથમાં પાઠકોની જાણ માટે તેના પ્રચલિત પાઠોનો સંગ્રહ તથા તેના અર્થ વગેરે આપવામાં આવેલ છે.

उपसर्गाः क्षयं यान्ति, छिद्यन्ते विघ्नवल्लयः ।
मनः प्रसन्नतामेति, ध्यातेऽस्मिन् स्तवपुङ्गवे ॥१२॥

" આ સ્તોત્રરાજનું ધ્યાન ધરવાથી–સ્મરણ કરવાથી ઉપસર્ગો ક્ષય પામે છે, વિઘ્નરૂપી વેલડીઓ છેદાઈ જાય છે અને મન પ્રસન્નતાને પામે છે. "

ઉપસર્ગહર સ્તોત્રના પ્રભાવથી પ્રિયંકર રાજા વિપુલ સંપત્તિ તથા માનભરેલું પદ પામ્યો. તેની રસભરપૂર કથા શ્રી જિનસૂરમુનિએ સંસ્કૃત ભાષામાં રચેલી છે. તેનો સંક્ષેપ પાઠકોની જાણ માટે અહીં રજૂ કરવામાં આવે છે.

પ્રિયંકર રાજાની કથા

[૧]

મગધ દેશમાં અશોકપુર નામનું ધન્યધાન્યથી સમૃદ્ધ એક નગર હતું. ત્યાં અશોકચંદ્ર નામનો પ્રતાપી, પરાક્રમી અને ન્યાયી રાજા રાજ્ય કરતો હતો. તેને અશોકમાલા નામની પટ્ટરાણી હતી, જે પુષ્પમાલાની જેમ વિવેક, વિનય, શીલલક્ષમાદિ ગુણોના સુગંધવાળી હતી. તેમને ત્રણ પુત્રો હતા : અરિશૂર, રણશૂર અને દાનશૂર. આ ત્રણે ય પુત્રો દેવગુરુ તથા માતા–પિતાના ભક્ત હતા.

કાલક્રમે મોટા પુત્ર અરિસૂરનો વિવાહમહોત્સવ શરૂ થયો. તે વખતે મહેલો રંગાવ્યા, સુંદર વસ્ત્રો તૈયાર

થવા લાગ્યાં અને મનોહર આભૂષણો ઘડાવા લાગ્યાં. કારીગર અને કલાકારો પોતાનું પાણી બતાવવા લાગ્યા. એવામાં પાટલીપુત્રથી આવેલાં કેટલાક સોનીઓએ પ્રણામ કરીને રાજાને કહ્યું : 'હે મહારાજ! આપના મોટા કુંવરનાં લગ્ન સાંભળીને અમે બહુ રાજી થયા છીએ અને આ શુભ પ્રસંગે અમે પણ અમારી કલાનો કંઈક ચમત્કાર બતાવવા ઇચ્છીએ છીએ. જો કે આપના અશોકપુરમાં કલાકારોની ખોટ નથી, તો પણ ઘોડા-ઘોડામાં અને હાથી-હાથીમાં જેમ ફેર હોય છે, માણસ-માણસમાં અને સ્ત્રી-સ્ત્રીમાં જેમ ફેર હોય છે, તેમ કલા-કલામાં પણ ફેર હોય છે. અમે એવાં દિવ્ય આભૂષણો બનાવી શકીએ છીએ કે જેને પહેરવાથી રંક હોય તે રાજા બને છે અને રાજા હોય તે મહારાજાધિરાજ થાય છે. અમારી આ કલા દેવથી અધિષ્ઠિત છે.'

આ જવાબથી હર્ષિત થયેલા રાજાએ તેમને એક હાર બનાવવાની વરધી આપી અને તે માટે સોનું, મોતી, હીરા, રત્નો વગેરે જે જે સામગ્રી જોઈએ, તે પૂરી પાડવાનો બજાનચીને હુકમ કર્યો.

વિશ્વાસુ માણસોની દેખરેખ નીચે છ મહિને તે હાર તૈયાર થયો, ત્યારે ખરેખર તે દિવ્ય હાર જેવો જણાવા લાગ્યો. આવો અનુપમ હાર હજી સુધી કોઈએ જોયો ન હતો. રાજાએ તેના ઘડવૈયાઓની યોગ્ય કદર કરી અને તે હારનું નામ દેવવલ્લભ રાખ્યું. પછી કોઈ સારાં મુહૂર્તે ધારણ કરવાની ઇચ્છાથી તે હારને સુરક્ષિત બજાનામાં મૂકવામાં આવ્યો.

હવે સારું મુહૂર્ત આવ્યું, ત્યારે રાજાએ તે હારને બ્રહ્મનામાંથી બહાર કાઢવાનો હુકમ કર્યો, પરંતુ તે વખતે બ્રહ્મનચીએ ધ્રૂજતાં ધ્રૂજતાં કહ્યું : 'નામવર ! બહુ તપાસ કરવા છતાં તે હાર બ્રહ્મનામાં જણાતો નથી.'

રાજાએ કહ્યું : 'એ સ્થાનમાં તારા સિવાય બીજા કોઈનો પ્રવેશ નથી, માટે જેવું હોય તેવું કહી દે; નહિ તો તને ચોરી કરવા માટે શૂળીએ ચડાવીશ.'

બ્રહ્મનચીએ કહ્યું : 'મહારાજ ! આ બાબતમાં હું કંઈ પણ જાણતો નથી. હું તદ્દન નિર્દોષ છું. છતાં આપને મારાં વચનમાં વિશ્વાસ આવતો ન હોય તો આપ ફરમાવો તે કરવા હું તૈયાર છું.'

રાજાએ વિચાર કર્યો કે વાતની ઊંડાણમાં ઉતર્યા વિના ઉપરટપકેનાં અનુમાનથી કોઈના પર કલંક મૂકવું તે યોગ્ય નથી. તેથી બ્રહ્મનચી પર વધારે દબાણ ન કરતાં નગરમાં ઢંઢેરો પીટાવ્યો કે 'જે કોઈ દેવવલ્લભ હારનો પત્તો મેળવી આપશે, તેને રાજા પાંચ ગામ ઈનામમાં આપશે.'

આ ઢંઢેરો સાત દિવસ સુધી પીટાવા છતાં કોઈએ તેને ઝીલ્યો નહિ, એટલે રાજાએ જોશીઓને બોલાવીને પૂછ્યું કે 'આ હાર મને પાછો મળશે કે નહિ ?' તે વખતે બધા જોશીઓ ચૂપ રહ્યા, પણ વૃદ્ધ જોશીએ કહ્યું : 'હે રાજન્ ! એ હાર તમને પાછો મળશે. પણ બહુ લાંબા સમયે અને તે જેની પાસેથી મળશે, તે તમારી ગાદીએ બિરાજશે. એનું નિશાન એ કે આજથી ત્રીજા દિવસે તમારો હાથી પંચત્વ પામશે.'

જોશીઓનો આ જવાબ સાંભળીને રાજા મૂર્છિત જેવો થઈ ગયો. તે વખતે મંત્રીઓએ કહ્યું : 'મહારાજ! ભવિતવ્યતા કોઈ ટાળી શકતું નથી, માટે તે અંગે ચિંતા કરવી નકામી છે.'

ત્રીજે દિવસે હાથીનું મરણ થયું અને જોશીનું કહેવું સાચું પડ્યું, પરંતુ રાજાએ તેની બહુ દરકાર કરી નહિ. તેણે મોટા પુત્રનાં લગ્ન ખૂબ ધામધૂમથી કર્યાં અને મંત્રીઓને જણાવ્યું કે 'જોશીએ હારના ચોરનારને રાજ્ય મળવાનું કહ્યું છે, પરંતુ તે અસંભવિત છે. તેને તો શૂળીનું જ રાજ્ય પ્રાપ્ત થશે. અને મારા પછી મારો મોટો પુત્ર ગાદીએ આવશે.'

મંત્રીઓએ કહ્યું : 'મહારાજ! તેમજ થશે. જોશીઓ કંઈ ભગવાન નથી કે તેમનું કહેલું બધું સાચું જ પડે. એ માટે આપ નિશ્ચિંત રહો.'

અશોકચંદ્ર ધીમે ધીમે આ વાત ભૂલી ગયો અને પહેલાંની માફક પ્રજાનું પાલન કરવા લાગ્યો.

[૨]

આ જ અશોકપુર નગરમાં પાર્શ્વદત્ત નામનો એક શ્રાવક પોતાની ભાર્યા પ્રિયશ્રી સાથે રહેતો હતો. તે કર્મયોગે નિર્ધન થઈ ગયો. તેથી એ નગર છોડી પાસેના શ્રીવાસ નામનાં ગામડામાં રહેવા ગયો અને ત્યાં પોતાનો નિર્વાહ કરવા લાગ્યો.

એવામાં તેને એક પુત્રની પ્રાપ્તિ થઈ, તેથી બહુ આનંદ થયો. સંસારી મનુષ્યને પુત્રનું મુખ જોતાં ગમે તે હાલતમાં પણ અવશ્ય આનંદ થાય છે.

પ્રિયશ્રી તે પુત્રની ખૂબ સારસંભાળ કરવા લાગી, પરંતુ તે એક વરસનો થતાં બાળરોગનો ભોગ બન્યો અને મરણ પામ્યો. આથી પ્રિયશ્રીને ઘણું દુઃખ થયું. કહ્યું છે કે 'સ્ત્રીને આ જગતમાં–ત્રણ આધાર છે : એક પોતાનો સ્વામી, બીજો પુત્ર અને ત્રીજો પોતાનો ભાઈ.' આ આધાર ચાલ્યો જવાથી તેને મહાદુઃખ થાય, એ સ્વાભાવિક છે.

ત્યારબાદ કેટલાય દિવસ પછી પ્રિયશ્રીને એક સ્વપ્ન આવ્યું કે જાણે તે જમીન ખોદી રહી છે અને તેમાંથી એક સુંદર મોતી મળી આવ્યું. આ સ્વપ્નનો અર્થ એમ થતો હતો કે તેને એક સુંદર પુત્ર થશે. અને તે વાત સાચી પડી. પૂરા દિવસે પ્રિયશ્રીએ એક સુંદર પુત્રને જન્મ આપ્યો. પાર્શ્વદત્ત શેઠે પોતાની શક્તિ મુજબ તેનો ઉત્સવ કર્યો.

પ્રિયશ્રી આ પુત્રને ઘણી કાળજીથી ઉછેરવા લાગી, પરંતુ પહેલા પુત્રનું ભવિષ્ય યાદ આવવાથી તેનું મન પાછું પડી જતું હતું, તેથી તેણે એક વાર પતિને કહ્યું કે 'હે સ્વામિન્! આ ગામમાં આપણને ધનપ્રાપ્તિ તો થતી જ નથી અને હવે બીજા જણનો ઉમેરો થયો. માટે આપણાં મૂળ વતનમાં જ પાછા ચાલો. દાળ–રોટી તો ત્યાં પણ મળી જ રહેશે.'

શેઠે કહ્યું : 'પ્રિયે! તું બહુ શાણી અને સમજુ છે, એટલે તને વધારે શું કહું? પણ શહેરમાં પૈસા વિના સગાંવહાલાંની વચ્ચે રહેવું, તેના કરતાં અજાણ્યાઓની વચ્ચે રહેવું સારું છે.'

પરંતુ પ્રિયશ્રીને હવે અહીં ગોઠતું ન હતું, એટલે આખરે તેમણે એ ગામ છોડયું અને ચાલતાં ચાલતાં અશોકપુરની નજીકમાં પહોંચ્યાં. ત્યાં તેઓ એક આંબાના ઝાડ નીચે બેઠા અને ભોજન કરીને થોડી વિશ્રાંતિ લેવા લાગ્યા. એ વખતે શેઠને એક પછી એક વિચારો આવવા લાગ્યા કે 'હવે શું ધંધો કરીશ ? સઘળો વ્યવહાર કેમ ચલાવીશ ? એ ઉજળાં કપડાં પણ પંડ ઉપર નથી. નહિ તો આડંબરથી પણ કામ ચાલે. કહ્યું છે કે 'સ્ત્રીઓમાં, રાજદ્વરબારમાં, સભામાં, વ્યવહારમાં, શત્રુઓમાં અને સાસરામાં મુખ્યત્વે આડંબર જ પૂજાય છે.'

એ વખતે અંતરીક્ષમાંથી કોઈ બોલ્યું કે 'હે શેઠ ! તારો આ પુત્ર પહેલી પચીશીમાં જ આ નગરનો રાજા થશે, માટે તું કંઈ ચિંતા કરીશ નહિ.'

આ સાંભળી શેઠ-શેઠાણી રાજી થયા, પણ આજુબાજુ કોઈ જોવામાં આવ્યું નહિ, એટલે તેઓ વિચારમાં પડ્યા કે કદાચ આપણને કંઈ ભ્રમ થયો હોય. તે વખતે અંતરીક્ષમાંથી ફરી અવાજ આવ્યો કે 'મેં જે કહ્યું છે, તે સત્ય છે. તેથી તેમાં જરાપણ અવિશ્વાસ કરશો નહિ. તમારો જે પુત્ર મરી ગયો હતો, તે હું છું. તમે મને છેલ્લી વખતે આપેલા નમસ્કારમંત્રના પ્રભાવથી હું ધરણેન્દ્રના પરિવારમાં દેવ તરીકે ઉત્પન્ન થયો છું. મારા ભાઈના સ્નેહને લીધે જ્યાં સુધી તેને રાજ્ય મળશે, ત્યાં સુધી હું તેને મદદ કરીશ. પણ એક કામ કરજો કે તેનું નામ મારાં નામ પ્રમાણે પાડજો.'

પાર્શ્વદત્ત શેઠે પૂછ્યું : 'તમારું નામ શું ?' તે વખતે દેવે કહ્યું : 'મારું નામ પ્રિયંકર છે. તેમને કોઈ વખત મુશ્કેલી આવે તો આ સ્થળે આવજો અને મારું નામ દઈને ધૂપ કરજો, એટલે હું તમારી સર્વ આશાઓ પૂરી કરીશ. અણધાર્યું આટલું આશ્વાસન મળવાથી શેઠનું મન હળવું થયું અને તેઓ હરખાતાં હૈયે નગરમાં દાખલ થયા. ત્યાં પોતાનું પુરાણું ઘર સાફ કરીને સ્થિતિ મુજબ રહેવા લાગ્યા.

[૩]

એક વાર પ્રિયશ્રી ભાઈના લગ્નપ્રસંગે પિયરમાં ગઈ. ત્યાં બધી બહેનોને સુંદર વસ્ત્રાભૂષણમાં સજ્જ થયેલી જોઈને તેને ખૂબ લાગી આવ્યું. તેમની આગળ પોતે સાવ મુફલીસ લાગતી હતી. તેથી તે એક બાજુએ બેસીને પોતાનાં ભાગ્યને ઠપકો આપવા લાગી. અને ત્યાં બન્યું પણ એવું કે બધા રૂઆબથી અંજાઈને બીજી બહેનોનું માન-સન્માન કરવા લાગ્યા, ત્યારે પ્રિયશ્રીનો કોઈએ ભાવ પણ ન પૂછ્યો. કહ્યું છે કે–

वृक्षं क्षीणफलं त्यजन्ति विहगाः शुष्कं सरः सारसाः,
पुष्पं पर्युषितं त्यजन्ति मधुपा भ्रष्टं नृपं सेवकाः ।
निर्द्रव्यं पुरुषं त्यजन्ति गणिका दग्धं वनान्तं मृगाः,
सर्वः स्वार्थवशाज्जनोऽभिरमते नो कस्य को वल्लभः ॥

'પક્ષીઓ ફળ વિનાનાં વૃક્ષને ત્યજી દે છે, સારસો સૂકાઈ ગયેલાં સરોવરને તજી દે છે, ભ્રમરો કરમાઈ ગયેલાં પુષ્પને તજી દે છે, સેવકો ભ્રષ્ટ થયેલા રાજાને ત્યજી દે છે,

ગણિકા નિર્ધન થઈ ગયેલા પુરુષને ત્યજી દે છે અને મૃગો બળી ગયેલા વનને ત્યજી દે છે. તાત્પર્ય કે બધા મનુષ્યો પોતપોતાનાં સ્વાર્થમાં રમે છે, તેથી આ જગતમાં ખરેખર કોઈ કોઈને વહાલું નથી.'

લગ્નસમારંભ પૂરો થયો, એટલે બધી બહેનોને રેશમી વસ્ત્રો અને અલંકારો ભેટ આપવામાં આવ્યાં, ત્યારે પ્રિયશ્રીને એક સાવ મામુલી સાડી આપવામાં આવી. માના જણ્યા સગા ભાઈઓ પણ સમય આવ્યે કેવા પલટાઈ જાય છે, તે જોઈને પ્રિયશ્રીની આંખમાંથી આંસુ ટપકી પડ્યાં. પણ અત્યારે બોલવા જેવો સમય ન હતો. કંઈપણ બોલવા જતાં રહ્યો-સહ્યો સંબંધ પણ તૂટી જાય તેમ હતો.

પ્રિયશ્રી તદ્દન ઉતરી ગયેલાં મોંઢે ઘરે આવી. તે જોઈ પાર્શ્વદત્તે કારણ પૂછ્યું, પણ કુલીન સ્ત્રી પોતાનાં પિયરની વાત ધણીને એકદમ કેમ કહે? કહ્યું છે કે—

आरतः परतो वार्ता, न कुर्वन्ति कुलस्त्रियः ।
मध्यमाः कलहं गेहे, कारयन्ति परस्परम् ॥

'જે કુલસ્ત્રીઓ છે, તે આગળ-પાછળની વાત કહેતી નથી. અને જે મધ્યમ કોટિની છે, એ ગૃહમાં-ઘરમાં એક બીજાને લડાવી મારે છે.'

પાર્શ્વદત્તે જ્યારે બહુ આગ્રહ કર્યો, ત્યારે પ્રિયશ્રીએ બનેલી વાત કહી સંભળાવી.

પાર્શ્વદત્તે તેને આશ્વાસન આપતાં કહ્યું કે 'હે પ્રિયે! આમાં કોઈનો દોષ નથી. દોષ આપણા ભાગ્યનો છે. આજે

આપણો વખત મોળો છે, એટલે આપણા પર કોઈની નજર ઠરતી નથી, માટે હવે બને તેટલું ધર્મધ્યાન કરવું અને પુણ્ય ઉપાર્જન કરવું. પુણ્યનો પુંજ વધશે, એટલે આપો-આપ બધા સારાં વાનાં થઈ જશે.'

ત્યારથી પતિપત્ની રોજ સવારમાં વહેલા ઉઠીને નવકાર મંત્રનો જાપ કરવા લાગ્યાં તથા સામાયિક, પ્રતિક્રમણ, પ્રભુ-પૂજા વગેરે ધાર્મિક કાર્યોમાં વધારે ધ્યાન આપવા લાગ્યાં.

[૪]

લક્ષ્મી પુણ્યથી મળે છે, પુણ્યથી સચવાય છે અને પુણ્યથી જ ભોગવાય છે. જેઓ એમ સમજે છે કે લક્ષ્મીનું ઉપાર્જન ઘણો ધંધો કરવાથી થાય છે, અથવા ચાલાકીથી થાય છે, અથવા સાચા-ખોટા ગમે તેવા ઉપાયો કામે લગા-ડવાથી થાય છે, તેઓ ખોટા રસ્તે છે અને તેમની સમજ અધૂરી તથા ઉલટી છે. અનુભવ એ વાતનો સંપૂર્ણ ઇન્કાર કરે છે.

પાર્શ્વદત્ત અને પ્રિયશ્રી ધાર્મિક નિયમોને અનુસરવા લાગ્યા, ત્યારથી તેમનું અંતઃકરણ ખૂબ પ્રસન્ન રહેતું હતું. તેમને આર્ત્તધ્યાન કે રૌદ્રધ્યાન થવાનો પ્રસંગ ભાગ્યે જ આવતો હતો. અને તે જ એમની સહુથી મોટી કમાણી હતી.

હવે એક વાર પ્રિયશ્રી ઘરને નવું લિંપણ કરવા માટે નગરની બહાર માટી ખોદવા ગઈ, તે વખતે ભૂમિમાં એક મોટો ચરૂ દેખાયો, એટલે તેણે એ જગાને માટીથી દાટી દીધી અને ઘરે આવીને શેઠને વાત કરી. શેઠે કહ્યું : પ્રિયે!

તું કહે છે એ વાત સાચી હોય તો પણ એ ધન આપણને ખપે નહિ, કારણ કે મારે પારકું દ્રવ્ય ગ્રહણ ન કરવું, એવો નિયમ છે; અને પડી ગયેલું, ભૂલાઈ ગયેલું, ખોવાઈ ગયેલું, પડી રહેલું, મૂકેલું, કોઈએ રાખેલું અને છૂપાયેલું એ બધાં પારકાં દ્રવ્યો જ છે. અહીં જમીનનો મલિક રાજા છે, એટલે આ ધન બરી રીતે તેનું છે. માટે આ વાતની તેને ખબર આપવી જોઈએ.'

શેઠે જઈને એ વાતની રાજાને ખબર આપી, એટલે તેણે પેલી જગાને ખોદાવી નાખી અને તેમાંથી ધન ભરેલા સાત ચરૂ નીકળી આવ્યા. આ ધનને દરબારમાં લાવવામાં આવ્યું અને તેનું શું કરવું? એ બાબતમાં રાજાએ મંત્રીઓની સલાહ લીધી. મંત્રીઓએ કહ્યું: 'હે મહારાજ! આ ધન આપનું જ ગણાય, કારણ કે તે જમીનમાંથી મળી આવ્યું છે, પરંતુ આ શેઠે ખબર આપેલી હોવાથી તેનો થોડો ભાગ તેને પણ આપવો જોઈએ.'

હવે રાજાએ તે ધન ગ્રહણ કરવાને જેવો પોતાનો હાથ લંબાવ્યો કે તરતજ ત્યાં મનુષ્યની વાણીમાં કોઈ કહેવા લાગ્યું કે 'રાજાને વળગું, રાજપુત્રને મારું કે રાજમંત્રીઓને ખાઉં?' એટલે બધા ભય પામીને દૂર ભાગ્યા. છેવટે એ ધન શેઠને આપી દેવાનો નિર્ણય કર્યો, ત્યારે એ વાણી બંધ થઈ. તેથી રાજાએ સઘળું ધન પાર્શ્વદત્ત શેઠને આપી દીધું. રાજાએ તે ધન પોતાના થકી આપેલું હોવાથી પાર્શ્વદત્તે તેનો સ્વીકાર કર્યો. કહ્યું છે કે—

परार्थग्रहणे येषां, नियमः शुद्धचेतसाम् ।
अभ्यायान्ति श्रियस्तेषां, स्वयंमेव स्वयंवराः ॥

'જેમને પારકું દ્રવ્ય ગ્રહણ કરવું નહિ, એવો નિયમ હોય છે, તે શુદ્ધ ચિત્તવાળા પુરુષો તરફ લક્ષ્મી પોતે જ સ્વયંવરા થઈને આવે છે.'

ઘણું ધન આવતાં પાર્શ્વદત્ત શેઠે નવાં મકાનો ચણાવ્યાં, ઘણાં વસ્ત્રાભૂષણો કરાવ્યાં અને ઘરમાં નોકરચાકર પણ રાખી લીધાં. વળી તેમણે વ્યાપાર પણ સારી રીતે ખેડવા માંડ્યો અને જોતજોતામાં તેમની પ્રતિષ્ઠા જામી ગઈ. હવે તેમને ત્યાં લોકોની અવરજવર સારા પ્રમાણમાં થવા લાગી અને રસ્તામાં પણ અનેક સલામો ભરાવા લાગી. જ્યારે વેળા વળે છે, ત્યારે મનુષ્યને કોઈ વાતની ખામી રહેતી નથી.

[૫]

અનુક્રમે પ્રિયંકર મોટો થવાથી તેને નિશાળે બેસાડવાનો અવસર આવ્યો, ત્યારે પ્રિયશ્રીએ પતિને કહ્યું : 'આ અવસર ઠીક છે. આપણાં બધાં સગાંવહાલાંઓને બોલાવીને જમાડો અને તેમનું ગૌરવ કરો.'

શેઠે કહ્યું : 'એ બધાનું ગૌરવ કરવાથી શું ? જેવો વર્તાવ તેમણે આપણી સાથે કર્યો છે, તેવો જ વર્તાવ આપણે તેમની સાથે કરવો જોઈએ.

કહ્યું છે કે—

कृते प्रतिकृतं कुर्यात्, हसिते प्रतिहासितम् ।
त्वया मे लुञ्चितो पक्षौ, मया ते मुण्डितं शिरः ॥

'જેવું કરે તેવું સામું કરવું. સામો હસે તો આપણે પણ હસવું. તેં મારી બે પાંખો તોડી નાખી, તો મેં તારું મસ્તક મુંડી નાખ્યું.'

પ્રિયશ્રીએ કહ્યું : 'સ્વામિન્ ! એમ બોલવું આપને ઉચિત નથી. ઉત્તમ જનોએ તો અપકાર ઉપર પણ ઉપકાર જ કરવો ઘટે.'

પ્રિયશ્રીના આગ્રહથી શેઠે મોટો જમણવાર કરવાનું નક્કી કર્યું અને બધાં સ્થળે માણસો મોકલી નોતરાં ફેરવ્યાં. આ માણસો જ્યારે તેમનાં સાળાઓને ત્યાં નોતરા દેવા ગયા, ત્યારે તેઓ એમની મશ્કરી કરવા લાગ્યા. આથી માણસો પાછા આવ્યા અને તેમણે બનેલી બધી હકીકત કહી સંભળાવી. ત્યારે પ્રિયશ્રીએ કહ્યું : 'હે સ્વામિન્ ! તેમને નોતરાં આપવા તો તમે જાતે જ જાઓ. એટલે શેઠ એક શણગારેલા ઘોડા પર સવાર થઈને તેમને ત્યાં ગયા. તેમનો આ રૂઆબ જોઈને સાળાઓ વગેરેને લાગ્યું કે 'શેઠનો હાથ જરૂર કોઈ ધનમાલ પર પડ્યો હોવો જોઈએ, નહિ તો આવો આડંબર હોય નહિ.' તેથી તેમણે એમનાં નિમંત્રણનો સ્વીકાર કર્યો.

હવે શેઠે બધાં સગાંવહાલાંઓ માટે થાળી–વાડકા મૂકાવ્યાં અને પહેલું સાકરનું પાણી પીરસાવ્યું. પછી બાળ, સુંવાળી, સેવઈઆ લાડુ, દળિયા લાડુ, મોતિયા લાડુ તથા મેસુર અને દૈંથરા પીરસ્યા. ત્યાર બાદ ભાત–ભાતનાં શાક પીરસ્યાં. તેમાં કેટલાંક દુર્જનનાં હૃદય જેવાં તીખાં હતાં, કેટલાંક ગુરુવચન જેવાં તૂરાં હતાં, અને કેટલાંક માનાં હેત

જેવાં મીઠાં હતાં. તે પછી પાપડ, ફરસાણ, ચટણી અને રાયતાં પીરસ્યાં અને છેવટે ઊંચી કમોદના ભાત સાથે કઢી પીરસી.

બધાને એટલા આગ્રહપૂર્વક જમાડવામાં આવ્યા કે તેઓ ટેકો લઈને માંડમાંડ ઊભા થયા. પછી તેમને કેસર, કસ્તૂરી તથા બીજી સુગંધી વસ્તુઓથી તૈયાર થયેલાં પાનનાં બીડાં આપવામાં આવ્યાં અને જતી વખતે દરેકને એકેકું રેશમી વસ્ત્ર આપવામાં આવ્યું. આ જોઈ તેઓ બધા શરમાઈ ગયા અને એક વખત પોતે પ્રિયશ્રી સાથે કેવું વર્તન કર્યું હતું, તે યાદ લાવીને પોતાની ભૂલનો અફસોસ કરવા લાગ્યા. ખરેખર ! દુષ્ટતાને જિતવાનો ઉપાય વધારે દુષ્ટતા નહિ, પણ ઉદારતાભર્યો વ્યવહાર જ છે.

તે દિવસથી શેઠનું નામ શહેરમાં ગાજતું થયું. તેમનો વ્યવહાર શુકલપક્ષના ચંદ્રની જેમ દિનપ્રતિદિન વધવા લાગ્યો. પહેલા હતાં, તેના કરતાં પણ હવે તેઓ સવાયા થયા.

[૬]

પ્રિયંકર પંડિતજી પાસે વિનયથી અભ્યાસ કરવા લાગ્યો અને પંડિતજી પણ તેનો વિનય જોઈને તેને સારી રીતે શીખવવા લાગ્યા. કહ્યું છે કે 'વિદ્યા વિનયથી મળે છે, પુષ્કળ ધનથી મળે છે, અથવા તો વિદ્યાના બદલામાં મળે છે, પણ તેને મેળવવાનો ચોથો ઉપાય નથી.'

વ્યવહાર-વિદ્યા ભણ્યા પછી પ્રિયંકર ગુરુપાસે ધર્મ-શાસ્ત્રો શીખવા લાગ્યો અને ટૂંક સમયમાં જ્ઞાનાદિ-રત્નત્રયી, દાનાદિ-ચતુર્વિધ-ધર્મ, પાંચ પ્રકારના આચાર, છ પ્રકારનાં

દ્રવ્યો તથા સાત પ્રકારનાં તત્ત્વો વગેરેનો જાણકાર થયો. તે હમેશાં નવકારમંત્રની ગણના કરવા લાગ્યો તથા સામાયિક, પ્રતિક્રમણ, પૂજા, દાન વગેરે ધર્મનાં કાર્યો કરવા લાગ્યો. આથી ગુરુએ પ્રસન્ન થઈને તેને ઉવસગ્ગહરં સ્તોત્ર શીખવ્યું અને તે સાથે તેનો આમ્નાય પણ શીખવ્યો કે પ્રાતઃકાળે, બ્રાહ્મ મુહૂર્તે, પૂર્વ દિશા તરફ મોં રાખીને ૧૦૮ વાર તારે આ સ્તોત્રનો જાપ કરવો. કુલ ૧૨૦૦૦ વાર સંપૂર્ણ જાપ કરવાથી સકલ મનોરથની સિદ્ધિ થશે. આ આખું સ્તોત્ર મંત્રમય છે, તો પણ કષ્ટના સમયે પહેલી ગાથાનું ખાસ સ્મરણ કરવું.'

તે વખતથી પ્રિયંકરે આ સ્તોત્ર ગણવાનો નિયમ લીધો અને દરરોજ તેની ગણના કરવા લાગ્યો. તે અનન્ય મનથી તેની ગણના કરતો હતો. કોઈ વાર સંયોગવશાત્ તેની ગણના ન થઈ શકતી, તો તે દિવસે ઘી, દૂધ, દહીં, તેલ, ગોળ અને મીઠાઈ એ છ રસો ખાવાનું છોડી દેતો હતો. આ પ્રમાણે તેનું નિત્ય સ્મરણ કરવાથી એ સ્તોત્ર સિદ્ધ થયું અને તે પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યો.

એક વાર પ્રિયંકરે પાર્શ્વદત્ત શેઠને કહ્યું : 'પિતાજી ! આપ હવે વ્યાપાર છોડીને માત્ર ધર્મધ્યાન કરો, કારણ કે વૃદ્ધાવસ્થાથી ઇંદ્રિયો તદ્દન શિથિલ ન થઈ જાય તે પહેલાં જ ધર્મનું આચરણ કરી લેવું ઉત્તમ છે. વળી જે રાત્રિઓ વ્યતીત થાય છે, તે કાંઈ પાછી પ્રાપ્ત થતી નથી, એટલે તેને ધર્મારાધનથી સફળ કરી લેવી ઘટે છે. હું હવે ઘરનો સઘળો ભાર ઉપાડી લઈશ.'

તે દિવસથી પાર્શ્વદત્ત શેઠે બધો ગૃહભાર પ્રિયંકરને સોંપ્યો અને પોતે ધર્મારાધનમાં જ વિશેષ ધ્યાન આપવા લાગ્યા. પ્રિયશ્રીએ પણ ત્યારથી વિશેષ ધર્મારાધન કરવા માંડ્યું.

[૭]

એક વાર પ્રિયંકર થોડે દૂરનાં એક ગામડે ઉઘરાણી માટે ગયો હતો, ત્યાંથી સાંજના સમયે પાછા ફરતાં ચોર લોકોએ તેને પકડી લીધો અને તેઓ એને પોતાના સરદાર પાસે લઈ ગયા. આ સરદાર જાતનો ક્ષત્રિય હતો, પણ સંયોગવશાત્ આ ધંધામાં પડ્યો હતો. તેણે પ્રિયંકરને પૂછ્યું કે 'તું કોણ છે?' ત્યારે પ્રિયંકરે કહ્યું કે 'હું અશોકપુરના પાર્શ્વદત્ત વણિકનો પુત્ર છું અને સામાન્ય વ્યાપાર–રોજગારથી મારો નિર્વાહ કરું છું.'

સરદારે કહ્યું: 'અમારે તારો બાપ નથી, પણ તું એક કામ કર. અશોકપુરના રાજા સાથે અમારે બહુ દુશ્મનાવટ છે, તેથી મારા માણસોને તારાં ઘરમાં છૂપી રીતે પાંચ–સાત દિવસ રહેવા દે. તે દરમિયાન તેઓ રાજકુંવરને કે મંત્રીપુત્રને પકડી શકશે. જો તું આ શરત કબૂલ કરતો હોય, તો તને છોડી મૂકીએ.'

પ્રિયંકરે કહ્યું: 'એ કાર્ય મારાથી બની શકશે નહિ, કારણ કે કંઠે પ્રાણ આવે તો પણ અકર્તવ્ય કરવું યોગ્ય નથી.'

સરદારે કહ્યું: 'ત્યારે તારા માટે બંદીખાનું અને હેડ તૈયાર છે.' પછી ચોરોને હુકમ કરવાથી તેમણે પ્રિયંકરના પગમાં હેડ નાખી અને તેને બંદીખાનામાં પૂરી દીધો.

પ્રિયંકરને વિચાર આવ્યો કે 'સંકટ પડયે ઉવસગ્ગહરં સ્તોત્રનું સ્મરણ કરવાનું ગુરુએ કહ્યું છે, માટે તેનું સ્મરણ કરું.' અને તે સ્તોત્રનું સ્મરણ કરવા લાગ્યો. સિદ્ધ થયેલો મંત્ર-સિદ્ધ થયેલું સ્તોત્ર તરત જ ફળ આપે છે, તેથી તેનું સ્મરણ કરતાંની સાથે જ સરદારને વિચાર આવવા લાગ્યો કે 'પેલા વાણિયાના છોકરાને પૂરી મૂકવાથી શો લાભ થવાનો છે? એ ધમકીથી માને એવો નથી. માટે તેની સાથે મિત્રતા કરવી જ યોગ્ય છે.' અને તેણે પ્રિયંકરને બંદીખાનામાંથી તથા હેડમાંથી મુક્ત કરી પોતાની પાસે લાવવાનો હુકમ કર્યો. સેવકોએ તરત જ તે પ્રમાણે કર્યું.

તે વખતે કોઈ સિદ્ધપુરુષ ત્યાં આવ્યો. સરદારે તેનું સ્વાગત કરીને પૂછયું કે 'તમે શું શું જાણો છો?' ત્યારે સિદ્ધપુરુષે કહ્યું કે—

जीवितं मरणं नृणां, गमनागमनं तथा ।
रोगं योगं धनं क्लेशं, सुखं दुःखं शुभाशुभम् ॥

'મનુષ્યનું આયુષ્ય કેટલું છે? તેનું મરણ ક્યારે અને કેવા સંયોગોમાં થશે? તેને અમુક સ્થળેથી જવાનું કે અમુક સ્થળેથી આવવાનું ક્યારે થશે? તેને રોગ થશે કે નહિ? થશે તો ક્યારે થશે? જીવનમાં ઊંચે ચડવાનો કોઈ મોટો યોગ છે કે નહિ? ધન ક્યારે મળશે? ક્લેશ થશે કે નહિ? થશે તો કોની સાથે? સુખ ક્યારે મળશે? દુઃખ ક્યારે પડશે? શુભ અને અશુભ ક્યારે થશે? વગેરે બધી બાબતો હું જાણું છું.'

ત્યારે સરદારે તેને પૂછયું કે 'અમારા વૈરી અશોકચંદ્ર રાજાનું મૃત્યુ કયારે થશે, તે તમે જણાવો.'

'સિદ્ધપુરુષે કહ્યું: 'આ વાત ઘણી ગુપ્ત છે, એટલે આપને એકલાને જ જણાવીશ.' અને તેણે કાનમાં કહ્યું. પછી સરદારે તેને પ્રકટપણે પૂછયું કે 'તેની ગાદીએ કોણ આવશે?' સિદ્ધપુરુષે ક્ષણમાત્ર વિચાર કરીને કહ્યું કે 'તેની ગાદીએ તેના પુત્રો આવે એવો સંભવ નથી. તેના કુટુંબીઓમાંથી પણ કોઈ આવશે નહિ, પરંતુ તમે જેને હેડમાં પૂર્યો, તેને જ દેવની કૃપાથી રાજ્ય મળશે.'

તે સાંભળી સરદારને નવાઈ લાગી. 'શું વાણિયાનો છોકરો રાજા થશે?' એટલે તેણે આ વાતની સત્યતા બાબત પૂરાવો માગ્યો. સિદ્ધપુરુષે કહ્યું: 'એનો પુરાવો એ કે ઘડી પછી તમારું પેટ દુઃખવા આવશે અને તમે સાંજે જ જમી શકશો.' અને તેમ જ બનતાં સરદારને ખાતરી થઈ કે જરૂર આ પ્રિયંકર થોડા દિવસમાં રાજા થશે.'

જેનું ભાવિ ઉજળું હોય, તેની સાથે સંબંધ બાંધવા કોણ ન ઇચ્છે? તેથી તેણે પોતાની વસુ નામની યોગ્ય ઉંમરની કન્યાને પ્રિયંકર સાથે પરણાવી અને પહેરામણીમાં ઘણો ધનમાલ આપ્યો. પછી રાત્રિના સમયે તે બંનેને અશોકપુર પહોંચાડી દીધાં. અહીં માતાપિતા પ્રિયંકરની કાગડોળે રાહ જોઈ રહ્યાં હતાં, તેઓ એને આવેલો જોઇને બહુ ખુશ થયાં. વસુમતીએ સાસુ–સસરાને પ્રણામ કર્યાં.

[૮]

એકદા નમસ્કાર મહામંત્રની ગણના કરીને સૂઈ ગયેલા પ્રિયંકરને સ્વપ્નું આવ્યું કે જાણે તેણે પોતાના આંતરડાથી શહેરને વીંટી લીધું. આ સ્વપ્નનો અર્થ પૂછવા તે ત્રિવિક્રમ નામના ઉપાધ્યાય પાસે ગયો, કારણ કે નિમિત્તવિદ્યામાં તેનું જ્ઞાન શ્રેષ્ઠ હતું. તેણે પ્રિયંકરનું સ્વપ્ન સાંભળીને કહ્યું: 'હે પ્રિયંકર! પ્રથમ તું મારી સોમવતી નામની પુત્રીનું પાણી-ગ્રહણ કર, કારણ કે તે વિવાહને યોગ્ય છે. પછી તને સ્વપ્નનું ફળ કહીશ.'

પ્રિયંકરે કહ્યું: 'ઉપાધ્યાયજી! તમે તો વાત જૂદી જ કરી. મેં તમને જે પ્રશ્ન પૂછ્યો છે, તેનો જવાબ આપો.'

ઉપાધ્યાયે કહ્યું: 'સ્વપ્નનાં ફળનો એ જ જવાબ છે. જે પુરુષ ભવિષ્યમાં મહાન રિદ્ધિસિદ્ધિ પામવાનો હોય, અથવા રાજા થવાનો હોય, તેને જ આવું સ્વપ્ન આવે અને તેથી જ હું મારી પુત્રી તમને પરણાવવા ચાહું છું.'

પ્રિયંકરે એ વાત પોતાના પિતા આગળ મૂકવાની સૂચના કરી અને ઉપાધ્યાયે તેમ કર્યું. એ વાતનો સ્વીકાર થતાં પ્રિયંકરનાં સોમવતી સાથે લગ્ન થયાં. આ બધો મહિમા ઉવસગ્ગહરં સ્તોત્રનો છે, એ બાબતમાં તેને જરા યે શંકા ન હતી.

એક વાર ધનદત્ત નામના શેઠે નવું મકાન કરાવ્યું હતું, પણ કોઈ દુષ્ટ વ્યંતરે તેમાં વાસ કરેલો હોઈને તેને નડતર કર્યા કરતો હતો. તેની ફીકરમાં તે લેવાઈ ગયો હતો. હવે

કોઈ કારણ-પ્રસંગે પ્રિયંકરને તે મકાન પાસેથી પસાર થવું પડયું. તે વખતે તેણે ઓટલા પર બેઠેલા ચિંતામગ્ન ધનદત્ત શેઠને જોયા, એટલે દયાની સ્વાભાવિક લાગણીથી પૂછયું કે 'હે શેઠ! તમને એવી શી ચિંતા પડી છે કે આવા આવરા બની ગયા છો?' ત્યારે ધનદત્તે પોતાની બધી હકીકત કહી સંભળાવી. પ્રિયંકરે કહ્યું કે 'તેનો ઉપાય એક જ છે. તમે રોજ ૧૦૮ વાર ઉવસગ્ગહરં સ્તોત્ર ભણો. એટલે સાત દિવસમાં બધું ઠીક થઇ જશે.' ધનદત્ત શેઠે તેમ કર્યું, તો પેલો વ્યંતર ત્યાંથી નાસી ગયો અને તેમને સુખ-શાંતિ થઇ. આથી અતિ પ્રસન્ન થયેલા તે શેઠે પ્રિયંકરને પોતાની શ્રીમતી નામની પુત્રી પરણાવી અને પહેરામણી પણ બહુ સારી કરી. આ રીતે પ્રિયંકરને વસુમતી, સોમવતી અને શ્રીમતી નામની ત્રણ સ્ત્રીઓ થઈ.

નગરના મંત્રી હિતંકરને ખબર પડી કે ધનદત્ત શેઠને ત્યાં વ્યંતરના ઉપસર્ગનું નિવારણ પ્રિયંકર નામના એક શ્રેષ્ઠિપુત્રે કર્યું, એટલે તેણે આવીને પ્રિયંકરને કહ્યું : 'કૃપા કરીને મારે ત્યાં પધારો અને મારી પુત્રીને કંઈક વળગાડ જેવું જણાય છે, તેનો ઉપાય કરો. તે એક વાર નગર બહાર રમવા ગઈ હતી, ત્યાંથી તેને કંઈક થઈ ગયું છે.'

પ્રિયંકરે તેના ઉપાયમાં ઉવસગ્ગહરં સ્તોત્રની ગણના કરી અને તે અદ્‌ભુત રીતે સફળ થઈ. તેથી મંત્રીએ તે પુત્રીનું પાણિગ્રહણ કરવા માટે પ્રિયંકરને વિનંતિ કરી અને તેનું પાણીગ્રહણ કરતાં પ્રિયંકર ચોથી સ્ત્રીનો સ્વામી થયો.

[૯]

રાજાએ જાણ્યું કે પ્રિયંકર બહુ પ્રભાવશાળી છે, એટલે તેને બોલાવીને કહ્યું કે 'તારે રોજ સભામાં આવતા રહેવું.' ત્યારથી પ્રિયંકર રોજ સભામાં જવા લાગ્યો.

હવે રાજા અશોકચંદ્રના બે પુત્રો અરિશૂર અને રણશૂર અકસ્માતથી એકાએક મરણ પામ્યા. તેથી રાજા અતિ ઉદાસીન બની ગયો અને તેણે સભામાં આવવાનું પણ બંધ કરી દીધું. મંત્રીએ તેને સમજાવવા માંડ્યો કે 'હે રાજન્! કોઈનું ધારેલું કામ આવી શકતું હશે. સગર રાજાના સાઠ હજાર પુત્રો અને સુલસાના બત્રીસ પુત્રો એકી સાથે મરણ પામ્યા હતા, તો શોક કરવો છોડી દો અને મનને શાંત કરો.'

મંત્રીઓના બહુ સમજાવવાથી તે રાજા પાછો સભામાં આવવા લાગ્યો અને રાજ્યનાં કામને સંભાળવા લાગ્યો. પ્રિયંકર પણ નિયમ પ્રમાણે એ સભામાં જવા લાગ્યો અને અનેક પ્રકારનાં વાણીચાતુર્યથી સભાનું મન રંજન કરવા લાગ્યો.

હવે એક વાર પ્રિયંકર રાજસભામાં આવીને રાજાને નમસ્કાર કરતો હતો, ત્યાં તેની પાસેથી એક હાર નીચે પડતો જોવામાં આવ્યો. તે હાર બીજો કોઈ નહિ, પણ દેવવલ્લભ જ હતો. આ જોઈને બધા કહેવા લાગ્યા કે 'જે હાર ચોરાઈ ગયો હતો, તે પ્રિયંકર પાસેથી મળી આવ્યો, માટે તે બડો ઠગ અને ચોર જણાય છે. તે આજ સુધી કેવો ડાહ્યો-ડમરો જણાતો હતો? પણ કોઈનો દંભ લાંબો વખત ચાલતો નથી.'

પ્રિયંકર પોતે પણ આ બનાવથી ચકિત થઈ ગયો. તે મનમાં જ બોલ્યો કે 'અરેરે! દૈવે આ શું કર્યું? તેણે મારી લાંબા વખતની મેળવેલી પ્રતિષ્ઠાને ચોરીનું કલંક આપી ધૂળ ભેગી કરી.' પરંતુ તે વખતે તેને યાદ આવ્યું કે સંકટ સમયે ઉવસગ્ગહરં સ્તોત્રની ગણના કરવી, એટલે તે મનથી એની ગણના કરવા લાગ્યો.

રાજાને પેલી જોશીવાળી વાત યાદ આવી, એટલે તેણે પ્રિયંકરને શૂળીએ ચડાવવાનો હુકમ કર્યો. પરંતુ મુખ્ય મંત્રી બહુ શાણો હતો. તેણે કહ્યું: 'રાજન્! કોઈ પણ કામ ઉતાવળથી કરવું યોગ્ય નથી. તેનું પરિણામ બૂરું આવે છે અને તે જીવનપર્યંત સાલ્યા કરે છે. હારનો ચોર આ પ્રિયંકર હોય એમ માની શકાતું નથી, કારણ કે એની ઉંમર હાલ વીશ વર્ષની જ છે અને આપણો હાર ચોરાયા પણ વીશ વર્ષ થયા, એટલે તેણે આ હાર કેવી રીતે ચોર્યો હોય?'

આ સાંભળી રાજા વિચારમાં પડ્યો કે વાત સાચી છે. એ તો હારનો ચોરનાર ન જ હોઈ શકે. તો પછી એ હાર એની પાસે આવ્યો શી રીતે? એ જાણવું જોઈએ. એ વખતે પ્રિયંકર દેવ કે જે પ્રિયંકરનો મોટો ભાઈ હતો, તેણે અંતરીક્ષમાંથી કહ્યું: 'પ્રિયંકર નિર્દોષ છે. એની સતામણી કરનારાના હાલ બૂરા થશે, માટે એને છોડી મૂકો. એ હાર તો મેં જ લીધો હતો અને આજે ઉપરથી મેં જ ફેંક્યો છે.'

રાજા તથા સભાજનો આ સાંભળી આશ્ચર્યમુગ્ધ બની ગયા. આવો ચમત્કાર તેઓ જીંદગીમાં પહેલી જ વાર જોતા હતા. એ જ વખતે પ્રિયંકરને છોડી મૂકવામાં આવ્યો.

પછી રાજાએ દેવને ઉદ્દેશીને કહ્યું: 'તમે મારા પુત્રને રાજ આપો.' દેવે કહ્યું: 'તેનું આયુષ્ય ઘણું થોડું છે. વળી તે પ્રજાપ્રિય પણ નથી. હે રાજન્! જો આ વાત તારાં ગળે ઉતરતી ન હોય તો ચાર કુમારિકાઓને બોલાવીને તિલક કરાવ. તે કુમારિકાઓ પોતાની મેળે જેને પહેલું તિલક કરે, તેને જ તારે રાજગાદી આપવી.'

સહુએ આ વાત કબૂલ કરી. પછી ચાર કુમારિકાઓને ત્યાં બોલાવવામાં આવી અને તેમના હાથમાં કંકાવટી આપી કહેવામાં આવ્યું કે 'તમે અહીં બેઠેલા સભાજનોને તિલક કરો.' એ ચારે કુમારિકાઓએ પહેલું તિલક પ્રિયંકરને જ કર્યું.

પછી દેવે પુષ્પવૃષ્ટિ કરી અને અશોકચંદ્ર રાજાએ પોતાના હાથે તેના લલાટે તિલક કર્યું. મંત્રીઓ અને લોકોએ મળી તેનો રાજ્યાભિષેક કર્યો.

અશોકચંદ્ર દેવના કહ્યા મુજબ સાતમા દિવસે મરણ પામ્યો. પ્રિયંકર નૃપે તેની પાછળ મહાન ઉત્સવ કર્યો.

[૧૦]

આ રીતે ઉવસગ્ગહરં સ્તોત્રની ગણનાથી પ્રિયંકરને ધન-સંપત્તિ મળી, મનગમતી સ્ત્રીઓ મળી, સમાજમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત થઇ અને છેવટે રાજ્ય મળ્યું.

રાજા થયા પછી પ્રિયંકરે દાન-પુણ્યનાં અનેક કાર્યો કર્યાં અને તે જોઈને પ્રજા પણ દાનાદિ ધર્મમાં તત્પર થઈ.

પછી પ્રિયંકર રાજાએ માતાપિતા સાથે ખૂબ ઠાઠથી

શત્રુંજયની યાત્રા કરી અને ત્યાં સાધર્મિકવાત્સલ્ય, શ્રી સંઘ-પૂજા, દ્રીનોદ્ધાર વગેરે કાર્યો કર્યાં. સંપત્તિની સાર્થકતા આથી બીજી કઈ હોઈ શકે?

પ્રિયંકર રાજાએ ધનદત્ત શેઠની પુત્રી શ્રીમતીના ગુણોથી આકર્ષાઈ તેને પટ્ટરાણી બનાવી હતી. તેનાથી તેને જયંકર નામનો એક તેજસ્વી પુત્ર પ્રાપ્ત થયો હતો. સુશિક્ષિત થયેલા આ પુત્રને યોગ્ય અવસરે રાજ્ય સોંપી પ્રિયંકર રાજાએ પોતાનું શેષ જીવન માત્ર ધર્મની આરાધનામાં જ ગાળ્યું અને પ્રાંતે આરાધના-અનશન કરી કાળધર્મ પામતાં તે સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયો. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યનો ભવ ધારણ કરી તે સિદ્ધ-બુદ્ધ-નિરંજન થશે, એટલે કે મોક્ષ પામશે.

[૭]

તે અંગે અમારો અનુભવ

બાર વર્ષની ઉમરે[૧] અમદાવાદના શેઠ ચીમનલાલ નગીનદાસ છાત્રાલયમાં દાખલ થયા પછી અમને વ્યવસ્થિત ધાર્મિક શિક્ષણ મળવા માંડયું, ત્યારે અન્ય સ્તુતિ-સ્તવન-સ્તોત્રોની જેમ આ સ્તોત્ર કંઠસ્થ કર્યું. અમને અપાતાં ધાર્મિક શિક્ષણમાં બે વસ્તુ મહત્ત્વની હતી : સૂત્રોની ઉચ્ચાર-શુદ્ધિ અને તેના અર્થનું જ્ઞાન. તેથી અમે આ સૂત્ર શુદ્ધ ઉચ્ચારણ પૂર્વક બોલતા શીખ્યા અને તેમાં કયો વિષય આવે છે ? તેનાથી પરિચિત થયા.

આ સ્તોત્ર કેમ રચાયું ? તેની માહિતી પછીથી મળી, પણ તેણે અમારા મનમાં એવો સંસ્કાર દૃઢ કર્યો કે આ સ્તોત્ર એક ચમત્કારિક સ્તોત્ર છે અને તેની રોજ ગણના

---

૧ તે પહેલાંની સ્થિતિનો કેટલોક ખ્યાલ અમારા તરફથી બહાર પડેલા **'સંકલ્પસિદ્ધિ યાને ઉન્નતિ સાધવાની અદ્‌ભુત કલા'** નામના ગ્રંથથી આવી શકશે. તેમાં અમે પ્રસંગોપાત્ત તેની નોંધ કરેલી છે.

કરીએ તો તાવ-તરિયો આવે નહિ તથા શ્રી પાર્શ્વનાથ પ્રભુ સ્વપ્નમાં દર્શન આપે, એટલે રોજ તેની ગણના કરવા માંડી. અને એક રાત્રિએ સ્વપ્નમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં દર્શન થયાં. તેમાં પેલી પંક્તિઓ સાકાર થતી જણાઈ:

"રાતાં જેવાં ફૂલડાં ને શામળ જેવો રંગ;
આજ તારી આંગીનો કંઈ અજબ બન્યો છે રંગ,
પ્યારા પાસજી હો લાલ!
દીનદયાળ! મુને નયણે નિહાળ!"

તેણે આ સ્તોત્ર પ્રત્યે અમારા હૃદયમાં ભારે ભક્તિભાવનો સંચાર કર્યો અને શ્રદ્ધાનો દીવડો પ્રકટાવી દીધો.

ત્યાર પછી ગુરુમુખેથી તેની ધારણા કરી અને વ્યવસાયમાં પડ્યા પછી પણ તેની ગણના ચાલુ રાખી. તેથી અમારી આંતરિક શક્તિઓનો વિકાસ થતો હોય એમ લાગ્યું. એમ કરતાં એક દિવસ એક પ્રસંગે તેની સહાય લેવાની જરૂર પડી અને તે સહાય તેના તરફથી બરાબર મળી. એ આખી ઘટના અમે પાઠકો સમક્ષ રજૂ કરીએ તો ઉચિત જ લેખાશે.

એક દિવસ એક વકીલ મિત્ર મળવા આવ્યા. તેમણે અમને પથારીમાં જોઈ આશ્ચર્ય વ્યક્ત કર્યું. અમને તાવ-તરિયો ભાગ્યે જ આવતો. એકંદર અમારી તબિયત બહુ સારી રહેતી. આથી અમને પથારીમાં જોઈને તેમને આશ્ચર્ય થાય, એ સ્વાભાવિક હતું. તેમણે પૂછ્યું: 'કેમ શું છે?'

અમે કહ્યું: 'તાવ આવ્યો છે,'

તેમણે પૂછ્યું: 'કેટલો છે?'

અમે કહ્યું : 'હમણાં માપ્યો હતો. લગભગ ૧૦૪ ડીગ્રી છે.'

તેમણે કહ્યું : 'ત્યારે તો શું બની શકે ?'

અમે કહ્યું : 'આપ જે કામે આવ્યા હો તે જણાવો, એમાં સંકોચ પામવાનું કારણ નથી.'

તેમણે કહ્યું : 'તમારું બાસ કામ હતું, પણ આ તબિયત જોયા પછી કહેવાનું દિલ થતું નથી.'

અમે કહ્યું : 'આવી તબિયત બધો વખત થોડી રહેવાની છે ?'

તેમણે કહ્યું : 'પણ આજનું જ કામ હતું. અહીં હંસરાજ પ્રાગજી હૉલમાં એક નાનકડું ધર્મસંમેલન ગોઠવ્યું છે. તેમાં હું એક કાર્યકર્તા છું. મેં જૈન ધર્મ ઉપર બોલનાર તરીકે તમારું નામ આપ્યું છે, પણ હવે તમારાથી તો આવી શકાશે નહિ, તો શું કરીશું ?'

અમે પૂછ્યું : 'સંમેલન કેટલા વાગે છે ?'

તેમણે કહ્યું : 'બપોરના ત્રણ વાગે. પણ જૈન ધર્મ પર બોલવાનું લગભગ ચાર વાગે આવશે.'

અમે કહ્યું : 'વારુ, બરાબર સાડાત્રણ વાગે તેડવા આવજો. હું જૈન ધર્મ ઉપર બોલીશ.'

આ વખતે બાજુમાં અમારાં ધર્મપત્ની બેઠાં હતાં, તે બોલી ઉઠ્યા : 'તમે આ શું કહો છો ? શરીર તાવથી ધમધમી રહ્યું છે અને તમે સાડાત્રણ વાગ્યે બહાર શી રીતે જઈ શકશો ? વળી ત્યાં તો તમારે ભાષણ કરવાનું છે.'

પેલા વકીલ મિત્ર સંકોચ પામ્યા. તેમણે કહ્યું : 'આવી તબિયત છે, માટે આવવાનું રહેવા દો. એ તો ચલાવી લઈશું.'

અમે કહ્યું : 'પણ અત્યારે તમે કોને કહેવા જશો ? એનો અર્થ તો એ જ કે જૈન ધર્મ પર બોલવાનું મુલતવી રહેશે.'

તેમણે કહ્યું : 'હા, લગભગ એમ જ થશે.'

અમે કહ્યું : 'એમ બનવું ન જોઈએ. એ વખતે તાવ અવશ્ય ઉતરી ગયો હશે અને અમે જરૂર આવીશું. સાડાત્રણ વાગે કોઈને પણ તેડવા મોકલશો.'

પેલા મિત્ર રાજી થઈને ગયા. હવે અમે ઉવસગ્ગહરં સ્તોત્રની સહાય લેવા વિચાર્યું. આ વખતે અમે વિષધર-સ્ફુલિંગમંત્ર જાણતા ન હતા કે તેનો જાપ કર્યો ન હતો, પણ અમને એવો દૃઢ વિશ્વાસ હતો કે આ સ્તોત્રની ભક્તિભાવથી ગણના કરીશું, એટલે અમારો તાવ ઉતરી જશે અને અમે સમયસર હૉલમાં પહોંચી ભાષણ કરવાને શક્તિમાન થઈશું. પછી અમે ઉવસગ્ગહરં સ્તોત્રની ગણના કરવા માંડી. ગણના કરવા માંડી, એટલે ઝડપથી બોલી ગયા, એમ નહિ; તેનો પ્રત્યેક શબ્દ ધ્વનિ ઉઠે એ રીતે ભાવપૂર્વક બોલવા લાગ્યા. અહીં એ પણ જણાવી દઈએ કે જ્યારે અમે આ રીતે થોડીવાર ઉવસગ્ગહરં સ્તોત્ર બોલીએ છીએ, ત્યારે પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ પ્રભુની અતિ સુંદર આકૃતિ અમારા માનસપટ અંકિત થઇ જાય છે અને તેમાં અમારી ચિત્તવૃત્તિઓ એકાગ્ર થઈ જાય છે.

આ રીતે સ્તોત્રની પાંચેક વાર ગણના કરી ત્યાં પરસેવો વળવા લાગ્યો અને થોડી વારમાં જ તાવ તદ્દન ઉતરી ગયો.

પછી અમે કેટલાંક પુસ્તકો જોયાં, થોડી નોંધ કરી અને સાડાત્રણ વાગે માણસ તેડવા આવ્યો, તેની સાથે હંસરાજ પ્રાગજી હોલમાં ગયા. બરાબર ચાર વાગ્યે અમારું 'જૈન ધર્મ' અંગે ભાષણ થયું અને તે પાંત્રીશ મીનીટ ચાલ્યું. આ ભાષણ અમે ઊભાં ઊભાં જ કર્યું હતું.

આ ઘટનાએ અમારા હૃદયમાં ઉવસગ્ગહરં સ્તોત્ર વિષે કેવો ભાવ–કેવો આદર જન્માવ્યો હશે, તેની પાઠકો પોતે જ કલ્પના કરી લે.

આ ઘટના પછી થોડા જ વખતે અમે જ્યોતિ કાર્યાલય નામની અમારી પ્રકાશન સંસ્થાનું જ્યોતિ કાર્યાલય લીમીટેડના રૂપમાં પરિવર્તન કર્યું. તેમાં મહત્ત્વાકાંક્ષી સ્વભાવને લીધે સાથરા કરતાં સોડ લાંબી ખેંચાઈ અને તેથી દ્રવ્યની તંગી ભોગવવાનો વખત આવ્યો. એ વખતે કામ તો નિયમિત અને સારું ચાલતું હતું, પણ વ્યવહાર નભાવવા માટે અમારે ખૂબ કાળજી રાખવી પડતી હતી અને મિત્રો તથા સંબંધી વર્ગની સહાય લેવી પડતી હતી.

તેમાં એક વખત કસોટી આવી પડી. અમારો લખેલો રૂપિયા બે હજારનો ચેક બેંકમાં રજૂ થયો હતો અને તે સીકરાય તે માટે અમારે બેથી ત્રણ કલાકમાં તેટલી રકમ બેંકમાં ભરી દેવાની જરૂર હતી. કાર્યાલય શરૂ થયા પછી વ્યવસ્થાપકે આ બાબતમાં અમારું ધ્યાન ખેંચ્યું, પણ તેનો

તાત્કાલિક તોડ નીકળે એમ લાગ્યું નહિ. છેવટે અમે ઉવસગ્ગહરં સ્તોત્રનો આશ્રય લેવા વિચાર કર્યો અને તેનું શ્રદ્ધાપૂર્વક સ્મરણ કરવા માંડયું.

એ સ્તોત્રનો સાત વાર પાઠ કર્યા પછી અમે થોડી વિશ્રાંતિ લેવા લાગ્યા. એ વખતે એક તદ્દન અજાણી વ્યક્તિએ અમારા કાર્યાલયમાં પ્રવેશ કર્યો અને અમારું નામ પૂછ્યું. અમે તેનો સત્કાર કર્યો અને બેસવા માટે ખુરશી આપી. તેણે કહ્યું : 'મારે તમારી સાથે એક ખાનગી વાત કરવી છે.' એટલે અમે બંને પાસેના ઓરડામાં ગયા. ત્યાં એ વ્યક્તિએ જણાવ્યું કે 'મારે અને તમારે આમ તો કંઈ ઓળખાણ નથી, પણ મેં તમારું નામ સાંભળેલું છે અને તેથી જ અહીં આવ્યો છું. તમે મારી રૂપિયા બે હજારની આ રકમ અનામત રાખો.' અને તેણે પોતાના ગજવામાંથી રૂપિયા બે હજારની નોટો કાઢી. વિશેષમાં તેણે કહ્યું : 'હું ગુજરાતના પ્રવાસે જવા ઇચ્છું છું, એટલે આ રકમને મારી સાથે ફેરવવાની ઇચ્છા નથી.'

આગંતુકના આ શબ્દો સાંભળતાં જ અમે આશ્ચર્યમાં ડૂબી ગયા અને ફરી તેના ચહેરા સામે જોયું, પણ એ ચહેરો ધીર-ગંભીર હતો, સ્વસ્થ અને પ્રસન્ન હતો.

અમે કોઈ પણ જાતની આનાકાની કર્યા વગર એ રકમનો સ્વીકાર કર્યો અને મુંઝવણમાંથી મુક્ત થયા. એક માસ પછી એ વ્યક્તિ પાછી આવી અને તેને રૂપિયા બે હજારની રકમ પરત કરવામાં આવી. પછી એ વ્યક્તિનો ફરી મેળાપ થયો નથી કે તેના તરફથી કોઈ પત્ર આવ્યો નથી.

નરસિંહ મહેતાની હુંડી શામળિયાજીએ સ્વીકારી, એવું જ કંઈ આમાં બન્યું અને તેણે આ સ્તોત્રની ગણુનામાં અમારી શ્રદ્ધા અનેક ગણી વધારી દીધી.

ત્યાર પછી થોડા જ વખતે મુંબઈમાં અમે શતાવધાનના પૂરા પ્રયોગો કોઈ આલિશાન થિયેટરમાં કરવાની ઈચ્છા રાખતા હતા. તે અંગે મેટ્રો સીનેમાના મેનેજરને મળ્યા અને ત્રણ કલાક માટે તમારું સીનેમાગૃહ ભાડે જોઈએ છે, એવી દરખાસ્ત કરી. મેનેજરે તેનું ભાડું રૂપિયા ૫૦૦ જણાવ્યું, તે અમે તરત જ આપી દીધું અને તેની પાકી રસીદ મેળવી.

ત્યારબાદ આ પ્રયોગો અંગે અગ્રગણ્ય શહેરીની એક સમિતિ નીમાઈ, જેમાં દી. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, બાબુ સાહેબ ભગવાનલાલજી પન્નાલાલજી, શેઠ શ્રી કાંતિલાલ ઈશ્વરલાલ, શેઠશ્રી હેમચંદ્ર મોહનલાલ, પ્રો. આર. ચોકસી, આચાર્ય કૃપાશંકર દયાશંકર, બોમ્બે ક્રોનિકલના અધિપતિ સૈયદ અબ્દુલા બ્રેલ્વી વગેરેનો સમાવેશ થતો હતો. આ પ્રયોગોનું અધ્યક્ષસ્થાન અમારા પરમ હિતચિંતક સર મણિલાલ બાલાભાઈ નાણાવટીની ખાસ ભલામણથી મુંબઈના શાહ સોદાગર અને જાણીતા આગેવાન સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસે સ્વીકાર્યું. ત્યાર બાદ મિત્રો અને સંબંધીઓમાંથી કાર્યકર્તાઓની એક સમિતિ બનાવવામાં આવી અને તેના સભ્યોને જુદાં જુદાં કામો સોંપવામાં આવ્યાં.

આ પ્રયોગો અંગે અમારો ઉત્સાહ ઘણો હતો અને તેનો ખૂબ પ્રચાર થાય તેમ ઈચ્છતા હતા, એટલે તે અંગે

અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં ખાસ પુસ્તિકાઓ પ્રકટ કરવામાં આવી, હસ્તપત્રો પણ બહાર પાડ્યાં અને વર્તમાન-પત્રોમાં પણ તે બાબતની પૂરતી જાહેરાત કરી.

આવા જાહેર પ્રયોગો પ્રસંગે પોલીસનું ખાસ લાઇસિન્સ જોઈએ, એ વાત અમારા લક્ષ્યમાં હતી અને તે કાર્ય અમારા ખાસ સ્નેહી પ્રો. આર. એમ. શાહને[૨] સોંપવામાં આવ્યું હતું. તે અંગે વિધિસરની અરજી કરી દેવામાં આવી હતી, એટલે અમે નિશ્ચિંત હતા.

એમ કરતાં પ્રયોગો આડે માત્ર સાત દિવસ જ બાકી રહ્યા, ત્યારે અમે પ્રો. શાહનું ધ્યાન ખેંચ્યું કે હવે પોલીસ લાઇસિન્સ આવી જવું જોઈએ. તેમણે કહ્યું : 'તમે ચિંતા ન કરો. એ હમણાં જ લાવી આપું છું.'

પછી તેઓ ક્રાફર્ડ માર્કેટ પોલીસ સ્ટેશને ગયા અને લાઇસિન્સ વિભાગના કલાર્કને મળ્યા. ત્યાં એવો જવાબ મળ્યો કે 'આ બાબતનું લાઇસિન્સ તમને મળશે નહિ' અને પ્રો. સાહેબના ડાંડિયા ગુલ થઈ ગયા. તેમણે કલાર્કને પૂછ્યું કે 'એનું કંઈ કારણ?' કલાર્કે કહ્યું : 'એ હું કંઈ ન જાણું. સાહેબનો હુકમ છે, તે તમને જણાવું છું.' અને તેઓ ભાંગેલા હૈયે અને ભાંગેલા પગે અમારા કાર્યાલયમાં પાછા ફર્યા. આ વખતે અમારું કાર્યાલય પ્રીન્સેસ સ્ટ્રીટમાં ચાલતું હતું.

---

૨ તેઓ અમદાવાદના વતની હતા અને જાદુના ખેલો કરતા હતા. તેમની પાસેથી અમે કેટલાક જાદુના ખેલો શીખ્યા હતા, પરંતુ તે કદી જાહેર રીતે કર્યા નથી.

તેમણે અમને કહ્યું : 'કંઈ સમજ પડતી નથી. મેં પચાસ વાર આવાં લાઇસન્સો મેળવ્યાં છે અને તેમાં કદી હરકત આવી નથી, પણ આ વખતે કોણ જાણે કેમ, આવો જવાબ મળ્યો છે. માટે તમે પોતે જ પોલીસ સ્ટેશને જાઓ અને આસી. પોલીસ કમીશ્નરને મળો તો કામ થશે.'

આ સમાચાર અમારા માટે ઘણા ખેદજનક હતા. જેની કદી કલ્પના રાખી ન હતી, તે વસ્તુ ઉપસ્થિત થવા પામી હતી. છતાં અમે હિંમત રાખી, ત્રણ નમસ્કારમંત્ર અને ત્રણ ઉવસગ્ગહરં સ્તોત્ર ગણી, કેટલીક સાધનસામગ્રી સાથે કાર્ફર્ડ માર્કેટમાં પહોંચ્યા અને આસી. પોલીસ કમીશ્નરની કચેરી આગળ જઈ, પટાવાળાના હાથમાં અમારું વીઝીટીંગ કાર્ડ મૂક્યું. આ વખતે આસી. પોલીસ કમીશ્નરને મળવા માટે ૩૫–૪૦ જણાની હાર ઊભેલી હતી, છતાં તેણે અમારું કાર્ડ મળતાં તરત જ અમને અંદર બોલાવી લીધા અને બેસવા માટે ખુરશી આપી.

અમે વાતનો પ્રારંભ કરતાં જણાવ્યું કે 'આ પ્રયોગો શૈક્ષણિક છે અને લોકોને પોતાની સ્મરણશક્તિમાં વિશ્વાસ વધે તથા તેને કેળવવા માટે પ્રયત્નશીલ થાય, તે માટે જ યોજવામાં આવેલ છે.'

તેણે કહ્યું : 'પ્રોફેસર શાહ! તમારી આ શક્તિની હું કદર કરું છું, પણ દિલગીર છું કે તે માટે તમને લાઇસન્સ આપી શકતો નથી.'

અમને સમજ ન પડી કે કયા કારણે તે લાઇસન્સ

આપવાની ના પાડે છે, પરંતુ અમે આગળ ચલાવ્યું : 'આ પ્રયોગો માટે અમે ઘણો ખર્ચ કર્યો છે અને તે નિર્ધારિત દિવસે ન થાય તો અમારે ઘણું સહન કરવું પડે એમ છે, માટે લાઇસન્સ તો અમને મળવું જ જોઈએ.'

તેણે કહ્યું : તમારી વાત સાચી છે, પણ એ બાબતમાં હું શું કરી શકું ? મારા હાથ તો કાયદાથી બંધાયેલા છે, એટલે હું આ બાબતમાં કંઈ કરી શકું તેમ નથી.'

આ પરથી અમે એટલું સમજી ગયા કે આમાં કાયદાની કોઈ ગુંચ નડે છે, પણ તેની કલ્પના અમને આવી શકતી ન હતી. હવે વિશેષ દલીલ કરવી નકામી હતી અને જો અમને લાઇસન્સ ન મળે તો અમે મોટા ખર્ચના ખાડામાં ઉતરી પડીએ અને મુંબઈમાં બદનામ થઈએ તે જુદા. એ માટે અમારી હરગીઝ તૈયારી ન હતી. હવે શું કરવું ? ખરેખર ! અમે ઘણી વિચિત્ર પરિસ્થિતિમાં મૂકાઈ ગયા હતા.

એવામાં સાહેબે બીજા એક માણસ સાથે વાત શરૂ કરી અને અમે ઉવસગ્ગહરં સ્તોત્રનો આશ્રય લીધો. તેમાં પ્રથમ ગણુના પૂરી થઈ કે જાણે કોઈએ અમારા કાનમાં કહ્યું કે ' તમે સાહેબને એમ કહો કે તમારી ભૂલ છે, એટલે તમારું કામ થઈ જશે. '

આ વાત અમારી બુદ્ધિમાં ઉતરી નહિ. આસી. પોલીસ કમીશ્નરને એમ કેમ કહેવાય કે આ તમારી ભૂલ છે ? તે માટે કંઈ કારણ તો આપવું જોઈએ ને ? પણ એવા કોઈ

કારણની અમને માહિતી ન હતી. વળી આવા શબ્દો બોલવાનું પરિણામ શું આવે ? તે પણ અમારા ધ્યાન બહાર ન હતું.

બીજી વાર સ્તોત્રની ગણના કરી અને બીજી વાર પણ આવો જ જવાબ મળ્યો. છેવટે ત્રીજી વારની ગણનાનું પરિણામ પણ આ જ સૂચનામાં આવ્યું, એટલે અમે હિમ્મત રાખીને આસી. પોલીસ કમીશ્નરને કહ્યું કે ' સાહેબ ! આમાં તમારી ભૂલ થાય છે. તમારે કાયદેસર મને લાઇસન્સ આપવું જ જોઇએ. '

આ શબ્દો અમે મક્કમતાથી ઉચ્ચાર્યા, એટલે સાહેબ વિચારમાં પડી ગયા અને એ જ વખતે એમના મનમાં એવો વિચાર ઝબકી ગયો કે ' રખેને મારી ભૂલ થતી હોય ! ' આ જ વખતે તેમણે લાઇસન્સ અરજીની ફાઇલ મંગાવી, અરજી કર્યાની તારીખ જોઈ અને પછી જણાવ્યું કે ' પ્રો. શાહ ! તમારી વાત સાચી છે. આમાં મારા ખાતાની ભૂલ થયેલી છે. અને તે ભૂલ સુધારવા હું તમને લાઇસન્સ આપું છું. '

શો અજબ ચમત્કાર ! અમે તો એમ માનતા હતા કે અમારા ઉક્ત શબ્દો સાંભળીને આ સાહેબ જરૂર ચીડાશે અને અમને તેની ઓફિસ બહાર હાંકી કાઢશે, પણ તેનું પરિણામ આ રીતે અમારી તરફેણમાં આવ્યું.

આમાં હકીકત એમ બની હતી કે મેટ્રો સીનેમાને જાહેર કાર્યક્રમો માટે લાઇસન્સ મળેલું ન હતું, એટલે ત્યાં કોઈ જાહેર કાર્યક્રમો થતા ન હતા, પરંતુ મેનેજર નવો જ આવેલો અને તેણે અમારી માગણી સ્વીકારીને અમારી પાસેથી

ભાડું લઇને અમને રસીદ આપી દીધી. પછી તે અંગે પ્રચાર શરૂ થયો, આ વસ્તુ પોલીસખાતાના ધ્યાનમાં આવી અને તેથી મેટ્રો સીનેમાના મેનેજરને બોલાવીને ધમકાવવામાં આવ્યો કે તમે શું જોઇને આ જાહેર કાર્યક્રમ માટે સીનેમા ભાડે આપ્યું છે? તમને જે વર્ગનું લાઇસિન્સ છે, તે જોતાં તમે આ સીનેમા જાહેર કાર્યક્રમ માટે ભાડે આપી શકતા નથી. આથી મેનેજર ગભરાયો. તેણે આસી. પોલીસ કમીશ્નર આગળ ભૂલ કબૂલ કરી અને પોતાને બચાવી લેવા જણાવ્યું.

આ ઘટના અમે આસી. પોલીસ કમીશ્નર પાસે ગયા, તેના બે દિવસ અગાઉ જ બનેલી હતી.

હવે પોલીસખાતામાં એવો કોઇ નિયમ હશે કે જેમને કોઇ પણ કારણસર લાઇસિન્સ ન આપવાનું હોય તેને અરજી કર્યાના અમુક દિવસની અંદર ખબર આપી દેવી જોઈએ. પરંતુ પોલીસખાતાએ તેમ કર્યું ન હતું. જ્યારે દૈવી સંકેતના આધારે અમે સાહેબને જરા જોરથી કહ્યું કે 'સાહેબ! આમાં તમારી ભૂલ થાય છે,' ત્યારે તેના મગજમાં આ વાત આવી ગઈ અને તેણે અમને લાઇસિન્સ કાઢી આપ્યું.

અહીં વિચારવાનું એ છે કે ઉવસગ્ગહરં સ્તોત્રની ગણના બાદ ઉપર્યુક્ત શબ્દો કોણે કહ્યા? અમે ગમે તેવી બુદ્ધિ લડાવીએ તો પણ આ પ્રકારના શબ્દો તો અમને સૂઝે તેમ ન હતા. વળી તે શબ્દોએ બગડી ગયેલી પરિસ્થિતિને તરત જ સુધારી દીધી અને અમને મોટા નુકસાન તથા બદનામીમાંથી બચાવી લીધા. આને આપણે ચમત્કાર નહિ તો બીજું શું કહી શકીએ?

નિર્ધારિત દિવસે એટલે તા. ૧૬-૪-૩૯ રવિવારની સવારે ૯-૩૦ વાગતાં મેટ્રો સીનેમામાં મુંબઈના શિક્ષિત લોકોની ચિકાર હાજરીમાં અમારા શતાવધાનના પ્રયોગો થયા અને તેણે લોકોનાં દિલ જિતી લીધાં.

આ વખતે મેટ્રો સીનેમાના મેનેજર હાજર રહ્યા હતા અને તેમણે બધી વ્યવસ્થા ઉત્તમ પ્રકારે કરી હતી, એટલું જ નહિ પણ આ પ્રયોગો પાંચ કલાક સુધી ચાલ્યા હતા, છતાં તેમણે વધારાનો કોઈ ચાર્જ કર્યો ન હતો અને અમે પોલીસ લાઇસન્સ મેળવવાના કારણે પોતે એક આફતમાંથી બચી ગયા, તે માટે અમારો ખાસ આભાર માન્યો હતો.

ત્યારબાદ સાત-આઠ વર્ષે અમારે એક યંત્રની શોધમાં મૈસુર રાજ્યનો પ્રવાસ કરવાનો પ્રસંગ આવ્યો અને મલૈનાડ વિસ્તારમાં[૩] પહોંચ્યા કે જ્યાં શ્રી પદ્માવતી દેવી, શ્રી જ્વાલા-માલિની દેવી અને શ્રી શારદામ્બિકાનાં પ્રાચીન પવિત્ર ધામો આવેલાં છે.

શ્રી પદ્માવતી પીઠ-હુમચથી અમારે કુંદાગિરિ પર્વત પર જવું હતું કે જ્યાં એક મહાન મંત્રવાદી હોવાની ભાળ મળી હતી અને અમારે તેની સાથે કેટલોક વાર્તાલાપ કરવો હતો. એટલે બપોરના ચાર વાગે બસ પકડી સાંજ ટાણે તીર્થહલ્લી આવ્યા અને એક કલાક બાદ ત્યાંથી આગુંબે ઘાટી તરફ જતી બસમાં સવાર થયા. રાત્રિના દશ વાગે બસ

૩ આ વિસ્તાર શીમોગાથી શરૂ થાય છે અને સહ્યાદ્રિની પર્વત-માળામાં ચાલીશથી પચાશ માઈલની લંબાઈ-પહોળાઈમાં પ્રસરેલો છે.

કંડકટરે અમને એક સ્થાને ઉતરી જવાની સૂચના કરી કે જ્યાંથી પગ રસ્તે આશરે ચાર માઈલ ચાલીને કુંદાગિરિ પર્વત પર જવાતું હતું.

અમે સામાન લઈને નીચે ઉતરી પડ્યા, પણ ત્યાં અમારા સિવાય અન્ય કોઈ માનવી ન હતો. ચારે બાજુ જંગલ નજરે પડતું હતું અને અંધકારે તેની ભયાનકતા વધારી મૂકી હતી. અહીંથી ચાર માઈલનો પ્રવાસ કરીએ તો કુંદાગિરિની તળેટીમાં વસેલા એક ગામમાં પહોંચી શકીએ, પણ અત્યારે એ પ્રવાસ કરવાની કોઈ શકયતા ન હતી. જ્યાં દિવસે પણ ભોમિયો કે જાણકારની સહાય વિના જઈ શકાય નહિ, ત્યાં રાત્રે એકલા-અટુલા શી રીતે જવું?

સડકની એક બાજુએ એક ઘર આવેલું હતું, પણ તે અત્યારે બંધ હતું. તેનાં દ્વાર ખખડાવવાં કે કેમ? એ એક વિચારણીય પ્રશ્ન હતો. અમે કન્નડ ભાષા જાણતા ન હતા, એટલે આ પ્રદેશના મનુષ્યો માટે પરદેશી હતા અને એક પરદેશી માટે રાત્રિના આ સમયે આ સ્થળે દરવાજા ખુલે એ વાત મગજમાં બેસતી ન હતી. ત્યારે કરવું શું? જો અહીં પડી રહીએ તો જંગલી જનાવરોનો ભેટો થાય અને તેમના હુમલાથી બચવું ભારે થઈ પડે, એ નિશ્ચિત હતું.

હવે જ અમને ખ્યાલ આવ્યો કે આ વખતે અહીં આવવામાં અમે પૂરેપૂરું સાહસ કર્યું હતું અને આગળ-પાછળનો કંઈ વિચાર કર્યો ન હતો. આમ છતાં હિમ્મત હાર્યા નહિ. અમે ધૈર્યનું અવલંબન લઈ સંકટ સમયની

સાંકળ જેવા ઉવસગ્ગહરં સ્તોત્રનું સ્મરણ શરૂ કર્યું. હજી તો તેની પાંચ-સાત વાર ગણના થઈ હશે કે બે લાઇટનો પ્રકાશ પડ્યો અને એક કાળા રંગની મોટર અમારી સામે આવીને ઊભી રહી.

અમે આશ્ચર્યચકિત નયને તેની સામું જોઈ રહ્યા. ત્યાં અંદરથી અવાજ આવ્યો : 'કીધર જાના હૈ ?' આ પ્રદેશમાં હિંદીનો આવો પ્રયોગ વિરલ જ ગણાય, છતાં તે બરાબર થઈ રહ્યો હતો. અમે વિચારમાં પડ્યા : 'શું જવાબ આપવો ? આમાં કંઈ દગો થાય તો આવી જ બને ને ?'

એ હાલતમાં એકાદ મીનીટ પસાર થઈ ગઈ કે ફરી પ્રશ્ન થયો : 'કયા સોચતે હો ? ડરો મત. કુંદાગિરિ જાના હો તો બૈઠ જાઓ !' અને અમે વધારે વિચાર કર્યા વિના સામાન લઈ એ મોટરમાં બેસી ગયા.

મોટર જંગલના રસ્તે વાંકી-ચૂકી ચાલવા લાગી. અંદર બે વ્યક્તિઓ બેઠેલી હોય તેમ લાગ્યું, પણ તે કંઈ વાત કરતી ન હતી કે અંધકારને લીધે તેમના ચહેરા દેખી શકાતા ન હતા, એટલે તેઓ કોણ હતા ? તેનો નિર્ણય કરી શક્યા નહિ.

આશરે વીશ-પચીશ મીનીટ પછી એ મોટર કુંદાગિરિની તળેટીથી એક માઈલ દૂર વસેલા એક ગામડા આગળ ઊભી રહી અને અમને પ્રથમના સ્વરે જ કહેવામાં આવ્યું કે 'ઇધર ઉતર જાઓ.' અમે કંઈ પણ બોલ્યા વિના સામાન લઈને ત્યાં ઉતરી પડ્યા અને ત્યાં એક વ્યક્તિના મકાનમાં આશ્રય લીધો.

ખરેખર ! ઘણી વિષમ પરિસ્થિતિમાંથી અમારો ઉદ્ધાર થયો હતો અને તે અતિ ચમત્કારિક રીતે થયો હતો. આજે પણ એ દૃશ્ય અમારી નજર સામે આવે છે અને અમારા હૃદયમાં અકથ્ય ભાવો જગાડી જાય છે.

બીજા દિવસે સવારે એક ભોમિયાને સાથે લઇ અમે કુંદ્રાગિરિ પર્વત પર આરોહણ કર્યું અને ત્યાં રહેલા મંત્રવાદીની મુલાકાત લઇ યંત્રો અને તેની ચમત્કારિક શક્તિઓ અંગે કેટલોક વાર્તાલાપ કર્યો.

આ સિવાય પણ ઉવસગ્ગહરં સ્તોત્રનો પ્રભાવ નિહાળવાના પ્રસંગો અમારા જીવનમાં આવ્યા છે, પણ તે અહીં રજૂ કરવાની જરૂર જોતા નથી. પાઠકોને આ સ્તોત્રના મહા પ્રભાવની પ્રતીતિ કરાવવા માટે આટલા પ્રસંગો પૂરતા છે.

જ્યારે જ્યારે અમારી પાસે કોઈ વ્યક્તિ પોતાનાં દુઃખ કે દારિદ્રની ફરિયાદ કરતી આવે છે, ત્યારે તેને અમે આ સ્તોત્રની શ્રદ્ધાપૂર્વક ગણના કરવાનું કહીએ છીએ અને તેનાં પરિણામો પ્રાયઃ સુંદર જ આવ્યાં છે.

[૮]

મંત્રસિદ્ધિ અંગે કિંચિત્

મંત્રસિદ્ધિ ભૂતકાલમાં થતી હતી, આજે પણ થાય છે અને ભવિષ્યમાં પણ થશે. કોઈ એમ કહેતું હોય કે વિષમ કાલને લીધે આ કાલમાં મંત્રસિદ્ધિ ન જ થાય, તો એ વાત માનવા જેવી નથી.

શ્રી મોહનલાલજી મહારાજ તો હજી ગઈ કાલની જ વાત છે. સં. ૧૯૩૦માં તેમને રાજસ્થાન-જયપુર નજીક એક જંગલમાં રાત્રિ પસાર કરવાનો પ્રસંગ આવ્યો. તેઓ ત્યાં એક વાવના કિનારે સ્થિર થયા. હજી તો થોડી જ રાત્રિ વ્યતીત થઇ હતી કે એક વાઘની ગર્જના સંભળાઇ અને તે અનુક્રમે નજીક આવવા લાગ્યો, એમ કરતાં વાઘ ઘણો નજીક આવી ગયો અને હમણાં હુમલો કરશે એમ લાગ્યું, પરંતુ મહારાજશ્રી અમુક મંત્રની ગણના કરી રહ્યા હતા, એટલે વાઘ તદ્દન શાંત બની ગયો અને તે પોતાનું મસ્તક નમાવીને ચાલતો થયો.

સં. ૧૯૪૫ના ચૈત્ર માસમાં તેઓ ગુજરાત–ખેડા નજીક માતરમાં બિરાજતા હતા. તે વખતે ત્યાંના એક દેવીમંદિરમાં પાડાનું બલિદાન આપવાની તૈયારી થઈ. જૈન સંઘને આ વાતની જાણ થતાં તેણે મુનિરાજશ્રીને પરિસ્થિતિનું નિવેદન કર્યું અને કોઈપણ ઉપાયે પાડાનું બલિદાન બંધ રહે એમ કરવા વિનંતિ કરી. એ જ વખતે તેમણે વાસક્ષેપ મંત્રીને સંઘને આપ્યો અને સંઘની બે વ્યક્તિઓ એ વાસક્ષેપ લઈને દેવીમંદિરમાં ગઈ. પછી મહારાજશ્રીની સૂચના અનુસાર વાસક્ષેપ પાડા પર નાખ્યો કે તેનામાં વિલક્ષણ શક્તિનો સંચાર થયો અને તેણે એકદમ કૂદાકૂદ કરતાં તેનાં સર્વ બંધનો તૂટી ગયાં તથા તે બેફામ બનીને નાઠો અને દૂર ચાલ્યો ગયો. કોઈ તેને રોકવાની કે પકડવાની હિમ્મત કરી શકયું નહિ. ત્યાર પછી મહારાજશ્રીના ઉપદેશથી એ દેવીમંદિરમાં કાયમને માટે પાડાનું બલિદાન દેવાનું બંધ રહ્યું.

શ્રી મોહનલાલજી મહારાજને યોગ તથા મંત્રોપાસનાના પરિણામે વચનસિદ્ધિ પ્રાપ્ત થઇ હતી અને જેમના જેમના માથે તેમણે હાથ મૂકયો, તે બધા જ ધનવાન અને સુખી થયા હતા. સ્વ. શ્રી ઋદ્ધિસાગરજી મહારાજે પણ મંત્રના કેટલાક ચમત્કારો બતાવ્યા હતા.

અન્ય દર્શનીઓમાં શ્રી રામકૃષ્ણ પરમહંસ અને તેમના શિષ્ય યોગાનંદજી વગેરેએ મંત્રના ચમત્કારો બતાવેલા છે. શ્રી ગોપાળ સ્વામીએ શ્રીમાન્ બિરલાને ત્યાં દિલ્લી–લોકસભાના અનેક સભ્યો સમક્ષ મંત્રશક્તિથી ઈંટના ટૂકડાઓમાંથી

સાકર, પાણીમાંથી દૂધ અને ત્રાંબાનું સોનું કરી બતાવી સહુને અતિ પ્રભાવિત કર્યા હતા. સાંઈ બાબાએ પણ મંત્ર-શક્તિનો પરિચય હજારો મનુષ્યોને કરાવ્યો હતો. અને આજે સત્ય સાંઈબાબા વગેરે પણ હજારો મનુષ્યોને મંત્રશક્તિનો પરિચય કરાવી રહેલ છે. એટલે મંત્રસિદ્ધિ આધુનિક કાલે ન થાય એમ માનવું–મનાવવું ભૂલભરેલું છે.

વર્ષો સુધી મંત્રશાસ્ત્રોનો અભ્યાસ કર્યા પછી, તેમજ કેટલાક મંત્રવાદીઓના પરિચયમાં આવ્યા પછી અમે આ બાબતમાં જે કંઈ સમજ્યા છીએ, તેનો સાર જિજ્ઞાસુઓની જાણ માટે અહીં રજૂ કરીએ છીએ.

મંત્રના સાધક, આરાધક કે ઉપાસકમાં માનસિક અને શારીરિક બળ પૂરેપૂરું હોવું જોઈએ. અન્ય શબ્દોમાં કહીએ તો ઢચુપચુ મનના કે નિર્બળ શરીરવાળા મંત્રસાધના કરવાને યોગ્ય નથી. આમ છતાં જો તેઓ મંત્રસાધના કરવાને તત્પર થાય અને તેમાં જો સાપ, ભૂત કે એવી જ બીજી કોઇ ભયંકર આકૃતિને જુએ, તો તેના મનમાં અત્યંત ગભરાટ થવાનો અને કદાચ તે પાગલ બની જવાનો. એટલે તેને મંત્રસાધના છોડવી જ પડે. તે જ રીતે જેઓ નિર્બળ શરીરવાળા છે, તેઓ મંત્રસાધના–નિમિત્તે આવી પડતી આપદાઓ સહન કરી શકવાના નહિ. પરિણામે તેમની મંત્ર-સાધના છૂટી જવાની અને સમય તથા શ્રમ નકામો જવાનો.

મનમાં વિકાર હોય, અશુદ્ધ ભાવના હોય કે અપવિત્રતા હોય તો પણ મંત્રસિદ્ધિ થતી નથી, એટલે સાધકે પોતાનાં

મનને પવિત્ર બનાવવું જોઈએ. તે જ રીતે શરીર દ્વારા અનેક પ્રકારનાં પાપકર્મો થયેલાં હોઇ તેની શુદ્ધિ-નિમિત્તે મંત્રસાધના શરૂ કરતાં પહેલાં અમુક તપશ્ચર્યા કરી લેવાનું આવશ્યક બને છે. વિશેષ ન બને તો એક અટ્ઠમ એટલે ત્રણ દિવસના નકોરડા ઉપવાસ કરી લેવા જોઈએ. અન્ય દર્શનીઓમાં તે માટે ચાંદ્રાયણવ્રત, સાવિત્રીવ્રત આદિ કરાવવામાં આવે છે.

મંત્રસાધકની યોગ્યતા માટે નીચેના નિયમો ધ્યાનમાં રાખવા જોઈએ :

(૧) શૂરવીર બનવું.

(૨) દુષ્ટ કર્મોનો ત્યાગ કરવો.

(૩) ગુણવડે ગંભીર થવું.

(૪) જરૂર જેટલું જ બોલવું અને બાકીના સમયમાં મૌન ધારણ કરવું.

(૫) પોતાને દીન-હીન ન માનતાં શક્તિમાન માનવો અને 'આ સાધના હું અવશ્ય કરી શકીશ' એવો આત્મવિશ્વાસ ધારણ કરવો.

(૬) ગુરુજનોની હિતશિક્ષા માનવી.

(૭) આળસનો ત્યાગ કરવો.

(૮) નિદ્રા પ્રમાણસર લેવી.

(૯) ભોજન પરિમિત કરવું.

(૧૦) સ્પર્શાદિની લાલસામાં ફસાવું નહિ.

(૧૧) ક્રોધ, અભિમાન, કપટ તથા લોભનો ત્યાગ કરવો.

(૧૨) ધર્માચરણમાં પ્રીતિ રાખવી.
(૧૩) પરોપકાર આદિ મહાન ગુણો કેળવવા.
(૧૪) બાહ્ય અને અભ્યંતર પવિત્રતા રાખવી.
(૧૫) પ્રસન્ન રહેવું.
(૧૬) ગુરુની દરેક પ્રકારે સેવા કરવી.
(૧૭) ઇષ્ટદેવની નિત્ય નિયમિત ભક્તિ કરવી.
(૧૮) વ્રતમાં દૃઢ નિષ્ઠાવાળા થવું.
(૧૯) સત્ય બોલવું અને સત્ય આચરવું.
(૨૦) દયાળુ થવું.
(૨૧) ચતુરાઈ રાખવી.
(૨૨) પ્રતિભાસંપન્ન થવું.

(૨૩) ગુરુ પાસેથી મંત્રપદો યથાર્થ રીતે ગ્રહણ કરવાં અને તેને બરાબર ધારી રાખવાં. જો મંત્રપદ ધારણ કરવામાં ગફલત કે ગરબડ થઈ તો આખો મંત્ર અશુદ્ધ બની જશે. તે જ રીતે ગ્રહણ કર્યા પછી મનના વ્યવધાનના કારણે તેનો અક્ષર આઘોપાછો થઈ જતાં કે તેમાં કાના, માત્રા, મીંડી આદિનો ફેરફાર થઈ જતાં પણ મંત્ર અશુદ્ધ બની જશે. આવા અશુદ્ધ મંત્રની ગણના કરતાં સિદ્ધિ સાંપડે નહિ.

(૨૪) સતત પુરુષાર્થ કરવો.

મંત્રવિશારદ સદ્‌ગુરુની પાસેથી વિધિસર મંત્ર ગ્રહણ કર્યા વિના તથા તેમના આશીર્વાદ મેળવ્યા વિના જેઓ મંત્રસિદ્ધિ માટે પ્રયાસ કરે છે, તેમાં તેમને સફલતા મળતી નથી; તેથી સાધકે પ્રથમ મંત્રવિશારદ સદ્‌ગુરુને શોધી

કાઢવા જોઈએ. આવા ગુરુ શોધી કાઢવાનું કામ સહેલું તો નથી જ, પણ તીવ્ર જિજ્ઞાસા હોય અને દૃઢ સંકલ્પ હોય તો મળી રહે છે. જો આવા ગુરુ ન જ મળે તો શાંત, દાંત તથા પવિત્ર મનવાળા આપણા ધર્મગુરુનો હાથ માથે મૂકાવવો અને તેમનું યથાવિધિ પૂજન કરીને કામ આગળ ચલાવવું.

કેટલાક મંત્રવિશારદો એમ કહે છે કે જો સદ્‌ગુરુ સાંપડે નહિ, પણ સ્વપ્નામાં તેમનાં દર્શન થાય તો તેમની પાસેથી મંત્ર ગ્રહણ કરવો. અને આવું કંઈ ન બને તો જલપૂર્ણ કલશમાં ગુરુની પ્રાણપ્રતિષ્ઠા અર્થાત્ સ્થાપના કરવી અને વડનાં પાન પર કેશરથી મૂલમંત્ર લખી તેને પાણીમાં ડૂબાડવો. પછી તે પાન બહાર કાઢીને પોતાની જાતે જ મંત્ર ગ્રહણ કરવો. આથી મંત્રસિદ્ધિ થાય છે.

બધા મંત્રો બધાને સિદ્ધ થતા નથી, એટલું જ નહિ, પણ કેટલાકને તે શત્રુરૂપ નીવડે છે અને તેમનો નાશ પણ કરે છે, માટે જે મંત્ર ગ્રહણ કરવાની ઈચ્છા હોય, તે પોતાને અનુકૂળ રહેશે કે કેમ ? એ બાબતનો નિર્ણય ગુરુ પાસે કરાવવો. ગુરુ વિશિષ્ટ જ્ઞાની હશે તો અંતઃકરણની સ્ફુરણા અનુસાર તેનો નિર્ણય કરી આપશે, અન્યથા સિદ્ધાદિચક્ર, ઋણધન શોધનચક્ર, તારાચક્ર, રાશિચક્ર, અકડમચક્ર કે પંચભૂત-ચક્ર આદિ કોઈ પણ સાધનથી તેનો નિર્ણય કરશે. પરંતુ આ વિષયમાં છેવટની તાત્ત્વિક વાત તો એ જ છે કે—

यत्र यस्य भवेद्भक्तिर्विशेषः स मनूत्तमः ।
वैरिकोष्ठमपि प्राप्तोऽभीष्टदस्तस्य जायते ॥

'જે મંત્ર ગ્રહણ કરવામાં સાધકની પ્રબળ ઇચ્છા અને દૃઢ ભક્તિ હોય, તે મંત્રસાધકને માટે ઉત્તમ છે, પછી સિદ્ધાદિચક્રનું શોધન કરતાં ભલે તે અરિના કોઠાને પ્રાપ્ત થયેલો હોય.'

વળી તેમણે એમ પણ કહ્યું છે કે—

मन्त्रे तीर्थे द्विजे देवे, दैवज्ञे भेषजे गुरौ ।
यादृशी भावना यस्य, सिद्धिर्भवति तादृशी ॥

'મંત્ર, તીર્થ, બ્રાહ્મણ, દેવ, જ્યોતિષી, ઔષધ અને ગુરુની બાબતમાં જેની જે પ્રકારની ભાવના હોય, તેને તે પ્રકારની સિદ્ધિ થાય છે.'

તાત્પર્ય કે સદ્‌ગુરુને શરણે જવું અને તેઓ જે મંત્ર આપે તેની અત્યંત શ્રદ્ધાપૂર્વક ગણના કરવી, એ સહુથી ટૂંકો અને સહેલો માર્ગ છે.

અહીં એ પણ સ્પષ્ટ કરવું જોઈએ કે સિદ્ધમંત્રો કે સ્તોત્રો માટે સિદ્ધાદિચક્રશોધન આદિ કોઈ વિધિ કરવાની આવશ્યકતા નથી. એ મંત્રોમાં યોગસિદ્ધ–મંત્રસિદ્ધ મહાપુરુષોએ પોતાની શક્તિનો અંશ મૂકેલો હોય છે, એટલે તે સહુને ફલદાયી થાય છે, માટે બને ત્યાં સુધી આવા સિદ્ધમંત્રો કે સ્તોત્રોનું જ આરાધન કરવું. એમાં કોઈ પ્રકારનું નુકશાન થવાનો તો સંભવ જ નથી.

'નમસ્કારમંત્ર તો ઠીક, ઉવસગ્ગહરં સ્તોત્ર પણ અમને આવડે છે. અને બાકીનાં સ્મરણો પણ કહો તો મુખપાઠ

બોલી જઈએ, પણ એમાં કંઈ દહાડો વળતો નથી.' આવાં વચનો આજે આપણા કર્ણપટ પર અથડાય છે, તે નમસ્કારમંત્ર, ઉવસગ્ગહરં સ્તોત્ર તથા બીજાં સ્મરણો પરત્વે આંતરિક શ્રદ્ધાનો અભાવ સૂચવે છે. તેમને આ મંત્ર, સ્તોત્ર કે સ્મરણોનો પ્રભાવ જણાય ક્યાંથી ? આંખે પાટા બાંધીને સુંદર વસ્તુનાં દર્શન કરવાની ઇચ્છા રાખીએ તો તે ફળતી નથી. ત્યાં તો માત્ર અંધારું જ દેખાય છે.

એક વૃદ્ધ મુનિ વિહાર કરતાં થાકી ગયા. ખેડૂતે તેમને પોતાના ખેતરમાં આશ્રય આપ્યો અને તેમની ભક્તિ કરી. બીજા દિવસે એ મુનિએ ત્યાંથી વિહાર કરતી વખતે એ ખેડૂતને કહ્યું : 'ભાઈ! હું તારી ભક્તિથી પ્રસન્ન થયો છું અને તને એક મંત્ર આપવા ઇચ્છું છું. એ મંત્રની તું રોજ પાંચ–દશ મીનીટ ગણના કરીશ, તો તારું ભલું થશે.'

ખેડૂતે કહ્યું : 'બાપજી ! એ મંત્ર મને જરૂર આપો. હું તેની રોજ ગણના કરીશ.'

પછી મુનિએ એ ખેડૂતને નમસ્કારમંત્રનાં પદો કંઠસ્થ કરાવ્યાં અને તેણે અત્યંત ભક્તિભાવથી એ કંઠસ્થ કરી લીધાં. બાદ મુનિએ ત્યાંથી વિહાર કર્યો અને પેલો ખેડૂત તેની નિત્ય નિયમિત ગણના કરવા લાગ્યો. ગુરુએ પાંચ–દશ મીનીટ કીધી હતી, પણ તેને એમાં રસ પડયો, એટલે તે અધો કલાક કે તેથી પણ વધારે સમય એમાં ગાળવા લાગ્યો.

થોડા દિવસ બાદ તેના એક માણસને સાપ કરડયો

'ગુરુએ મને એક ઉત્તમ મંત્ર આપ્યો છે. તે ભણીને પાણી છાંટું તો તેનાથી સાપનું ઝેર જરૂર ઉતરી જશે.' અને તેણે હાથમાં પાણી લઈ ત્રણ નમસ્કારમંત્ર ગણ્યા અને તે પાણી પેલા માણસ પર છાંટ્યું કે તે હોશમાં આવવા લાગ્યો. પછી તો એ ખેડૂતે બે-ત્રણ વાર આ રીતે તેના પર પાણી છાંટ્યું કે તેના શરીરમાં વ્યાપેલું બધું ઝેર ઉતરી ગયું. ત્યારબાદ આ ખેડૂતે આ રીતે બીજા પણ ઘણા માણસોને સાપના ઝેરથી મુક્ત કર્યા અને તેમના પ્રાણ બચાવ્યા.

જૈનોને તો આ મંત્ર ગળથુથીમાંથી મળે છે અને તેની નિત્ય નિયમિત ગણના ચાલુ હોય છે. પરંતુ તે અંગે જેવી અને જેટલી શ્રદ્ધા અંતરમાં જામવી જોઈએ, તેટલી જામતી નથી. તેનું જ એ પરિણામ છે કે આપણામાંથી અગાંળીના ટેરવે ગણાય, એટલી વ્યક્તિઓ પણ આ રીતે નમસ્કારમંત્ર ભણીને સાપનું ઝેર ઉતારવા તત્પર થશે નહિ.

એક જૈન ગૃહસ્થ પોતાના કુટુંબ સાથે ગામતરે જવા નીકળ્યા. રસ્તામાં પાસેનું પાણી ખૂટ્યું અને બધાને બહુ તરસ લાગી. આસપાસ તપાસ કરી તો કોઈ જલાશય જણાયું નહિ કે કોઈનું ઘર જોવામાં આવ્યું નહિ. તે મનથી ખૂબ મુંઝાયા અને નમસ્કારમંત્રની ગણના કરવા લાગ્યા, પણ તેમાં ચિત્ત ચોટ્યું નહિ. 'હવે અમારું શું થશે?' એ વિચાર તેમને જોર-જોરથી આવવા લાગ્યો અને તેથી તેમનું મન ડહોળાઈ ગયું.

હવે તેમની સાથે એક મુસલમાન પણ પ્રવાસ કરી

રહ્યો હતો. તેને લાગ્યું કે પાણી વિના આ આખું કુટુંબ મુશ્કેલીમાં મૂકાઈ જશે અને કદાચ કોઈની જીભ તાળવે ચોટશે તો ભારે થઈ પડશે. એટલે તેણે પેલા ગૃહસ્થને કહ્યું : 'શેઠજી ! ગભરાશો નહિ. હું એક મંત્ર જાણું છું. તેના પ્રભાવે જોઈતું પાણી જરૂર મળી જશે.' અને તેણે મનમાં મંત્ર ભણી એક સ્થળે ખાડો ખોદ્યો કે તેમાંથી મીઠા પાણીનું ઝરણ ફૂટ્યું અને તેના વડે સહુએ પોતાની તૃષા છીપાવી. પછી બધા આગળ ચાલ્યા.

પેલા જૈન ગૃહસ્થને લાગ્યું કે 'આણે તો કમાલ કરી. કોઈ ફકીર–ઓલિયાએ તેને આ મંત્ર આપ્યો લાગે છે. તે અત્યારે કેટલો બધો કામ લાગ્યો ? હું તો મનમાં નમસ્કારમંત્ર કયારનો ગણતો હતો, પણ કંઈ કામ લાગ્યો નહિ ! પરંતુ હવે કોઈ પણ ઉપાયે મારે તેની પાસેથી આ મંત્ર શીખી લેવો.'

રસ્તામાં તેમણે પેલા મુસલમાનને વારંવાર શાબાશી આપી અને પછી ધીમેથી કહ્યું : 'મીયાં સાહેબ ! આ મંત્ર મને પણ શીખવો ને ! તમારો ઉપકાર કદી નહિ ભૂલું. વળી તમારે બે પૈસાનો ખપ હશે, તો તે પણ આપીશ.'

પેલા મુસલમાને કહ્યું : 'શેઠજી ! આ મંત્ર અમને ગુરુએ આપેલો છે. તેમની રજા સિવાય તે કોઈને આપી શકાય નહિ. વળી તેના નિમિત્તે મારે દોકડો (પૈસો) પણ ખપતો નથી.'

પેલા ગૃહસ્થે પૂછયું : 'તમારા મંત્રગુરુ કયાં રહે છે ?'

મુસલમાને કહ્યું : 'એ ફરતા રહે છે. પણ આપણા ગામમાં આવશે, ત્યારે તેમનાં દર્શન કરાવીશ.'

ત્યાર પછી આ ગૃહસ્થે મુસલમાન સાથે ખૂબ સારો સંબંધ રાખ્યો. એમ કરતાં એક દિવસ મંત્રદાતા ગુરુ તેના ગામમાં આવ્યા, ત્યારે તે મુસલમાને પેલા ગૃહસ્થને બોલાવી દૂરથી તેમને બતાવ્યા. એ જોઈ પેલા ગૃહસ્થ તરત જ બોલી ઉઠ્યા કે 'અલ્યા ! આ તો અમારા મહારાજ !'

મુસલમાને કહ્યું : 'એ તમારા મહારાજ પણ મારા તો મંત્રદાતા ગુરુ. તેમનો ઉપકાર હું કદી નહિ ભૂલું.'

આ સાંભળી પેલા ગૃહસ્થ વિચારમાં પડી ગયા : 'આ મહારાજ પણ કેવા છે ને ! અમે આટઆટલી ભક્તિ કરીએ તો અમને કંઈ આપતા નથી અને આ મુસલમાન કે જે તરકડાની જાત કહેવાય, તેને આવો ઉત્તમ મંત્ર આપી દીધો.'

પછી તેમણે અવકાશ જોઈને મહારાજને પૂછ્યું કે 'સાહેબ ! આપે આ ગામમાં કોઈ મુસલમાનને મંત્ર શીખવ્યો છે ?'

પ્રથમ તો મહારાજશ્રીને એનો ખ્યાલ ન આવ્યો, પણ પછી યાદ આવતાં કહ્યું કે 'હા, મેં આ ગામમાં એક મુસલમાનને નમસ્કારમંત્ર શીખવેલો છે અને તે એને ખૂબ શ્રદ્ધાથી ગણતો હતો. પણ તમારે આ પ્રશ્ન પૂછવો કેમ પડ્યો ?'

પેલા ગૃહસ્થ તો આ ઉત્તર સાંભળીને બાઘા જ બની ગયા. 'શું ત્યારે પેલા મુસલમાને નમસ્કારમંત્ર ભણીને પાણી કાઢ્યું ? અને અમને તેનો કંઈ પ્રભાવ ન જણાયો ?'

પછી તેમણે જે વાત બની હતી, તે મહારાજશ્રીને

અથ–ઈતિ કહી સંભળાવી. મહારાજશ્રીએ કહ્યું : ' પુણ્યવાન્ ! આમાં મુખ્ય વાત શ્રદ્ધાની છે. ક્યાં એ મુસલમાનની શ્રદ્ધા અને ક્યાં તમારી શ્રદ્ધા ! તમે પણ હવે એવી જ અડગ શ્રદ્ધા રાખો, એટલે તમને એ જરૂર ફળશે. '

મંત્રસિદ્ધિ માટે તેનો આમ્નાય પણ બહુ મોટી બાબત છે. જો મંત્રનો આમ્નાય મળી જાય અને તે પ્રમાણે જ વિધિ-વિધાન કરવામાં આવે તો એ મંત્ર સત્વર સિદ્ધ થાય છે, અન્યથા સિદ્ધ થતો નથી. પરંતુ આજે મંત્રનો આમ્નાય દુર્લભ બની ગયો છે, તેથી જ કહેવાયું છે કે—

निर्बीजमक्षरं नास्ति, नास्ति मूलमनौषधम् ।
निर्धना पृथ्वी नास्ति, आम्नायाः खलु दुर्लभाः ॥

' વર્ણમાલામાં કોઇ વર્ણ–અક્ષર એવો નથી કે જેનામાં એક યા બીજા પ્રકારનું મંત્રબીજ રહેલું ન હોય. વળી આ જગતમાં અઢાર ભાર વનસ્પતિ ઉગે છે, તેમાંની કોઈ વનસ્પતિનું મૂળ એવું નથી કે જે ઔષધિરૂપ ન હોય. વળી આ વિશાળ પૃથ્વીનો કોઇ ભાગ એવો નથી કે જ્યાં કંઈ પણ ધન દટાયેલું ન હોય. પણ તેના આમ્નાયો મળવા બરોબર ! દુર્લભ છે. '

અહીં આમ્નાય શબ્દથી તેની વિશ્વસ્ત માહિતી કે તેને પ્રાપ્ત કરવાનો સુયોગ્ય વિધિ સમજવો.

પરંતુ પ્રયત્ન કરનારને આમ્નાય પણ મળી રહે છે. મૂળ વાત એ છે કે તે સંબંધમાં પૂરતો પ્રયત્ન કરવો જોઈએ.

ગમે તેમ ચલાવી લેવાની વૃત્તિ મંત્રસાધનામાં–મંત્રોપાસનામાં ચાલતી નથી. તે મંત્રસિદ્ધિમાં બાધક નીવડે છે.

મંત્રસિદ્ધિમાં મનની સ્થિરતા પણ ઘણી અગત્યની વસ્તુ છે. જો મન સ્થિર ન હોય તો મંત્ર અને મન એક થાય નહિ અને જ્યાં સુધી મંત્ર અને મન એક થાય નહિ, ત્યાં સુધી તેની સિદ્ધિ સંભવે નહિ. પરંતુ આજે તો આપણા મન દુષિત આહાર તથા દુષિત વાતાવરણને લીધે એટલાં ચંચળ બની ગયાં છે કે તે ક્ષણવાર પણ સ્થિર થતાં નથી. આપણે આત્મકલ્યાણ માટે પ્રભુપૂજન કરીએ છીએ, ત્યાં પણ ચિત્તચાપલ્યને લીધે આપણી આંગળીઓ ઝપાટાબંધ ચાલે છે અને મંત્રોપાસના માટે માળા ગણીએ છીએ, ત્યાં પણ એ જ સ્થિતિ છે. જે શાંતિ, સમતા, સ્થિરતા જોઈએ તે બિલકુલ જોવામાં આવતી નથી. આ સંયોગોમાં મંત્રસિદ્ધિ કે મંત્રનો પ્રભાવ શી રીતે જોવામાં આવે ?

ચિત્તને–મનને સ્થિર કરવાનું કામ અઘરૂં છે, પણ અશકય કે અસંભવિત તો નથી જ. સત્સંગ, સદ્‌વાંચન, સાત્વિક આહાર અને અભ્યાસથી તેને સ્થિર કરી શકાય છે અને એ રીતે સ્થિર થયેલું મન જ મંત્રસિદ્ધિમાં અતિ અગત્યનો ભાગ ભજવે છે. જેનું મન સ્થિર થતું નથી, તેને કદી પણ મંત્રસિદ્ધિ થતી નથી.

મંત્રસાધકે પ્રાતઃકાલમાં વહેલા જાગૃત થઈને પંચપરમેષ્ઠીનું સ્મરણ કર્યા પછી મંત્રદાતા ગુરુને ત્રણ પ્રણામ કરવા જોઇએ અને તેમનું પણ થોડી વાર ધ્યાન ધરવું જોઈએ.

ત્યારપછી નિત્યકર્મથી પરવારીને મંત્રસાધના માટે તત્પર થવું જોઈએ. તેમાં પ્રથમ મંત્રદેવતાનું પંચોપચાર કે અષ્ટોપચારથી પૂજન કરવું જોઈએ અને પછી તેમના સ્વરૂપનું ધ્યાન ધરવું જોઈએ.

પંચોપચારમાં ધૂપ, દીપ, ગંધ, પુષ્પ અને નૈવેદ્યની ગણના થાય છે; અષ્ટોપચારમાં પંચામૃત (જલ), અક્ષત અને ફલ વિશેષ હોય છે. આ સિવાય ષોડશોપચાર અને તેથી પણ વધારે ઉપચાર વડે પૂજન થાય છે, પરંતુ તે પર્વ દિવસોમાં કે ખાસ પ્રસંગે કરવામાં આવે છે.

પૂજનસમયે પ્રથમ મંત્રદેવતાનું આવ્હાન કરવું, પછી તેમનું સ્થાપન કરવું, પછી તેમને સમીપ લાવવા માટે સન્નિધિકરણ કરવું, પછી પૂજન કરવું અને છેવટે વિસર્જન કરવું, તેને પણ પંચોપચાર કહેવામાં આવે છે. આ પાંચે ક્રિયા જૂદા જૂદા મંત્રો બોલીને કરવાની હોય છે. જેમકે–

(૧) **આહ્વાન**–ॐ ह्रीँ नमोऽस्तु भगवति पद्मावति ! एहि एहि संवौषट् ।

(૨) **સ્થાપન**–ॐ ह्रीँ नमोऽस्तु भगवति पद्मावति ! अत्र तिष्ठ तिष्ठ ठः ठः ।

(૩) **સન્નિધિકરણ**–ॐ ह्रीँ नमोऽस्तु भगवति पद्मावति ! मम सन्निहिता भव भव वषट् !

(૪) **પૂજન**–ॐ ह्रीँ नमोऽस्तु भगवति पद्मावति ! पूजां गृहाण गृहाण स्वाहा ।

(५) **विसर्जन**–ॐ ह्रीँ नमोऽस्तु भगवति पद्मावति स्वस्थानं गच्छ जः जः जः ॥

આમાં જે દેવ–દેવીનું પૂજન હોય, તેનું નામ બોલાય છે. બાકીના શબ્દો તો આ જ પ્રમાણે બોલવાના હોય છે.

વળી વિસર્જન વખતે નીચેના શ્લોકો બોલવાનું આવશ્યક ગણાય છે, જેથી આપણી ભૂલચૂકની માફી મળે અને પૂજન નિરર્થક થાય નહિ.

आह्वानं नैव जानामि, न च जानामि पूजनम् । ×
विसर्जनं नैव जानामि, क्षमस्व परमेश्वर ! ॥
आज्ञाहीनं क्रियाहीनं, मन्त्रहीनं च यत् कृतम् ।
क्षमस्य देव तत्सर्वं, प्रसीद परमेश्वर ॥

અહીં દેવી હોય તો દેવ ની જગ્યાએ દેવિ અને પરમેશ્વર ની જગાએ પરમેશ્વરિ ! બોલવું જોઈએ.

ત્યારપછી સકલીકરણની ક્રિયા કરવી જોઇએ કે જે અંગરક્ષા માટે આવશ્યક ગણાય છે. આ સકલીકરણ સામાન્ય રીતે નીચે મુજબ કરવામાં આવે છે :

ॐ नमो अरिहंताणं ह्रौँ शीर्षं रक्ष रक्ष स्वाहा ।
ॐ नमो सिद्धाणं ह्रीँ वदनं रक्ष रक्ष स्वाहा ।
ॐ नमो आयरियाणं ह्रूँ हृदयं रक्ष रक्ष स्वाहा ।

× न जानामि विसर्जनम्। पूजाविधिं न जानामि આ પ્રમાણે પણ બોલાય છે.

ॐ नमो उवज्झायाणं ह्रौँ नाभिं रक्ष रक्ष स्वाहा ।
ॐ नमो लोए सव्वसाहूणं ह्रः पादौ रक्ष रक्ष स्वाहा ।

ત્યાર પછી પ્રાણાયામ કરવો જોઈએ, જેથી નાડીતંત્ર સ્થિર થાય અને મંત્રજપ સારી રીતે થઈ શકે. પ્રાણાયામ પૂરક, કુંભક તથા રેચનની ક્રિયા વડે થાય છે અને તે કોઈ પણ ગુરુ કે અનુભવી પુરુષ પાસેથી સરળતાથી શીખી શકાય એવો છે. પ્રાણાયામનો પ્રારંભ પાંચ કે છ આવૃત્તિથી કરવો અને તેને ધીમે ધીમે સોળ આવૃત્તિ સુધી પહોંચાડવો. તેથી વધારે લાભ થાય છે.

ત્યારબાદ મંત્રજપ ખૂબ સ્વસ્થ ચિત્તે કરવો. એ વખતે જે આસન, માલા તથા મુદ્રાનો ઉપયોગ કરવાનો હોય, તે પ્રમાણે જ કરવો. અમુક મંત્રો અમુક આસન ગ્રહણ કરવાથી, અમુક રંગની તથા અમુક વસ્તુની માળા ફેરવવાથી તથા અમુક મુદ્રાનો ઉપયોગ કરવાથી જ સિદ્ધ થાય છે, એ ભૂલવું નહિ.

મંત્રજપ પૂરો થયા પછી મંત્રની અર્થભાવનારૂપ ધ્યાન ધરવું અને ત્યારબાદ જે પ્રકારના કુંડમાં, જે પ્રકારનાં દ્રવ્યોનો હોમ કરવાનો હોય તે હોમ કરવો. જો હોમ ન થઈ શકે તો મંત્રજપનો દશમો ભાગ વધારે જપવો.

રાત્રે મંત્રજપ–નિમિત્તે માળા ફેરવી શકાય છે તથા મંત્રાર્થનું ધ્યાન ધરી શકાય છે.

એક દિવસ–રાત્રિમાં જેટલો મંત્રજપ કરવાનો હોય, તેટલો પૂરો કરવો જોઈએ. તેમાં ગાબડાં પાડી શકાય નહિ.

આ રીતે નિયત સમયમાં મંત્રજપ પૂરો કરતાં તથા તેનું યથાર્થ ધ્યાન ધરતાં સિદ્ધિ સમીપ આવી જાય છે અને સાધકના સર્વ મનોરથો ફળે છે.

મંત્રસાધના દરમિયાન સાધકના મનમાં નાના-મોટા કૈં પ્રશ્નો ઉઠે છે, તેનો ખુલાસો ગુરુ કે કોઈ અનુભવી પુરુષ પાસેથી મેળવી લેવો જોઈએ.

[૮]

યંત્રનો મહિમા

'જેટલા મંત્ર એટલા યંત્ર' એ ઉક્તિ પાઠકોએ સાંભળી હશે. તેનો અર્થ એ છે કે મંત્રોની જેમ યંત્રોની સંખ્યા પણ ઘણી વિશાલ છે. એક વયોવૃદ્ધ જૈન પંડિતના મુખેથી અમે સાંભળ્યું હતું કે 'જૈન ધર્મમાં એક લાખ મંત્રો છે અને એક લાખ યંત્રો છે.' આ વાત તેમની પાસે કર્ણોપકર્ણ આવી હતી, એટલે અમે તેની ઊંડાણમાં ઉતર્યા ન હતા, પણ તેમાંથી એટલો સાર તો જરૂર તારવ્યો હતો કે આપણે ત્યાં મંત્રો અને યંત્રો ઘણી મોટી સંખ્યામાં વિદ્યમાન છે અને તે માટે બીજા કોઈ સ્થળે જવું પડે તેમ નથી.

'આટલા બધા યંત્રોની શી જરૂર ?' એવો પ્રશ્ન અહીં કોઈને પણ ઉઠશે, એટલે જણાવવું જરૂરનું છે કે યંત્રનો વિષય મંત્રની સાથે સંકળાયેલો છે અને મંત્રોની સંખ્યા ઘણી વિશાળ છે, તેથી આમ બનવું સહજ છે. વળી રુચિ અને અધિકારભેદનો પ્રશ્ન પણ ઉકેલ માગે છે, તેના યોગ્ય સમાધાન અર્થે મહાપુરુષોએ આ રીતે વિવિધ યંત્રોની રચના કરી છે

અને તે આપણી સમક્ષ મૂકી છે. આ અતિ ચમત્કારિક સાધનનો કેટલો લાભ લેવો ? એ આપણે વિચારવાનું છે.

શાસ્ત્રસ્વાધ્યાય તથા અન્ય ગ્રંથોના વાંચન પરથી અમે એટલું જાણી શકયા છીએ કે ભૂતકાળમાં જે મહાપુરુષોએ જિનશાસનની સેવા કરી, તેમાં યંત્રોનો હિસ્સો પણ ઘણો મોટો હતો. વળી ત્યાગી મહાપુરુષો યોગ્ય વિધિથી યંત્રને સિદ્ધ કરીને સુયોગ્ય ગૃહસ્થોને આપતા અને તેઓ એનું નિયમિત પૂજન-અર્ચન કરતા. આથી તેમના ઘરમાં ધર્મની અભિવૃદ્ધિ થતી, લક્ષ્મીની છોળો ઉછળતી, મહાન અધિકારોની પ્રાપ્તિ થતી તથા ઇચ્છેલાં સર્વ કાર્યો સિદ્ધ થતાં. આવા પુરુષો દાન-પુણ્યમાં લક્ષ્મીનો ગમે તેટલો વ્યય કરતા તો પણ તે ખૂટતી નહિ.

આજે પણ અમે સિદ્ધ યંત્રોના પ્રભાવે કેટલાક ગૃહસ્થોને બાહ્ય-અભ્યંતર સુખી થયેલા જોયા છે અને નાના પ્રકારની સિદ્ધિઓ થતી અનુભવી છે, એટલે યંત્રો જીવનના ઉત્કર્ષ -અભ્યુદય માટે એક મહત્વની વસ્તુ છે, એમાં કોઈ શંકા નથી. પરંતુ આજે તેના જાણકારો બહુ ઓછા રહ્યા છે અને તે અંગે શાસ્ત્રીય સાહિત્ય પણ ઘણું અલ્પ મળે છે, તેથી આ વિષયમાં કલમ ચલાવવાનું કામ ઘણું અઘરું છે.

યંત્રો વિષેની અમારી જિજ્ઞાસા પૂર્ણ કરવા માટે અમે અનેક મંત્ર-તંત્રગ્રંથોનું વાંચન કર્યું છે, અનેક વિદ્વાનો સાથે ચર્ચા-વિચારણા કરી છે અને ભારતના ભિન્ન-ભિન્ન

ભાગોમાં કેટલાક સાહસપૂર્ણ પ્રવાસો પણ કર્યા છે, ત્યારે આ વિષયની જિજ્ઞાસા અમુક અંશે તૃપ્ત થઈ છે.

યંત્રની ઉપયોગિતા :

યંત્ર એ મંત્રશાસ્ત્રનું એક મહત્ત્વનું અંગ છે. મંત્ર-દેવતાની પૂજા કરવી હોય, ત્યારે તેનો વિશિષ્ટ પ્રકારે ઉપયોગ કરવો પડે છે. એ સિવાય મંત્રચૈતન્ય જાગૃત થતું નથી. વિશેષમાં મંત્રવિશારદોએ કહ્યું છે કે 'देहात्मनोर्यथाऽभेदो यन्त्रदेवतयोस्तथा–જેમ દેહ અને આત્મા ઓતપ્રોત હોવાથી તેમાં અભેદ પ્રવર્તે છે, તેમ યંત્ર અને મંત્રદેવતાની બાબતમાં સમજવું. તાત્પર્ય કે જે યંત્ર છે, તે મંત્રદેવતા છે. મંત્ર-દેવતામાં અને યંત્રમાં કોઈ ભેદ નથી.

આપણે પંચપરમેષ્ઠીની પૂજા કરવી હોય તો નવપદજીના યંત્રની પૂજા કરીએ છીએ, એ વસ્તુ આ વિષયમાં પ્રમાણ-રૂપ છે. વળી ઋષિમંડલ વગેરે મંત્રોનું પૂજન પણ આપણે તેમને સાક્ષાત્ મંત્રદેવતા માનીને જ કરીએ છીએ અને તેમનો અલૌકિક પ્રભાવ અનુભવીએ છીએ. જેઓ યંત્રને પાષાણનો પટ, વસ્ત્રનો ટૂકડો કે માત્ર ચિતરેલો કાગળ જ સમજે છે, તેમને એમનો દૈવી પ્રસાદ પ્રાપ્ત થઈ શકતો નથી. યંત્રને મંત્રરાજ વગેરે માનાર્હ શબ્દોથી સંબોધવામાં આવે છે, તેનું કારણ પણ આ જ છે.

યંત્રનો આવો અપૂર્વ મહિમા હોવાથી જ કેટલાંક સ્થાનોમાં તેની દેવતા તરીકે પ્રતિષ્ઠા થાય છે અને તેનું પૂજન-અર્ચન કરવામાં આવે છે. ગુજરાતની ઉત્તર સરહદ

પર આવેલા આરાસુર પહાડમાં શ્રી કુંભારિયાજી તીર્થની નજીક શ્રીઅંબાજી માતાનું પ્રસિદ્ધ લૌકિક તીર્થ આવેલું છે, ત્યાં માત્ર યંત્ર પર જ અલંકાર પહેરાવી તેનું પૂજન-અર્ચન કરવામાં આવે છે.

તીર્થસ્થાનોનો પ્રભાવ વધારવા માટે પણ સિદ્ધયંત્રોનો ઉપયોગ થાય છે. આપણાં અનેક તીર્થોમાં આ રીતે સિદ્ધ-યંત્રો મૂકાયેલા છે.

લૌકિક તીર્થોમાં શ્રીબહુચરાજી, શ્રીભદ્રકાલી, શ્રી-તુલજાભવાની વગેરેનાં સ્થાનમાં આવા સિદ્ધયંત્રો નજરે પડે છે. હરદ્વારમાં ગાયત્રીની મૂર્તિ આગળ સિદ્ધગાયત્રીયંત્ર છે અને કાશીમાં અન્નપૂર્ણાના મંદિરમાં દેવીની જમણી બાજુએ શિવલિંગ ઉપર શ્રીયંત્ર પ્રતિષ્ઠિત છે.

કેટલીક વાર મંદિરની દીવાલો ઉપર પણ યંત્રો ચીતરવામાં આવે છે, જે મંદિરની રહસ્યમયતામાં ઘણો વધારો કરે છે.

તાંત્રિક કર્મો સિદ્ધ કરવા માટે પણ યંત્રની જરૂર પડે છે.

યશ-લાભની વૃદ્ધિ માટે ઘણા માણસો પોતાનાં ઘર કે દુકાનની દીવાલો ઉપર યંત્ર ચિતરે છે અથવા યંત્રોને મઢાવીને દીવાલ પર ટાંગે છે. તે જ રીતે આપત્તિના નિવારણ અર્થે તેને પ્રવેશદ્વારની બારશાખ પર કોડી વગેરે સાથે બાંધે છે કે તેને પ્રવેશદ્વાર આગળની ભૂમિમાં દાટે છે. આ ઉપરાંત નજર ન લાગે, ભૂત-પ્રેતની બાધા ન થાય, રોગ-વ્યાધિનો હુમલો ન થાય તથા ઈષ્ટ મનોરથની સિદ્ધિ થાય, તે માટે પણ તેનો બહોળો ઉપયોગ થાય છે.

આ રીતે યંત્રની અનેકવિધ ઉપયોગિતા છે, તેથી જ પાઠકોએ તેના વિષે બને તેટલી માહિતી મેળવી લેવાની જરૂર છે.

યંત્રની આકૃતિઓ :

મંત્રમાં શબ્દ પ્રધાન છે, તેમ યંત્રમાં આકૃતિ અને ગોઠવણ પ્રધાન છે.

યંત્રમાં આકૃતિ સેંકડો પ્રકારની હોય છે. વધારે સ્પષ્ટ કહીએ તો મનુષ્યની કલ્પનામાં જેટલી આકૃતિઓ ઉદ્ભવી શકે તે બધી આકૃતિઓ યંત્રમાં જોવામાં આવે છે. જો યંત્રોનું એક સુંદર સંગ્રહસ્થાન બનાવવામાં આવ્યું હોય, તો અમે માનીએ છીએ કે ચિત્રકારોને, ભાત (Designs) બનાવનારાઓને, શિલ્પીઓને તથા સ્થપતિઓને નવા નવા આકારની શોધમાં અન્ય કોઈ સ્થળે જવું ન પડે.

જેને આજે ભૌમિતિક આકારો (Geometrical forms) કહેવામાં આવે છે, તે બધા જ યંત્રોમાં નજરે પડે છે. દાખલા તરીકે શક્તિના યંત્રો ત્રિકોણગર્ભિત હોય છે અને તેના ભૂપુરો (યંત્રને બંધ કરતી બહિરેખા) પ્રાયઃ ચતુષ્કોણાત્મક હોય છે. કેટલાક જ્વરનાશક તથા મારણ–ઉચ્ચાટનને લગતા યંત્રો ત્રિકોણાત્મક જોવામાં આવ્યા છે અને લલનાકૃતિકામરાજ તથા વંધ્યાગર્ભધારણયંત્ર પણ ત્રિકોણાત્મક નિહાળ્યા છે.

જૈન સંપ્રદાયમાં વર્ધમાનવિદ્યાનો યંત્ર, વિજયપતાકા–

યંત્ર તથા ભક્તામરસ્તોત્ર વગેરેને લગતા ઘણા યંત્રો ચતુષ્કોણાત્મક છે.

શુક્રનો યંત્ર પંચકોણાત્મક હોય છે અને નરનારી-મારણમંત્ર પણ પાંચ પાંખડીનો અમારા જોવામાં આવ્યો છે.

ગુરુ અને શનિના યંત્રો ષટ્કોણાત્મક હોય છે, શ્રી પદ્માવતીજીનો યંત્ર પણ ષટ્કોણાત્મક હોય છે અને દિવ્ય સ્તંભનાદિ બીજા પણ કેટલાક યંત્રો ષટ્કોણાત્મક હોય છે.

બુધનો યંત્ર અષ્ટકોણાત્મક હોય છે અને કેટલાક જ્વર-નાશકયંત્રો પણ અષ્ટકોણાત્મક હોય છે.

સૂર્યનો યંત્ર દ્વાદશકોણાત્મક હોય છે અને ચંદ્રનો યંત્ર ષોડશકોણાત્મક હોય છે.

જૈન સંપ્રદાયમાં શ્રીસિદ્ધચક્રજી તથા શ્રીઋષિમંડલનો યંત્ર વર્તુલમાં છે અને અન્ય સંપ્રદાયમાં પણ અનેક યંત્રો વર્તુલમાં હોય છે. દશમહાવિદ્યાના દરેક યંત્રમાં ત્રિકોણની ઉપર વર્તુલ આકૃતિ હોય છે. તાંત્રિક કાર્યોમાં મહામોહન આદિ અનેક યંત્રો પણ વર્તુલમાં જ નિર્માણ થાય છે. ક્રોધ-શમન માટે ઉપયોગમાં લેવાતો જ્ઞાનદગ્ન્ય યંત્ર મધ્ય તથા ચાર દિશાઓ મળી પાંચ સ્થાનમાં પાંચ વર્તુલો ધરાવે છે.

વશીકરણ વગેરેને લગતા કેટલાક યંત્રો અંડાકૃતિ પણ જોવામાં આવે છે.

જેને આજે કુદરતી આકૃતિ (Natural form) કહેવામાં આવે છે, તે પણ યંત્રોમાં સારી રીતે જોઈ શકાય છે.

ધ્યાનને લગતા યંત્રો કમલાકૃતિમાં હોય છે, તેમજ સૌભાગ્યકર, વિવાદજય વગેરે યંત્રોમાં પણ કમલની પાંખડીઓનો ઉપયોગ હોય છે. કેટલાક યંત્રો પર્ણની તથા વૃક્ષની આકૃતિના પણ જોવામાં આવ્યા છે. સર્પનો ઉપયોગ યંત્રમાં સારી રીતે થયેલો છે. ખાસ કરીને નિગ્રહાદિ કાર્યમાં તે વિશેષ જોવામાં આવે છે. દાખલા તરીકે કોઈને વશ કરવો હોય તો સર્પનું ચિત્ર દોરી તેના શરીરના ત્રણ ભાગ પર ત્રણ હ્રીઁકાર લખવામાં આવે છે અને મુખ આગળ એક હ્રીઁકાર લખવામાં આવે છે.

યંત્રમાં અશ્વ વગેરે કેટલીક પશુઓની આકૃતિ જોવામાં આવે છે અને મનુષ્યની આકૃતિનાં પણ વિધવિધરૂપે દર્શન થાય છે.

આ રીતે યંત્રમાં આકૃતિનો પાર નથી, પણ તેમાં ત્રિકોણ, ચતુષ્કોણ અને વર્તુલની મુખ્યતા છે.

યંત્રની ગોઠવણ :

યંત્રમાં ગોઠવણ પણ અતિ મહત્ત્વની વસ્તુ છે, એટલે જે દેવ, દેવી, તેમનો પરિવાર, બીજાક્ષરો, અન્ય વર્ણો, અંકો કે વિશિષ્ટ આકૃતિઓ જ્યાં સ્થાપવાનું વિધાન હોય, ત્યાં જ સ્થાપવા જોઈએ. તેમાં કંઈ પણ ફેરફાર ચાલી શકે નહિ. સંચામાં અનેક પ્રકારની કળો હોય, તો જ એ સંચો કામ આપે છે, અન્યથા આપતો નથી. યંત્રમાં પણ આ જ સ્થિતિ સમજવી.

અમુક યંત્રમાં જે બીજો ન લખવા જોઇ એ, તે લખાય તો ઉપદ્રવ પણ થાય છે. આવા કેટલાક કિસ્સાઓ અમારા જાણવામાં આવ્યા છે. તેથી જે યંત્ર લખવાનો કે તૈયાર કરવાનો હોય, તેની રચના પ્રથમથી બરાબર સમજી લેવી જોઇ એ.

યંત્રના પ્રકાર :

યંત્રો મુખ્યત્વે બે પ્રકારના હોય છે : (૧) પૂજન-યોગ્ય અને (૨) પ્રાયોગિક. તેમાં પૂજન-યોગ્ય યંત્રો સોના, ચાંદી, ત્રાંબા, કાંસા કે પંચધાતુના બનાવવામાં આવે છે અને પ્રાયોગિક યંત્રો ભૂર્જપત્ર, કાગળ કે જે જે વસ્તુ પર લખવાનું વિધાન હોય તેના પર લખવામાં આવે છે.

પૂજનયંત્ર :

પૂજન માટે જે યંત્રો બનાવવામાં આવે છે, તે ત્રણ પ્રકારના હોય છે : (૧) પાતાલયંત્ર, (૨) ભૂપૃષ્ઠયંત્ર અને (૩) કૂર્મપૃષ્ઠયંત્ર. જેની સપાટી મધ્યમાંથી નીચે ગયેલી હોય કે જેમાં અક્ષરો ખોદાયેલા હોય તે પાતાલયંત્ર કહેવાય છે, જેની સપાટી સમાન હોય તે ભૂપૃષ્ઠયંત્ર કહેવાય છે અને જેની સપાટી કાચબાની પીઠ માફક ઉપરથી ઉપસેલી હોય, તે કૂર્મ-પૃષ્ઠયંત્ર કહેવાય છે. આ ત્રણ યંત્રોમાં પ્રથમ જઘન્ય ગણાય છે, બીજો મધ્યમ ગણાય છે અને ત્રીજો ઉત્તમ ગણાય છે.

યંત્રનું અલૌકિક અપૂર્વ ફળ ઇચ્છનારે તો આ ત્રીજા પ્રકારનો યંત્ર જ ઉપયોગમાં લેવો જોઇએ.

આ સિવાય યંત્રપટો પણ બને છે. તે કપડાં કે કાગળ

પર ચિતરાયેલા હોય છે અને પૂજનના કામમાં લેવાય છે, એટલે તે પણ એક પ્રકારના પૂજનયંત્રો જ છે.

મૂર્તિ તૈયાર થયા પછી શુભ દિવસે અને શુભ મુહૂર્તે તેનો અંજનશલાકાવિધિ અર્થાત્ પ્રાણપ્રતિષ્ઠાનો વિધિ કરવામાં આવે છે અને પછી તેને મંદિરમાં વિધિપૂર્વક યોગ્ય સ્થાને બેસાડવામાં આવે છે. ત્યારપછી જ મૂર્તિ પૂજનને યોગ્ય ગણાય છે, તે જ પ્રમાણે પૂજનયંત્ર તૈયાર થયા પછી તેનો સંસ્કારવિધિ અથવા પ્રાણપ્રતિષ્ઠાનો વિધિ કરવામાં આવે છે અને ત્યારપછી જ તેનું પૂજન શરૂ થાય છે. તે માટેનો સામાન્ય વિધિ એવો છે કે જ્યારે મૂર્તિનો અંજન-શલાકાવિધિ થવાનો હોય, ત્યારે યંત્રોને પણ ત્યાં પધરાવવા, જેથી તેના પર પ્રાણપ્રતિષ્ઠાના સર્વ સંસ્કારો થઈ જાય. આ રીતે તૈયાર થયેલા હજારો યંત્રો આજે મંદિરમાં બિરાજે છે અને તેનું નિયમિત પૂજન-અર્ચન થાય છે.

યંત્ર પર ગુરુ મહારાજનો વાસક્ષેપ નંખાવીને કે મોટી પૂજા ભણાવાતી હોય, તેમાં તેને પધરાવીને પણ પૂજનમાં લેવાનો પ્રચાર છે.

યંત્ર સ્થાપિત કર્યા પછી કોઈ દિવસ અપૂજિત રાખી શકાય નહિ. તેની ધૂપ, દીપ, વાસક્ષેપ વગેરે વડે નિયમિત પૂજા કરવી જોઈએ.

યંત્રને સાચવીને રાખવા માટે લાલ વસ્ત્રમાં લપેટીને કાષ્ઠ અથવા લોખંડ વિના બીજી કોઈ પણ ધાતુની પેટીમાં રાખવો જોઇએ.

યંત્રની આશાતના ન થાય, તે માટે પૂરતી કાળજી રાખવી જોઈએ. જો તે ગમે ત્યાં મૂકી દેવાય તો તેથી ગંભીર હાનિ થાય છે. એક ભાઈએ શ્રીયંત્રને આંડેલા મરચાંની ડબ્બીમાં મૂકી દીધો હતો, તેથી તેના ઘરના બધા માણસોને તીવ્ર દાહ થવા માંડયો અને લોહીના ઝાડા શરૂ થયા. તે વખતે એક સાધકે આવીને પૂછયું કે 'તમે કોઈ યંત્રનું પૂજન કરો છો?' તેમણે શ્રીયંત્રનું પૂજન કહ્યું. પછી તે યંત્રની શોધ કરતાં ભૂલથી મરચાના ડબ્બામાં મૂકાઇ ગયો હતો, તે શોધીને તેનું દૂધથી પ્રક્ષાલન કર્યું તથા તેને ચંદનનું વિલેપન કર્યું, ત્યારપછી બધાનો ઉપદ્રવ શમ્યો.

પર્વદિવસે યંત્રની વિશિષ્ટ પ્રકારે પૂજા કરવી જોઇએ. આ યંત્રરૂપે ઘરમાં દેવતા બિરાજે છે, એમ માનીને સઘળો વ્યવહાર કરવો જોઇએ.

યંત્રની નિત્ય નિયમિત પૂજા કરવાથી કેટલાક વખતે યંત્રની સિદ્ધિ થાય છે અને તેનાં પ્રમાણો મળવા લાગે છે. દાખલા તરીકે શ્રીઋષિમંડલયંત્રનું અર્ચન સ્તોત્રાદિપૂર્વક કરતાં આઠ માસ પછી યંત્રદેવતાના એટલે અરિહંત ભગવંતના તેજસ્વી બિંબનાં દર્શન થાય છે. શ્રીસિદ્ધચક્રજીની નવ ઓળીઓ કરવાનું વિધાન છે, એટલે તેને લગભગ સાડા ચાર વર્ષ જેટલો સમય લાગે છે.

પ્રથમ બીજ વવાય છે, તેમાંથી અંકુર ફૂટે છે, તેમાંથી સ્કંધ થાય છે, તેમાંથી શાખા-પ્રશાખાનો વિસ્તાર થાય છે, તેને પત્ર-પુષ્પો આવે છે અને છેવટે તેને ફળ આવે છે. તે

જ ક્રમ આમાં પણ સમજવો. જેમ જેમ યંત્રની આરાધના–ઉપાસના વધતી જાય છે, તેમ તેમ સિદ્ધિની વિશેષ નજીક જવાય છે અને છેવટે સિદ્ધિ થાય છે.

આ ઉપાસના દરમિયાન સાધકે પરમ શ્રદ્ધાન્વિત રહેવું જોઈએ. 'યંત્રસિદ્ધિ થશે કે નહિ?' એવી વિચિકિત્સા કદી પણ મનમાં કરવી નહિ. એમ કરવાથી મન સંશયગ્રસ્ત થાય છે અને ઉપાસનાનું બળ નરમ પડી જાય છે તથા ઘણી વખત ઉપાસના છૂટી પણ જાય છે. વળી ઉપાસના દરમિયાન જીવન પણ શુદ્ધ અને સાત્વિક રાખવું જોઈએ.

પ્રાયોગિક યંત્ર :

પ્રાયોગિક યંત્રો લખવા માટે પ્રથમ ચંદ્રતારાદિ બળ જોઈને સારું મુહૂર્ત કાઢવું જોઈએ. આ વસ્તુ અતિ મહત્ત્વની છે, એટલે તેમાં કંઈ પણ ભૂલ ન થાય તે જોવું.

એ મુહૂર્તે સિદ્ધ તીર્થમાં, પર્વતમાં કે વનમાં જઈ સ્થાન નક્કી કરીને યંત્ર લખાય તો ઉત્તમ, અન્યથા નિવાસસ્થાને નિયત કરેલા ભાગને ગોમય (ગાયના છાણ)થી લીંપીને કે ગુલાબજળ વગેરે છાંટીને વિશેષ પ્રકારે શુદ્ધ કરવો જોઈએ અને તે ભાગ ઉપયોગમાં લેવો જોઈએ.

યંત્ર લખનાર બ્રહ્મચારી કે સદાચારી હોવો જોઈએ. વળી તેણે ત્રણ ઉપવાસ કે ત્રણ આયંબિલની તપશ્ચર્યા કરેલી હોવી જોઈએ.

યંત્ર લખતાં પહેલાં યંત્રલેખનની સર્વ સામગ્રી તપાસી લેવી જોઈએ તથા શરીર શુદ્ધ કરીને નિત્ય–નૈમિત્તિક અનુષ્ઠાન

પણ કરી લેવું જોઈએ. પછી એક આસને બેસીને ચિત્તને સ્થિર કરવું જોઈએ અને થોડી વાર મૌન ધારણ કરવું જોઈએ. પછી સદ્‌ગુરુને નમસ્કાર કરી શાસનદેવની પ્રાર્થના કરવી જોઈએ, જેથી ત્યાં ભૂત-પ્રેતાદિ હોય તે દૂર ભાગે અને કોઈ પ્રકારનું વિઘ્ન ઉપસ્થિત થાય નહિ, તેમજ મંત્ર-સિદ્ધિ સત્વર થાય.

યંત્ર લખવા માટે પાટિયું કે બાજોઠ રાખવો જોઈએ. તે કદી ઘુંટણ પર રાખીને લખવો ન જોઈએ, કારણ કે નાભિ નીચેનાં અંગો એ કાર્ય માટે અનુપયોગી મનાયેલાં છે.

યંત્ર જેના પર લખવાનું વિધાન હોય, તે જ વસ્તુ વાપરવી જોઈએ. સામાન્ય રીતે યંત્રો લખવા માટે ભોજપત્ર કે કાગળ વપરાય છે, તે બને તેટલા સારા એટલે ફાટ્યા-તૂટ્યા વિનાના વાપરવા જોઇએ અને યંત્ર લખવો હોય તેના કરતાં એક આંગળ વધારે મોટા હોવા જોઈએ. તાંત્રિક કર્મમાં અન્ય વસ્તુઓનો ઉપયોગ થાય છે. ત્યાં તે વસ્તુ વાપરવાનો ખ્યાલ રાખવો જોઈએ.

અષ્ટગંધ કે પંચગંધથી લખાયેલા યંત્રો ઉત્તમ મનાય છે, એટલે તે દ્રવ્યો વાપરવા જોઈએ. અષ્ટગંધ અગર, તગર, ગોરોચન, કસ્તૂરી, ચંદન, સિંદૂર, લાલચંદન તથા કેશર એ બધાને ખરલ કરવાથી તૈયાર થાય છે. તેને ગુલાબજળથી ઘૂંટી શાહી જેવો બનાવી લેવો જોઈએ. અષ્ટગંધનાં બીજાં પણ વિધાનો છે.

કેશર, કસ્તૂરી, કપૂર, ચંદન અને ગોરોચન આ પાંચ

વસ્તુના મિશ્રણને પંચગંધ કહેવામાં આવે છે. તેને પણ ગુલાબજળથી ઘૂંટીને લખી શકાય તેવો રસ બનાવી લેવો જોઈએ.

આ દ્રવ્યોના અભાવમાં શાહી પણ વાપરી શકાય છે. જો તે સૂકવીને રાખી હોય તો તેમાં પણ ગુલાબજળને ઉમેરી પ્રવાહી કરી લેવી જોઈએ.

યંત્ર કઈ કલમે લખવો તેનું પણ ખાસ વિધાન હોય છે. જ્યાં તેનું ખાસ વિધાન ન હોય ત્યાં સુવર્ણની કલમ, દાડમની કલમ વગેરે વાપરી શકાય. લોખંડની સ્ટીલ આ કાર્ય માટે ઉપયોગમાં લેવી નહિ.

યંત્ર લખતી વખતે મુખ કઈ દિશામાં રાખવું ? તેનું પણ વિધાન હોય છે. જ્યાં તેવું વિધાન ન હોય ત્યાં પૂર્વ કે ઉત્તર દિશા તરફ મુખ રાખીને બેસવું જોઈએ. તેમાં સુખ-સંપત્તિના હેતુથી યંત્ર લખાતો હોય તો પૂર્વ દિશા-ભણી મુખ રાખવું જોઈએ અને કષ્ટનિવારણના હેતુથી યંત્ર લખાતો હોય તો ઉત્તર દિશાભણી મુખ રાખીને બેસવું જોઈએ.

યંત્ર લખવામાં ઘણી કાળજી રાખવાની જરૂર છે. જે મંત્રાક્ષરો, શબ્દો કે અંકો જ્યાં લખવાના હોય, તે મંત્રાક્ષરો કે અંકો બરાબર ત્યાં જ લખવા જોઈએ.

જે યંત્રમાં માત્ર અંકસંયોજન હોય છે, તેમાં યંત્ર લખવાની શરૂઆત નાના અંકોથી કરવી જોઈએ અને પછી ક્રમશઃ અંકો લખતા જવું જોઈએ. સહુથી મોટો અંક છેલ્લો લખાવો જોઈએ. આનો અર્થ એ છે કે યંત્રમાં પંક્તિબદ્ધ અંકો લખવાના નથી, પણ આ પ્રકારે વિવેક કરીને લખવાના છે.

યંત્ર લખતી વખતે ધૂપ-દીપ અવશ્ય રાખવા જોઈએ. સહુથી મોટી અને છેલ્લી વાત એ છે કે એ યંત્ર લખતી વખતે અંતરમાં શ્રદ્ધાનું બલ પૂરેપૂરું ભરેલું હોવું જોઈએ.

યંત્ર લખ્યા પછી જો તેને હાથે બાંધવાનો હોય તો ત્રાંબા, રૂપા કે સુવર્ણના માદળિયામાં મૂકી તેનું મુખ બંધ કરવું જોઈએ અને જરૂર પ્રમાણે તેમાં ઊનના લાલ, પીળા કે કાળા રંગનો ઉપયોગ કરવો જોઈએ.

યંત્રને ધૂપ આપીને ત્રણ નમસ્કારમંત્ર ગણ્યા પછી એ યંત્ર હાથે બાંધવો જોઈએ.

યંત્રોનું આ સ્વરૂપ જાણીને યોગ્ય વિધિથી તેનો આદર કરનાર પોતાની મનઃકામના પૂરી કરી શકે છે અને બીજા પર ઉપકાર કરવાને પણ સમર્થ થાય છે.

[૧૦]

ઉવસગ્ગહરં સ્તોત્ર પર રચાયેલું સાહિત્ય

ઉવસગ્ગહરં સ્તોત્રના અર્થ–ભાવ–રહસ્યનું પ્રકાશન કરવા માટે તેના પર કેટલીક સંસ્કૃત ટીકાઓ રચાયેલી છે તથા બીજું પણ સાહિત્ય નિર્માણ થયેલું છે. તેનો પાઠકોને કંઈક પરિચય મળે, તે હેતુથી અહીં તેની નોંધ કરીએ છીએ.

(૧) બૃહદ્વૃત્તિ

ઉવસગ્ગહરં સ્તોત્ર પર શ્રી જિનપ્રભસૂરિજીએ રચેલી અર્થકલ્પલતા નામની વૃત્તિમાં, શ્રી પૂર્ણચન્દ્રાચાર્યે રચેલી લઘુવૃત્તિમાં, તેમજ શ્રી સિદ્ધિચંદ્ર ગણિવરે રચેલી વ્યાખ્યામાં બૃહદ્વૃત્તિનો ઉલ્લેખ આવે છે, એટલે આ સ્તોત્ર પર એક બૃહદ્વૃત્તિ રચાયેલી હશે, એ નિશ્ચિત છે; પરંતુ તે કોણે રચી અને ક્યારે રચી ? તે જાણવાનું આપણી પાસે સાધન નથી. પરંતુ અર્થકલ્પલતાના ઉલ્લેખ પરથી તે વિક્રમની ચૌદમી સદી પહેલાં તો રચાયેલી જ હશે, એ નિશ્ચિત છે.

જિનરત્નકોષ કે જે પૂનાના ભાંડારકર રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ તરફથી પ્રકટ થયેલો છે અને જેમાં વર્તમાન જૈન

ભંડારોમાં રહેલી પ્રતિઓની વર્ગીકૃત નોંધ કરવામાં આવી છે, તેમાં બૃહદ્વૃત્તિનો ઉલ્લેખ નથી, એટલે હાલ કોઈ જૈન ભંડારમાં તેની પ્રતિ વિદ્યમાન હોય એમ લાગતું નથી. આમ છતાં કોઈની પાસે આ બૃહદ્વૃત્તિની પ્રતિ જળવાઈ રહેલી હોય, તો તેને પ્રસિદ્ધિ આપવી ઘટે. તેનાથી ઉવસગ્ગહરં સ્તોત્રનું રહસ્ય જાણવામાં ઘણી સહાય મળશે.

(૨) વિદ્યાવાદ

શ્રી પૂર્ણચન્દ્રાચાર્યે રચેલી લઘુવૃત્તિના અંતમાં એમ જણાવ્યું છે કે–

उपसर्गहरस्तोत्रं विवृत्तं, संक्षेपतो गुरुमुखेन ।
विज्ञाय किमपि तत्त्वं, विद्यावादाभिधग्रन्थात् ॥

'ગુરુમુખેથી તેમજ વિદ્યાવાદ નામના ગ્રંથમાંથી કંઈક તત્ત્વ જાણીને મેં ઉપસર્ગહરસ્તોત્રનું સંક્ષેપમાં વિવરણ કર્યું છે.'

એટલે વિદ્યાવાદ નામના ગ્રંથમાં ઉપસગ્ગહરં સ્તોત્ર પર વિશેષ વિવેચન કરાયેલું હશે, એ નિશ્ચિત છે.

નવાણવાળી વૃત્તિમાં **विद्यावादाभिधग्रन्थात्**ની જગાએ **विद्याप्रवादाभिधग्रन्थात्** એવો પાઠ છપાયેલો છે, પણ તે શુદ્ધ નથી, કારણ કે એમ કરતાં અનુષ્ટુપના ચરણમાં નવ અક્ષર આવી જાય છે અને 'પાંચમો લઘુ તથા છઠ્ઠો ગુરુ જોઈએ' એ નિયમનો પણ ભંગ થાય છે. એટલે અહીં **विद्यावाद** શબ્દ જ યોગ્ય લાગે છે.

વિદ્યાવાદ કોઈ મંત્રસંગ્રહનો ગ્રંથ હોય અને તેની અંતર્ગત ઉવસગ્ગહરં પર પણ વિવેચન થયેલું હોય તેવી

પણ શકયતા છે. ચૌદમા–પંદરમાં સૈકામાં દિગમ્બર સંપ્રદાયમાં મંત્રસંગ્રહનો એક ગ્રંથ તૈયાર થયો હતો, જે આર્ષવિદ્યાનુશાસન કે વિદ્યાનુશાસનના નામથી ઓળખાતો હતો. તેવો જ શ્વેતામ્બર સંપ્રદાયનો આ ગ્રંથ કેમ ન હોય? વિશેષ તો વિદ્વાનોએ નિર્ણય કરવો ઘટે છે.

(૩) દ્વિજપાર્શ્વદેવગણિકૃત લઘુવૃત્તિ

વિક્રમની બારમી સદીમાં થઈ ગયેલા શ્રી ધનેશ્વરસૂરિના શિષ્ય દ્વિજપાર્શ્વદેવગણિ કે જેમણે સંગીતરત્નાકર, હસ્તકાંડ, ન્યાયપંજિકા વગેરે અનેક ગ્રંથો રચેલા છે અને જેઓ આચાર્યપદ પર આરૂઢ થયા પછી શ્રીચંદ્રાચાર્ય કે ચંદ્રસૂરિના નામે ઓળખાયેલા છે, તેમણે ઉવસગ્ગહરં સ્તોત્ર પર લઘુવૃત્તિ રચેલી છે, તે જૈનસ્તોત્રસંદોહના બીજા ભાગમાં છપાયેલી છે અને મહાપ્રાભાવિક નવસ્મરણમાં તેના મંત્રામ્નાયો ગુજરાતી અનુવાદમાં અપાયેલા છે. આ આચાર્યવરે પદ્માવત્યષ્ટક પર પણ એક વૃત્તિ રચ્યાની નોંધ પ્રાપ્ત થાય છે.

(૪) શ્રીજિનપ્રભસૂરિકૃત અર્થકલ્પલતા

આ વૃતિ શ્રીજિનપ્રભસૂરિજીએ સાકેતપુર એટલે અયોધ્યામાં રહીને સં૦ ૧૩૬૫માં ૨૭૦ શ્લોકપ્રમાણ બનાવેલી છે અને તે દેવચંદ્ર લાલભાઈ જૈન પુસ્તકોદ્ધારક ફંડ–સુરત તરફથી સને ૧૯૩૩માં પ્રકાશિત કરાયેલ '**અનેકાર્થરત્નમંજૂષા**'ના અંત ભાગમાં છપાયેલી છે. અહીં ક્રમાંક ૭ અને ૮ વાળી વૃત્તિઓ પણ સાથે સાથે જ છાપવામાં આવી છે.

(૫) શ્રીપૂર્ણચન્દ્રાચાર્યકૃત લઘુવૃત્તિ

આ વૃત્તિ સને ૧૯૨૧માં શારદાવિજયમુદ્રણાલય–ભાવનગર તરફથી પ્રતાકારે પ્રકટ થઈ છે અને સને ૧૯૩૨માં શ્રીસારાભાઈ નવાબ તરફથી જૈનસ્તોત્રસંદોહના પ્રથમ ભાગમાં પ્રકટ થઈ છે, પણ ત્યાં તેને શ્રીચન્દ્રાચાર્યકૃત જણાવેલ છે. આ વૃત્તિની એક લઘુપોથી ભાંડારકર ઇન્સ્ટીટયુટમાં સુરક્ષિત છે, તેમાં આ વૃત્તિના કર્તા તરીકે શ્રીપૂર્ણચન્દ્રાચાર્યનું નામ જણાવેલ છે, એટલે તે શ્રીપૂર્ણચન્દ્રાચાર્યકૃત જ સંભવે છે.

દ્વિજપાર્શ્વદેવગણિ કે જેઓ આચાર્યપદે આરૂઢ થયા પછી શ્રીચન્દ્રાચાર્યના નામથી વિખ્યાત થયા હતા, તે તો આ વૃત્તિના કર્તા સંભવતા નથી, કારણ કે તેમણે આ સ્તોત્ર પર એક લઘુવૃત્તિ રચેલી છે કે જેનો ઉલ્લેખ ક્રમાંક ૩માં કરવામાં આવ્યો છે.

પં. ભોગીલાલ દોશીએ ભાવનગરથી પ્રકાશિત થયેલી આ વૃત્તિની પ્રસ્તાવનામાં એમ જણાવ્યું છે કે એક પૂર્ણચંદ્રસૂરિએ 'વિક્રમપંચદંડ' નામનો પ્રબંધ રચ્યો છે, કદાચ તે અને આ વૃત્તિકાર એક જ હોય એ સંભવિત જેવું છે. પણ 'વિક્રમપંચદંડરાસ' શ્રી જિનહરે રચ્યો છે અને 'વિક્રમચરિત્રપંચદંડકથા' શ્રીમાલદેવે રચેલી છે.[૧] એટલે તેમના આ ઉલ્લેખમાં જોઈએ તેવી સંગતિ નથી. અમને એમ લાગે છે કે શ્રીમન્નાગપુરીય બૃહત્તપાગચ્છમાં થયેલ શ્રીપૂર્ણચન્દ્ર-

૧. જુઓ જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ પૃ. ૫૨૯ તથા ૬૦૯.

સૂરિ કે જે 'કુવલયવિબોધક'નું બિરુદ ધરાવતા હતા અને ઘણા વિદ્વાન હતા, તેમણે વિ. સં. ૧૪૪૨માં આચાર્ય થયા પછી આ કૃતિ રચેલી હોય.

આ વૃત્તિમાં એક સ્થળે ચંદ્રસેન ક્ષમાશ્રમણના વચન અનુસાર મંત્રનો આમ્નાય આપેલો છે, તો એક સ્થળે મંત્રામ્નાયમાં શ્રી પાદલિપ્તસૂરિજીનું નામ પણ આપેલું છે, અને છેવટે બૃહદ્વૃત્તિનો પણ ઉલ્લેખ છે.

આ લઘુવૃત્તિ તેના નામ અનુસાર લઘુ જ છે, પણ તેમાં મંત્રોનો સંગ્રહ સારો છે.

(૬) શ્રીજયસાગરગણિકૃત ઉપસર્ગહરસ્તોત્રવૃત્તિ

શ્રી જયસાગરસૂરિ ખરતરગચ્છીય જિનરાજસૂરિના શિષ્ય હતા અને તેમણે જિનવર્ધનસૂરિ પાસે વિદ્યાધ્યયન કર્યું હતું. તેમણે પૃથ્વીચંદ્રચરિત્ર, પર્વરત્નાવલીકથા, વિજ્ઞપ્તિત્રિવેણી, આદિ અનેક ગ્રંથો રચ્યા હતા, તથા શ્રીજિનદત્તસૂરિકૃત ગુરુપારતંત્र्यादिस्तव તથા સ્મરણાસ્તવ પર, તેમજ ઉપસર્ગહરસ્તોત્ર પર પણ એક વૃત્તિ વિ. સં. ૧૪૮૪માં રચી હતી. જૈનસ્તોત્રસંદોહ ભાગ બીજાની પ્રસ્તાવનામાં પૃ. ૬૯ ઉપર આ પ્રકારની નોંધ થયેલી છે. જિનરત્નકોષ પરથી એમ જણાય છે કે તેની એક પ્રતિ ભાંડારકર ઈન્સ્ટીટ્યુટમાં છે, પરંતુ હજી સુધી કોઈએ તેનું પ્રકાશન કર્યું હોય, એમ જાણવામાં આવ્યું નથી.

(૭) શ્રીસિદ્ધિચંદ્રગણિકૃત વ્યાખ્યા

મહોપાધ્યાય શ્રી ભાનુચંદ્રગણિના શિષ્યરત્ન મહોપાધ્યાય

શ્રીસિદ્ધિચંદ્રગણિ કે જેઓ શતાવધાની હતા અને જેમને દિલ્લીપતિ જહાંગીર બાદશાહે 'ખુશ્ફહમ્' નામની પદવી આપી હતી, તેમણે સપ્તસ્મરણટીકાની અંતર્ગત ઉવસગ્ગહરં સ્તોત્ર પર વ્યાખ્યા રચેલી છે અને તે અનેકાર્થરત્નમંજૂષાના અંત ભાગમાં છપાયેલ છે.

(૮) શ્રી હર્ષકીર્તિસૂરિકૃત વૃત્તિ

વિક્રમની સત્તરમી સદીમાં થઈ ગયેલા શ્રીહર્ષકીર્તિસૂરિએ '**સપ્તસ્મરણવૃત્તિ**'ની અંતર્ગત ઉવસગ્ગહરં સ્તોત્ર પર વૃત્તિ રચી છે, જે અનેકાર્થરત્નમંજૂષામાં બીજી બે ટીકાઓ સાથે છપાયેલ છે.

(૯) પ્રિયંકરનૃપકથા

વિક્રમની સોળમી સદીમાં થઈ ગયેલા શ્રી જિનસૂરમુનિએ સંસ્કૃત ભાષામાં ઉવસગ્ગહરં સ્તોત્રનો પ્રભાવ દર્શાવતી 'પ્રિયંકરનૃપકથા' સંસ્કૃત ભાષામાં રચેલી છે. તેનું પ્રકાશન સને ૧૯૨૧માં શારદાવિજયમુદ્રણાલય-ભાવનગર તરફથી પ્રતાકારે થયેલું છે અને સને ૧૯૩૨માં દે. લા. જૈ. પુ. ફંડ તરફથી પુસ્તકાકારે થયેલું છે. તેનું ગુજરાતી ભાષાંતર જૈનધર્મ પ્રસારકસભા તરફથી ઘણાં વર્ષો પહેલાં પ્રકટ થયેલું, ત્યારપછી શ્રીસારાભાઈ નવાબે પ્રકટ કરેલ મહાપ્રાભાવિક નવસ્મરણ નામના ગ્રંથમાં તે વિશેષ શુદ્ધિપૂર્વક છપાયેલું છે.

(૧૦) શ્રીઉપસર્ગહરસ્તોત્રની પાદપૂર્તિરૂપ શ્રી પાર્શ્વસ્તોત્ર

શ્રી તેજસાગરે શ્રી ઉપસર્ગહરસ્તોત્રની પાદપૂર્તિરૂપે

૨૧ ગાથાનું શ્રી પાર્શ્વસ્તોત્ર રચ્યું છે. તેની પ્રત્યેક ગાથામાં ઉવસગ્ગહરં સ્તોત્રનું એકેક ચરણ તેના મૂળ ક્રમમાં ગુંથેલું છે. આ સ્તોત્ર દે. લા. જૈન. પુ. ફંડ તરફથી પ્રકટ થયેલ **પ્રિયંકરનૃપકથા**ના અંત ભાગે પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે અને તે પરથી આ પુસ્તકના પરિશિષ્ટ ૧ માં છપાયેલું છે.

(૧૧) મહાપ્રાભાવિક નવસ્મરણ

શ્રીસારાભાઈ નવાબે સને ૧૯૩૮માં પ્રકટ કરેલ **'મહાપ્રાભાવિક નવસ્મરણ'** નામના દળદાર ગ્રંથમાં ઉવસગ્ગહરં સ્તોત્રના અર્થ આપ્યા છે તથા તે પરની શ્રી પૂર્ણચન્દ્રાચાર્યકૃત લઘુવૃત્તિ તથા દ્વિજપાર્શ્વદેવગણિ વિરચિત લઘુવૃત્તિમાં જણાવેલા મંત્રોના આમ્નાય પણ આપ્યા છે. તે સાથે પ્રિયંકરનૃપકથાનું પૂરું ભાષાંતર, તેમજ તેને લગતા ૨૭ યંત્રો પણ આપેલા છે.

(૧૨) ઉવસગ્ગહરં સ્તોત્ર પર અષ્ટાંગી વિવરણ

વિ. સં. ૨૦૦૭ થી ૨૦૧૦ સુધીમાં ત્રણ ભાગે પ્રકટ થયેલી **શ્રીપ્રતિક્રમણસૂત્ર-પ્રબોધટીકા**ના પ્રથમ ભાગમાં ઉવસગ્ગહરં સ્તોત્ર પર અષ્ટાંગી વિવરણ થયેલું છે, એટલે કે તેમાં પ્રથમ આ સ્તોત્રનો પાંચ ગાથાવાળો શુદ્ધ પાઠ અપાયેલો છે, (૨–૩) પછી તેની સંસ્કૃત છાયા અને ગુજરાતી છાયા અપાયેલી છે, પછી (૪) તેના પ્રત્યેક શબ્દના સામાન્ય અને વિશેષ અર્થ અપાયેલ છે, ત્યારબાદ (૫) તેનો અર્થનિર્ણય અપાયેલો છે અને તેના પરથી તેની (૬) અર્થસંકલના કરેલી છે. ત્યારબાદ (૭) તે સૂત્રનો પરિચય

આપવામાં આવ્યો છે અને છેવટે (૮) તેનું આધાર સ્થાન બતાવવામાં આવ્યું છે.

આ વિવરણ અમોએ ઘણા પરિશ્રમપૂર્વક તૈયાર કરેલું છે.

(૧૩) 'ઉવસગ્ગહરં સ્તોત્ર' નામનો નિબંધ

સં. ૨૦૧૭ ની સાલમાં અમે 'ઉવસગ્ગહરં સ્તોત્ર' નામનો એક ખાસ નિબંધ તૈયાર કરેલો, તે **જૈન શિક્ષાવલી-ત્રીજી શ્રેણી**માં છપાયેલો છે. ઉવસગ્ગહરં સ્તોત્રનો પ્રાથમિક પરિચય મેળવવા માટે તે અતિ ઉપયોગી છે, પણ તે હાલ પ્રાપ્ય નથી.

(૧૪) 'ઉવસગ્ગહરં થોત્ત' એક અધ્યયન

સને ૧૯૬૪માં પ્રકટ થયેલ **શ્રી મોહનલાલજી અર્ધ શતાબ્દીસ્મારકગ્રંથ**માં પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિયાએ આ નામનો એક લેખ લખેલો છે અને તેમાં આ સ્તોત્રને લગતી ઘણી વિગતો આપેલી છે.

(૧૫) મહા પ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર

આ ગ્રંથ અત્યારે પાઠકોના હાથમાં જ છે, એટલે તેનો વિશેષ પરિચય આપવાનો રહેતો નથી.

[૧૨]

સ્તોત્રનું ગાથાપ્રમાણ

' આ સ્તોત્રની મૂળગાથાઓ કેટલી ? ' એવો પ્રશ્ન જિજ્ઞાસુઓ તરફથી પૂછાય છે, એટલે તે સંબંધી અહીં સ્પષ્ટતા કરી દઈએ. ગત પ્રકરણમાં જણાવેલ આ સ્તોત્ર પરના સર્વ ટીકાકારોએ આ સ્તોત્રની પાંચ ગાથાઓ પર જ ટીકા કરી છે. વળી શ્રીરાજશેખરસૂરિએ 'ચતુર્વિંશતિ પ્રબંધ'માં જણાવ્યું છે કે ' ततः पूर्वेभ्य उद्धृत्य उवसग्गहरं पासम् ' इत्यादि स्तवनगाथा पञ्चकमयं संदृब्धं गुरुभिः—વળી પૂર્વોમાંથી ઉદ્ધરીને ' ઉવસગ્ગહરં પાસં ' એ શબ્દોથી શરૂ થતું પાંચ ગાથાવાળું સ્તવન ગુરુ વડે રચાયું.' તે પરથી પણ આ સ્તોત્રની પાંચ ગાથા હોવાનું નિશ્ચિત થાય છે.

વિક્રમની સોળમી સદીમાં થયેલા શ્રી જિનસૂરમુનિએ પ્રિયંકરનૃપકથાના પ્રારંભમાં તેનો પ્રભાવ વર્ણવતાં જણાવ્યું છે કે—

एकया गाथयाऽप्यस्य, स्तवस्य स्मृतमात्रया ।
शान्तिः स्यात् किं पुनः पूर्णे, पञ्चगाथाप्रमाणके ॥

'આ સ્તવનની માત્ર એક ગાથા ભણવાથી પણ શાંતિ થાય છે, તો પંચગાથાપ્રમાણ પૂર્ણ સ્તોત્રનું તો કહેવું જ શું ?'

તાત્પર્ય કે પાંચ ગાથા એ આ સ્તોત્રનું પૂર્ણ પ્રમાણ છે.

એ કથામાં આગળ તેમણે જણાવ્યું છે કે 'પ્રથમ આ સ્તવનમાં છઠ્ઠી ગાથા પણ હતી. તેના સ્મરણથી ધરણેંદ્ર તરત જ પ્રત્યક્ષ થતા હતા અને કષ્ટોનું નિવારણ કરતા હતા. પછી ધરણેન્દ્રે પૂજ્યશ્રી એટલે સ્તોત્રના રચયિતા શ્રી ભદ્રબાહુસ્વામીને કહ્યું કે 'ફરી ફરી મારે અહીં આવવું પડે છે, તેથી હું મારા સ્થાને રહી શકતો નથી, માટે છઠ્ઠી ગાથાને ભંડારમાં મૂકી દો. હવેથી પાંચ ગાથાઓનું સ્મરણ કરવાથી પણ હું સાન્નિધ્ય કરતો રહીશ.' ત્યારથી પાંચ ગાથાપ્રમાણ સ્તવનનો પાઠ કરવામાં આવે છે.'

વિક્રમની સત્તરમી સદીમાં થયેલા શ્રી હર્ષકીર્તિસૂરિએ આ સ્તોત્રની ટીકામાં નીચેના શ્લોકનું ઉદ્ધરણ કર્યું છે :—

[शालिनीवृत्तम्]

स्तोत्रस्यास्याष्टातिरिक्तं शतं यः ।
कुर्याज्जापं पञ्चगाथात्मकस्य ।
तस्यावश्यं मङ्क्षु नश्यन्ति विघ्ना-
स्तं निःशेषा वृण्वते सिद्धयश्च ॥

'આ પંચગાથાત્મક સ્તોત્રનો જેઓ ૧૦૮ વાર જપ કરે છે, તેના વિઘ્નો તરત જ અવશ્ય નાશ પામે છે અને તેને નિઃશેષ સિદ્ધિઓ વરે છે.'

અને ત્યારપછી તરત જ એમ કહ્યું છે કે—

'पूर्वं किलास्य स्मरणस्य सप्त गाथा अभूवन् । ततो गाथाद्वयं श्रीभद्रबाहुस्वामिभिर्भाण्डागारे स्थापितम् ॥ પૂર્વે આ સ્મરણની સાત ગાથા હતી, પરંતુ ત્યારપછી ભદ્રબાહુ સ્વામીએ તેની બે ગાથા ભંડારમાં સ્થાપિત કરી. એટલે અત્યારે પાંચ જ ગાથા પ્રવર્તે છે.'

તાત્પર્ય કે વિક્રમની પંદરમી સદી પછી એ વાત પ્રચલિત થયેલી જણાય છે કે પ્રથમ આ સ્તોત્રની છ કે સાત ગાથાઓ હતી અને પછી તે અમુક કારણસર ભોંયમાં ભંડારી દેવામાં આવી છે.

એ ગમે તેમ હોય, પણ આ સ્તોત્રના પાંચ ગાથાવાળા પાઠને સહુએ માન્ય રાખ્યો છે, એટલે આપણે તેને મૂલપાઠ માનવો જોઈએ કે જે અમે આ ગ્રંથના પ્રથમ પ્રકરણના અંતે આપેલો છે.

કાલક્રમે આ સ્તોત્રનું પઠન-પાઠન વધતાં તેમાં બીજી પણ કેટલીક ગાથાઓ ઉમેરાવા પામી અને તેથી આજે તેના ૯ ગાથાના, ૧૩ ગાથાના, ૧૭ ગાથાના, ૨૧ ગાથાના તથા ૨૭ ગાથાના પાઠો મળે છે.

અમારી સમજ પ્રમાણે મૂલપાઠમાં ધરણેંદ્ર-પદ્માવતીનો સ્પષ્ટ ઉલ્લેખ નથી, તથા મંત્રશાસ્ત્રમાં અતિ પ્રસિદ્ધ એવાં મંત્રપદોને પણ જણાતા નથી, એટલે મંત્રવાદીઓએ આમાં બીજી ગાથાઓ ઉમેરવાનું ઉચિત માન્યું હશે અને એ રીતે આ સ્તોત્રમાં ગાથાઓ ઉમેરાતી રહી હશે.

આજે ઉવસગ્ગહરંને ગણુનારા એ બધી ગાથાઓને ખૂબજ શ્રદ્ધાથી ગણે છે અને તેનો પ્રભાવ પણ અનુભવે છે, એટલે અમે પ્રથમ આ ગ્રંથમાં પાંચ ગાથાનું અર્થ–વિવરણ કરીશું, તેના મંત્ર–યંત્રો દર્શાવીશું અને ત્યાર બાદ વિશેષ ગાથાવાળા પાઠના અર્થ–ભાવ–રહસ્ય પર બનતો પ્રકાશ પાડીશું.

આ પ્રકરણ સમાપ્ત કરતાં પહેલાં એ પણ જણાવી દઈએ કે ચૈત્યવંદન આદિમાં બોલાતી સ્તુતિઓ માત્ર એક શ્લોક કે એક ગાથાની જ હોય છે અને સ્તવન કે સ્તોત્ર ઓછામાં ઓછા પાંચ શ્લોક કે પાંચ ગાથાના હોય છે. એ રીતે પાંચ ગાથાવાળી આ પદ્યાત્મક કૃતિ સ્તવન કે સ્તોત્રની સંજ્ઞાને પાત્ર ઠરે છે.

સ્તવન અને સ્તોત્ર સામાન્ય રીતે એક સરખા ગણાવા છતાં તેમાં પણ કેટલોક તફાવત હોય છે. સ્તવનમાં પ્રભુને નમસ્કાર, તેમના ગુણોનું વર્ણન અને પ્રાર્થના હોય છે, ત્યારે સ્તોત્રમાં તે ત્રણેય વસ્તુ ઉપરાંત માંત્રિક ચમત્કાર પણ હોય છે. એ દૃષ્ટિએ શ્રીભદ્રબાહુ સ્વામીની આ કૃતિ સ્તવન કરતાં સ્તોત્ર તરીકે વધારે જાણીતી છે.

[૧૨]

પહેલી ગાથાનું અર્થ–વિવરણ

ઉવસગ્ગહરં સ્તોત્ર નિત્ય નિયમિત શ્રદ્ધાપૂર્વક સ્મરવા યોગ્ય છે, તેમ વારંવાર ચિંતવવા યોગ્ય પણ છે; પરંતુ એ ચિંતન તેના અર્થ સમજ્યા વિના યથાર્થપણે થઈ શકે નહિ, તેથી તેનું અર્થ–વિવરણ જરૂરી છે.

અર્થ એ જ્ઞાનનો પ્રકાશ છે તથા ભાવમંદિરમાં પ્રવેશ કરવાનું મંગળ દ્વાર છે, એ કહેવાની જરૂર છે ખરી? જૈનપરંપરામાં તો સૂત્રની સાથે તેનો અર્થ શિખવવાની ખાસ પ્રણાલિકા છે અને તે બંનેની શુદ્ધિને જ્ઞાનાચારનું એક વિશિષ્ટ અંગ માનવામાં આવ્યું છે.

કોઈ પણ મંત્રની સિદ્ધિ અર્થે તેનો જપ કરવામાં આવે છે, તેમ તેની અર્થભાવના પણ કરવામાં આવે છે, એ રીતે પણ આ મંત્રમય સ્તોત્રના અર્થનું જ્ઞાન આપણે સંપાદન કરવું જોઈએ અને તેના પર વારંવાર શાંત ચિત્તે ચિંતન–મનન કરવું જોઈએ.

અહીં અર્થ–વિવરણ માટે નીચેનો ક્રમ રખાયો છે :—

(૧) મૂળગાથા

(૨) સંસ્કૃત છાયા

(૩) અન્વય

(૪) સામાન્ય અને વિશેષ અર્થ

(૫) ભાવાર્થ

૧. મૂળગાથા

उवसग्गहरपासं, पासं वंदामि कम्मघणमुक्कं ।
विसहरविसनिन्नासं, मंगलकल्लाण आवासं ॥१॥

૨. સંસ્કૃતછાયા

उपसर्गहरपार्श्वं, पार्श्वं वन्दामि कर्म्मघनमुक्तम् ।
विषधरविषनिर्नाशं, मङ्गलकल्याणावासम् ॥ १ ॥

૩. અન્વય

उवसग्गहरंपासं कम्मघणमुक्कं विसहरविसनिन्नासं मंगल कल्लाणआवासं पासं वंदामि ॥

સામાન્ય રીતે उवसग्गहरं અને पासं એ શબ્દો જુદા બોલાય છે, પણ ટીકાકારોએ અર્થસંગતિની દૃષ્ટિએ એ બે પદોનો उवसग्गहरंपासं એવો એક શબ્દ માન્યો છે અને તેની સંસ્કૃત છાયા 'उपसर्गहरपार्श्वं' એ પ્રમાણે કરી છે, એટલે અમે અહીં उवसग्गहरंपासं એવો એક શબ્દ મૂકયો છે અને તેની સંસ્કૃત છાયા 'उपसर्गहरपार्श्वं' કરી છે.

અહીં એ પ્રશ્ન થાય છે કે ર ઉપરના અનુસ્વારનું શું ?

એટલે અર્થકલ્પલતામાં કહ્યું છે કે 'अनुस्वारत्वार्षत्वादलाक्षणिकः' યથા 'देवंनागसुवण्ण इति। આર્ષત્વને લીધે અહીં અનુસ્વારને અલાક્ષણિક માનવું, જેમ 'देवंनागसुवण्ण' એ પંક્તિમાં[1] વ ઉપરના અનુસ્વારને અલાક્ષણિક માનવામાં આવ્યું છે તેમ. શ્રી સિદ્ધચન્દ્રગણિકૃત વ્યાખ્યામાં કહેવાયું છે કે 'प्राकृतत्वादनुस्वारः।' અહીં પ્રાકૃત ભાષાના ધોરણે અનુસ્વાર આવેલું છે. એટલે કે અર્થસંગતિ કરતી વખતે એ અનુસ્વારને લક્ષમાં લેવાનું નથી. શ્રી હર્ષકીર્તિસૂરિએ પણ 'प्राकृतत्वाद् बिन्दुरलाक्षणिकः—પ્રાકૃત ભાષાને કારણે અહીં બિંદુને —અનુસ્વારને અલાક્ષણિક માનવું' એમ જણાવેલું છે.

સામાન્ય અને વિશેષ અર્થ

उवसग्गहरंपासं (उपसर्गहरपार्श्वम्)—ઉપસર્ગોને દૂર કરનાર પાર્શ્વયક્ષ જેમનો સેવક છે એવા; ઉપસર્ગોને દૂર કરનાર પાર્શ્વયક્ષ, ધરણેન્દ્ર, પદ્માવતી આદિ જેની સમીપમાં રહેલા છે, એવા.

જે ઉપસર્ગને હરે-દૂર કરે તે ઉપસર્ગહર. એવો પાર્શ્વ નામનો યક્ષ જેમનો સેવક છે એવા. અહીં પાર્શ્વનો અર્થ સમીપ કરતાં બીજો અર્થ ઉત્પન્ન થાય છે. ઉપસર્ગોને દૂર કરનાર દેવો શ્રી પાર્શ્વયક્ષ, શ્રી ધરણેંદ્ર, શ્રી પદ્માવતી આદિ જેમની સમીપે રહેલા છે એવા. આ બંને અર્થો ટીકાકારોએ કરેલા છે અને તે ગાથાનો સમગ્ર ભાવ જોતાં યથાર્થ લાગે છે.

---

૧. પુક્કરવરદીવડ્ઢે સૂત્રની ચોથી ગાથામાં આ પંક્તિ આવે છેઃ 'देवंनागसुवन्नकिन्नरगणस्सब्भुअभावच्चिअे।'

ઉવસગ્ગહરં અને પાસં એ બંનેને જુદાં પદ માનીને તેનો અર્થ કરવો હોય તો થઈ શકે,[૨] પરંતુ એ રીતે આ બંને પદોને પાસં એટલે શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં વિશેષણો બનાવવાં પડે. તેમાં ઉવસગ્ગહરં નો અર્થ તો બરાબર ઘટી શકે, પણ પાસં ને પશ્ય કે પ્રાશનું પ્રાકૃત રૂપ માનવું પડે અને તેનો અર્થ ત્રણે કાલના પદાર્થસમૂહને જોનાર કે નિરાકાંક્ષી એવો કરવો પડે. તે સંબંધી અર્થકલ્પલતામાં કહ્યું છે કે 'पश्यति कालत्रयवर्ति वस्तुजातमिति पश्यस्तम् । प्राकृतव्युत्पत्त्या पासं इति–જે ત્રણેય કાલના પદાર્થસમૂહને જુએ છે તે પશ્ય, તેને પશ્યનું પ્રાકૃત ભાષાના ધોરણે પાસં એવું રૂપ બની શકે છે.' આગળ કહ્યું છે કે 'यद्वा प्रगता आशा यस्य स प्राशस्तं, निराकाङ्क्षमित्यर्थः–અથવા જેની આશા–આકાંક્ષા ગયેલી છે, તેને અર્થાત્ નિરાકાંક્ષને.'

પરંતુ આગળ कम्मघणमुक्कं વિશેષણમાં ઘાતીકર્મ દૂર થવાનો અને તેથી સર્વજ્ઞતા અને સર્વદર્શીપણું પ્રાપ્ત થવાનો ભાવ રહેલો છે, એટલે અહીં પશ્ય એવો અર્થ સંગત લાગતો નથી. વળી અહીં પ્રભુને નિરાકાંક્ષ કહેવામાં અર્થની જોઈએ તેવી સંગતિ થતી નથી. એટલે ઉવસગ્ગહરપાસં એવો એક શબ્દ માનીને તેના જે અર્થો કરવામાં આવ્યા છે, તે જ વધારે યુક્તિયુક્ત અને સંગત લાગે છે.

---

૨. અમે શ્રી પ્રતિક્રમણસૂત્ર-પ્રબોધટીકામાં આ બંને પદના જુદા અર્થો કરેલા છે, પણ વિશેષ વિચાર કરતાં તેને એક શબ્દ માનીને અર્થ કરવો, તે જ ઠીક લાગે છે.

હવે ઉપસર્ગ સંબંધી થોડી સ્પષ્ટતા કરીશું. **ઉપસર્ગ** શબ્દ उप ઉપસર્ગવાળા सृज् ધાતુથી બનેલો છે. તેનો અર્થ વિઘ્ન, હાનિ, વ્યાધિ, બિમારી કે આફત થાય છે, પરંતુ જૈન સાહિત્યમાં તે બીજા વડે કરાયેલા ઉપદ્રવના અર્થમાં વપરાય છે. તેની વ્યાખ્યા આ પ્રમાણે કરવામાં આવે છે: 'जीव उपसृज्यते सम्बध्यते पीडादिभिः सह यस्मात् स उपसर्गः । જેના વડે કરીને જીવ પીડા વગેરે સાથે સંબંધ વાળો થાય, તે ઉપસર્ગ કહેવાય.'

શ્રી હેમચંદ્રાચાર્યે અભિધાનચિંતામણિમાં 'उपसर्ग उपद्रवः' એવો અર્થ કર્યો છે. (કાંડ ૨. શ્લોક ૩૯).

આ ઉપસર્ગો ત્રણ પ્રકારના મનાયેલા છે : (૧) દેવતા-કૃત, (૨) મનુષ્યકૃત અને (૩) તિર્યંચકૃત. તેમાં ભૂત, પ્રેત, પિશાચ, વ્યંતર, શાકિની, ડાકિની આદિ દેવોએ કરેલા ઉપસર્ગને દેવતાકૃત ઉપસર્ગ કહેવાય છે; મનુષ્યોએ મંત્ર, યંત્ર, તંત્ર આદિ પ્રયોગો વડે અથવા અન્ય કોઈ રીતે કરેલા ઉપસર્ગોને મનુષ્યકૃત ઉપસર્ગ કહેવાય છે; અને સિંહ, વ્યાઘ્ર, હાથી વગેરે ભૂચરોએ; મગર, ઝુંડ વગેરે જલચરોએ; ભારંડ, ગરુડ વગેરે ખેચરોએ; સર્પ, અજગર વગેરે ઉરઃપરિસર્પોએ, તેમજ નોળિયા, ઘો વગેરે ભુજપરિસર્પોએ કરેલા ઉપસર્ગોને તિર્યંચકૃત ઉપસર્ગ કહેવાય છે.[૩]

---

૩. જીવોની આ પરિભાષા સમજવા માટે '**જીવવિચાર પ્રકાશિકા યાને જૈન ધર્મનું પ્રાણીવિજ્ઞાન**' એ ગ્રંથનું અવશ્ય અવલોકન કરવું.

અર્થકલ્પદ્રુતામાં 'આત્મસંવેદનીય' એવો ઉપસર્ગનો ચોથો પ્રકાર પણ દર્શાવાયો છે. 'उपसर्गाः दिव्य-मानुष-तैरश्चाऽऽत्मसंवेदनीयभेदाच्चतुर्विधाः। અહીં 'આત્મસંવેદનીય'-શબ્દથી આત્માને અશાતાવેદનીય કર્મના ઉદયથી ભોગવવા પડતાં દુઃખો-કષ્ટો સમજવાં. તે આત્માને માટે ઉપસર્ગ સમાન છે.

पासं (पार्श्वम्)-શ્રી પાર્શ્વનામના ત્રેવીશમા તીર્થંકરને, શ્રી પાર્શ્વનાથ ભગવાનને.

તેમનો પરિચય પ્રસ્તુત ગ્રંથના બીજા પ્રકરણમાં વિસ્તારથી અપાયેલો છે.

वंदामि (वन्दामि)-હું વંદું છું, હું વંદન કરું છું.

વંદન, પ્રણામ, નમસ્કાર એ એકાર્થી શબ્દો છે અને તે એકબીજાના પર્યાય તરીકે વપરાય છે. વંદનની ક્રિયા બે પ્રકારે થાય છે : એક દ્રવ્યથી, બીજી ભાવથી. તેમાં મસ્તક નમાવવું, હાથ જોડવા, ઘૂંટણે પડવું, ભૂમિને સ્પર્શ કરવો કે પ્રકટ શબ્દો બોલવા એ દ્રવ્યવંદનની ક્રિયા છે અને અંતરમાં નમસ્કાર્ય પ્રત્યે શ્રદ્ધા-ભક્તિ-બહુમાનની લાગણી રાખવી, એ ભાવવંદનની ક્રિયા છે. આનો અર્થ એમ સમજવાનો કે આપણે મસ્તક નમાવીએ, બે હાથ જોડીને અંજલિ કરીએ, ઘૂંટણે પડીને પાંચ અંગ ભેગા કરવાપૂર્વક પંચાંગ પ્રણિપાત કરીએ, કે વચનથી વંદામિ એવો શબ્દ બોલીએ, પણ તેમાં અંતરનો વિશુદ્ધ-પવિત્ર ભાવ ભળે નહિ તો તે માત્ર દ્રવ્ય-વંદનની જ ક્રિયા ગણાય કે જેનું ફલ ભાવવંદનની સરખા-

મણીમાં ઘણું અલ્પ અંકાયેલું છે. તાત્પર્ય કે વંદનની ક્રિયા યથાર્થપણે કરવા માટે દ્રવ્યવંદનની સાથે ભાવવંદનની ક્રિયા પણ અવશ્ય કરવી જોઈએ. અન્ય શબ્દોમાં કહીએ તો જ્યારે મન, વચન અને કાયા એ ત્રણેય વસ્તુ પ્રશસ્ત રીતે પ્રવર્તે, ત્યારે જ સાચું વંદન થાય છે.

વંદન-પ્રણામ-નમસ્કાર એ નમ્રતાનું ચિહ્ન છે, ભક્તિનું નિશાન છે અને કૃતજ્ઞતાનો સંકેત છે, એ ભૂલવાનું નથી. અમે '**નમસ્કારમંત્રસિદ્ધિ**' ગ્રંથમાં 'નમસ્કારની ઉપાદેયતા' નામના ખાસ પ્રકરણમાં આ સંબંધી વિશેષ વિવેચન કરેલું છે.

कम्मघणमुक्कं (कर्मघनमुक्तम्)-કર્મના સમૂહથી મુક્ત, કર્મરૂપી વાદળથી રહિત કે ઘાતીકર્મથી રહિત.

कर्म નો **घन** તે **कर्मघन**. અહીં **कर्म** શબ્દથી આત્માની શક્તિઓને આવરનારાં જ્ઞાનાવરણીય આદિ આઠ પ્રકારનાં કર્મો સમજવાં. **घन** એટલે સમુદાય કે સમૂહ, અથવા મેઘ કે વાદળ. **मुक्त** એટલે મુક્ત, મૂકાયેલા,-થી રહિત. આ રીતે **कर्मघन-मुक्त** નો અર્થ કર્મના સમૂહથી મુક્ત અથવા કર્મરૂપી વાદળથી મુક્ત એવો થાય છે.

अर्थकल्पलतामां કહ્યું છે કે '**कर्माणि ज्ञानावरणीयाद्यष्ट तानि जीवचन्द्रमसो ज्ञानांशुमण्डलच्छादकत्वात् घना इव जलदा इव कर्मघनाः ।**

स्थितः शीतांशुवज्जीवः प्रकृत्या भावशुद्धया ।
चन्द्रिकावच्च विज्ञानं, तदावरणमभ्रवत् ॥

'જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મો જીવરૂપ ચન્દ્રના જ્ઞાન-રૂપ કિરણમંડલનું આચ્છાદન કરતા હોવાથી મેઘ જેવાં છે, વાદળ જેવાં છે. કહ્યું છે કે પ્રકૃતિથી ભાવની શુદ્ધિને લઈ જીવ ચન્દ્ર જેવો છે, વિજ્ઞાન ચન્દ્રિકા જેવું છે અને એનું આવરણ મેઘ જેવું છે.'

હવે પરનિપાતથી ઘન શબ્દને કર્મનું વિશેષણ બનાવીએ તો ઘનનો અર્થ દીર્ઘકાલની સ્થિતિવાળાં, અથવા બહુ પ્રદેશવાળા અથવા નિબિડ એવો અર્થ સંપન્ન થાય અને એ રીતે કર્મઘનમુક્તનો અર્થ નિબિડ કર્મથી રહિત–ઘાતીકર્મથી રહિત એવો થાય. જે આત્મા ઘાતીકર્મથી રહિત થાય, તે અવશ્ય સર્વજ્ઞ અને સર્વદર્શી થાય, એટલે આ વિશેષણથી શ્રી પાર્શ્વનાથ ભગવાનની સર્વજ્ઞતા સૂચિત કરવામાં આવી છે.

विसहर–विस–निन्नासं (विषधर–विष–निर्नाशम्)– વિષધરનું વિષ દૂર કરનાર.

'विषं धरतीति विषधरः–જે વિષને–ઝેરને ધારણ કરે, તે વિષધર કહેવાય.' તેનો પ્રસિદ્ધ અર્થ સર્પ કે નાગ છે. શાસ્ત્રોમાં તેનાં નીચે મુજબ દશ કુળો માનેલાં છે : (૧) અનંત, (૨) વાસુકિ, (૩) તક્ષક, (૪) કર્કોટ, (૫) પદ્મ, (૬) મહાપદ્મ, (૭) શંખપાલ, (૮) કુલિક, (૯) જય અને (૧૦) વિજય. આ દશેય પ્રકારના નાગોનું પાર્થિવ આદિ ઝેર દૂર કરનાર. **અર્થકલ્પલતા**માં કહ્યું છે કે '**भगवन्नामपूतमन्त्र जापाद् हि सर्वविषधरविषनाशः सुप्रतीत एव मान्त्रिकाणाम्**– ભગવાનના નામથી પવિત્ર થયેલા મંત્રનો જાપ કરતાં સર્વે

વિષધરોના વિષનો નાશ થાય છે, એ વાત માંત્રિકોને-મંત્ર વિશારદોને સુપ્રતીત છે.'

અહીં 'વિસહર-વિસ-નિન્નાસં' પદનો વિષગૃહવૃષ **નિર્નાશમ્** એવો સંસ્કાર પણ થઈ શકે. એમ કરતાં અહીં વિષનો અર્થ જળ સમજવું, ખાસ કરીને મણિકર્ણિકાનું જળ સમજવું. તેમાં જેનું ગૃહ એટલે ઘર છે, તે વિષગૃહ. વારાણસીના રહેવાસીઓ મોટે ભાગે પંચાગ્નિતપ મણિકર્ણિકાના ઘાટ પર કરે છે. સામર્થ્યથી વિષધર એ કમઠ મુનિ સમજવા. તેનો વૃષ એટલે ધર્મ જે પંચાગ્નિતપશ્ચર્યારૂપ છે, તેના વિનાશક. લૌકિકોએ એને ધર્મરૂપે ગ્રહણ કરેલ છે, તેથી અહીં ધર્મ કહ્યો છે. પ્રજ્વલિત અગ્નિમાં બળતા લાકડાની અંદર (બળવાથી) મરી રહેલા સર્પના પ્રદર્શનથી માતાના અને લોકોના મનમાં એ (અજ્ઞાન) તપશ્ચર્યા અધર્મરૂપ હોવાનો નિશ્ચય કરાવાયો હોવાથી તેના વિનાશક સમજવા.

અથવા વિષ શબ્દથી મિથ્યાત્વ, કષાય આદિ ભાવવિષ સમજવું. તેને ધારણ કરનાર તે ભાવવિષધર. તેમનાં એ વિષનો પોતાના વચનામૃતથી નાશ કરનાર તે **વિષધર-વિષ-નિર્નાશ.**

તાત્પર્ય કે શ્રી પાર્શ્વનાથ ભગવાન દ્રવ્યવિષધર અને ભાવવિષધર એમ બંને પ્રકારના વિષધરોનો નાશ કરનારા છે.

શ્રીદેવભદ્રાચાર્યે **શ્રીપાર્શ્વનાથ ચરિત્ર**માં જણાવ્યું છે કે 'શ્રીપાર્શ્વનાથ ભગવાન પૃથ્વી પર વસતા (વિચરતા) હતા, ત્યારે કોઢની કથા નાશ પામી તથા ક્ષય નામનો મહારોગ ક્ષય પામ્યો. ભૂત, પ્રેત, પિશાચ અને શાકિનીનો સમૂહ

શીઘ્રપણે દૂર નાસી ગયેા. દુર્ભિક્ષ, ડમર, અશિવ અને મરકી પરસ્પર વૈર પામીને ક્ષીરોદધિના પારને પામ્યા.

જે પ્રાણી પાર્શ્વનાથ પરમેશ્વરનું શરણ કરે છે, કીર્તન કરે છે, પૂજે છે, તેમને સ્નાન કરાવે છે, આભૂષણ પહેરાવે છે, નમસ્કાર કરે છે, તેમને શોધે છે અથવા જુએ છે, તે પ્રાણીને આ પૃથ્વીમંડળ ઉપર ચાલતો કોઈપિણ સર્પ ઉપદ્રવ ન કરે, એ રીતે ધરણેન્દ્રે પોતે પૃથ્વી પર ચાલતા સર્પસમૂહને આજ્ઞા આપી છે.' એટલે અહીં દ્રવ્યવિષધરના વિષને નાશ કરવાનો જે અર્થ છે, તે વધારે સંગત લાગે છે.

થેાડા વર્ષ પહેલાં કોઈને પણ સર્પદંશ થતાં 'पान रे पान रे' એવા સાંકેતિક શબ્દોનો ઉચ્ચાર કરીને તેના કપડે ગાંઠ વાળી દેતા, તે મનુષ્ય મરણ પામતો નહિ. ત્યાર આદ पान रे મહારાજને[૪] તાર કે માણસ મોકલી ખબર આપતા, તે આવી પહોંચતાં અને સર્પનું ઝેર ઉતારી દેતા. આ રીતે પ્રાચીન જમાનામાં માત્ર પાર્શ્વનાથ પ્રભુનું નામ લેવાથી કે તેમના નામથી ગર્ભિત મંત્રનો ઉચ્ચાર કરવાથી સાપનું ઝેર ઉતરી જતું હશે અને તેથી અહીં 'विसहर-विस-निन्नासं' એવું ખાસ વિશેષણ યેાજવામાં આવ્યું હોય, એ ઘણું સંભવિત છે.

---

૪. સૌરાષ્ટ્ર-લીંબડીમાં બે બ્રાહ્મણ બંધુઓને સર્પનું ઝેર ઉતારવાની વિદ્યા પ્રાપ્ત થઈ હતી અને તેનો મુખ્ય વિધિ પ્રથમ 'पान रे पान रे' બોલીને કપડે ગાંઠ વાળી દેવાનો હતો, એટલે તેઓ 'पान रे महाराज' તરીકે ઓળખાયા હતા. તેમણે દશ હજારથી પણ વધારે સર્પના ઝેર ઉતાર્યા હતાં. અમને તેમની મુલાકાત થયેલી છે.

मंगल–कल्लाण–आवासं (मङ्गल–कल्याण–आवासम्) મંગલ અને કલ્યાણના આવાસરૂપ, મંગલ અને કલ્યાણને રહેવાના સ્થાનરૂપ, પરમ મંગલમય તથા પરમ કલ્યાણમય.

મङ્ગલ અને कल्याण તે મङ्गल–कल्याण, તેનો आवास તે मङ्गल–कल्याण–आवास. मङ्गल એટલે વિઘ્નની ઉપશાંતિ, कल्याण એટલે સંપત્તિનો ઉત્કર્ષ. 'तथा मङ्गलानि च विपद्-उपशमरूपाणि, कल्याणानि च सम्पदुत्कर्षरूपाणि ।' (अ. क.) શ્રી સિદ્ધિચંદ્રગણિએ મંગલનો અર્થ શ્રેય અને કલ્યાણનો અર્થ સંપત્તિનો ઉત્કર્ષ કર્યો છે, જ્યારે શ્રી હર્ષકીર્તિસૂરિએ મંગલનો અર્થ દુરિતનું ઉપશમન તથા કલ્યાણનો અર્થ નીરોગિતા અથવા સંપત્તિનો ઉત્કર્ષ એ પ્રમાણે કર્યો છે. તેને રહેવાનું જે સ્થાન, ગૃહ, તે मङ्गल–कल्याण–आवास. તાત્પર્ય કે શ્રીપાર્શ્વનાથ ભગવાન મંગલ અને કલ્યાણની સાક્ષાત્ મૂર્તિ છે, પરમ મંગલમય તથા પરમ કલ્યાણમય છે.

૫. ભાવાર્થ

જેમની સમીપમાં રહેલા દેવો–પાર્શ્વયક્ષ, ધરણેન્દ્ર, પદ્માવતી આદિ ભક્તજનોના સર્વ ઉપસર્ગોને દૂર કરે છે, જેઓ ઘાતીકર્મથી મૂકાયેલા હોઈ સર્વજ્ઞ અને સર્વદર્શીપણું પામેલા છે, જેમનું નામસ્મરણ ભયંકર સાપના ઝેરનો નાશ કરનારું છે તથા જેઓ મંગલ અને કલ્યાણના પરમધામ હોઈ સર્વેને એક સરણા પૂજ્ય છે, તે શ્રીપાર્શ્વનાથ ભગવાનને હું મન–વચન–કાયાની શુદ્ધિપૂર્વક વંદન કરું છું.

પાઠકો આ અર્થ પરત્વે શક્ય એટલું ચિંતન–મનન જરૂર કરે.

[૧૩]

બીજી ગાથાનું અર્થ–વિવરણ

શબ્દ એ તાળું છે અને અર્થ એ કુંચી છે. અન્ય શબ્દોમાં કહીએ તો અર્થ જાણ્યા વિના શબ્દનો ખરો ભેદ સમજાતો નથી. એ વાત ખરી છે કે એક શબ્દના અનેક અર્થો થાય છે, પણ ક્યાં કેવો અર્થ ગ્રહણ કરવો, તે પરાપૂર્વ સંબંધથી વિચારી લેવું જોઈએ. કોઈએ કહ્યું કે 'सैन्धव-मानय' ત્યાં ભોજનાદિ પ્રસંગ હોય તો તેનો અર્થ 'સિંધાલૂણ લાવ' એમ સમજવો જોઈએ અને બહારગામ જવાનો કે રણે ચઢવાનો પ્રસંગ હોય તો 'ઘોડો લાવ' એમ સમજવો જોઈએ. જો અર્થસંગતિ બરાબર ન થાય તો શબ્દનો કે શબ્દ-સંયોજનનો વાસ્તવિક ભાવ સમજી શકાય નહિ, તેથી અર્થ-સંગતિ પર ખાસ ધ્યાન આપવું જોઈએ.

ઉવસગ્ગહરં સ્તોત્રની બીજી ગાથાનો પાઠ નીચે પ્રમાણે યોજાયેલો છે :

૧. મૂલપાઠ

विसहरफुलिंगमंतं, कंठे धारेइ जो सया मणुओ।
तस्स गह–रोग-मारी–दुट्ठजरा जंति उवसामं ॥[૧]

૧. પૃષ્ઠ ૧૪ ઉપર मारि એવો પાઠ છપાયો છે, તે મારી સમજવો.

૨. સંસ્કૃત છાયા

विषधरस्फुलिङ्गमन्त्रं, कण्ठे धारयति यः सदा मनुजः ।
तस्य ग्रह-रोग-मारी-दुष्ट ज्वरा यान्ति उपशामम् ॥

૩. અન્વય

જો મણુઓ વિસહર ફુલિંગમંતં સયા કંઠે ધારેઇ,
તસ્સ ગહ-રોગ-મારી-દુટ્ઠજરા ઉવસામં જંતિ ॥

૪. સામાન્ય અને વિશેષ અર્થ

વિસહરફુલિંગમંતં (विषधरस्फुलिङ्गमन्त्रम्)- વિષધર સ્ફુલિંગ નામના મંત્રને.

'નમિઊણ પાસ વિસહર વસહ જિણફુલિંગ' આ અઢાર અક્ષરની વિશિષ્ટ રચનાને વિષધર સ્ફુલિંગમંત્ર કહેવામાં આવે છે.

શ્રી માનતુંગસૂરિએ સ્વરચિત '**નમિઊણ**' અપરનામ '**ભયહરસ્તોત્ર**' ની છેલ્લી ગાથામાં કહ્યું છે કે-

एयस्स मज्झयारे अट्ठारस अक्खरेहिं जो मंतो ।
जो जाणइ सो झायइ, परमपयत्थं फुडं पासं ॥२३॥

'આ સ્તોત્રની અંદર અઢાર અક્ષરનો જે મંત્ર છે, તેને જે જાણે છે, તે પરમપદમાં રહેલા પ્રકટ પાર્શ્વનાથનું ધ્યાન ધરે છે.'

તાત્પર્ય કે આ સ્તોત્રમાં રહેલા અઢાર અક્ષરવાળા મંત્રનો જાપ કરવાથી પરમપદમાં રહેલા શ્રી પાર્શ્વનાથ પ્રભુ ધ્યાનમાં પ્રત્યક્ષ થાય છે.

આ અઢાર અક્ષરવાળો મંત્ર તે અન્ય કોઈ નહિ, પણ 'નમિઊણ પાસ વિસહર વસહ જિણફુલિંગ' જ છે.

આ અઢાર અક્ષરવાળો મંત્ર નાગરાજ ધરણેન્દ્રે શ્રી માનતુંગસૂરિને તેમના માનસિક રોગના નિવારણ માટે આપ્યાનો ઉલ્લેખ પ્રભાવકચરિત્રના 'શ્રીમાનતુંગસૂરિપ્રબંધ'માં નીચે મુજબ કરેલો છે :

"कदापि कर्म्मवैचित्र्यात्तेषां चित्तरुजाभवत् ।
कर्म्मणा पीडिता यस्मात् शलाकापुरुषा अपि ॥
धरणेन्द्रस्मृते राजा पृष्टोऽनशनहेतवे ।
अवादीदायुरद्यापि स तत्संह्रियते कथम् ॥
यतो भवादृशामायुर्बहुलोकोपकारकम् ।
अष्टादशाक्षरं मन्त्रं ततस्तेषां समर्पयत् ॥
ह्रियते स्मृतितोयेन रोगादि नवधा वयम् ।
अन्तर्ययौ ततः श्रीमान् धरणो धरणीतलम् ॥
ततस्तदनुसारेण स्तवनं विदधे प्रभुः ।
ख्यातं भयहरं नाम तदद्यापि प्रवर्तते ॥
हेमंतशतपत्रश्रीर्देहे स्तोममहानिधेः ।
सूरेरजनि तस्याहो सुलभं तादृशां ह्रदः ॥
सायं प्रातः पठेदेतत्स्तवनं यः शुभाशयः ।
उपसर्गा व्रजन्तस्य विविधा अपि दूरतः ॥

'કોઈક વાર કર્મની વિચિત્રતાથી તેઓશ્રીને માનસિક

રોગ થયો, કારણ કે જે કર્મોએ શલાકાપુરુષોને પણ છોડ્યા નથી, તે કર્મોથી તેઓ પણ પીડા પામ્યા. એટલે તેઓશ્રીએ નાગરાજ ધરણેન્દ્રનું સ્મરણ કર્યું અને તેને અનશનને માટે પૂછ્યું, ત્યારે ધરણેન્દ્રે જવાબ આપ્યો કે 'હે ભગવન્! અદ્યાપિ આપનું આયુષ્ય બાકી છે, તો તે ક્ષીણ કેમ થઈ શકે? કારણ કે આપશ્રી જેવાની વિદ્યમાનતા ઘણા પ્રાણીઓને ઉપકારરૂપ છે.' એમ કહીને ધરણેન્દ્રે તેઓશ્રીને અઢાર અક્ષરનો મંત્ર આપ્યો, કે જેના સ્મરણરૂપી જલથી નવ પ્રકારના રોગોનો નાશ થાય છે. આ પ્રમાણેનો અઢાર અક્ષરનો મંત્ર માનતુંગસૂરિને અર્પણ કરી ધરણેન્દ્ર પોતાના સ્થાનમાં પાતાલલોકમાં ચાલ્યો ગયો.

પછી પરોપકારપરાયણ તેઓ શ્રીમાન્ માનતુંગસૂરિએ તે મંત્રાક્ષરોથી ગર્ભિત નવીન ભયહરસ્તવની રચના કરી કે જે અદ્યાપિ પર્યંત વિદ્યમાન છે. તે મંત્રાક્ષરોના પ્રભાવથી આચાર્ય મહારાજનો દેહ હેમંત ઋતુના કમળની શોભા સમાન થઈ ગયો, કારણ કે અદ્‌ભુત ગુણોના નિધાન એવા તેઓને શું દુર્લભ હોય? જે ભવ્યપુરુષ! આ ભયહર (નમિઊણ) સ્તવનો સવારે અને સાંજે શુભ ભાવથી પાઠ કરે છે, તેના વિવિધ ઉપસર્ગો દૂર થાય છે.'

શ્રી રત્નકીર્તિસૂરિએ રચેલાં શ્રી પાર્શ્વનાથજિનસ્તવનની નિમ્ન પંક્તિઓ વિષધરસ્ફુલિંગમંત્ર અઢાર અક્ષરનો હોવાનું સમર્થન કરે છે:

नमिऊण पासं नाहं, विसहर-विस नासिणं तमेव थुणे।
वसह जिणफुलिंगजयं, फुलिंग वरमंत मज्झत्थं॥

'વિષધરસ્ફુલિંગ નામના શ્રેષ્ઠ મંત્રમાં રહેલા, વિષધરના વિષનો નાશ કરનારા તથા ઋષભાદિ જિનોમાં પ્રગટ પ્રભાવી હોવાથી જયને પ્રાપ્ત કરાવનારા એવા શ્રીપાર્શ્વનાથને વંદન કરીને તેમની સ્તુતિ કરું છું.' તાત્પર્ય કે વિષધરસ્ફુલિંગ મંત્રમાં 'નમિઊણ પાસ વિસહર વસહ જિણફુલિંગ' એ અઢાર અક્ષરો આવે છે.

શ્રી કમલપ્રભાચાર્યે શ્રી પાર્શ્વપ્રભુ-સ્તવનમાં કહ્યું છે કે–

नमिऊण पास विसहर वसह जिणफुलिंग ह्रीमंते ।
ॐ ह्रीँ श्रीँ नमक्खरेहिं, मह वंछियं दिसउ ॥४॥

'ॐ ह्रीँ श्रीँ नमः અક્ષરોથી યુક્ત અને ह्रीँ જેના છેડે આવે છે, એવો નમિઊણ પાસ વિસહર વસહ જિણફુલિંગ' મંત્ર મને વાંછિત આપો.'

અર્થકલ્પતામાં કહ્યું છે કે 'વિસહર' 'त्ति' 'फुलिंग' त्ति शब्दाभ्यां गर्भितत्वाद् विषधरस्फुलिङ्ग इति नाम स चासौ मन्त्रश्च मननत्राणयोगान्मन्त्रणाद् वा गुप्त भाषणाद् वा विषधर-स्फुलिङ्गमन्त्रस्तं भगवन्नाभगर्भितमष्टादशाक्षरात्मकमादौ तार-त्रैलोक्यकमलार्हबीजैरन्ते च तत्त्वप्रणिपातबीजाभ्यामष्टाविंशति वर्णात्मकं मन्त्रविशेषं । કહેવાનો ભાવાર્થ એ છે કે–'વિસહર' અને 'ફુલિંગ' એવા શબ્દોના ગર્ભિતપણાને લીધે તે 'विसहर-फुलिंग' (વિષધર સ્ફુલિંગ) નામનો મંત્ર કહેવાય છે.

તે 'मननात् त्रायते इति मन्त्राः' 'मन्त्र्यन्ते गुप्तं भाष्यन्ते इति मन्त्राः' આદિ મંત્રની વ્યાખ્યાઓને સાર્થક કરે છે. જો

કે તે મંત્ર ભગવાનના નામથી ગર્ભિત અઢાર અક્ષરવાળો છે, પણ આદિમાં તાર એટલે ૐ, ત્રૈલોક્ય (બીજ) એટલે હ્રીં, કમલા (બીજ) એટલે શ્રીઁ અને અર્હં થી યુક્ત થતાં તથા પાછળથી તત્ત્વ એટલે ૐ હ્રીઁ શ્રીઁ અર્હં અને નમઃ બીજથી યુક્ત થતાં તે અઠ્ઠાવીશ અક્ષરનો બને છે.'

પરંતુ ત્યાં એ અઠ્ઠાવીસ અક્ષરનો પાઠ આપ્યો નથી. શ્રી સિદ્ધિચંદ્રગણિએ પણ ઉપર મુજબ જ ઉલ્લેખ કરવા છતાં તેનો પાઠ આપ્યો નથી, જ્યારે હર્ષકીર્તિસૂરિએ તેનો નીચે મુજબ પાઠ આપ્યો છે:

'ૐ હ્રીઁ શ્રીઁ અર્હં નમિઊણ પાસ વિસહર વસહ જિણફુલિંગ ૐ હ્રીઁ શ્રીઁ અર્હં નમઃ ।'

પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિયાએ તેમના 'ઉવસગ્ગહરં થોત્તં' નામના લેખમાં આ મંત્રનું ઉદ્ધરણ કરીને જણાવ્યું છે કે 'આ મંત્રમાં તો ૨૮ નહિ પણ ૩૦ અક્ષરો છે, તેનું કેમ? એ વિચારવું ઘટે છે.' પરંતુ અર્હં બીજને એક જ અક્ષર ગણવાનો રિવાજ છે, કારણ કે તે વાસ્તવમાં ડહ્રૂં એમ લખાય છે, એટલે આ મંત્રના અક્ષરો ૨૮ જ છે.'

વિષધરસ્ફુલિંગમંત્રમાં બીજાક્ષરો તથા પલ્લવાદિ ઉમેરીને જુદા જુદા મંત્રો બનાવવામાં આવ્યા છે અને તેનું જુદી જુદી રીતે અનુષ્ઠાન થાય છે.[૧] જેમકે–

---

૧. ઐ સચ્ચિદેકં બ્રહ્મ એ મંત્ર બીજાદિના ફેરફારથી ૮૫ રીતે જપાય છે. જુઓ મહાનિર્વાણ તંત્ર, તૃતીયોલ્લાસ શ્લોક ૩૭-૩૮. અથવા The great Libaration P. 40, F. N. 10.

ચિંતામણિમંત્ર

'ॐ ह्रीँ श्रीँ अर्हँ नमिऊण पास विसहर वसह जिणफुलिंग ह्रीँ नमः ।'

આ મંત્રનો આમ્નાય **ચિંતામણિકલ્પ**માં દર્શાવેલો છે.

કુક્કુટેશ્વર પાર્શ્વનાથનો મંત્ર

'ॐ ह्रीँ श्रीँ अर्हँ नमिऊण पास विसहर वसह जिण-फुलिंग ह्रीँ श्रीँ नमः ।'

આ મંત્રનો આમ્નાય મંત્રગ્રંથોમાં બતાવેલો છે.

સર્વકામદા વિદ્યા

'ॐ ह्रीँ श्रीँ अर्हँ नमिऊण पास विसहर वसह जिण-फुलिंग श्रीँ ह्रीँ सर्वकामदाय नमः ।'

આનો આમ્નાય પણ મંત્રશાસ્ત્રોમાં મળી આવે છે.

कंठे (कण्ठे)—કંઠને વિષે.

धारेइ (धारयति)—ધારણ કરે છે.

કંઠે ધારણ કરે છે, એટલે તેનું માદળિયું વગેરે બનાવી ગળામાં પહેરે છે અથવા તો તેને કંઠસ્થ કરી તેનું સ્મરણ કરે છે.

जो (यः)—જે.

सया—સદા, નિરંતર.

मणुओ (मनुजः)—મનુષ્ય.

અર્થકલ્પલતામાં **मणुओ**નો અર્થ વિશિષ્ટ વ્યુત્પત્તિના આધારે માંત્રિક પણ કરવામાં આવ્યો છે.

तस्स (तस्य)—તેના.

गह-रोग-मारी-दुट्ठजरा (ग्रह-रोग-मारि-दुष्टज्वराः) —ગ્રહચાર, રોગ, મરકી આદિ ઉત્પાતો તથા વિષમ જ્વરો.

જૈન શાસ્ત્રોમાં ૮૮ ગ્રહોનો ઉલ્લેખ આવે છે, પણ જ્યોતિષશાસ્ત્રની દૃષ્ટિએ રવિ (સૂર્ય), સોમ (ચંદ્ર), મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ એ નવ ગ્રહોની મુખ્યતા છે. મનુષ્યના જન્મ-સમયે તેઓ આકાશમાં જે સ્થાન ભોગવતા હોય છે, તે પ્રમાણે તેઓ શત્રુ અથવા મિત્રનું કામ કરે છે. અહીં ગ્રહ શબ્દથી ગ્રહચાર એટલે કે ગ્રહોની માઠી અસર સમજવાની છે.

શ્રી હર્ષકીર્તિસૂરિએ ગ્રહનો અર્થ ભૂત, પ્રેત, પિશાચ વગેરેનો આવેશ પણ કર્યો છે : '**ग्रहाः सूर्यादयो गोचरे अशुभाः भूत-प्रेत-पिशाचादीनां आवेशा वा ।**' ગ્રહો એટલે સૂર્ય આદિ ગોચરમાં રહેલા અશુભ ગ્રહો અથવા ભૂત, પ્રેત, પિશાચ આદિના આવેશો.'

રોગ શબ્દથી અહીં વાતજન્ય, પિત્તજન્ય, કફજન્ય તથા સન્નિપાતજન્ય વ્યાધિઓ સમજવા; અથવા તો કાસ, શ્વાસ, ભગંદર, કોઢ આદિ રોગો સમજવા; અથવા તો શાસ્ત્રમાં જે સોળ મહારોગો કહ્યા છે, તે સમજવા. તેનાં નામો આ પ્રમાણે જાણવાં : (૧) શ્વાસ, (૨) કાસ (ખાંસી), (૩) જ્વર (તાવ), (૪) દાહ (બળતરા), (૫) કટિશૂલ (પડખાનું શૂલ), (૬) ભગંદર, (૭) હરસ, (૮) અજીર્ણ, (૯) નેત્રશૂલ, (૧૦) ઊર્ધ્વશૂલ (પેટપીડ), (૧૧) અરુચિ, (૧૨) આંખની પીડા,

(૧૩) કાનની પીડા, (૧૪) કંડૂ (ખુજલી), (૧૫) જલોદર અને (૧૬) કોઢ.[૨]

મારી એટલે અભિચાર કે મારણપ્રયોગથી ફાટી નીકળેલો રોગ અથવા મરકી. અર્થકલ્પલતામાં કહ્યું છે કે '**मारिश्च-सर्वगमृत्युलक्षणमशिवं**–સર્વવ્યાપક મૃત્યુરૂપ અશિવ. સિદ્ધિ-ચંદ્રગણિએ પણ **મારી** શબ્દનો અર્થ આ પ્રમાણે જ કર્યો છે, જ્યારે શ્રી હર્ષકીર્તિસૂરિએ **मरकोपद्रवः**–મરકીનો ઉપદ્રવ એ પ્રમાણે અર્થ કર્યો છે. જે રોગ લાગુ થવાથી મનુષ્યો મોટા પ્રમાણમાં શીઘ્ર મરવા લાગે, તેને મરકી કહે છે. પ્લેગ, કોલેરા વગેરે તેના પ્રકારો છે.

આગળના જમાનામાં 'મહામારી' ફાટી નીકળતી, ત્યારે મનુષ્યો ટપોટપ મરવા લાગતા અને થોડા વખતમાં તો મોટો સંહાર થઈ જતો. આવા વખતે લોકો ભયભ્રાંત થાય અને તેના ઉપાયો શોધે એ સ્વાભાવિક છે, પરંતુ તેમાં વૈદ્યકીય ઉપચારો કામ લાગતા ન હતા, એટલે દૈવીશક્તિનું શરણ શોધતા અને મહાપુરુષો કૃપાવંત થઈ ને તેમને મંત્ર–સ્તોત્રાદિની વિશિષ્ટ રચના વડે એ પ્રકારનું શરણ આપતા. આજે ગ્રામ–નગરની રચના સુધરતાં તથા તેમાં સફાઈનું પ્રમાણ વધતાં, તેમજ તે માટે કેટલાંક અકસીર ઔષધો શોધાતાં તેનો ભય ઘણો ઓછો થઈ ગયો છે, છતાં તે કોઈ કોઈ વાર દેખાવ દે છે, ત્યારે લોકો ત્રાસ પામી જાય છે અને સ્થાનાંતર વગેરે કરીને પોતાનો બચાવ કરવા માટે પ્રયત્નશીલ રહે છે;

૨. જ્ઞાતાધર્મકથાના તેરમા અધ્યયનમાં આ નામો આપેલાં છે.

છતાં તેમાં માનવસંહાર તો થાય જ છે. આવા વખતે આ સ્તોત્રની ગણના કે વિષધરસ્ફુલિંગમંત્રની ગણના ઘણું કામ આપે છે. દુટ્ઠજરા (दुष्टज्वराः) દુષ્ટ જ્વરો, વિષમ જ્વરો, ભારે તાવ.

ટીકાકારોએ દુષ્ટજ્વરમાં નીચેના જ્વરો ગણાવ્યા છે: 'દાહજ્વર, વાતજ્વર, પિત્તજ્વર, વિષમજ્વર, નિત્યજ્વર, વેલા જ્વર, મુહૂર્તજ્વર વગેરે.' આજની પરિભાષા પ્રમાણે ન્યુમોનિયા, ટાઇફોડ, સન્નિપાત, મુદ્દતિયા તાવ વગેરે દુષ્ટજ્વરો છે કે જેને કાબૂમાં લેતાં ઘણા ઉપચારો કરવા પડે છે.

અહીં દુટ્ઠ શબ્દથી ગુસ્સે થયેલા નૃપતિઓ અને जरा શબ્દથી જ્વરો અર્થાત્ તાવો એવો અર્થ પણ થાય છે.

जंति (यन्ति)–જાય છે, પામે છે.

उवसामं (उपशामम्)–ઉપશાંતિને, ઉપશમને.

ઉપશમને પામે છે, એટલે શાંત થઇ જાય છે–પીડા કરતા બંધ થાય છે.

૫. ભાવાર્થ

શ્રી પાર્શ્વનાથ ભગવાનના નામથી યુક્ત વિષધરસ્ફુલિંગ નામના મંત્રનું જે મનુષ્ય નિત્ય સ્મરણ કરે છે, તેને ગ્રહો તરફથી પીડા થતી નથી, તેને વ્યાધિઓ સતાવતા નથી, તેના પર જો કોઈ મારણપ્રયોગ થયો હોય તો તે શાંત થઈ જાય છે અથવા મરકી જેવો મહાન રોગચાળો ફાટી નીકળ્યો હોય તો તેનો બચાવ થાય છે અને ગમે તેવો ભયંકર તાવ લાગુ પડયો હોય, તે સત્વર ઉતરી જાય છે.

વિશેષ

શ્રી પાર્શ્વનાથ ભગવાનના નામમાં તથા તે નામથી ગર્ભિત મંત્રમાં કેવી અદ્‌ભુત શક્તિ રહેલી છે ? તે આ પરથી સમજી શકાશે.

ગ્રહચાર કોને નથી પીડતા ? વિવિધ વ્યાધિઓ કોને નથી સતાવતી ? મરકી આદિમાંથી પોતાનો બચાવ કોણ નથી ચાહતું ? તાત્પર્ય કે આ પ્રકારના ઉપદ્રવોમાંથી બચવા માટે શ્રી પાર્શ્વનાથ પ્રભુના નામનું રટણ કરવું કે વિષધરસ્ફુલિંગ-મંત્રનો નિરંતર જાપ કરવો, એ સર્વશ્રેષ્ઠ ઉપાય છે.

[૧૪]

ત્રીજી ગાથાનું અર્થ–વિવરણ

ઉવસગ્ગહરં સ્તોત્રની પહેલી ગાથામાં શ્રીપાર્શ્વનાથ ભગવાનના ગુણોનું વર્ણન કર્યું અને તે આ વિશ્વની કેવી મહાન વિભૂતિ છે, તે દર્શાવ્યું. જેમનાં નામસ્મરણથી સર્વ જાતના ઉપદ્રવો ટળી જાય, મહાભયંકર એવા સર્પોનું ઝેર પણ ઉતરી જાય અને આનંદ–મંગલ પ્રવર્તે, એ કંઈ જેવી તેવી બાબત ન ગણાય.

ઉવસગ્ગહરં સ્તોત્રની બીજી ગાથામાં તેમનો 'વિષધર-સ્ફુલિંગ' નામનો મંત્ર કેવો મહિમાશાળી છે, તે દર્શાવ્યું અને એ રીતે તેમની મંત્રેશ્વર તરીકે પ્રતિષ્ઠા કરી.

હવે ઉવસગ્ગહરં સ્તોત્રની ત્રીજી ગાથામાં તેમના પ્રણામનો પ્રભાવ દર્શાવવા નીચેનો પાઠ ચોજાયેલો છે :–

૧. મૂળપાઠ

चिट्ठउ दूरे मंतो, तुज्झ पणामो वि बहुफलो होइ ।
नर–तिरिएसु वि जीवा, पावंति न दुक्ख–दोगच्चं ॥३॥

૨. સંસ્કૃત છાયા

तिष्ठतु दूरे मन्त्रः तव प्रणामोऽपि बहुफलो भवति ।
नर–तिर्यक्षु अपि जीवाः प्राप्नुवन्ति न दुःख–दौर्गत्यम् ॥३॥

૩. અન્વય

मंतो दूरे चिट्ठउ तुज्झ पणामो वि बहुफलो होइ ।
नरतिरिअेसु वि जीवा दुक्खदोगच्चं न पावंति ॥

૪. સામાન્ય અને વિશેષાર્થ

चिट्ठउ (तिष्ठतु)–રહો.

दूरे (दूरे)–દૂર, છેટે.

मंतो (मन्त्र)–મંત્ર, ઉપરની ગાથામાં વર્ણવ્યો છે એ મંત્ર.

तुज्झ (तव, युष्माकम्)–તમને (કરેલો).

पणामो (प्रणामः)–પ્રણામ, વિશુદ્ધ શ્રદ્ધાપૂર્વક કરાયેલો નમસ્કાર.

प्रणामोऽपि–विशुद्धश्रद्धाकृता नमस्कारोऽपि ।

वि (अपि)–પણ.

बहुफलो (बहुफलः)–બહુફલ આપનારો, ઘણું ફળ આપનારો, મહાનફળ આપનારો.

' बहूनि सौभाग्या–ऽऽरोग्यादीनि फलानि यस्य सः बहुफलः इति–બહુ એટલે સૌભાગ્ય, આરોગ્ય આદિ ફલો છે જેનાં તે **बहुफलः** । ' અહીં આદિ શબ્દથી ધન, ધાન્ય, પત્ની, દ્વિપદ, ચતુષ્પદ, રાજ્ય, સ્વર્ગ આદિ પણ ગ્રહણ કરવા.

હોઇ (भवति)–થાય છે–છે.

नर-तिरिएसु (नर-तिर्यक्षुः)–મનુષ્યગતિ અને તિર્યંચગતિમાં.

नर અને તિર્યગ્ તે नर-तिर्यग्, તેને વિષે नर-तिर्यक्षुः નર એટલે મનુષ્ય–મનુષ્યગતિ અને તિર્યગ્ એટલે તિર્યંચ–તિર્યંચગતિ, તેને વિષે.

वि (अपि)–પણ.

जीवा (जीवाः)–જીવો, આત્માઓ.

જીવે તે જીવ કહેવાય. તાત્પર્ય કે આ સંસારમાં જેટલા પણ પ્રાણીઓ છે, તે બધા જીવનક્રિયાને લીધે જીવ કહેવાય છે. કોઈ જીવ આત્મા વિનાનો હોતો નથી, એટલે તેનું આત્મા તરીકે પણ સંબોધન કરી શકાય છે.

पावंति (प्राप्नुवन्ति)–પામે છે.

न (न)–નહિ.

न पावंति એટલે પામતા નથી.

दुक्ख-दोगच्चं (दुःख-दौर्गत्यम्)–દુઃખ તથા દુર્ગતિને.

' दुष्टानि खानि यस्मिन्, तद् दुःखम् ' જેમાં ઇન્દ્રિયો દોષયુક્ત હોય અથવા દુષિત હોય, તે ' દુઃખ ' કહેવાય છે. આ દુઃખ મુખ્યત્વે બે પ્રકારનું છે : શારીરિક અને માનસિક. તેમાં રોગાદિની ઉત્પત્તિ થવી, એ શારીરિક દુઃખ છે અને ચિંતા, ફીકર કે મુંઝવણ આવી પડવી અથવા ભય ઉત્પન્ન થવો, એ માનસિક દુઃખ છે.

'दुर्गतेर्भावः दौर्गत्यम्'–દુર્ગતિનો જે ભાવ–પરિણામ તે દૌર્ગત્ય. સંપત્તિનો નાશ થવો, પ્રતિષ્ઠાનો નાશ થવો કે એકાએક દરિદ્રાવસ્થામાં–કઢંગી હાલતમાં મૂકાઈ જવું, એ દુર્ગતિ છે.

અહીં 'दोहग्गं' એવો પાઠ પણ મળે છે. તેનો અર્થ દુર્ભાગ્ય થાય છે. દુર્ગતિ અને દુર્ભાગ્ય તત્ત્વથી તો એક જ છે.

થોડા વિવેચનથી આ અર્થોની સંકલના બરાબર થઈ શકશે.

ઉપર જે અઢાર અક્ષરના વિષધરસ્ફુલિંગ મંત્રની વાત કરી, તે અત્યંત પ્રભાવશાળી છે, પણ તે પુરશ્ચરણ, ઉત્તરચરણ, હોમ, તપ, જપ આદિ પ્રક્રિયાઓથી સાધ્ય હોઈને કષ્ટજન્ય છે. તાત્પર્ય કે બધા મનુષ્યો એની યથાવિધિ સાધના–આરાધના–ઉપાસના કરી શકે એ સંભવિત નથી. પરંતુ એથી તેમણે નિરાશ થવાનું નથી, કારણકે શ્રીપાર્શ્વનાથ પ્રભુને વિશુદ્ધ ભાવે કરાયેલો એક પ્રણામ પણ બહુ ફળ આપનારો થાય છે, એટલે કે તેનાથી સૌભાગ્ય, આરોગ્ય, ધન, ધાન્ય, પત્ની, દ્વિપદ, ચતુષ્પદ, રાજ્ય અને સ્વર્ગ આદિ પણ પ્રાપ્ત થાય છે.

જે જીવ શ્રીપાર્શ્વનાથ ભગવાનને વિશુદ્ધ–શ્રદ્ધાપૂર્વક પ્રણામ કરે છે, તે સમ્યગ્દૃષ્ટિ છે અને મૃત્યુ બાદ દેવ તરીકે જ ઉત્પન્ન થાય છે. છતાં તેણે આયુષ્ય પહેલાં બાંધ્યું હોય તો ભવપરંપરામાં મનુષ્ય કે તિર્યંચ તરીકે જન્મે, પણ તેને દુઃખ કે દુર્ગતિની પ્રાપ્તિ તો ન જ થાય. વધારે સ્પષ્ટ કહીએ તો મનુષ્યના ભવમાં તેને શારીરિક તે માનસિક કોઈ પ્રકારનું

દુઃખ વેઠવું પડે નહિ કે દુર્ભાગ્યના સપાટામાં આવવું પડે નહિ અને તિર્યંચના ભવમાં સુવર્ણ, રત્ન, ચિંતામણિ, કલ્પ-દ્રુમ, પટ્ટતુરંગ કે જયકુંજર રૂપે ઉત્પન્ન થાય અને એથી સન્માનને પાત્ર બને. શ્રીપાર્શ્વનાથ પ્રભુને વિશુદ્ધ શ્રદ્ધાપૂર્વક પ્રણામ કરવાનું આ કેટલું મોટું ફળ?

અહીં કોઈ એમ કહેતું હોય કે 'આ તો બધી શ્રદ્ધા-ગમ્ય વસ્તુ છે. તે આપણી બુદ્ધિમાં ઉતરે તેવી નથી.' તો એમ કહેનારે સમજવું જોઈએ કે અધ્યાત્મવાદનો મૂળ પાયો જ શ્રદ્ધા છે અને તેને અનુસરવામાં મનુષ્યનું જેવું અને જેટલું કલ્યાણ છે, તેવું અને તેટલું કલ્યાણ બુદ્ધિને અનુસરવામાં નથી. બુદ્ધિ તો કર્માનુસારિણી છે, એટલે અશુભકર્મનો ઉદય હોય તો તે આપણને ખોટા રવાડે પણ ચડાવી દે અને તેથી આપણે ઘણું સહન કરવું પડે. જ્યારે શ્રદ્ધા પર ટકી રહેનારને સત્ય માર્ગદર્શન મળે છે અને તેથી તેનું કલ્યાણ થાય છે. વળી આમાં બુદ્ધિમાં ન ઉતરે એવું છે શું? શ્રીપાર્શ્વનાથ પ્રભુને વિશુદ્ધ શ્રદ્ધાપૂર્વક નમસ્કાર કરતાં મહાપુણ્ય બંધાય છે અને તેનાં કારણે આ બધી વસ્તુઓ આવી મળે છે.

આમ છતાં જો આ વાત બુદ્ધિમાં ન ઉતરતી હોય તો થોડા દિવસ માટે એક પ્રયોગ કરી જુઓ. કોઈપણ કામે બહાર જવું હોય કે દુકાન અથવા પેઢીએ બેસવું હોય તો તે પહેલાં શ્રી પાર્શ્વનાથ પ્રભુને વિશુદ્ધ ભાવે ત્રણ પ્રણામ કરવા. તેનું જે પરિણામ આવશે, તેના પરથી આ વાત તમારી બુદ્ધિમાં બરાબર ઉતરશે. પણ એક વાત ખ્યાલમાં

રાખવી કે શ્રી પાર્શ્વનાથ પ્રભુને જે પ્રણામ કરવા, તે ખૂબ શ્રદ્ધા–ભક્તિપૂર્વક કરવા. તે વખતે મનમાં અન્ય કોઈ વિચાર આવવા દેવો નહિ કે મનને જરાય ડગમગતું રાખવું નહિ.

૫. ભાવાર્થ

હે ભગવન્ ! વિષધરસ્ફુલિંગ નામનો તમારો મંત્ર અત્યંત પ્રભાવશાળી છે, પણ એ વાતને હાલ બાજુએ રાખું; કારણ કે તમને વિશુદ્ધ ભાવે કરાયેલો પ્રણામ પણ સૌભાગ્ય, આરોગ્ય, ધન, ધાન્ય, કલત્ર, દ્વિપદ, ચતુષ્પદ, રાજ્ય અને દેવલોકનાં સુખો આપનારો છે. અને કદાચ તથાવિધ આયુષ્ય બંધના કારણે દેવગતિમાં જન્મ ન થતાં મનુષ્યગતિ કે તિર્યંચ-ગતિમાં જન્મ થાય તો પણ ત્યાં દુઃખ કે દુર્ગતિ તો પ્રાપ્ત થતી જ નથી. એટલે કે ત્યાં પણ સુખ અને સન્માન આદિની જ પ્રાપ્તિ થાય છે.

[૧૫]

ચોથી ગાથાનું અર્થ–વિવરણ

થોડા શબ્દોમાં ઘણું કહેવું, એ સૂત્રશૈલિ છે. ખાસ કરીને મહાપુરુષો આ શૈલિનો વિશેષ ઉપયોગ કરે છે. વધારે સ્પષ્ટ કહીએ તો તેઓ સાગરને ગાગરમાં ભરી દે છે, એટલે આપણે તેના અર્થરૂપી પાણીને ગમે તેટલું ઉલેચ્યા કરીએ, તો પણ પાર આવતો નથી. જેમ જેમ તેનું ચિંતન કરીએ, તેમ તેમ નવા અર્થો સ્ફુરે છે અને તે આપણા હૃદય અને દિમાગને નવી જ રોશની આપી જાય છે. જેમણે પૂર્વની ત્રણ ગાથા પર ઠીક ઠીક ચિંતન–મનન કર્યું હશે, તેને આ વાત જરૂર સમજાશે.

સ્તોત્રની ચોથી ગાથામાં શ્રી પાર્શ્વનાથ પ્રભુના સમ્યક્ત્વનો મહિમા દર્શાવવા કહ્યું છે કે–

૧. મૂળગાથા

तुह सम्मत्ते लद्धे, चिंतामणिकप्पपायवब्भहिए ।
पावंति अविग्घेणं, जीवा अयरामरं ठाणं ॥४॥

૨. સંસ્કૃત છાયા

तव सम्यक्त्वे लब्धे, चिन्तामणि–कल्पपादपाभ्यधिके ।
प्राप्नुवन्ति अविघ्नेन, जीवा अजरामरं स्थानम् ॥४॥

૩. અન્વય

तुह चिंतामणिकप्पपायवब्भहिए सम्मत्ते लद्धे जीवा ।
अयरामरं ठाणं अविग्घेणं पावंति ॥

૪. સામાન્ય અને વિશેષ અર્થ

तुह (तव)–તારું, તમારું.

सम्मत्ते लद्धे (सम्यक्त्वे लब्धे)–સમ્યક્ત્વને પામ્યે છતે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થવાથી.

આ પદોમાં સતિ સપ્તમીનો પ્રયોગ છે, એટલે તે અને સાતમી વિભક્તિમાં આવેલાં છે.

અહીં पत्ते એવું પાઠાંતર છે. पत्ते એટલે પ્રાપ્ત થયે છતે. તેથી અર્થમાં કંઈ ફેર પડતો નથી.

'सम्यक्' શબ્દ પ્રશંસા કે અવિરુદ્ધ ભાવને દર્શાવે છે. 'सम्यक्शब्दः प्रशंसार्थोऽविरुद्धार्थो वा।' અને સમ્યક્નો ભાવ, તે સમ્યકત્વ કહેવાય છે. 'सम्यगित्यस्य भावः सम्यक्त्वम्।' અહીં સમ્યક્ શબ્દથી જીવ સમજવો અને તેનો ભાવ એટલે તેનો શુદ્ધ શ્રદ્ધારૂપ પરિણામ તેને સમ્યકત્વ સમજવું. આ સમ્યકત્વ મિથ્યાત્વ મોહનીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થાય છે.

શ્રી હરિભદ્રસૂરિજીએ પ્રથમ 'પંચાશક'માં સમ્મત્ત

અર્થાત્ સમ્યક્ત્વની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કે 'तत्तत्थसद्दहणं सम्मत्तं–તત્ત્વોના અર્થની શ્રદ્ધા તે સમ્યક્ત્વ છે. શ્રી ઉમાસ્વાતિ વાચકે પણ 'तत्त्वार्थसूत्र'માં 'तत्त्वार्थश्रद्धानं सम्यग् दर्शनम्–તત્ત્વોના અર્થની શ્રદ્ધા તે 'सम्यग्दर्शन' એમ જણાવ્યું છે. અહીં એટલી સ્પષ્ટતા જરૂરી છે કે સમ્યગ્ દર્શન એ સમ્યક્ત્વનો જ પર્યાય શબ્દ છે. તેને ચાલુ વ્યવહારમાં સમકિત પણ કહેવામાં આવે છે.

હવે તત્ત્વ શબ્દની વિચારણા બે રીતે કરવામાં આવે છે. એક તો પરમાર્થથી અને બીજી વ્યવહારથી. તેમાં પરમાર્થ દૃષ્ટિએ 'જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ' એ નવ તત્ત્વોમાં શ્રદ્ધા રાખવી, એ સમ્યક્ત્વ છે. અને વ્યવહારદૃષ્ટિએ સુદેવ, સુગુરુ અને સુધર્મમાં શ્રદ્ધા રાખવી, એ સમ્યક્ત્વ છે.

नवतत्त्वप्रकरणમાં કહ્યું છે કે–

जीवाइ नव पयत्थे, जो जाणइ तस्स होइ सम्मत्तं ।
भावेण सद्दहंतो अयाणमाणेवि सम्मत्तं ॥

'જીવ–અજીવાદિ નવ તત્ત્વ પદાર્થોને જે યથાર્થ સ્વરૂપે જાણે તેને સમ્યક્ત્વ હોય છે અને મંદમતિપણાથી અથવા છદ્મસ્થપણાથી જે જે ન સમજાય તે તે પણ 'શ્રી જિનેશ્વર દેવનું કહેલું બધું સત્ય જ છે' એમ શ્રદ્ધાથી માને, તેને પણ સમ્યક્ત્વ હોય છે.

અન્યત્ર કહ્યું છે કે—

अरिहं देवो गुरुणो, सुसाहुणो जिणमयं पमाणं च ।
इच्चाइ सुहो भावो, सम्मत्तं बिंति जगगुरुणा ॥

'અરિહંત એ દેવ, સુસાધુ એ ગુરુ અને જિનમત એ જ પ્રામાણિક સત્ય ધર્મ, આવો જે આત્માનો શુભ પરિણામ, તેને શ્રી જિનેશ્વર દેવો સમ્યક્ત્વ કહે છે.'

આમાં પહેલી વ્યાખ્યા પરમાર્થદૃષ્ટિએ કરેલી છે અને બીજી વ્યાખ્યા વ્યવહારદૃષ્ટિએ કરેલી છે.

સમ્યક્ત્વ ગ્રહણ કરતી વખતે નીચેની ગાથા બોલાય છે:—

अरिहंतो मह देवो, जावज्जीवं सुसाहुणो गुरुणो ।
जिणपण्णत्तं तत्तं, इअ सम्मत्तं मए गहिअं ॥

'હું જીવું ત્યાં સુધી અરિહંત મારા દેવ છે, (પંચ-મહાવ્રતધારી) સુસાધુ એ મારા ગુરુ છે અને જિનપ્રણીત તત્ત્વ એ મારો ધર્મ છે. આવું સમ્યક્ત્વ મેં ગ્રહણ કર્યું છે.'

સમ્યક્ત્વનો વિશેષ બોધ તેના ૬૭ બોલ જાણવાથી થાય છે.

શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સમ્યક્ત્વ એટલે શ્રી પાર્શ્વનાથ ભગવાનમાં દેવ તરીકેની અનન્ય શ્રદ્ધા.

चिंतामणिकप्पपायवब्भहिए (चिन्तामणि कल्पपाद-पाभ्यधिके)—ચિંતામણિ રત્ન અને કલ્પવૃક્ષથી પણ અધિક ફલદાયી.

चिन्तामणि અને कल्पपादप તે चिन्तामणिकल्पपादप, તેનાથી अभ्यधिक તે चिंतामणिकल्पपादपाभ्यधिकः ।

'चिन्तामणिः चिन्तितार्थप्रदायी देवताधिष्ठितो रत्न-विशेष :-ચિંતામણિ એટલે ચિંતિત અર્થને-વસ્તુને દેનારું દેવતાધિષ્ઠિત એક પ્રકારનું રત્ન.' શ્રી હર્ષકીર્તિસૂરિએ તો એટલું જ કહ્યું છે કે 'चिन्तामणिः मनश्चिन्तितार्थदायकं-रत्नं-મનમાં ચિંતવેલા પદાર્થને આપનારું રત્ન. તાત્પર્ય કે અહીં દેવતાધિષ્ઠિતનો ઉલ્લેખ નથી.

'कल्पपादपः-कल्पवृक्ष उत्कृष्ट कालभावी अन्तःकरण क्षुण्णफलप्रदो वृक्षभेदः-કલ્પપાદપ એટલે કલ્પવૃક્ષ. તે ઉત્કૃષ્ટ કાલમાં થાય છે અને અંતઃકરણમાં ચિંતવેલું ફળ આપનારો વૃક્ષનો એક પ્રકાર છે.'

જૈન શાસ્ત્રોમાં દશ પ્રકારના કલ્પવૃક્ષોનું વર્ણન આવે છે, તે મનુષ્યને આહાર, પાણી, વસ્ત્ર આદિ તમામ જોઈતી વસ્તુઓ તરત આપે છે.

અહીં પ્રશ્ન થવા સંભવ છે કે 'ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષ મનુષ્યને સર્વ ચિંતિત વસ્તુઓ આપે છે, પછી શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સમ્યક્ત્વ તેનાથી અધિક શા માટે?' તેનો ઉત્તર એ છે કે 'ચિંતામણિ અને કલ્પવૃક્ષ આ લોકની સર્વ ચિંતિત વસ્તુઓ આપે છે, પણ સ્વર્ગ કે અપવર્ગના સુખ આપી શકતાં નથી, જ્યારે શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સમ્યક્ત્વ તો સ્વર્ગ અને મોક્ષનાં સુખ પણ આપી શકે છે, એટલે તેને અધિક ફલદાયી કહ્યું છે.'

पावंति (प्राप्नुवन्ति)-પામે છે.

अविग्घेणं (अविघ्नेन)–વિઘ્ન વિના, સરલતાથી. વિઘ્નનો અભાવ તે અવિઘ્ન. તેના વડે **अविघ्नेन**। એક વસ્તુ વિઘ્ન વિના પામીએ, એટલે સરલતાથી પામી ગણાય.

जीवा (जीवाः)–જીવો, આત્માઓ.

अयरामरं ठाणं (अजरामरं स्थानं)–અજરામર સ્થાનને, મોક્ષને.

જ્યાં જરા એટલે વૃદ્ધાવસ્થા નથી, તે અજર, અને જ્યાં મરણ એટલે મૃત્યુ નથી, તે અમર. અહીં અ ઉપસર્ગ અભાવવાચી છે. અજર અને અમર તે અજરામર.

ઠાણ એટલે સ્થાન. આવું અજરામર સ્થાન લોકના અગ્રભાગે આવેલી સિદ્ધશિલામાં રહેલું છે કે જ્યાં સિદ્ધિગતિ પામેલા સઘળા જીવો સ્થિર થાય છે. તેથી આ સ્થાન મુક્તિ-ધામ, મુક્તિપુરી કે મોક્ષ પણ કહેવાય છે.

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે સમ્યક્ત્વ અર્થાત્ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થયા પછી કાલક્રમે જીવને સમ્યગ્-જ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને ત્યારબાદ સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થાય છે. આ રત્નત્રયીના પરિણામે જીવ અજરામર સ્થાન એટલે મોક્ષને પામે છે. જો સમ્યક્ત્વની પ્રાપ્તિ ન થાય તો સમ્યગ્જ્ઞાન કે સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થતી નથી, એટલે સમ્યક્ત્વ એ અજરામર સ્થાનમાં જવા માટેનું મંગલ પ્રસ્થાન છે અને તે જ કારણે અહીં સમ્યક્ત્વ પામવાથી મોક્ષમાં જવાનું કહેલ છે.

૫. ભાવાર્થ

'હે ભગવન્ ! ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષથી પણ અધિક ફલદાયી એવું તમારું સમ્યકત્વ પામવાથી જીવો કોઇપણ જાતના વિઘ્ન વિના મુક્તિધામને પામે છે.'

શ્રી પાર્શ્વનાથ પ્રભુના સમ્યકત્વનો આ કેવો મંગળ મહિમા !

[૬૬]

પાંચમી ગાથાનું અર્થ–વિવરણ

સ્તવન કે સ્તોત્રમાં ઈષ્ટદેવને નમસ્કાર કરવામાં આવે છે, તેમના અદ્‌ભુત ગુણોનું કીર્તન કરવામાં આવે છે અને છેવટે પ્રાર્થના કરવામાં આવે છે. વ્યાવહારિક ક્ષેત્રમાં કોઈને કોઈ વસ્તુ માટે પ્રાર્થના કરવી, એ ઈષ્ટ ગણાતું નથી; પણ ધાર્મિક ક્ષેત્રમાં તો પ્રાર્થના એક અતિ મહત્ત્વનું અંગ છે. ખાસ કરીને જ્યારે ઈષ્ટદેવની સ્તુતિ–સ્તવના કરતા હોઈએ, ત્યારે તેમને સ્વામી માનીને આપણે એક અદના સેવક તરીકે પ્રાર્થના કરવી જોઈએ અને તેમાં આપણા ઉદ્ધાર અર્થે આપણને શું જોઈએ છે ? તે જણાવવું જોઈએ. એમ કરવાથી આપણું ધ્યેય નિશ્ચિત થાય છે અને આધ્યાત્મિક પ્રગતિને પાંખો આવે છે.

સ્તોત્રની પાંચમી ગાથા એ છેલ્લી ગાથા છે. તેમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુને પ્રાર્થના કરવાના હેતુથી જણાવ્યું છે કે—

૧. મૂલ પાઠ

इअ संथुओ महायस, भत्तिब्भरनिब्भरेण हियएण ।
ता देव दिज्ज बोहिं, भवे भवे पास जिणचंद ॥५॥

૨. સંસ્કૃત છાયા

इति संस्तुतः महायशः भक्तिभरनिर्भरेण हृदयेन ।
तस्मात् देव देहि बोधिं भवे भवे पार्श्व जिनचन्द्र ! ॥५॥

૩ અન્વય

इअ भत्तिब्भरनिब्भरेण हियएण संथुओ ता देव
महायस पास जिणचंद भवे भवे बोहिं दिज्ज ॥

૪. સામાન્ય અને વિશેષાર્થ

इअ (इति)–આ પ્રમાણે, પૂર્વોક્ત પ્રમાણે.

संथुओ (संस्तुतः)–સારી રીતે સ્તવાયેલા, મારા વડે સારી રીતે વર્ણવાયેલા.

संस्तुत એટલે સારી રીતે વર્ણવાયેલા.

અહીં સામર્થ્યથી 'મારા વડે' જાણવું એટલે કે 'મારા વડે સારી રીતે વર્ણવાયેલા.' એમ સમજવું.

महायस (महायशः)–હે મહાયશવાળા, હે ત્રૈલોક્ય-વ્યાપી કીર્તિવાળા.

આ પદ સંબોધનમાં છે.

મહાન જેનો યશ છે, તે મહાયશ. અહીં મહાન શબ્દથી ત્રૈલોક્યવ્યાપી અને યશશબ્દથી કીર્તિ સમજવી. એટલે 'હે ત્રૈલોક્યવ્યાપી કીર્તિવાળા !'

भत्तिब्भरनिब्भरेण (भक्तिभरनिर्भरेण)–ભક્તિના સમૂહથી ભરેલા, ભક્તિથી ભરપૂર.

ભક્તિનો ભર તે ભક્તિભર, તેનાથી નિર્ભર તે भक्तिभरनिर्भरः ।

ભક્તિ એટલે આંતરિક પ્રીતિ, શ્રદ્ધા, આદર, બહુમાન. **ભર**–સમૂહ. **નિર્ભર**–ભરેલું.

ભક્તિભર–નિર્ભરેણ–એટલે ભક્તિના સમૂહથી ભરેલું, ભક્તિથી ભરપૂર.

ભક્તિ એ ભવસાગર તરવાનું ઉત્તમ સાધન છે. તેનો મંગળ મહિમા શાસ્ત્રકારોએ વિવિધ નામે અને વિવિધ સ્વરૂપે ગાયો છે. અનન્ય શ્રદ્ધા એ ભક્તિ છે; વિનય અને વૈયાવૃત્ત્ય એ પણ ભક્તિ છે; સદ્‌ભાવ, સેવા અને સમર્પણનો સમાવેશ પણ ભક્તિમાં જ થાય છે; વંદન, પૂજન, સત્કાર અને સન્માન એ ભક્તિની ક્રિયાઓ છે; પ્રણામ, પ્રશંસા, પ્રાર્થના, પ્રમોદ અને પ્રણિધાન એ પણ ભક્તિના જ પ્રકારો છે અને સ્મરણ, સ્તવન, કીર્તન, કથા, ઉત્સવ અને ઉપાસના એ ભક્તિ નહિ તો બીજું શું છે? અનુશીલન, આદર, આરાધના, આજ્ઞાધીનતા, ઉત્સાહ, એકાગ્રતા, અને ઐક્ય એ ભક્તિનાં જ અપરનામો છે. તે જ રીતે જપ, જાત્રા, પ્રેમ, પવિત્રતા, સત્યભાવ, શરણાગતિ, વાત્સલ્ય અને યોગ એ પણ ભક્તિના પર્યાયવાચક શબ્દો છે.

જે ભક્તિનો હેતુ દુશ્મનનું દમન, શત્રુની સતામણી કે વેરની વસુલાત હોય, તે 'તામસી' કહેવાય છે; જે ભક્તિનો હેતુ કંચન, કામિની, પુત્ર–પરિવાર, માન–મરતબો કે પ્રતિષ્ઠાની પ્રાપ્તિ હોય, તે 'રાજસી' કહેવાય છે; તથા જે ભક્તિનો હેતુ આત્મકલ્યાણ, સાત્ત્વિક સુખ કે પરમાનંદની પ્રાપ્તિ હોય, તે 'સાત્ત્વિકી' કહેવાય છે. આ ત્રણ પ્રકારની ભક્તિઓ પૈકી

સાત્ત્વિકી પસંદ કરવા યોગ્ય છે, કારણ કે ભવસાગરમાંથી તારવાને માટે તે જ એક સમર્થ છે.

'ભક્તિ કોની કરવી?' તેનો ઉત્તર શ્રી હરિભદ્રસૂરિ-કૃત **લોકતત્ત્વનિર્ણય**ની નિમ્ન ગાથામાંથી સાંપડે છે:

यस्य निखिलाश्च दोषा, न सन्ति सर्वे गुणाश्च विद्यन्ते ।
ब्रह्मा वा विष्णुर्वा, हरो जिनो वा नमस्तस्मै ॥

'જેનામાં કોઈ દોષ રહ્યા નથી, અને સર્વે ગુણો વિદ્યમાન છે, તે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર કે જિન આદિ જે કોઈ નામથી ઓળખાતા હોય, તેમને મારો નમસ્કાર હો.'

તાત્પર્ય કે ભક્તિ તેની જ કરવી કે જેનામાં કોઈ દોષ રહ્યા ન હોય અને સર્વે ગુણો વિદ્યમાન હોય.

આવી વ્યક્તિ તો એક અરિહંત પરમાત્મા જ છે, કારણકે તેઓ બધા દોષોથી રહિત હોય છે. તે અંગે શ્રી હેમચંદ્રાચાર્યે **અભિધાનચિંતામણિકોષ** દેવાધિદેવકાંડમાં કહ્યું છે કે—

अन्तराया दान-लाभ-वीर्य-भोगोपभोगगाः ।
हासो रत्यरति भीतिर्जुगुप्सा शोक एव च ॥
कामो मिथ्यात्वमज्ञानं निद्रा चाविरतिस्तथा ।
रागो द्वेषश्च नो दोषास्तेषामष्टादशाप्यमी ॥

(૧) દાનાંતરાય, (૨) લાભાંતરાય, (૩) વીર્યાંતરાય, (૪) ભોગાંતરાય, (૫) ઉપભોગાંતરાય, (૬) હાસ્ય, (૭) રતિ, (૮) અરતિ, (૯) ભય, (૧૦) જુગુપ્સા, (૧૧) શોક, (૧૨)

કામ, (૧૩) મિથ્યાત્વ, (૧૪) અજ્ઞાન, (૧૫) નિદ્રા, (૧૬) અવિરતિ, (૧૭) રાગ અને (૧૮) દ્વેષ, આ અઢાર દોષો અરિહંત દેવમાં હોતા નથી.'

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે આ અઢાર દોષો ગયા, એટલે બધા દોષો ગયા સમજવા. પછી કોઈ દોષ રહેતો નથી.

જો અરિહંત દેવની ભક્તિ મન, વચન અને કાયાની શુદ્ધિપૂર્વક કરવામાં આવે તો તે મુક્તિમાર્ગ દેનારી બને છે. તે માટે શ્રી ભદ્રબાહુસ્વામીએ આવશ્યક-નિર્યુક્તિમાં કહ્યું છે કે—

भत्तीइ जिणवराणं, खिज्जंती पुव्वसंचिआ कम्मा ।

'શ્રી જિનેશ્વરદેવની ભક્તિથી પૂર્વના અનેક ભવોનાં સંચિત કરેલાં કર્મો ક્ષય પામે છે.'

આ ભક્તિ બે પ્રકારે થાય છે : દ્રવ્યથી અને ભાવથી. ચૈત્યનિર્માણ, ચંદનપૂજા, પુષ્પપૂજા, ગંધપૂજા, ધૂપપૂજા આદિ દ્રવ્યભક્તિ છે અને ગુણોનું સ્મરણ, ગુણોનું કીર્તન, અંતરંગપ્રીતિ, સમ્યક્ત્વ તથા આજ્ઞાપાલન એ ભાવભક્તિ છે. બંને પ્રકારની ભક્તિમાં ભાવભક્તિ ઉત્તમ છે, કારણકે તે આત્માના અધ્યવસાયોની શુદ્ધિરૂપ છે. આટલા વિવેચનથી પાઠકોને ભક્તિનો મર્મ સમજાઈ જશે.

हियएण (हृदयेन)-હૃદય વડે, અંતઃકરણથી, મનથી. ટીકાકારોએ હૃદયનો અર્થ અંતઃકરણ કે મન કર્યો છે. જેમકે—

'हृदयेन अन्तःकरणेन' 'हृदयेन मानसेन'

ता (तस्मात्)-તેથી.

देव (देव)-હે દેવ!

અહીં દેવ પદ શ્રીપાર્શ્વનાથ પ્રભુને સંબોધન રૂપ છે. **અર્થકલ્પલતામાં** દેવ શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે કરી છે: 'दीव्यते-स्तूयते त्रिजगज्जनैरिति देवः।' જે ત્રણેય જગતના લોકોમાં સ્તવાય તે દેવ. તાત્પર્યકે दीव् ધાતુ પરથી દેવ શબ્દ બનેલો છે કે જે મુખ્યત્વે સ્તુતિનો અર્થ બતાવે છે. **શ્રીસિદ્ધચંદ્રગણિકૃત ટીકા**માં તથા **શ્રી હર્ષસૂરિ-કૃત ટીકા**માં પણ આવી જ વ્યુત્પત્તિ કરવામાં આવી છે, પણ ત્યાં માત્ર 'जगज्जनैः' કહ્યું છે.

दिज्ज (देहि)-દેજો, આપજો, આપશો.

बोहिं (बोधिम्)-બોધિ, રત્નત્રયીની પ્રાપ્તિ, જૈન ધર્મની પ્રાપ્તિ.

અર્થકલ્પલતામાં કહ્યું છે કે-' 'बोधिं रत्नत्रयी-प्राप्तिं प्रेत्य जिनधर्मावाप्तिं वा-બોધિ એટલે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રયીની પ્રાપ્તિ, અથવા જૈન ધર્મની પ્રાપ્તિ. શ્રી સિદ્ધિચંદ્રગણિકૃત ટીકામાં પણ આવો જ અર્થ કરાયો છે, જ્યારે હર્ષકીર્તિસૂરિકૃત ટીકામાં કહ્યું છે કે 'बोधिं-तत्त्वज्ञानं, सम्यक्त्वम्-બોધિ એટલે તત્ત્વ-જ્ઞાન, સમ્યક્ત્વ. અન્યત્ર **बोहिदयाणं** પદની વ્યાખ્યામાં **बोहि** શબ્દથી જિનપ્રણીત ધર્મની પ્રાપ્તિ કહેવામાં આવી છે, તેમજ

શાસ્ત્રોમાં જ્ઞાનબોધિ, દર્શનબોધિ, ચારિત્રબોધિ એ રીતે બોધિ શબ્દોનો પ્રયોગ થયેલો છે, એટલે રત્નત્રયીની પ્રાપ્તિ કે જૈન ધર્મની પ્રાપ્તિ એ અર્થ વધારે સંગત છે.

भवे भवे (**भवे भवे**)–ભવો ભવને વિષે, પ્રત્યેક ભવમાં, પ્રત્યેક જન્મમાં.

'**भवे भवे जन्मनि जन्मनि**' **भवे भवे** એટલે દરેક જન્મમાં. ગર્ભધારણથી અથવા જન્મથી મૃત્યુ–પર્યંતના સમયને એક ભવ ગણવામાં આવે છે.

पास (**पार्श्व**)–હે પાર્શ્વનાથ !

આ પદ સંબોધનમાં છે.

जिणचंद (**जिनचन्द्र**)–જિનેશ્વરોમાં ચંદ્ર સમાન. આ પદ સંબોધનમાં છે. **जिन** માં **चन्द्र** સમાન તે **जिनचन्द्र**. અહીં જિન શબ્દથી સામાન્ય કેવલી સમજવા કે જેઓ રાગ અને દ્વેષને જિતે છે અને પરિણામે કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરે છે. ચન્દ્રની ઉપમા શ્રેષ્ઠતા સૂચવવા અપાય છે, એટલે 'કેવલીરૂપ જિનોમાં શ્રેષ્ઠ' એમ સમજવાનું છે.

૫. ભાવાર્થ

મેં આ પ્રમાણે ભક્તિથી ભરપૂર અંતઃકરણ વડે તમને સ્તવ્યા છે. તેથી હે દેવાધિદેવ ! હે પાર્શ્વનાથ ! હે જિનચંદ્ર ! મને ભવોભવમાં જૈન ધર્મ આપો, જેથી તમારી નિરંતર ભક્તિ કરી શકું અને એ રીતે ભવસાગર તરવાને સમર્થ થાઉં.

[૧૭]

સ્તોત્રરચના અંગે વિશિષ્ટ વિચારણા

શ્રી જિનેશ્વરદેવની ભક્તિ, આરાધના કે ઉપાસના અંગે જે સ્તુતિ-સ્તોત્રની રચના થાય, તે ઉત્તમ પ્રકારની હોવી જોઈએ, એટલે કે ગંભીર આશયવાળી હોવી જોઈએ. શ્રી હરિભદ્રસૂરિજીએ ચોથા પંચાશકમાં કહ્યું છે કે 'सारथुइ-थोत्तसहिया तह य चितिवंदणा उ य-ચૈત્યવંદના ઉત્તમ સ્તુતિ-સ્તોત્રોથી યુક્ત હોવી જોઈએ.' અહીં ચૈત્યવંદનાથી શ્રી જિનેશ્વરદેવની ભક્તિ, આરાધના કે ઉપાસનાની ક્રિયા સમજવી. તેમણે 'गंभीर-पयत्थ-विरइया શબ્દોથી ગંભીર આશયવાળાં પદો અને અર્થથી રચાયેલી કૃતિને ઉત્તમ કહી છે.

ઉવસગ્ગહરં સ્તોત્ર શ્રી પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિ કરવા નિમિત્તે રચાયેલું છે અને તે ગંભીર આશયવાળાં પદો અને અર્થથી યુક્ત છે, એટલે ઉત્તમની કોટિમાં મૂકાયેલું છે અને તે જ કારણે ચૈત્યવંદનમાં બોલાય છે તથા નિત્યપાઠ કરવા યોગ્ય નવ સ્મરણમાં નમસ્કાર મહામંત્ર પછીનું તરતનું જ સ્થાન પામેલું છે.

આ સ્તોત્રની રચના ગાહાછંદથી થયેલી છે કે જેનો ઉપયોગ જૈન શ્રુતરચનામાં વિપુલ પ્રમાણમાં થયેલો છે. સંસ્કૃત સાહિત્યમાં તેને આર્યા તરીકે ઓળખવામાં આવે છે.

પ્રાકૃત પિંગલસૂત્રમાં ગાહાછંદનું લક્ષણ બતાવતાં કહ્યું છે કે–

पढमे बारह मत्ता, बीए अट्ठार होइ संजुत्ता ।
जह पढमं तह तीअं, दह–पञ्च–विभूसिआ गाहा ॥

'પહેલા ચરણમાં બાર માત્રા, બીજા ચરણમાં અઢાર માત્રા, ત્રીજા ચરણમાં પહેલા જેટલી જ, એટલે બાર માત્રા અને ચોથા ચરણમાં પંદર માત્રા એ ગાહાછંદનું લક્ષણ છે.'

ગાહાછંદનું આ લક્ષણ ઉવસગ્ગહરં સ્તોત્રની ગાથાઓને કેવી રીતે લાગુ પડે છે, તે જોઈએ :

પહેલી ગાથા

અક્ષર ઉ વ સ ગ્ગ હ રં પા સં
માત્રા ૧ ૧ ૨ ૧ ૧ ૨ ૨ ૨ = ૧૨ માત્રા

પા સં વં દા મિ ક મ્મ ઘ ણ મુ ક્કં ।
૨ ૨ ૨ ૨ ૧ ૨ ૧ ૧ ૧ ૨ ૨ = ૧૮ માત્રા

વિ સ હ ર વિ સ નિ ન્ના સં
૧ ૧ ૧ ૧ ૧ ૧ ૨ ૨ ૨ = ૧૨ માત્રા

મં ગ લ ક લ્લા ણ આ વા સં ॥
૨ ૧ ૧ ૨ ૨ ૧ ૨ ૨ ૨ = ૧૫ માત્રા

બીજી ગાથા

અક્ષર વિ સ હ ર ફુ લિં ગ મં તં
માત્રા ૧ ૧ ૧ ૧ ૧ ૨ ૧ ૨ ૨ = ૧૨ માત્રા

કં ઠે ધા રે ઇ જો સ યા મ ણુ ઓ ।
૨ ૨ ૨ ૨ ૧ ૨ ૧ ૨ ૧ ૧ ૨ = ૧૮ માત્રા

ત સ્સ ગ હ રો ગ મા રી
૨ ૧ ૧ ૧ ૨ ૧ ૨ ૨ = ૧૨ માત્રા

દુ ટ્ઠ જ રા જં તિ ઉ વ સા મં ॥
૨ ૧ ૧ ૨ ૨ ૧ ૧ ૧ ૨ ૨ = ૧૫ માત્રા

ત્રીજી ગાથા

અક્ષર ચિ ટ્ઠ ઉ દૂ રે મં તો ।
માત્રા ૨ ૧ ૧ ૨ ૨ ૨ ૨ = ૧૨ માત્રા

તુ જ્ઝ પ ણા મો વિ બ હુ ફ લો હો ઇ ।
૨ ૧ ૧ ૨ ૨ ૧ ૧ ૧ ૧ ૨ ૨ ૨ = ૧૮ માત્રા

અહીં પદના છેડે આવેલ લઘુને ઉચ્ચારની દૃષ્ટિએ દીર્ઘ ગણતાં બે માત્રા મૂકેલી છે.

ન ર તિ રિ એ સુ વિ જી વા
૧ ૧ ૧ ૧ ૨ ૧ ૧ ૨ ૨ = ૧૨ માત્રા

પા વં તિ ન દુ ક્ખ દો ગ ચ્ચં ॥
૨ ૨ ૧ ૧ ૨ ૧ ૨ ૨ ૨ = ૧૫ માત્રા

ચોથી ગાથા

અક્ષર તુ હ સ મ્મ ત્તે લ દ્ધે
માત્રા ૧ ૧ ૨ ૨ ૨ ૨ ૨ = ૧૨ માત્રા

चिं ता म णि क प्प पा य व ब्भ हि ए ।
ऽ ऽ ।ऽ ।ऽ ।ऽ ।ऽ ।ऽ ।ऽ =૧૮માત્રા

पा वं ति अ वि ग्घे णं
ऽ ऽ ।ऽ ।ऽ ऽ ऽ = ૧૨ માત્રા

जी वा अ य रा म रं ठा णं ॥
ऽ ऽ ।ऽ ।ऽ ।ऽ ऽ ऽ = ૧૫ માત્રા

પાંચમી ગાથા

અક્ષર इ अ सं थु ओ म हा य स
માત્રા ।ऽ ।ऽ ऽ ।ऽ ऽ ।ऽ ।ऽ = ૧૨ માત્રા

भ त्ति ब्भ र नि ब्भ रे ण हि अ ए ण ।
ऽ ऽ ।ऽ ।ऽ ।ऽ ।ऽ ।ऽ ।ऽ ऽ =૧૮માત્રા

અહીં પદ્યાંતે આવેલા લઘુને ગુરુ ગણ્યો છે. એ રીતે ૧૮ માત્રા થાય છે.

ता दे व दि ज्ज बो हिं
ऽ ऽ ।ऽ ऽ ऽ ऽ = ૧૨ માત્રા

भ वे भ वे पा स जि ण चं द ॥
।ऽ ।ऽ ऽ ।ऽ ।ऽ ऽ ऽ = ૧૫ માત્રા

અહીં પણ પદ્યાંતે આવેલા લઘુને ગુરુ ગણતાં ૧૫ માત્રા થાય છે.

છંદનું આ લક્ષણ ધ્યાનમાં રાખવાથી તેમાંનો કોઈ અક્ષર વધવા-ઘટવાનો, આઘો-પાછો થવાનો કે દીર્ઘનો હ્રસ્વ અને હ્રસ્વનો દીર્ઘ થવા સંભવ નથી. વળી છંદનું લક્ષણ જાણવાથી તેને બોલવામાં પણ સંગતિ આવે છે.

આ સ્તોત્રની રચના શ્રી પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિ કરવા અર્થે થયેલી છે, તેથી પ્રથમ ગાથામાં તેમના વિવિધ ગુણોની સ્તુતિ–સ્તવના કરવામાં આવી છે. તેમાં સહુથી પ્રથમ શ્રી પાર્શ્વનાથ પ્રભુને ઉપસર્ગોનું હરણ કરનારા એવા દેવ–દેવીઓ નિરંતર જેમની સમીપમાં રહે છે, એવા જણાવ્યા છે, તે એમના તીર્થંકર તરીકેના વિશિષ્ટ અતિશયનું સૂચન કરે છે. સામાન્ય રીતે દરેક જિન, અર્હત્ કે તીર્થંકર દેવની સમીપે એક કોટિ દેવતા રહે છે અને તેમાં શાસનદેવ કે દેવીનું સ્થાન પામેલા દેવ–દેવીઓ તેમની વિશિષ્ટ રીતે ભક્તિ કરતા હોય છે. અહીં ઉપસર્ગનું હરણ કરનારા વિશિષ્ટ દેવ–દેવીઓમાં પાર્શ્વયક્ષ, ધરણેન્દ્ર, પદ્માવતી, વૈરોટ્યા આદિની મુખ્યતા સમજવી. તેઓ શ્રી પાર્શ્વનાથ ભગવાનની અનન્ય ભાવે ભક્તિ કરનારના સર્વ ઉપસર્ગો દૂર કરે છે. શ્રી ધરણેન્દ્ર અને પદ્માવતી તો આજે પણ જાગતા મનાય છે, એટલે કે તે શ્રી પાર્શ્વભક્તિનો પ્રભાવ બતાવી રહેલ છે અને તે જ કારણે સર્વ શાસનદેવતાઓમાં તેમની ઉપાસના વધારે પ્રમાણમાં થાય છે.

તે પછી શ્રી પાર્શ્વનાથ ભગવાનને કર્મરૂપી વાદળથી મુક્ત અથવા તો સર્વ ઘાતીકર્મથી રહિત જણાવ્યા છે, તે એમનો વિશિષ્ટ જ્ઞાનાતિશય સૂચવે છે. જ્યારે જ્ઞાનાવરણીય દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચારે ય ઘાતી કર્મનો ક્ષય થાય છે, ત્યારે કેવલજ્ઞાન પ્રકટે છે અને તેના લીધે તેમનામાં સર્વજ્ઞતા અને સર્વદર્શીપણું આવે છે. શ્રી પાર્શ્વનાથ ભગવાન આવા સર્વજ્ઞ અને સર્વદર્શી હતા અને

તેથી ત્રણેય લોકના ત્રણેય કાલના સર્વ પદાર્થોના સર્વ ભાવોને જાણનારા હતા.

આવું સર્વજ્ઞ અને સર્વદર્શીપણું કોઈ વ્યક્તિમાં સંભવે કે નહિ ? તે અંગે કેટલોક વિવાદ પ્રવર્તે છે, પણ અમે અહીં એ વિવાદમાં નહિ ઉતરીએ. એ સંબંધમાં વિશેષ જાણવા ઇચ્છનારે શ્રી હરિભદ્રસૂરિ કૃત સર્વજ્ઞસિદ્ધિ, નંદીસૂત્રની વ્યાખ્યામાં શ્રી મલયગિરિ મહારાજે કરેલું સર્વજ્ઞસિદ્ધિનું નિરૂપણ, સન્મતિતર્કની વિવૃત્તિમાં શ્રી અભયદેવસૂરિએ ચર્ચેલો સર્વજ્ઞતાવાદ, કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજીએ પ્રમાણમીમાંસામાં કરેલી સર્વજ્ઞસિદ્ધિ આદિ સાહિત્ય તટસ્થ ભાવે અવલોકી લેવું.

તે પછી શ્રી પાર્શ્વનાથ ભગવાનને વિષધર એટલે સર્પના ઝેરનો નાશ કરનારા કહ્યા છે. તે એમનો લોકોત્તર વિશિષ્ટ પ્રભાવ સમજવો, શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં જે ચરિત્રો લખાયાં છે, તથા જે મંત્રો વિદ્યમાન છે, તે પર વિચાર કરતાં એમ લાગે છે કે જ્યારે તેઓ સ્વદેહે આ પૃથ્વીને પાવન કરતા હતા, ત્યારે તેમનું નામ સ્મરણ કરતાં જ સર્પનો ઉપદ્રવ શમી જતો અને કોઈને સર્પનું ઝેર ચડયું હોય તો તે ઉતરી જતું. ત્યાર પછી તેમના મંત્રોમાં પણ એવો જ પ્રભાવ જળવાઈ રહ્યો હતો, તેથી જ સ્તોત્રકારે તેમને માટે આ વિશેષણનો ખાસ પ્રયોગ કરેલો છે.

શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સ્મરણ કરતાં દુઃખ અને દુરિતનો નાશ થાય છે, તથા સંપત્તિનો ઉત્કર્ષ થાય છે, તેમજ

નિઃશ્રેયસ્‌ની પ્રાપ્તિ થાય છે, તેથી તેમને મંગલ અને કલ્યાણના આવાસ કહ્યા છે.

શ્રી પાર્શ્વનાથ ભગવાન તો ગુણોના અક્ષય ભંડાર જેવા હતા અને એક મહાકવિ સહસ્ર જીભો વડે જીવનભર તેમની સ્તુતિ કરે તો પણ તેનો પાર આવે નહિ, પરંતુ અહીં પ્રસંગને અનુરૂપ તેમના ચાર મહાગુણોના નિર્દેશપૂર્વક તેમની સ્તુતિ કરવામાં આવી છે અને વંદામિ પદ વડે તેમના પ્રત્યે શ્રદ્ધા–ભક્તિ–બહુમાન સૂચક નમસ્કાર કરવામાં આવ્યો છે.

અમારો અનુભવ એવો છે કે નાભિમાંથી ઉઠતા સ્વર વડે उवसग्गहरं पासं એ પદનો ઉચ્ચાર કરતાં જ આપણું મન શાંત થવા લાગે છે અને पासं वंदामि પદો બોલતાં જ શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સપ્તફણાયુક્ત અતિ સુંદર સ્વરૂપ આપણા મનઃપ્રદેશ પર અંકિત થાય છે અને તેમને અંતર્ચક્ષુઓથી નિહાળતાં પરમ પ્રસન્નતા અનુભવાય છે.

આ રીતે પ્રથમ પદોની ભાવના કરતાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનું જે ચિત્ર આપણા મનમાં અંકિત થાય છે, તેની સામે દૃષ્ટિ રાખીને જ બાકીના સ્તોત્રપદો ધીમે ધીમે બોલીએ તો અલૌકિક અનુભવ થાય છે.

પ્રિયંકરનૃપકથામાં કહેવાયું છે કે આ આખું યે સ્તોત્ર ચમત્કારિક છે, પરંતુ તેની પ્રથમ ગાથા વિશેષ ચમત્કારિક છે, તે અનુભવે સત્ય જણાય છે.

સ્તોત્રની બીજી ગાથામાં વિષધરસ્ફુલિંગમંત્રનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે જેનો વિધિસર જાપ કરવાથી ગ્રહોની

માઠી અસર, રોગોનું આક્રમણ તથા ભૂતપ્રેતાદિ વડે થતી બાધા શાંત થઈ જાય છે. તાત્પર્ય કે આ ગાથામાં ભગવાનનો નામમંત્ર કેવો પ્રભાવશાળી છે, તે દર્શાવેલું છે.

સ્તોત્રની ત્રીજી ગાથામાં શ્રી પાર્શ્વનાથ ભગવાનના પ્રણામનું માહાત્મ્ય પ્રકાશ્યું છે. તે પરથી એમ સમજવાનું છે કે શ્રી પાર્શ્વનાથ ભગવાનનો મંત્રજપ કરવામાં આવે તો ઘણો લાભ થાય છે, પણ એ મંત્ર આવડતો ન હોય કે તેનું વિધિસર અનુષ્ઠાન થઈ શકતું ન હોય તો તેમને અત્યંત ભાવથી પ્રણામ કરવા. તેનાથી પણ આપણાં સર્વ દુઃખોનો અંત આવે છે અને દુર્ગતિથી બચી શકાય છે. એટલે ઉપાસકોએ પ્રાતઃકાલમાં જાગૃત થઈને પંચપરમેષ્ઠિનું સ્મરણ કર્યા બાદ તરત જ શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સ્મરણ કરવું અને તેમની છબી વગેરેને ભક્તિભાવથી પ્રણામ કરવા. ઘણા પુણ્યશાળીઓ તે માટે પોતાના ઓરડાઓમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ, શ્રી અંતરીક્ષજી પાર્શ્વનાથ, આદિની છબીઓ રાખે છે અને તેમને પ્રાતઃકાલમાં તથા જ્યારે પણ અનુકૂળતા મળે ત્યારે પ્રણામ કરતા રહે છે. તેનાથી તેમને ઘણા લાભો થાય છે.

આ સ્તોત્રની ચોથી ગાથામાં પ્રણામાદિ વડે પ્રાપ્ત થતાં સમ્યક્ત્વનો મહિમા દર્શાવ્યો છે. તેમાં સ્પષ્ટ કહ્યું છે કે આ જગતમાં ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષની બોલબોલા થાય છે, પણ શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સમ્યક્ત્વ તેના કરતાં અનેકગણું અધિક ફળદાયી છે, કારણ કે તેના વડે સંસારના સર્વ ઉત્તમ પદાર્થો ઉપરાંત જન્માંતરમાં અજરામરપણું એટલે કે મોક્ષસુખ મેળવી શકાય છે.

આ સ્તોત્રની પાંચમી ગાથામાં પ્રાર્થના કરવામાં આવી છે. તેમાં જણાવ્યું છે કે હે પ્રભો ! મેં આપને અત્યંત ભક્તિથી આ પ્રકારે સ્તવ્યા છે, તેના ફળરૂપે મને ભવોભવમાં તમારું બોધિબીજ આપો. અહીં એટલી સ્પષ્ટતા ઉચિત છે કે શ્રી તીર્થંકરદેવના વચનોમાં અનન્ય શ્રદ્ધા રાખીને વર્તનારને લાંબો સમય ભવભ્રમણ કરવું પડતું નથી, આમ છતાં જે થોડા ભવો લેવા પડે, તે દરેકમાં તેમના વિષે શ્રદ્ધા–ભક્તિ–આદર–બહુમાનની ભાવના રહે, તો સંસારનો છેદ જલ્દી થાય અને અક્ષય અનંત સુખની પ્રાપ્તિ કરી શકાય.

આ રીતે આ સ્તોત્ર ઘણા ગંભીર આશયવાળું છે, તેથી પુનઃ પુનઃ સ્મરવા યોગ્ય છે. જેમણે આ સ્તોત્રનું પુનઃ પુનઃ સ્મરણ કર્યું તે અનેકવિધ આફતોમાંથી ઉગરી ગયા અને અભીષ્ટની સિદ્ધિ કરી શકયા, એ એક નક્કર હકીકત છે.

[૧૮]

પ્રથમ ગાથાના યંત્રો અને મંત્રો

ઉવસગ્ગહરં સ્તોત્રની પ્રત્યેક ગાથા પરત્વે કેટલાક યંત્રો અને મંત્રો પ્રચલિત છે, તે વૃદ્ધ સંપ્રદાયથી ચાલ્યા આવ્યા છે; એટલે કે અનુભવી પુરુષોએ તેની પરંપરા જાળવી રાખેલી છે અને તે મુજબ તેનું વિધિ-વિધાન સમજવાનું છે.

શ્રી જિનપ્રભસૂરિજીએ અર્થકલ્પલતામાં આ યંત્રો અને મંત્રો વિષે નિર્દેશ કરેલો છે તથા શ્રી પાર્શ્વદેવગણિવિરચિત લઘુવૃત્તિમાં અને શ્રી પૂર્ણચન્દ્રાચાર્યવિરચિત લઘુવૃત્તિમાં તેનું સ્વરૂપ દર્શાવાયેલું છે, તેના આધારે અહીં તેનું વર્ણન કરીએ છીએ. પરંતુ તે પહેલાં એટલું જણાવવા ઇચ્છીએ છીએ કે મંત્ર અને યંત્રનો વિષય અતિ ગહન છે, તેમાં કેટલોક પ્રવેશ થયો હોય તો જ આ વસ્તુ બરાબર સમજાય તેમ છે, તેથી તેના જિજ્ઞાસુએ અમારા રચેલા '**મંત્રવિજ્ઞાન**' '**મંત્રચિંતામણિ**' અને '**નમસ્કારમંત્રસિદ્ધિ**' એ ગ્રંથો અવશ્ય વાંચી લેવા, તેમજ આ ગ્રંથના પ્રારંભિક ભાગમાં

મંત્ર અને યંત્ર વિષે જે ખાસ પ્રકરણો લખાયાં છે, તેનું સારી રીતે મનન કરી લેવું.

સ્તોત્રની પ્રથમ ગાથા પરત્વે આઠ યંત્રોનું વિધાન છે, તે આઠ યંત્રોનાં નામ નીચે પ્રમાણે સમજવાં :–

(૧) જગદ્વલ્લભકરયંત્ર :

જેનાથી જગત્ એટલે જનતાને અતિ પ્રિય થવાય, એવો યંત્ર.

(૨) સૌભાગ્યકરયંત્ર :

જેનાથી સૌભાગ્યની વૃદ્ધિ થાય, એવો યંત્ર.

(૩) લક્ષ્મીવૃદ્ધિકરયંત્ર :

જેનાથી લક્ષ્મીની વૃદ્ધિ થાય એવો યંત્ર.

(૪) ભૂતાદિનિગ્રહકરયંત્ર :

જેનાથી ભૂત વગેરેનો નિગ્રહ થઈ શકે એટલે કે તેને વશ કરી શકાય અથવા તો તેની અસર દૂર કરી શકાય, એવો યંત્ર.

(૫) જ્વરનિગ્રહકરયંત્ર :

જેનાથી જ્વર એટલે વિવિધ પ્રકારના તાવોને કાબૂમાં લઈ શકાય એવો યંત્ર.

(૬) શાકિનીનિગ્રહકરયંત્ર :

જેનાથી શાકિનીનો નિગ્રહ થઈ શકે એવો યંત્ર. મેલી વિદ્યા જાણનારી સ્ત્રીને શાકિની કહેવાય છે–'शाकिन्यश्च दुष्टमन्त्रस्मरणवत्यः स्त्रियः ।'

(૭) વિષમવિષનિગ્રહકરયંત્ર :

ગમે તેવા વિષમ વિષનો નિગ્રહ કરી શકે એવો યંત્ર.

(૮) ક્ષુદ્રોપદ્રવનિર્નાશયંત્ર :

જેનાથી સર્વ ક્ષુદ્ર ઉપદ્રવોનો નાશ થાય અને સર્વ પ્રકારની સિદ્ધિ, સંપત્તિ આદિની પ્રાપ્તિ થાય એવો યંત્ર.

૧. જગદ્વલ્લભકર યંત્ર

યંત્રની મધ્યમાં ૐકાર લખવો અને તેની અંદર દેવદત્ત એટલે સાધકના નામાક્ષરો લખવા.

તેના ફરતી ચાર પાંખડીઓમાં પાર્શ્વનાથ શબ્દનો અકેક અક્ષર લખવો.

પછી તે પાંખડીઓના આગળના ભાગમાં **હર હર** એ પ્રમાણે અક્ષરો લખવા.

પછી તેના પર વલયાકારે હ હા હિ હી હુ હૂ હે હૈ હો હૌ હં હઃ આ બાર અક્ષરો લખવા.

પછી માયાબીજ એટલે હ્રીંકારના ત્રણ આંટાથી વેષ્ટન કરવું, એટલે **'જગદ્વલ્લભકર'** નામનો પ્રથમ યંત્ર તૈયાર થાય છે. તેનો વિશેષ ખ્યાલ ચિત્ર પરથી આવી શકશે. યંત્રના ચિત્રો પ્રસ્તુત ગ્રંથના છેવટના ભાગમાં આપેલા છે.

આ યંત્ર કેશર, ગોરચંદન વગેરે સુગંધી પદાર્થોથી ભોજપત્ર પર લખવાનો હોય છે અને તેને કુંવારીએ કાંતેલા સૂતરથી વીંટીને ડાબી ભુજાએ બાંધવાનો હોય છે. યંત્ર લખવાનો જે સામાન્ય વિધિ છે, તે અહીં જરૂર સાચવવો,

એટલે કે નાહી-ધોઈને પવિત્ર બનીને પૂર્વાભિમુખ કે ઉત્તરાભિમુખ બેસીને શુદ્ધ દ્રવ્યોનો ઉપયોગ કરવાપૂર્વક તેને સુવર્ણની અથવા દાડમઆદિની કલમે લખવો.

૨. સૌભાગ્યકર યંત્ર

યંત્રની મધ્યમાં વઁકાર લખવો અને તેની મધ્યમાં દેવદત્ત એટલે સાધકના નામાક્ષર લખવા. બાકીના યંત્રની રચના પ્રથમ યંત્ર પ્રમાણે જ કરવી, એટલે **'સૌભાગ્યકર'** નામનો બીજો યંત્ર તૈયાર થાય છે.

આનો લેખનવિધિ વગેરે ઉપર પ્રમાણે જ સમજવો. આ યંત્રનો વિશેષ ખ્યાલ તેના ચિત્ર પરથી આવી શકશે.

૩. લક્ષ્મીવૃદ્ધિકર યંત્ર

મધ્યમાં માયાબીજ એટલે હ્રીઁકાર લખવો અને તેની મધ્યમાં દેવદત્ત એટલે સાધકના નામાક્ષર લખવા. તેની બહારના ચારે દલમાં **પાર્શ્વનાથ** શબ્દનો એક એક અક્ષર લખવો અને પાંખડીઓની આગળના ભાગમાં હર હર એ અક્ષરો પ્રથમ યંત્ર મુજબ લખવા.

પછી તેના ફરતા વલયાકારમાં હ હા વગેરે બાર અક્ષરો લખવા અને તેની ઉપર વલયાકારમાં અ થી શરૂ કરીને ક્ષકાર સુધીના માતૃકાક્ષરો લખવા અને હ્રીઁકારના ત્રણ આંટાથી વેષ્ટન કરવું, એટલે **'લક્ષ્મીવૃદ્ધિકર'** નામનો ત્રીજો યંત્ર તૈયાર થાય છે. તેનો લેખનવિધિ વગેરે પ્રથમ યંત્ર મુજબ જાણવો.

આ યંત્રનો વિશેષ ખ્યાલ તેના ચિત્ર પરથી આવી શકશે.

૪. ભૂતાદિનિગ્રહકર યંત્ર

મધ્યમાં હૂંકાર લખવો, તેમાં સાધકના નામાક્ષર લખવા અને બાકીની રચના લક્ષ્મીવૃદ્ધિકર યંત્રના જેવી કરવાથી **'ભૂતાદિનિગ્રહકર'** નામનો ચોથો યંત્ર તૈયાર થાય છે. તેનો લેખનવિધિ વગેરે પ્રથમ યંત્ર મુજબ જાણવો.

આ યંત્રનો વિશેષ ખ્યાલ તેના ચિત્ર પરથી આવી શકશે.

૫. જ્વરનિગ્રહકર યંત્ર

મધ્યમાં હૂં હૂઁ લખવું અને તેની મધ્યમાં સાધકના નામાક્ષર લખવા. પછી ઉપરની જેમ પાર્શ્વનાથ તથા હર હર અક્ષરો લખીને તેને વલયાકારે વ થી વીંટવો, તેની બહાર સોળ પાંખડીઓની રચના કરીને તે દરેક પાંખડીમાં એકેક સ્વરાક્ષર સ્થાપવો, એટલે કે અ આ ઇ ઈ ઉ ઊ ઋ ૠ ઌ ૡ એ ઐ ઓ ઔ અં અઃ એ સોળ અક્ષરો લખવા અને તેની ઉપર માયાબીજ એટલે હ્રીઁકારના ત્રણ આંટાનું વેષ્ટન કરવું, એટલે **'જ્વરનિગ્રહકર'** નામનો પાંચમો યંત્ર તૈયાર થાય છે. તેનો લેખનવિધિ આદિ પ્રથમ યંત્ર મુજબ સમજવો.

આ યંત્રનો વિશેષ ખ્યાલ તેના ચિત્ર પરથી આવી શકશે.

૬. શાકિનીનિગ્રહકર યંત્ર

પહેલાં વં, પછી સાધકના નામાક્ષર અને નીચે હૂઁ લખીને, બહારની આઠ પાંખડીઓમાં ૐ પાર્શ્વનાથાય સ્વાહા એ મંત્રાક્ષરનો એકેક અક્ષર લખવો અને બાકીની રચના

ઉપર પ્રમાણે કરવાથી **'શાકિનીનિગ્રહકર યંત્ર'** નામનો છઠ્ઠો યંત્ર તૈયાર થાય છે. તેનો લેખનવિધિ આદિ પ્રથમ યંત્ર મુજબ જાણવો. આ યંત્રનો વિશેષ ખ્યાલ તેના ચિત્ર પરથી આવી શકશે.

૭. વિષમવિષનિગ્રહકર યંત્ર

મધ્યમાં હૂઁકાર લખીને તેની અંદર સાધકના નામાક્ષર લખવા. તેના ફરતા વલય કારમાં હૂઁ હૂઁ હૂઁ એ રીતે હૂઁ અક્ષર લખવો. તેને ૐ પાર્શ્વનાથ ય સ્વાહા એ મંત્રાક્ષરોથી વીંટવો અને તેને ત્રાયાળીજ એટલે હ્રીઁકારના ત્રણ આંટાનું વેષ્ટન કરવું, એટલે **'વિષમવિષનિગ્રહકર'** નામનો સાતમો યંત્ર તૈયાર થાય છે. તેનો લેખનવિધિ વગેરે પ્રથમ યંત્ર મુજબ જાણવો. આ યંત્રનો વિશેષ ખ્યાલ તેના ચિત્ર પરથી આવી શકશે.

પૂજામંત્ર

આ સાતે ય યંત્રોનો પૂજામંત્ર એક છે: **'ૐ હ્રીઁ શ્રીઁ હર હર સ્વાહા।'** તેનો લાગલગાટ ત્રણ દિવસ ત્રિસંધ્યાએ એટલે સવાર, બપોર અને સાંજ શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા સન્મુખ ૧૦૮ વખત શ્વેત પુષ્પ વડે જાપ કરવાથી સિદ્ધ થાય છે. એટલે કે એક શ્વેત પુષ્પ ચડાવતાં જવું અને એક મંત્ર બોલતા જવો, એ રીતે ૧૦૮ વાર મંત્ર બોલવાથી તે સિદ્ધ થાય છે. આ વખતે તૈયાર થયેલો યંત્ર પાર્શ્વનાથ પ્રભુની સામે રાખવો જોઈએ અને ત્યારબાદ સુગંધી ધૂપથી વાસિત કરીને તેનો ઉપયોગ કરવો જોઈએ, એવી અમારી સમજ છે.

આ વિધિપૂર્વક યંત્ર તૈયાર કરીને ડાબી ભુજાએ બાંધવાથી તે પોતાનો પ્રભાવ દર્શાવવા લાગે છે.

પાર્શ્વયક્ષનો મંત્ર

ભૂત, જ્વર તથા શાકિનીનો નિગ્રહ કરવામાં પાર્શ્વયક્ષનો મંત્ર ઘણો પ્રભાવશાળી છે. તેનો પાઠ આ પ્રમાણે જાણવો :

ॐ म्ल्व्र्यूँ ग्रां ग्रीं ग्रूँ ग्रौं ग्रः ग्राहय ग्राहय छिन्द छिन्द भिन्द भिन्द विदारय विदारय व्म्ल्व्र्यूँ व्रां व्रीं व्रूँ व्रौं व्रः हा हा ताडय ताडय घ्म्ल्व्र्यूँ घ्रा घ्रीं घ्रूँ घ्रौं घ्रः र्यूँ र्यूँ हूँ फट् ह्म्ल्व्र्यूँ ह्रां ह्रीं ह्रूँ ह्रौं ह्रः हा हा घे घे कठोरमुद्रायां ज्वल ज्वल प्रज्वल प्रज्वल ॐ नमो भगवते पार्श्वयक्षाय चण्डक्रोधाय सप्तफणाविभूषिताय[1] हुँ क्षुँ श्रुँ स्म्ल्व्र्यूँ वज्रासित्रिशूलधारया इदं भूतं हन हन दह दह पच पच त्रासय त्रासय खः खः खाहि मन्त्रराज आज्ञापयति हुँ फट् स्वाहा ॥

પાર્શ્વયક્ષિણીનો મંત્ર

આ વિષયમાં પાર્શ્વયક્ષિણીનો મંત્ર પણ એટલો જ પ્રભાવશાળી મનાયો છે. તેનો પાઠ આ પ્રમાણે જાણવો :

ॐ र्म्ल्व्र्यूँ र रा रा रा हा हा हा आँ क्रोँ ह्रीँ क्षीँ क्ली ब्लूँ द्रां द्रीं पार्श्वयक्षिणि ! ज्वल ज्वल प्रज्वल प्रज्वल दह दह पच पच इदं भूतं निर्वाटय निर्वाटय धूमान्धकारिणि ! ज्वलशिखे ! हुँ हुँ फट् फट् मातृदूतिका-सहिते ! पार्श्वयक्षिणी आज्ञापयति स्वाहा ॥

---

१. પાર્શ્વચંદ્ર-લઘુવૃત્તિમાં આ મંત્ર અહીં સુધી જ છપાયેલો છે.

ઉપવાસ કરીને સારા યોગે ભૂતતિથિએ આ બંને મંત્રોનો જાપ શરૂ કરવો અને તે સિદ્ધ કરવો. પછી જરૂર પડયે ૧૦૮ વખત જાપ કરવાથી ભૂતાદિ દોષોનો નાશ થાય છે.

આ મંત્ર કેટલા જાપથી સિદ્ધ થાય છે, તે દર્શાવ્યું નથી, એટલે તેનો ખુલાસો સદ્‌ગુરુ પાસેથી મેળવવો.

શ્રી ઘોણમંત્ર–પહેલો

સાપનું ઝેર ઉતારવામાં શ્રી ઘોણમંત્ર વિશેષ પ્રભાવ બતાવે છે. તેનો પાઠ આ પ્રમાણે સમજવો :

ॐ नमो भगवते श्री घोणे हर हर दह दह चर चर मथ मथ वर वर धर धर लप लप जरसीद्ध ग्रस ग्रस मं मं क्षं क्षं क्षीँ ह्रीँ ह्राँ ह्रा ह्राँ ह्रूँ भगवति श्रीघोण सः सः सः ठः ठः ठः डः डः डः रः रः रः घेन् क्रीन् वींवर-विहंगमानुजेघन दारिकर वरिदा सोरय सोरय गं गं गं ठः ठः ह्रूँ फट् स्वाहा ॥

ટીકાકારોએ અહીં બીજો પણ શ્રી ઘોણમંત્ર આપેલો છે, તે આ પ્રમાણે :–

શ્રી ઘોણમંત્ર–બીજો

ॐ नमो भगवते श्री घोणे हर हर दर दर सर सर धर धर मथ मथ हरसा हरसा क्ष क्ष व व ह्म्ल्व्र्यूँ क्ष्म्ल्व्र्यूँ घ्म्ल्व्र्यूँ र्म्ल्व्र्यूँ व्म्ल्व्यूँ सर्पस्य गतिस्तम्भं कुरु कुरु स्वाहा ।

આ બંને મંત્રોનું ત્રિકાલ સ્મરણ કરવાથી સર્પના ભયનો નાશ થાય છે.

સર્વજ્વરનાશન મંત્ર

અહીં ટીકાકારોએ એક સર્વજ્વરનાશન મંત્ર પણ આપેલો છે, તે આ પ્રમાણે :–

ॐ नमो भगवते श्री पार्श्वनाथाय [धरणेन्द्र] पद्मावती सहिताय हिलि हिलि मिलि मिलि चिलि चिलि किलि किलि ह्रां ह्रीं ह्रूं ह्रौं ह्रः क्रों क्रों यां यां हंस हुं फट् स्वाहा ।

૮. ક્ષુદ્રોપદ્રવનિર્નાશ યંત્ર

મધ્યમાં यम्ल्व्र्यूं લખી, તેમાં દેવદત્ત એટલે સાધકના નામાક્ષર લખવા. તેના ફરતું એક વર્તુલ દોરીને તેમાં આઠ પાંખડીઓ કરવી અને તે દરેકમાં ह्म्ल्व्र्यूं લખવું. તેનું વલયાકારે સોળ સ્વરથી વેષ્ટન કરવું એટલે કે તેના પર વર્તુલ દોરીને અનુક્રમે अ થી अः સુધીના ૧૬ સ્વરો લખવા. તેની બહાર આઠ દલોમાં અનુક્રમે क्म्ल्व्र्यूं च्म्ल्व्र्यूं ट्म्ल्व्र्यूं त्म्ल्व्र्यूं प्म्ल्व्र्यूं यम्ल्व्र्यूं क्ष्म्ल्व्र्यूं અને ह्म्ल्व्र्यूं એ પિંડાક્ષરો લખીને તેના બહારના ભાગમાં અનુક્રમે ॐ ब्रह्माण्यै नमः, ॐ कुमार्यै नमः, ॐ ईन्द्राण्यै नमः, ॐ माहेश्वर्यै नमः, ॐ वैष्णव्यै नमः, ॐ वाराह्यै नमः, ॐ चामुण्डयै नमः તથા ॐ गणपतये नमः એ મંત્રો લખવા અને તેની બહારના ભાગમાં પૂર્વોક્ત યક્ષયક્ષિણીના મંત્રો વીંટવા. શ્રી પાર્શ્વચંદ્રલઘુવૃત્તિના મતે નીચેનાં પદો લખવાં : 'यूम्ल्व्र्यूं यः यः यः यः यः हाः ह्रां आँ क्रोँ ह्रीँ क्षी क्ली ब्लूँ द्रां द्री पार्श्वयक्षिणी मातृब्रह्माणी दूतिकासहिते नमः ।

પછી તેના ફરતા **ક** થી શરૂ કરીને હકાર પર્યંત પિંડાક્ષરો બિંદુ-કલાસહિત વીંટવા અને તેની બહાર હ્રીઁકારના ત્રણ આંટા દેવા. આથી આઠમો **ક્ષુદ્રોપદ્રવનિર્નાશ** નામનો યંત્ર તૈયાર થાય છે.

આ યંત્ર કેશર, ગોરચંદન વગેરે સુગંધી દ્રવ્યોથી લખીને તેને હ્રાઁ આઁ ક્રોઁ હ્રીઁ ક્ષ્રીઁ ક્લ્રીઁ વ્લ્વૂં દ્રાં દ્રીઁ **જ્વાલામાલિની નમઃ** એ મંત્રથી મંત્રીને ૧૦૮ ફૂલથી પૂજન કરવું, એટલે ભયંકરમાં ભયંકર સાપનું ઝેર ઉતરી જાય છે, તમામ ક્ષુદ્ર ઉપદ્રવોનો નાશ થાય છે અને સર્વ સિદ્ધિની પ્રાપ્તિ તથા લક્ષ્મીની વૃદ્ધિ થાય છે.

આ યંત્રનો વિશેષ ખ્યાલ તેના ચિત્ર પરથી આવી શકશે.

[૧૯]

બીજી ગાથાના યંત્રો અને મંત્રો

ઉવસગ્ગહરં સ્તોત્રની પ્રથમ ગાથા પરત્વે વૃદ્ધવાદથી જે યંત્રો અને મંત્રો ચાલ્યા આવે છે, તેનો પરિચય ગત પ્રકરણમાં કરાવી ગયા. હવે સ્તોત્રની બીજી ગાથા પરત્વે વૃદ્ધવાદથી ચાલ્યા આવતા યંત્રો અને મંત્રોનો પરિચય કરાવીશું.

અર્થકલ્પલતામાં કહ્યું છે કે બીજી ગાથામાં વિષધર સ્ફુલિંગમંત્રને લગતા બે યંત્રો રહેલા છે. તેમાંનો પ્રથમ બૃહચ્ચક્ર નામનો છે, જે સર્વસંપત્કર એટલે સર્વ સંપત્તિને આપનારો છે અને બીજો ચિંતામણિચક્ર એટલે સર્વ ચિંતિત વસ્તુનો સાધક છે તથા રાજા, અગ્નિ, ચોર, શાકિની વગેરે તરફથી થતા ક્ષુદ્ર ઉપદ્રવોનું નિવારણ કરનાર છે.

આ બંને ચક્રોનું વિધાન નીચે પ્રમાણે સમજવું :–

૯. બૃહચ્ચક્ર

પ્રથમ અષ્ટદલકમલની મધ્યમાં હૂંકાર આલેખીને તેની અંદર સાધકનું નામ લખવું અને પાંખડીઓમાં ૐ પાર્શ્વ-

નાથાય હ્રીઁ નમઃ એ મંત્રનો એક એક અક્ષર લખવો, પણ છેલ્લી પાંખડીમાં નમઃ શબ્દ પૂરો લખવો. તે આ પ્રમાણે :

મંત્રાક્ષર	ૐ	પા	ર્શ્વ	ના	થા	ય	હ્રીઁ	નમઃ ।
પાંખડી	૧	૨	૩	૪	૫	૬	૭	૮

તેની બહાર જમણી બાજુ પાર્શ્વયક્ષ અને ડાબી બાજુ પાર્શ્વયક્ષિણીની સ્થાપના કરવી.

તેની બહાર ચાર દિશાઓની પાંખડીઓમાં (૧) ૐ બ્રહ્મણે નમઃ, (૨) ૐ ધરણેન્દ્રાય નમઃ, (૩) ૐ નાગાય નમઃ અને (૪) ૐ પદ્માવત્યૈ નમઃ એ શબ્દો લખવા. તેની બહાર વલયાકારમાં अ થી अः સુધીના સોળ સ્વરો લખવા.

તેની બહાર આઠ પાંખડીઓ કરીને તેમાં વિષધર-સ્ફુલિંગ મંત્રરાજનાં આઠ પદોનું નીચેના વિભાગોપૂર્વક આલેખન કરવું.

ૐ હ્રીઁ શ્રીઁ	નમિઊણ	પાસ	વિસહર	વસહ	જિણ
૧	૨	૩	૪	૫	૬

ફુલિંગ હ્રીઁ નમઃ ॥	
૭	૮

આ મંત્ર પ્રસ્તુત ગ્રંથના તેરમા પ્રકરણમાં બીજી ગાથાના અર્થવિવરણ પ્રસંગે જણાવેલો છે. તેના ફરતી આઠ પાંખડીઓ કરી તેમાં નીચેનાં પદો લખવાં :–

(૧) ૐ નમો અરિહંતાણં હ્રીઁ નમઃ ।

(૨) ૐ નમો સિદ્ધાણં હ્રીઁ નમઃ ।

(३) ॐ नमो आयरियाणं ह्रीँ नमः ।

(४) ॐ नमो उवज्झायाणं ह्रीँ नमः ।

(५) ॐ नमो लोए सव्वसाहूणं ह्रीँ नमः ।

(६) ॐ ज्ञानाय ह्रीँ नमः ।

(७) ॐ दर्शनाय ह्रीँ नमः ।

(८) ॐ चारित्राय ह्रीँ नमः ।

આમાંના પહેલાં પાંચ પદો નમસ્કારનાં અને પછીનાં ત્રણ પદો રત્નત્રયીનાં છે. તેમાં પ્રારંભે સેતુ તરીકે ॐ અને છેડે સંપુટ તરીકે ह्रीँ नमः એ શબ્દો લગાડેલા છે. ॐકાર અને ह्रीँકારનું મંત્રણીમે તરીકે કેવું મોટું માહાત્મ્ય છે, તે અમોએ '**मंत्रचिंतामणि**' ગ્રંથમાં વિસ્તારથી દર્શાવેલું છે.

તેના ફરતી સોળ પાંખડીઓ કરી તેમાં અનુક્રમે નીચે પ્રમાણે સોળ વિદ્યાદેવીઓને નમસ્કારરૂપ સોળ પદો લખવાં :-

(૧) ॐ रोहिण्यै नमः ।

(૨) ॐ प्रज्ञप्त्यै नमः ।

(૩) ॐ वज्रशृङ्खलायै नमः ।

(૪) ॐ वज्रांकुश्यै नमः ।

(૫) ॐ अप्रतिचक्रायै नमः ।

(૬) ॐ पुरुषदत्तायै नमः ।

(૭) ॐ काल्यै नमः ।

(૮) ॐ महाकाल्यै नम.

(૯) ૐ गौर्यै नमः ।
(૧૦) ૐ गान्धार्यै नमः ।
(૧૧) ૐ सर्वास्त्रमहाज्वालायै नमः ।
(૧૨) ૐ मानव्यै नमः ।
(૧૩) ૐ वैरोटयायै नमः ।
(૧૪) ૐ अच्छुप्तायै नमः ।
(૧૫) ૐ मानस्यै नमः ।
(૧૬) ૐ महामानस्यै नमः ।

તેની ઉપરની આઠ પાંખડીઓમાં આઠ નાગદેવતાઓને નમસ્કારરૂપ નીચેનાં આઠ પદો લખવાં :

(૧) ૐ अनन्ताय नमः ।
(૨) ૐ वासुक्याय नमः ।
(૩) ૐ तक्षकाय नमः ।
(૪) ૐ कर्कोटिकाय नमः ।
(૫) ૐ पद्माय नमः ।
(૬) ૐ महापद्माय नमः ।
(૭) ૐ शंखपालाय नमः ।
(૮) ૐ कुलिकाय नमः ।

તેના ફરતી ચોવીશ પાંખડીઓમાં જિનમાતાઓનાં નામ આગળ ૐ અને પાછળ નમઃ પૂર્વક લખવાં. તે આ પ્રમાણે :—

(૧) ૐ मारुदेव्यै नमः ।
(૨) ૐ विजयायै नमः ।

(૩) ॐ सेनायै नमः ।
(૪) ॐ सिद्धार्थायै नमः ।
(૫) ॐ सुमङ्गलायै नमः ।
(૬) ॐ सुसीमायै नमः ।
(૭) ॐ पृथिव्यै नमः ।
(૮) ॐ लक्ष्मणायै नमः ।
(૯) ॐ रामायै नमः ।
(૧૦) ॐ नन्दायै नमः ।
(૧૧) ॐ वैष्णव्यै नमः ।
(૧૨) ॐ जयायै नमः ।
(૧૩) ॐ श्यामायै नमः ।
(૧૪) ॐ सुयशायै नमः ।
(૧૫) ॐ सुव्रतायै नमः ।
(૧૬) ॐ अचिरायै नमः ।
(૧૭) ॐ श्रियै नमः ।
(૧૮) ॐ देव्यै नमः ।
(૧૯) ॐ प्रभावत्यै नमः ।
(૨૦) ॐ पद्मायै नमः ।
(૨૧) ॐ वप्रायै नमः ।
(૨૨) ॐ शिवादेव्यै नमः ।
(૨૩) ॐ वामादेव्यै नमः ।
(૨૪) ॐ त्रिशलायै नमः ।

જૈન તંત્રમાં જિનમાતાઓની દેવીઓ તરીકે પૂજા થાય છે, તે આ પરથી સમજી શકાશે.

તેની બહારની બાજુમાં સોળ પાંખડીઓમાં દિક્પાલ વગેરેને નમસ્કારરૂપ સોળ મંત્ર પદો નીચે મુજબ લખવાં :—

(૧) ॐ इन्द्राय नमः ।
(૨) ॐ जयायै नमः ।
(૩) ॐ अग्नयै नमः ।
(૪) ॐ अजितायै नमः ।
(૫) ॐ यमाय नमः ।
(૬) ॐ अपराजितायै नमः ।
(૭) ॐ नैर्ऋत्याय नमः ।
(૮) ॐ जंभायै नमः ।
(૯) ॐ वरुणाय नमः ।
(૧૦) ॐ मोहायै नमः ।
(૧૧) ॐ वायवे नमः ।
(૧૨) ॐ वीरायै नमः ।
(૧૩) ॐ कुबेराय नमः ।
(૧૪) ॐ नारायणाय नमः ।
(૧૫) ॐ ईशानाय नमः ।
(૧૬) ॐ विजयायै नमः ।

દ્વિજપાર્શ્વદેવગણિકૃત લઘુટીકામાં અહીં સર્વત્ર નમઃ નીં આગળ હ્રીં બીજાક્ષર મૂકેલો છે.

પછી બહારની આઠ પાંખડીઓમાં નવ ગ્રહને નમસ્કારરૂપ આઠ પદો નીચે મુજબ લખવાં :—

(૧) ॐ आदित्याय नमः ।

(૨) ॐ सोमाय नमः ।
(૩) ॐ मङ्गलाय नमः ।
(૪) ॐ बुधाय नमः ।
(૫) ॐ बृहस्पतयै नमः ।
(૬) ॐ शुक्राय नमः ।
(૭) ॐ शनैश्चराय नमः ।
(૮) ॐ राहुकेतुभ्यां नमः ।

પછી હ્રીઁકાર વડે ત્રણ આંટા મારવા. અને મંત્રની ચારે બાજુએ સરખા વજ્રથી અંકિત માહેન્દ્રમંડલ આલેખીને તેના ચારે ખૂણામાં લ લ તથા બાજુઓમાં ક્ષિ ક્ષિ એ પ્રમાણે લખીને, તેની મધ્યમાં આ યંત્રની સ્થાપના કરવી.

આ બૃહચ્ચક્રનો મહિમા ગુરુમુખેથી જાણીને તેનું ભોજપત્ર ઉપર કેશર વગેરે સુગંધી દ્રવ્યોથી આલેખન કરવું. પછી ચક્રની જમણી બાજુએ પાર્શ્વયક્ષની મૂર્તિ અને ડાબી બાજુએ પાર્શ્વયક્ષિણી (પદ્માવતી)ની સ્થાપના કરવી.

સ્નાન, આત્મરક્ષા વગેરે કર્યા પછી જાઇ, મોગરો, માલતી વગેરે સુગંધી પુષ્પો વડે તેમનું ત્રિકાલ પૂજન કરવું.

પછી નાસિકાના અગ્રભાગ ઉપર બંને નેત્રો સ્થાપીને મૂલ મંત્રનું ધ્યાન ધરવાથી સાધકને સર્વ સંપત્તિની પ્રાપ્તિ થાય છે. અહીં ધ્યાન ધરવા માટે બે મંત્રોનો નિર્દેશ કરવામાં આવ્યો છે, તેમાંથી કોઈપણ એક મંત્રનું ધ્યાન ધરી શકાય છે.

પહેલો મંત્ર

ऐँ ह्रीँ श्रीँ क्लीँ क्रोँ श्रोँ ख्लौँ ख्लीँ ह्रीँ नमः ।

પાર્શ્વટીકામાં નીચે પ્રમાણે મંત્ર આપ્યો છે : 'હ્રીઁ શ્રીઁ ક્લીઁ ક્રોઁ ગ્રોઁ ક્લેઁ બ્લૂઁ અર્હઁ નમઃ।'

બીજો મંત્ર

ૐ હ્રીઁ શ્રીઁ અર્હઁ નમિઊણ પાસ વિસહર વસહ જિણ ફુલિંગ (ૐ) હ્રીઁ શ્રીઁ (અર્હઁ) નમઃ ।

અહીં ટીકાકારોએ એક રોગનાશક વિદ્યા આપેલી છે, તે આ પ્રમાણે :

રોગનાશક વિદ્યા

ૐ નમો ભગવઓ અરહઓ પાસસ્સ સિજ્જઉ મે ભગવઇ મહાવિજ્જા ઉગ્ગે મહાઉગ્ગે જસે પાસે પાસે સુપાસે પાસંમાલિણી ઠઃ ઠઃ સ્વાહા ।

શ્રી પાર્શ્વનાથ ભગવાનના જન્મનક્ષત્રનો × યોગ જોઇને, ઉપવાસ કરવાપૂર્વક ૧૦૦૮ જાપ કરવાથી આ વિદ્યા સિદ્ધ થાય છે.

આ વિદ્યા સિદ્ધ થયા પછી ગામ–નગર–પુર–પાટણમાં મરકી વગેરેના ઉપદ્રવ વખતે પ્રથમ ધૂપ, બલિકર્મ વગેરે કરીને આ વિદ્યાનો જાપ કરવાથી એ ઉપદ્રવનો નાશ થાય છે.

ટીકાકારોએ જણાવ્યું છે કે આ ચક્રનો ઉદ્ધાર શ્રી ચંદ્રસેન ક્ષમાશ્રમણના વચનાનુસાર કરવામાં આવ્યો છે. શ્રી ચંદ્રસેન ક્ષમાશ્રમણ ક્યારે થયા ? કઈ પરંપરામાં થયા વગેરે

× શ્રી પાર્શ્વનાથ ભગવાનનો જન્મ વિશાખા નક્ષત્રમાં થયેલો છે.

સંબંધી કોઈ માહિતી ઉપલબ્ધ નથી, પણ તેઓ મહામાંત્રિક હશે, એમ જણાય છે.

અહીં એટલો ખુલાસો આવશ્યક છે કે જે યંત્રમાં અનેક વલયો હોય તેને ચક્ર કહેવામાં આવે છે. જેમકે સિદ્ધ-ચક્ર, પરમેષ્ઠિચક્ર, વર્દ્ધમાનચક્ર વગેરે.

૧૦. ચિંતામણિચક્ર

પ્રથમ યંત્રની મધ્યમાં ધરણેન્દ્રની ફણાસહિત શ્રીપાર્શ્વ-નાથ પ્રભુની ચિત્રાકારે સ્થાપના કરવી. તેની નીચે હ્રીઁકાર લખવો અને તેની બહાર ચાર પાંખડીઓમાં પાર્શ્વનાથ નામનો એક એક અક્ષર લખવો.

તેની બહાર આઠ દિશાઓની આઠ પાંખડીઓમાં અનુક્રમે નીચેનાં મંત્રપદો લખવાં :–

(૧) ॐ ક્ષ્લ્વ્ર્યૂઁ ।
(૨) ॐ ब्रह्मणे नमः ।
(૩) ॐ ધ્લ્વ્ર્યૂઁ ।
(૪) ॐ धरणेन्द्राय नमः ।
(૫) ॐ ન્લ્વ્ર્યૂઁ ।
(૬) ॐ नागाय नमः ।
(૭) ॐ પ્લ્વ્ર્યૂઁ ।
(૮) ॐ पद्मावत्यै नमः ।

તેની બહાર વલયાકારે ह्रीँ ॐ ह्रः देव ! त्रायस त्रायस ॐ ह्रीँ झ्वीँ हं सं यः यः यः क्षिप ॐ स्वाहा ह्रीँ क्ष्रौँ नमः એ મંત્ર લખવો.

પછી સોળ પાંખડીઓમાં अ થી अः સુધીના સોળ સ્વરોની સ્થાપના કરવી અને તેના ફરતું આઠ પાંખડીવાળું કમલ કરીને તેમાં અનુક્રમે નીચેનાં આઠ મંત્રપદો લખવાં :

(૧) ॐ नमो अरिहंताणं ह्रीँ नमः ।
(૨) ॐ नमो सिद्धाणं ह्रीँ नमः ।
(૩) ॐ नमो आयरियाणं ह्रीँ नमः ।
(૪) ॐ नमो उवज्झायाणं ह्रीँ नमः ।
(૫) ॐ नमो लोए सव्वसाहूणं ह्रीँ नमः ।
(૬) ॐ ज्ञानाय ह्रीँ नमः ।
(૭) ॐ दर्शनाय ह्रीँ नमः ।
(૮) ॐ चारित्राय ह्रीँ नमः ।

તેના ફરતી 'ॐ उवसग्गहरं पासं, पासं वंदामि कम्मघणमुक्कं। विसहरविसनिन्नासं मंगलकल्लाणआवासं स्वाहा' એ પ્રમાણે પૂરી ગાથા વીંટવી.

પછી અનન્ત, કુલિક, વાસુકિ, શંખપાલ, તક્ષક, કર્કોટક, પદ્મ અને મહાપદ્મ એ આઠ નાગાધિપતિઓના નામ આઠ પાંખડીઓમાં લખવાં. તેની શરૂઆતમાં ૐકાર તથા અંતમાં नमः શબ્દ લખવો. (બૃહચ્ચક્રમાં આ પદો જણાવેલાં છે, તે મુજબ લખવાં.)

પછી તેના ફરતી 'ॐ विसहर फुलिंगमंतं, कंठे धारेइ जो सया मणुओ। तस्स गह-रोग-मारी-दुट्ठजरा जंति उवसामं स्वाहा' એ પ્રમાણે બીજી ગાથા વીંટવી.

તેની બહારની બાજુમાં સોળ વિદ્યાદેવીઓનાં નામ શરૂઆતમાં ॐ ह्रीँ ऐँ क्लीँ અને છેડે નમઃ પૂર્વક ચતુર્થ વિભક્તિના યોગમાં લખવા કે જે પ્રમાણે બૃહચ્ચક્રમાં લખેલાં છે.

તેની બહારની બાજુમાં ફરતી ચોવીશ પાંખડીઓમાં ચોવીશ જિનમાતાઓનાં નામ બૃહચ્ચક્રમાં જણાવ્યા અનુસાર લખવાં.

ફરી આઠ પાંખડીઓમાં આઠ દિક્પાલનાં નામો લખવાં, તે આ પ્રમાણે :

(૧) ॐ इन्द्राय नमः ।
(૨) ॐ अग्नये नमः ।
(૩) ॐ यमाय नमः ।
(૪) ॐ नैऋत्याय नमः ।
(૫) ॐ वरुणाय नमः ।
(૬) ॐ वायव्ये नमः ।
(૭) ॐ कुबेराय नमः ।
(૮) ॐ ईशानाय नमः ।

તેના ફરતી ' ॐ चिट्ठउ दूरे मंतो, तुज्झ पणामो वि बहुफलो होइ । नरतिरिएसु वि जीवा, पावंति न दुक्खदोगच्चं स्वाहा ' આ પ્રમાણે પૂરી ત્રીજી ગાથા વીંટવી.

તેના ફરતી આઠ પાંખડીઓમાં આદિત્ય–જયા, સોમ–અજિતા, મંગળ–અપરાજિતા, બુધ–જૃંભા, બૃહસ્પતિ–મોહા, શુક્ર–ગૌરી, શનિ–ગાન્ધારી, રાહુકેતુ–વિજયા લખીને તેના ફરતી ' ॐ तुह सम्मत्ते लद्धे, चिंतामणिकप्पपायवब्भहिए ।

पावंति अविग्घेणं जीवा अयरामरं ठाणं स्वाहा' એ રીતે પૂરી ચોથી ગાથા વીંટવી.

તેના ફરતો નીચેનો મંત્ર લખવો : 'ॐ वग्गाएवि ! सपुत्ति ! सवाहणि ! सपरिकरि ! श्वेतवस्त्राभरण भूषिते अत्र मण्डले आगच्छ आगच्छ स्वस्थाने तिष्ठ तिष्ठ स्वाहा।'

તેના ફરતી 'ॐ इय संथुओ महायस, भत्तिब्भर निब्भरेण हिअएण। ता देव दिज्ज बोहिं, भवे भवे पास जिणचंद स्वाहा' એ પ્રમાણે પાંચમી ગાથા પૂરી વીંટવી.

તેના ફરતા હ્રીઁકારના ત્રણ આંટા મારવા.

આ યંત્રની સ્થાપના બૃહચ્ચક્રમાં જે સ્થાપનાવિધિ બતાવ્યો છે, તે અનુસાર કરવી.

આ યંત્ર ભોજપત્ર અથવા ત્રાંબાના પતરા ઉપર કેશર, ગોરચંદન વગેરે સુગંધી પદાર્થોથી લખવો. પછી શ્વેત વસ્ત્ર, શ્વેત આભૂષણ, શ્વેત પુષ્પની માળા તથા ચંદનનું વિલેપન કરીને પવિત્ર તથા એકાંત સ્થાનમાં નાસિકા પર ચક્ષુઓ સ્થાપન કરીને ત્રિકાલ મૂલમંત્રનું ધ્યાન કરીને ઉત્તમ-સુગંધી-કરમાયા વિનાનાં ૧૦૮ પુષ્પોથી પૂજન કરવું. અહીં બૃહચ્ચક્રમાં કહેલો મૂળમંત્ર જ મૂળમંત્ર જાણવો.

આ પ્રમાણે વિધિપૂર્વક પૂજન તથા ધ્યાન કરવાથી સાધકને સર્વ સંપદાની પ્રાપ્તિ થાય છે, તેના દરેક રોગો નાશ પામે છે, સર્વ જાતના ભયોનું નિવારણ થાય છે; કીર્તિ, યશ તથા સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે અને મનોવાંછિતની અવશ્ય પ્રાપ્તિ થાય છે.

આ યંત્ર ભોજપત્ર પર કેશર, ગોરચંદન વગેરેથી લખીને ગળામાં ધારણ કરવાથી તથા સુગંધીદાર ૧૦૦૦ શ્વેત પુષ્પો વડે જાપ કરવાથી રાજા, અગ્નિ, ચોર, શાકિની વગેરે તરફથી થતા સર્વ પ્રકારના ઉપદ્રવોમાં રક્ષણ થાય છે.

શ્રી સાગરચંદ્રસૂરિએ **શ્રીમન્ત્રાધિરાજકલ્પમાં** આ ચિંતામણિચક્ર અંગે ૬૨૯ ગાથાપ્રમાણ વિવેચન કરેલું છે અને તેમાં અનેક મહત્ત્વની બાબતો દર્શાવી છે, તે જિજ્ઞાસુએ ત્યાંથી જોઇ લેવી. ×

આ બંને યંત્રોનો વિશેષ ખ્યાલ તેનાં ચિત્રો પરથી આવી શકશે.

× આ કલ્પ શ્રી સારાભાઈ નવાબે પ્રકાશિત કરેલ 'જૈન સ્તોત્ર સંદોહ'ના બીજા ભાગમાં છપાયેલો છે.

[૨૦]

ત્રીજી ગાથાના યંત્રો અને મંત્રો

હવે ત્રીજી ગાથા પરત્વે જે યંત્રો અને મંત્રોનું વિધાન થયેલું છે, તે દર્શાવીશું. આ યંત્રો અને મંત્રો મુખ્યત્વે સંતતિની પ્રાપ્તિ તથા તેની રક્ષા માટે યોજાયેલા છે.

૧૧. વંધ્યાશબ્દાપહ યંત્ર

હ્રીઁકારની મધ્યમાં સાધકનું નામ લખવું અને બહાર ફરતી આઠ પાંખડીઓમાં પણ હ્રીઁકાર લખવો અને ઉપર હ્રીઁકારના ત્રણ આંટા કરવા, એટલે **'વંધ્યાશબ્દાપહ'** નામનો યંત્ર તૈયાર થાય છે.

આ યંત્ર કેશર, ગોરુચંદન આદિ સુગંધી દ્રવ્યોથી લખવો અને તેનું **'ॐ ह्रौं ह्रूँ नमो अरिहंताणं ह्रौं नमः'** એ મંત્ર બોલવાપૂર્વક ૧૦૦૮ શ્વેત પુષ્પથી પૂજન કરવું. પછી તે યંત્રને કુંવારીએ કાંતેલ સૂતરથી વીંટીને પંચરત્નની પોટલી સાથે સ્ત્રીના કંઠે અથવા ડાબી બાજુએ ધારણ કરાવવો તેથી વંધ્યત્વનો નાશ થાય છે. અહીં પંચરત્નથી (૧) હીરા,

(૨) માણેક, (૩) પાનું, (૪) મોતી અને (૫) પ્રવાલ એ પાંચ રત્નો સમજવાં. તેના અભાવે (૧) ત્રાંબુ, (૨) પ્રવાલ, (૩) મોતી, (૪) માણેક અને (૫) સોનાનો ઉપયોગ પણ થઈ શકે છે.

૧૨. મૃતવત્સાદોષનિવારણ યંત્ર

જે સ્ત્રીને મરેલાં છોકરાં અવતરતાં હોય, અથવા જન્મીને તુરત જ મરી જતાં હોય તેને મૃતવત્સાદોષ કહે છે. આ દોષનું નિવારણ કરનારો જે યંત્ર, તે મૃતવત્સાદોષનિવારણ યંત્ર. તેનું વિધાન નીચે મુજબ સમજવું :–

હ્રીઁકારની અંદર સાધકનું નામ લખીને, બહાર ફરતી આઠ પાંખડીઓમાં ૐ હ્રીઁ શ્રીઁ આ ત્રણ અક્ષરો દરેક પાંખડીમાં લખવા અને ફરતા હ્રીઁકારના ત્રણ આંટા કરવા, એટલે **'મૃતવત્સાદોષનિવારણ'** નામનો યંત્ર તૈયાર થાય છે.

આ યંત્ર કેશરાદિ સુગંધી દ્રવ્યોથી લખીને તેનું 'ૐ હ્રીઁ હૂઁ નમો અરિહંતાણં હ્રીઁ નમઃ' મંત્રથી પૂજન કરવું. (દરેક મંત્ર બોલતી વખતે યંત્ર પર શ્વેત પુષ્પ ચડાવતાં જવું.) પછી એ યંત્રને કુંવારીએ કાંતેલા સૂતરથી વીંટીને સ્ત્રીની ડાબી ભુજાએ બાંધવો, એટલે તેને મરેલાં બાળક અવતરતાં નથી અને જે બાળક જન્મે છે, તે જીવે છે.

૧૩. કાકવંધ્યાદોષનિવારણ યંત્ર

જે સ્ત્રી એક વખત બાળકને જન્મ આપી ફરી સગર્ભા થતી ન હોય, તેને કાકવંધ્યા કહે છે. આ કાકવંધ્યત્વ દોષનું નિવારણ કરનારો જે યંત્ર, તે કાકવંધ્યાદોષનિવારણ યંત્ર. તેનું વિધાન નીચે પ્રમાણે સમજવું :

ક્ષ્વ્લ્ર્યૂંની મધ્યમાં સાધકનું નામ લખીને બહાર ફરતી આઠ પાંખડીઓમાં હ્રૂં ક્ષ્રૂં હ્રીં હ્રૂં એ મંત્રાક્ષરો સ્થાપવા અને ઉપર શ્રીંકારના ત્રણ આંટા મારવા, એટલે '**કાકવંધ્યાદોષનિવારણ**' નામનો યંત્ર તૈયાર થાય છે.

આ યંત્ર ઉત્તમ દ્રવ્યોથી લખીને તથા ઉપર જણાવેલા મંત્રથી પૂજીને સ્ત્રીની ડાબી ભુજાએ બાંધવાથી તે ફરી ગર્ભ ધારણ કરે છે.

૧૪. બાલગ્રહપીડાનિવારણ યંત્ર

બાલકને વિવિધ ગ્રહો પીડા કરતા હોય, તે બાલગ્રહપીડા. તેનું નિવારણ કરનારો જે યંત્ર, તે બાલગ્રહપીડાનિવારણ યંત્ર. તેનું વિધાન આ પ્રમાણે સમજવું.

ૐકારની મધ્યમાં સાધકનું નામ લખવું. તેના ફરતા અ થી અઃ સુધીના સોળ સ્વરો વીંટવા અને તેના ફરતા '**ૐ હ્રીં ઐં શ્રીં ચામુણ્ડે સ્વાહા**' એ મંત્ર લખવો. તેને હ્રીંકારના ત્રણ આંટા મારવા, એટલે '**બાલગ્રહપીડાનિવારણ**' નામનો યંત્ર તૈયાર થાય છે.

ઉત્તમ દ્રવ્યથી લખીને તથા આ જ મંત્રથી તેનું પૂજન કરીને બાળકની ડાબી ભુજાએ બાંધવાથી ગ્રહપીડાનો નાશ થાય છે તથા તેને ભૂતાદિનો ભય લાગતો નથી.

(દ્વિતીય) સૌભાગ્યકર યંત્ર

જે યંત્ર દુર્ભાગ્યનો નાશ કરે અને સૌભાગ્યની વૃદ્ધિ કરે, તેને સૌભાગ્યકર નામનો યંત્ર કહેવાય. આ યંત્રનું વિધાન નીચે પ્રમાણે સમજવું :

ૐ હ્રીઁ શ્રીઁ એ ત્રણ અક્ષરોની અંદર સાધકનું નામ લખવું, બહાર ફરતી સોળ પાંખડીઓમાં હ્રીઁ શ્રીઁ અક્ષરો લખવા, તેની ઉપર વલયાકારમાં ક્ષિપ ૐ સ્વાહા નામનો મંત્ર લખવો અને તેના ફરતા હ્રીઁકારના ત્રણ આંટા મારવા એટલે **'સૌભાગ્યકર'** નામનો યંત્ર તૈયાર થાય છે.

આ યંત્રનું પૂર્વોક્ત મંત્રથી પૂજન કરવું અને તેને ડાબી ભુજાએ ધારણ કરવો, એટલે દુર્ભાગ્યનો નાશ થાય છે અને સૌભાગ્યની વૃદ્ધિ થાય છે. અનુભવીઓનું કહેવું છે કે આ યંત્રથી અપસ્માર એટલે વાઈ વગેરે રોગોનો તેમજ હિસ્ટીરિયાનો નાશ થાય છે.

શ્રી પાદલિપ્તસૂરિજીએ કહ્યું છે કે 'સર્વ વિધિમાં પ્રથમ ગુરુચરણની પૂજા કરવી, નહિતર મંત્રની સિદ્ધિ થતી નથી.'

અર્થકલ્પલતામાં ઉપર્યુક્ત પાંચ યંત્રોનો ઉલ્લેખ થયેલો છે અને શ્રી પૂર્ણચન્દ્રાચાર્યની વૃત્તિમાં પણ આટલા જ યંત્રોનું વિધાન છે, પરંતુ શ્રી પાર્શ્વલઘુવૃત્તિમાં બીજા પણ કેટલાક યંત્રોનું વિધાન છે, તે પાઠકોની જાણ માટે અહીં રજૂ કરીએ છીએ.

વિવિધ યંત્રો

હ્રીઁકારની મધ્યમાં સાધકનું નામ લખીને, બહાર આઠ પાંખડીવાળું કમળ કરવું. તેની એક પાંખડીમાં હ્રીઁ બ્લૂં હ્રોઁ અને બીજી પાંખડીમાં દેવદત્ત એટલે સાધકનું નામ એ રીતે

આઠે પાંખડીઓમાં અક્ષરો લખવા અને તેનું હ્રીઁકારના ત્રણ આંટાથી વેષ્ટન કરવું. આ યંત્ર વિધિથી લખીને તથા તેનું પૂજન કરીને સ્ત્રીના ડાબા હાથે બાંધવાથી તે વંધ્યા હોય તો ગર્ભ ધારણ કરે છે, મૃતવત્સા દોષવાળી હોય તો તેને જીવતા બાળક અવતરે છે અને તે જીવે છે, તથા કાકવંધ્યા હોય તો પણ બાળકને જન્મ આપે છે. આ યંત્રથી ભૂત-પિશાચાદિના ઉપદ્રવમાં રક્ષણ થાય છે.

વઁકારની અંદર સાધકનું નામ લખીને બહાર ફરતા સોળ સ્વરો વીંટવા. પછી તેની બહાર આઠ પાંખડીમાં 'ૐ હ્રાઁ હ્રીઁ **चामुण्डे स्वाहा**' એ શબ્દો લખવા અને ઉપર હ્રીઁકારના ત્રણ આંટા મારવા. આ યંત્ર બાળકની ભુજાએ બાંધવાથી ગ્રહપીડાનો નાશ થાય છે.

વચ્ચે હ્રીઁકારમાં સાધકનું નામ લખવું અને તેને ત્રણ આંટાથી વીંટવો. તેની ઉપર આઠ કમળની પાંખડીઓમાં હ્રીઁ **देवदत्त** એટલે હ્રીઁ અને સાધકનું નામ લખવું. તેમાં ફરતા હ્રીઁકારના ત્રણ આંટા કરવા. આ યંત્ર વિધિપૂર્વક તૈયાર કરીને સ્ત્રી અથવા પુરુષના હાથે ધારણ કરવાથી સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે.

વઁકારની અંદર સાધકનું નામ લખીને, બહાર ફરતી ચાર પાંખડીઓમાં વકાર લખીને, તેની બહાર ફરતી આઠ પાંખડીઓમાં રકાર લખીને ફરતા હ્રીઁકારના ત્રણ આંટા મારવા. આ **વૈરોટ્યા** નામની વિદ્યા છે અને તે સર્વ જાતના ક્ષુદ્રોપદ્રવનું નિવારણ કરવામાં સમર્થ છે.

હ્રીં કારની અંદર સાધકનું નામ લખીને, બહાર ફરતી આઠ પાંખડીઓમાં હ્રસ્વ્ર્યૂં હ્રીઁ એ મંત્રપદ લખવા. ફરતા હ્રીઁકારના ત્રણ આંટા કરવા. આ યંત્ર કેશર, ગોરુચંદન વગેરે સુગંધી પદાર્થોથી લખીને તથા તેનું વિધિસર પૂજન કરીને કંઠે અથવા ભુજાએ બાંધવાથી ચોરનો ભય થતો નથી. આને **અઘોરા** નામની વિદ્યા કહે છે.

હ્રીઁકારની અંદર સાધકનું નામ લખીને બહાર ફરતી આઠ પાંખડીઓમાં હ્રીઁકાર લખીને તેને હ્રીં કારના ત્રણ આંટા કરવા. વિધિથી તૈયાર કરેલો તથા પૂજાયેલો આ યંત્ર સૌભાગ્યની વૃદ્ધિ કરવામાં ઉત્તમ છે. તેનાથી સર્વજનોને પ્રિય પણ થવાય છે, તેમજ ભૂતપિશાચનો વળગાડ દૂર થાય છે.

હ્રીઁકારની અંદર સાધકનું નામ લખીને, બહાર ફરતી આઠ પાંખડીઓમાં ર કાર લખીને ફરતા હ્રીઁકારના ત્રણ આંટા કરવા. આ યંત્ર બાલકના તમામ રોગોની શાંતિ કરે છે, લાભ આપે છે, તથા ભૂતાદિ ભયોમાંથી રક્ષણ કરે છે.

હ્રીઁ શ્રીઁ હ્રીઁ શ્રીઁ હ્રીઁ ની અંદર સાધકનું નામ લખીને બહાર ફરતી સોળ પાંખડીઓમાં હ્રીઁ શ્રીઁ તથા તેની ઉપર ઠ ઠ લખવાથી જે યંત્ર તૈયાર થાય છે, તેનાથી દુર્ભાગી નારીને સૌભાગ્ય પ્રાપ્ત થાય છે.



[૨૧]

ચોથી અને પાંચમી ગાથાના યંત્રો અને મંત્રો

અર્થકલ્પલતામાં કહ્યું છે કે 'चतुर्थगाथायां पुनः सर्वार्थ-साधकं देवकुलं कल्पद्रुमयन्त्रन्यासः प्रणीत :—ચોથી ગાથામાં સર્વ અર્થોનું સાધક એવું દેવકુલ અને કલ્પદ્રુમ યંત્ર રહેલો છે. શ્રી પાર્શ્વદેવગણિ કૃત ટીકામાં તેનું વર્ણન નથી, પરંતુ શ્રી પૂર્ણચન્દ્રાચાર્યની વૃત્તિમાં સર્વાર્થસાધક એવા લઘુદેવકુલનું વિધાન છે, તે આ પ્રમાણે.

૧૫. લઘુદેવકુલ યંત્ર

પ્રથમ પાર્શ્વનાથ પ્રભુની સ્થાપના કરીને તેમની જમણી બાજુ ધરણેન્દ્ર તથા ડાબી બાજુએ પદ્માવતી અને ઉપર બ્રહ્મા‌ણુ તથા નીચે નાગની સ્થાપના કરીને વલય દેવું. તેની ઉપર આઠ પાંખડીમાં નીચે પ્રમાણે આઠ મંત્રપદો લખવાઃ—

નમિઊણ પાસ વિસહર વસહ જિણ ફુલિંગ હ્રીઁ નમઃ।

૧	૨	૩	૪	૫	૬	૭	૮

તેની બહાર ફરતી સોળ પાંખડીઓમાં સોળ વિદ્યા-

દેવીઓનાં નામ અને અકેક સ્વર લખવો, તથા ઉપર ચોવીશ પાંખડીવાળા કમળમાં ચોવીશ જિનમાતાઓનાં નામ લખવાં. પછી તેને હ્રીઁકારના ત્રણ આંટા મારવા. તેની ઉપર નવગ્રહ તથા દશ દિક્પાલોનાં નામ લખવાં એટલે **'દેવકુલ'** નામનો યંત્ર તૈયાર થાય છે. તેનો સ્પષ્ટ ખ્યાલ યંત્રનું ચિત્ર જોવાથી આવી શકશે.

આ યંત્ર સુગંધી દ્રવ્યોથી લખીને તથા તેનું ધૂપ, ઘી, પુષ્પો વડે પૂજન કરવાથી સર્વ અર્થની સિદ્ધિ થાય છે. પૂજામંત્ર પૂર્વોક્ત જ ગુરુના મુખકમળથી જાણવો અને તેમના ચરણની પૂજા ખૂબ ધામધૂમથી કરવી.

૧૬. શાંતિક-પૌષ્ટિક યંત્ર

પાંચમી ગાથા પરત્વે શાંતિક-પૌષ્ટિક યંત્રનું વિધાન છે, તે આ પ્રમાણે જાણવું :

પ્રથમ વઁ ઝઁ હ્રૂઁ દત્ત ક્ષિ એ પાંચ અક્ષરોની અંદર સાધકનું નામ લખીને ઠ કારથી સંપુટ કરવો, એટલે કે તેના ફરતા વલયમાં બધે ઠ અક્ષર લખવો. તેની બહારના વલયમાં સોળ સ્વરો લખવા અને તેની ઉપરના વલયમાં આઠ પાંખડીનું કમળ કરીને, એ આઠે ય પાંખડીઓમાં 'ૐ પાર્શ્વનાથાય હ્રીઁ સ્વાહા' એ મંત્ર લખવો.

તેના પર બાર પાંખડીનું કમળ કરીને દરેક પાંખડીમાં **હર હર** એ બે શબ્દો સ્થાપવા. તેની બહાર **ક્ષ્વીઁ ક્ષ્વીઁ હુંફટ્** એ અક્ષરો બીજીને, ઉપર હકારનો સંપુટ કરીને તથા

તેના પર ૫ કારનો સંપુટ કરીને તેની બહાર ક્ષ્વીંકારના ત્રણ આંટા મારવા, એટલે આ યંત્ર તૈયાર થાય છે.

આ યંત્ર કેશર, ચંદન, કપૂર, ગોરચંદન વગેરે સુગંધી દ્રવ્યોથી ભોજપત્ર પર લખવો અને તેની નીચેના મંત્ર વડે પૂજા કરવી: 'ૐ રૂં હ્રાઁ પક્ષિ ઇવી ઁ ક્ષ્વીઁ હંસઃ સ્વાહા।'

ત્રણ દિવસ સુધી દરરોજ શ્વેત સુગંધીદાર પુષ્પોથી પૂજન કરતાં ભૂત, પ્રેત, શાકિની તથા જ્વરાદિ ભયનો નાશ થાય છે અને શાંતિ–તુષ્ટિ–પુષ્ટિ થાય છે. તેમજ કુમારિકાએ કાંતેલા સૂતરથી વીંટીને ભુજાએ બાંધવાથી સર્વ સ્થળે રક્ષણ થાય છે અને સર્વ સંપત્તિની પ્રાપ્તિ થાય છે.

બૃહદ્વૃત્તિના કેટલાક મંત્રો

અહીં શ્રી પૂર્ણચન્દ્રાચાર્યે બૃહદ્વૃત્તિના કેટલાક મંત્રો આપ્યા છે, તે પાઠકોની જાણ માટે રજૂ કરીએ છીએ.

સર્પનું ઝેર ઉતારવાનો મંત્ર

ૐ વ્મ્લ્ર્ય્યૂઁ વઁ હાઁ આઁ ક્રોઁ ક્ષીઁ હ્રીઁ ક્લીઁ બ્લૂઁ દ્રાઁ દ્રીઁ જ્વાલામાલિનિ ! ઝંકારિણિ ! વિષં નિર્વિષં કુરુ કુરુ સ્થાવરવિષં જઙ્ગમં જાઠરં યોગજં અપહર અપહર મણ્ડકં અમૃતેન સિઞ્ચય સિઞ્ચય ઉત્થાપય ઉત્થાપય દણ્ડેનાક્રમ્ય વિષમવિષં ઠઃ ઠઃ ઠઃ સ્વાહા ।

જે વ્યક્તિને સર્પે દંશ દીધો હોય તેના માપનો જ દંડ લઈને તેને આ મંત્રથી સાત વાર મંત્રવો અને તેના વડે દંશ દીધેલ વ્યક્તિના સર્વ સાંધાઓને તાડન કરવું,

એટલે તે ઊભી થાય છે. તેમજ ॐ क्रों ग्रो मृ ठः ठः ठः આ મંત્રથી જલધારા દેવાથી દંશ દીધેલી વ્યક્તિ ઊભી થાય છે.

નગરને ક્ષોભ પમાડનારો મંત્ર

ऐँ ह्रीँ श्री એ મંત્રનો રાતા પુષ્પથી ૧૦૦૦૦૦ એક લાખ જાપ કરવામાં આવે તો નગર ક્ષોભ પામે છે.

સર્વ અર્થની સિદ્ધિ કરનારો મંત્ર

'ॐ ह्रीँ श्रीँ कलिकुण्डस्वामिने नमः' આ મંત્રનો નિરંતર જાપ કરવાથી સર્વ અર્થની સિદ્ધિ થાય છે.

ક્ષેમંકર મંત્ર

'ॐ नमो भगवते (श्री) पार्श्वनाथाय क्षेमङ्कराय ह्रीं नमः' આ મંત્રનો નિરંતર જાપ કરવાથી ક્ષેમ એટલે આરોગ્ય, સુખશાંતિ અને કલ્યાણની પ્રાપ્તિ થાય છે.

[૨૨]

નવ ગાથાનું સ્તોત્ર

ગત પ્રકરણોમાં ઉવસગ્ગહરં સ્તોત્રની દરેક ગાથાનું અર્થવિવરણ કરવામાં આવ્યું છે, તેની સંકલનામાં રહેલો ભાવ પ્રકટ કરવામાં આવ્યો છે તથા તેની પ્રત્યેક ગાથા પરત્વે પ્રાચીન કાલથી જે યંત્રો તથા મંત્રો પ્રચલિત છે, તેની રજૂઆત પણ કરવામાં આવી છે. તે પરથી આ સ્તોત્ર કેટલું પ્રાભાવિક તથા કેટલું રહસ્યમય છે, તે સમજી શકાશે.

હવે આ સ્તોત્રના વિશેષ ગાથાવાળા જે પાઠો પ્રચલિત છે અને જેનું આરાધકો પ્રતિદિન ભક્તિભાવથી સ્મરણ કરે છે, તેનો પરિચય કરાવીશું; પરંતુ તે પહેલાં એટલી સ્પષ્ટતા જરૂરી છે કે આ ગાથાઓમાં પાઠભેદો ઘણા છે, તેના ક્રમમાં પણ ફેરફાર જોવામાં આવે છે અને તેમાં કેટલીક અશુદ્ધિઓ દાખલ થઈ ગયેલી છે. તેનું હજી સુધી વિદ્વાનોના હાથે જોઈએ તેવું સંશોધન થયું નથી, એટલે આ પરિસ્થિતિ પ્રવર્તે છે. પરંતુ તેમાં શક્ય એટલું શોધન કરવાનો તથા તેની અર્થ-સંગતિ કરવાનો અમે પ્રસ્તુત પ્રકરણોમાં પ્રયત્ન કર્યો છે.

ઉવસગ્ગહરં સ્તોત્રનો નવ ગાથાવાળો પાઠ પણ ઘણો ચમત્કારિક મનાય છે અને તેની પ્રતિઓ તથા તેના યંત્ર સાથેના પટ્ટો જૈન ભંડારોમાંથી મળી આવે છે. શ્રી મહાવીર ગ્રંથમાળા–ધુલિયા તરફથી આવો એક પટ્ટ કેટલાક વખત પહેલાં પ્રકટ થયો હતો અને અન્ય સ્થળેથી પણ પ્રસિદ્ધ થયેલો અમારા જોવામાં આવ્યો છે. તેનો પાઠ આ પ્રમાણે જાણવોઃ

उवसग्गहरंपासं, पासं वंदामि कम्मघणमुक्कं ।
विसहरविसनिन्नासं, मंगलकल्लाणआवासं ॥१॥

विसहरफुलिंगमंतं, कंठे धारेइ जो सया मणुओ ।
तस्स गह-रोग-मारी-दुट्ठजरा जंति उवसामं ॥२॥

चिट्ठउ दूरे मंतो, तुज्झ पणामो वि बहुफलो होइ ।
नरतिरिएसु वि जीवा, पावंति न दुक्खदोगच्चं ॥३॥

तुह सम्मत्ते लद्धे, चिंतामणि–कप्पपायवब्भहिए ।
पावंति अविग्घेणं, जीवा अयरामरं ठाणं ॥४॥

ॐ नट्ठट्ठमयठाणं, पणट्ठकम्मट्ठनट्ठसंसारं ।
परमट्ठनिट्ठिअट्ठं, अट्ठगुणाधीसरं वंदे ॥५॥
ॐ ह्रीँ श्रीँ एँ ॐ
तुह दंसणेण सामिय, पणासेइ रोगसोगदोहग्गं ।
कप्पतरूमिव जायइ, (ॐ)तुह दंसणेण सव्वफलहेऊं स्वाहा ॥६॥

ॐ अमरतरु–कामधेणु–चिंतामणि–कामकुंभमाइया ।
सिरिपासनाहसेवा–गहणे सव्वे वि दासत्तं ॥७॥

ॐ ह्रीँ

नमिऊण पणवसहियं, मायाबीएण धरणनागिंदं ।
सिरिकामराजकलियं, पासजिणिंदं नमंसामि ॥८॥
इअ संथुओ महायस, भत्तिब्भरनिब्भरेण हियएण ।
ता देव दिज्ज बोहिं भवे भवे पास जिणचंद ! ॥९॥

આ પાઠમાં પાંચમી, છઠ્ઠી, સાતમી તથા આઠમી ગાથા મૂળ પાઠ કરતાં વિશેષ છે. તે અંગે અહીં કેટલુંક વિવેચન કરીશું.

પાંચમી ગાથા

પાંચમી ગાથાનો પાઠ ઘણાખરાં પુસ્તકોમાં નીચે પ્રમાણે છપાયેલો જોવામાં આવે છે :

ॐ नट्ठट्ठमयठाणे, पणट्ठकम्मट्ठनट्ठसंसारे ।
परमनिट्ठिअट्ठे, अट्ठ गुणाधीसरं वंदे ॥

પરંતુ પ્રથમનાં ત્રણ પદો આ પ્રમાણે હોય તો અર્થ-સંગતિ થતી નથી. ભાવનગરથી પ્રકાશિત થયેલ શ્રી પૂર્ણચન્દ્રાચાર્યવિરચિત લઘુવૃત્તિ સાથે પરિશિષ્ટ તરીકે જોડાયેલા સ્તોત્રમાં જે પાઠ આપેલો છે, તે અર્થની દૃષ્ટિએ બરાબર લાગે છે, અને તે જ અમે અહીં આપેલો છે.

આ ગાથામાં પ્રારંભનો ॐ પંચપરમેષ્ઠિ સૂચક સમજવો અથવા તો આ ગાથાનું મંત્રત્વ દર્શાવનારો સમજવો. બાકીનાં પદોનો ભાવ એવો કે જેમના આઠ મદસ્થાનો નાશ પામેલા છે, જેમના આઠ કર્મો નાશ પામવાથી સંસાર નષ્ટ થયેલો

છે અને જે પરમાર્થમાં નિષ્ઠિતાર્થ છે તથા આઠ ગુણોના અધીશ્વર છે, તેમને વંદન કરું છું.

આઠ મદસ્થાનો આ પ્રમાણે ગણાય છે : (૧) જાતિમદ, (૨) લાભમદ, (૩) કુલમદ, (૪) ઐશ્વર્યમદ, (૫) બલમદ, (૬) રૂપમદ, (૭) તપમદ અને (૮) શ્રુતમદ. આમાંના કોઈ પણ મદસ્થાનનું સેવન થાય તો આત્મવિકાસમાં અંતરાય થાય છે અને ભવિષ્યમાં તેનાં માઠાં ફળો ભોગવવા પડે છે. શ્રી હરિકેશિમુનિએ પૂર્વભવમાં જાતિમદ કર્યો હતો, તેથી તેમને ચાંડાલના કુલમાં અવતરવું પડ્યું. તેજ રીતે સુભૂમ ચક્રવર્તીને લાભમદ થતાં બીજા છ ખંડો સાધવાનો મનસુબો જાગ્યો અને તેમાં તેણે પ્રાણ ગુમાવ્યા. મરીચિએ કુલમદ કરતાં તેને વારંવાર નીચા કુલમાં અવતરવું પડ્યું અને તીર્થંકરના ભવે પણ બ્રાહ્મણ કુલમાં ઉત્પન્ન થવું પડ્યું. જો કે પાછળથી ઇન્દ્રનું આસન કંપતાં હરિણગમૈષી દેવતા દ્વારા ગર્ભનું પરાવર્તન થયું અને તેમનો જન્મ સિદ્ધાર્થ રાજાની પત્ની ત્રિશલાદેવીની કુક્ષિએ થયો. આ રીતે બીજા મદોનાં પરિણામ પણ ઘણા બૂરાં આવેલાં છે; પરંતુ શ્રી પાર્શ્વનાથ ભગવાને પોતાની સાધના દરમિયાન આ આઠે ય મદસ્થાનોને જિતી લીધાં હતાં અને પોતાની સાધનાને ઉજ્જવલ બનાવી હતી.

અહીં એ વસ્તુ પણ સ્પષ્ટ કરવી જોઇએ કે કોઈ પણ પ્રકારનો મદ માનરૂપ કષાયમાંથી ઉદ્ભવે છે અને જ્યાં સુધી કોઈ પણ કષાયનો અંશ આત્મામાં રહેલો હોય ત્યાં સુધી તેને કેવલજ્ઞાન અને કેવલદર્શન થતાં નથી. જ્યારે ક્રોધ,

માન, માયા અને લોભ એ ચારે ય કષાયોનો નાશ થાય, ત્યારે જ આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપમાં રમણ કરે છે અને તે કેવલજ્ઞાન તથા કેવલદર્શનથી વિભૂષિત થઈ સર્વજ્ઞની પંક્તિમાં વિરાજે છે.

આ આત્મા અનંત શક્તિવાળો છે, પણ તેની એ શક્તિઓ આઠ પ્રકારના કર્મોથી આચ્છાદિત થઈ ગયેલી છે. જો એ આઠ કર્મો સંપૂર્ણ નાશ પામે તો તેનો સંસાર પણ નાશ પામે, એટલે કે તેને ફરી કોઈ પણ ભવ કરવો પડે નહિ. શ્રી પાર્શ્વનાથ ભગવાને પરમ પુરુષાર્થ ફોરવીને જ્ઞાનાવરણીય આદિ આઠે ય કર્મોનો સંપૂર્ણ નાશ કર્યો, તેથી તેમના ભવભ્રમણનો અંત આવી ગયો.

પરમાર્થથી નિષ્ઠિતાર્થ થવું એટલે કૃતકૃત્ય થવું, મોક્ષસુખની પ્રાપ્તિ કરવી. જે આત્મા આ રીતે મોક્ષસુખની પ્રાપ્તિ કરે છે, તે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત અવ્યાબાધ સુખ, અનંત ચારિત્ર, અક્ષયસ્થિતિ, અરૂપીપણું, અગુરુલઘુત્વ અને અનંતવીર્ય એ આઠ ગુણોનો અધીશ્વર એટલે સ્વામી બને છે અને લોકના અગ્ર ભાગે આવેલી સિદ્ધશિલામાં સિદ્ધ ભગવંત રૂપે વિરાજે છે. શ્રી પાર્શ્વનાથ ભગવાન આ પ્રમાણે આઠ ગુણોના અધીશ્વર બનીને સિદ્ધશિલામાં સિદ્ધભગવંતરૂપે વિરાજી રહ્યા છે, તેમને હું વંદન કરું છું.

અહીં શ્રી પાર્શ્વનાથ ભગવાનનો સ્પષ્ટ ઉલ્લેખ નથી, પણ અનુસંધાનથી તેમનું નામ સમજવાનું છે. આમ તો આ ગાથા વડે દરેક સિદ્ધ ભગવંતને વંદન થાય છે.

આ ગાથા પર મનન કરીએ તો જીવનનું ધ્યેય સમજાય છે અને તે માટે કેવી પ્રવૃત્તિ કરવી જોઈએ, તેનો પણ બોધ થાય છે.

પુણ્યના બળે ઉત્તમ જાતિ મળે, ઉત્તમ કુલ મળે, વિવિધ પ્રકારનો લાભ થવા લાગે, ઐશ્વર્યમાં વધારો થાય, બળ અને ફળમાં વૃદ્ધિ થાય, દીર્ઘ તપશ્ચર્યા કરવાનું બળ આવે અને શ્રુતનું વાસ્તવિક રહસ્ય સમજાય તો પણ મનુષ્યે અભિમાન કરવું નહિ, સદા વિનમ્ર ભાવે રહેવું અને આત્મ-સાધના આગળ વધારવી. મુખ્ય પ્રયત્ન આઠ કર્મોને જિતવાનો રાખવો, કારણ કે તે સિવાય પરમાર્થથી કૃતકૃત્ય થવાનું નથી અને મોક્ષસુખના અધિકારી બનાતું નથી. સુજ્ઞોને તો આટલો સંકેત બસ છે.

છઠ્ઠી ગાથાનો અર્થ

છઠ્ઠી ગાથાની આગળ પાંચ બીજો લગાડવામાં આવે છે અને છેવટે પણ સ્વાહા બોલાય છે, એટલે આ ગાથા મંત્રરૂપ સમજવી.

ૐ એ મંત્રસેતુ છે, એટલે કે માંત્રિક શક્તિનું અનુ-સંધાન કરી આપનારું ઉત્તમ બીજ છે. તેને તેજોબીજ પણ કહેવામાં આવે છે. જૈન દૃષ્ટિએ તો એ પંચપરમેષ્ઠીનું જ એક સંક્ષિપ્ત સ્વરૂપ છે.

હ્રીઁ કાર એ માયાબીજ કે ત્રૈલોક્યબીજ છે અને વિવિધ પ્રકારની શક્તિઓને જાગૃત કરનારું છે.

શ્રીઁકાર એ લક્ષ્મીબીજ છે, એટલે લક્ષ્મીની વૃદ્ધિ કરનારું છે તથા શોભાને વધારનારું છે.

ઐ એ સરસ્વતી બીજ છે, તે વાણીને નિર્મળ કરનારું છે, કાવ્યશક્તિ પ્રકટાવનારું છે તથા ગહન શાસ્ત્રોમાં પણ સુખે પ્રવેશ કરાવનારું છે.

છેવટનો ૐ સંપુટરૂપ છે. સ્વાહા પલ્લવ શાંતિક-પૌષ્ટિક કર્મનો સંકેત કરનારું છે, એટલે કે આ ગાથાનો જાપ કરવાથી શાંતિ-તુષ્ટિ-પુષ્ટિનો લાભ થાય છે.

ગાથાનો ભાવાર્થ એવો છે કે હે સ્વામિન્! (શ્રીપાર્શ્વ-નાથ પ્રભો!) તમારા દર્શનથી તમામ પ્રકારના રોગો, તમામ પ્રકારનો શોક તથા દુર્ભાગ્ય નાશ પામે છે અને તમારું એ દર્શન સર્વ પ્રકારનાં ફળોને આપનાર કલ્પતરુ જેવું બની જાય છે. તાત્પર્ય કે તમારા ભક્તિભાવે દર્શન કરનારના સર્વ મનોરથોની સિદ્ધિ થાય છે અને તેને આ જગતમાં કોઈ વાતની કમી રહેતી નથી.

સાતમી ગાથાનો અર્થ

ઘણાખરાં પુસ્તકોમાં **सिरिपासनाह सेवा गहाण** કે **गहाण** એવો પાઠ છપાયેલો જોવાય છે, પણ તેથી અર્થ-સંગતિ નથી. અમને પ્રાપ્ત થયેલી એક પ્રતિમાં વિદ્વાન મુનિવરે તેનું શોધન કરીને **गहणे** એવો પાઠ મૂકેલો છે અને તેથી અર્થસંગતિ બરાબર થાય છે.

આ ગાથાના પ્રારંભમાં ૐ બોલાય છે, તે એની મંત્ર-

મયતાનું સૂચન કરે છે. શ્રી પાર્શ્વનાથ ભગવાનની સેવા કેવી પ્રભાવશાળી છે, તેનું આ ગાથામાં વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં જણાવ્યું છે કે શ્રી પાર્શ્વનાથ પ્રભુની સેવા કલ્પવૃક્ષ, કામધેનુ, ચિંતામણિરત્ન કે કામકુંભ વગેરે જેવી છે, એટલે કે તેનાથી સર્વ મનોરથોની સિદ્ધિ થાય છે. વળી એ સેવા નિયમિત રીતે ભક્તિભાવપૂર્વક કરવામાં આવે તો સર્વજનો તેના દાસ બની જાય છે, એટલે કે તેના પર પ્રભાવ પડે છે અને તેઓ પડયો બોલ ઝીલવા લાગે છે.

આઠમી ગાથાનો અર્થ

આ ગાથામાં પણવસહિયં ની જગાએ વિગ્ઘણાસય અને વિપ્પણાસય એવા બે પાઠો મળે છે, પણ તેથી અર્થસંગતિ થતી નથી. અમારી સમજ પ્રમાણે તેમાંથી નીચેનો મંત્રોચ્ચાર થાય છે અને તે પ્રાપ્ત થતી પ્રતિઓમાં જણાવેલો છે.

ॐ ह्री पार्श्वनाथाय ह्री धरणेन्द्राय श्री पद्मावती-सहिताय क्ली नमः।

પ્રણવ એટલે ૐકાર, માયાબીજ એટલે હ્રીંકાર અને કામરાજ એટલે ક્લીં તે ત્રણ બીજોનો અહીં ઉપયોગ છે અને હ્રીંકાર વડે શ્રી ધરણેન્દ્રનું સૂચન છે. શ્રી ધરણેન્દ્ર સાથે પદ્માવતી દેવીને જોડવાનો માંત્રિકોનો સંપ્રદાય છે. આ રીતે ઉપરનો મંત્ર આ ગાથામાંથી ઉત્પન્ન થાય છે.

નવ ગાથાના ખાસ મંત્રો

આ નવ ગાથા પરત્વે નવ મંત્રોનું વિધાન નીચે પ્રમાણે થયેલું છે :–

પહેલી ગાથાનો મંત્ર

ॐ ह्रीँ उवसग्गहरं कम्मघणमुक्कं विसहरफुलिंगमन्त्राय पार्श्वनाथाय श्री स्वाहा ॥

બીજી ગાથાનો મંત્ર

ॐ ह्रीँ अर्हँ पार्श्वनाथाय स्वाहा ॥

ત્રીજી ગાથાનો મંત્ર

ॐ ह्रीँ अर्हँ पार्श्वनाथाय वंदिउ पाया ह्रीँ नमः ॥

ચોથી ગાથાનો મંત્ર

ॐ ह्रीँ अर्हँ हंसचिंतामणि पाया वंदिउ क्ली नमः ॥

પાંચમી ગાથાનો મંત્ર

ॐ ह्रीँ श्रीँ क्लीँ कलिकुंडस्वामिने अष्टशत अष्ट-सहस्र अष्टलक्ष अष्टकोटी मम शरीरं रक्षंतु ॐ हूँ फुट् फुट् स्वाहा ॥

છઠ્ઠી ગાથાનો મંત્ર

ॐ श्रीँ परमोहि जिणाणं स्वाहा ॥

સાતમી ગાથાનો મંત્ર

ॐ क्लीँ विजयादेवी मम सानिध्यं कुरु कुरु स्वाहा ॥

આઠમી ગાથાનો મંત્ર

ॐ ह्राँ पार्श्वनाथाय ह्रीँ धरणेंद्राय श्रीपद्मावती सहिताय क्लीँ नमः ॥

નવમી ગાથાનો મંત્ર

ॐ नमो भगवती पद्मावती सर्वजनमोहिनी सर्वकार्य

करणी विकटसंकटहरणी मम लक्ष्मीं पूरय पूरय संकटं चूरय चूरय सोमपद्मावती ऐँ नमः ॥

મંત્રપટ્ટમાં જણાવેલું છે કે "ગાથા નવની આમ્નાય-વિધિ જુદી જુદી છે, તે ગુરુગમથી ધારી સાધના દીપોત્સવીના દિવસે કરવાથી ઇષ્ટ સિદ્ધિ થાય છે."

નવગાથાત્મક વિશિષ્ટ યંત્ર

આ નવગાથાત્મક સ્તોત્ર અંગે એક વિશિષ્ટ યંત્ર મળી આવે છે. તેમાં વચ્ચે સ્તોત્રના અક્ષરોથી તેમજ અંકોથી સંકલિત મોટો યંત્ર છે અને ઉપર નીચે બીજા કેટલાંક નાના યંત્રો છે. તેમાં સત્તરિસયનો યંત્ર પ્રસિદ્ધ છે અને બીજા યંત્રો પંદરિયા તથા વીશાયંત્રની જાતિના છે. એક યંત્ર ૧૦૦૮નો પણ છે. એ પટની પ્રતિકૃતિ આ ગ્રંથના છેડે આપવામાં આવી છે.

આ પટમાં એવી નોંધ છે કે ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજીને અનુભૂત એવો આ ઉપસર્ગહર યંત્ર છે. આ નોંધ પરત્વે વિદ્વાનોએ ખાસ વિચાર કરવો ઘટે છે અને તે અંગે અન્ય કોઈ પ્રમાણ મળી આવે તો તેને પ્રકાશમાં લાવવાની જરૂર છે.

[२३]

તેર ગાથાનું સ્તોત્ર

ઉવસગ્ગહરં સ્તોત્રનો તેર ગાથાનો પાઠ પણ પ્રચલિત છે અને તે કેટલાંક નિત્યસ્મરણના પુસ્તકોમાં છપાયેલો છે. તે આ પ્રમાણે જાણવો :

उवसग्गहरंपासं, पासं वंदामि कम्मघणमुक्कं ।
विसहरविसनिन्नासं, मंगलकल्लाणआवासं ॥ १ ॥
विसहरफुलिंगमंतं, कंठे धारेइ जो सया मणुओ ।
तस्स गह-रोग-मारी-दुट्ठजरा जंति उवसामं ॥ २ ॥
चिट्ठउ दूरे मंतो, तुज्झ पणामो वि बहुफलो होइ ।
नरतिरिएसु वि जीवा पावंति न दुक्ख-दोगच्चं ॥ ३ ॥
ॐ अमरतरु-कामधेणु-चिंतामणि-कामकुंभमाइया ।
सिरिपासनाहसेवा-गहणे सव्वे वि दासत्तं ॥ ४ ॥
तुह सम्मत्ते लद्धे, चिंतामणि-कप्पपायवब्भहिए ।
पावंति अविग्घेणं, जीवा अयरामरं ठाणं ॥ ५ ॥
ॐ नट्ठट्ठमयठाणं, पणट्ठकम्मट्ठनट्ठसंसारं ।
परमट्ठनिट्ठिअट्ठं, अट्ठगुणाधीसर वंदे ॥ ६ ॥

ॐ ह्रीँ श्रीँ ऐँ ॐ
तुह दंसणेण सोमिय, पणासेइ रोग-सोग-दोहग्गं।
कप्पतरुमिव जायइ, तुह दंसणेण सव्वफल हेऊं
स्वाहा ॥७॥

ॐ नमिऊण पणवसहियं, मायाबीएण धरणनागिंदं।
सिरिकामराजकलिअं, पासजिणिंदं नमंसामि ॥८॥
ॐ थुणामि पासनाहं, ॐ पणमामि परमभत्तीए।
अट्ठक्खरधरणिंद, पउमावई पयडिय किर्त्ति ॥९॥
जस्स पयकमले सया, वसइ पउमावई अ धरणिंदो।
तस्स नामेण सयलं, विसहरविस पणासेइ ॥१०॥
ॐ ह्रीँ सिरिपास विसहर,
विज्जामंतेण झाण ज्झाएज्जा।
धरणपउमावइ देवी, 'ॐ ह्रीँ क्ष्म्र्व्यूँ स्वाहा' ॥११॥
ॐ जयउ धरणिंद-पउमावइ य नागिणी विज्जा।
विमलज्झाणसहिओ, 'ॐ ह्रीँ क्ष्म्र्व्यूँ स्वाहा ॥१२॥
इअ संथुओ महायस, भत्तिब्भरनिब्भरेण हियएण।
ता देव दिज्ज बोहिं, भवे भवे पास जिणचंद ! ॥१३॥

આ સ્તોત્રમાં નવમી, દશમી, અગિયારમી તથા બારમી ગાથા વિશેષ છે. બાકીની બધી ગાથાઓ નવ ગાથાના સ્તોત્રમાં આવી જાય છે, તેના અર્થો આ પ્રમાણે જાણવા :

નવમી ગાથાનો અર્થ

હું ૐકારના સ્મરણપૂર્વક શ્રી પાર્શ્વનાથની સ્તુતિ કરું

છું અને ૐકારના સ્મરણપૂર્વક પરમ ભક્તિથી પ્રણામ કરું છું. વળી આઠ અક્ષરવાળા મંત્રરૂપ ધરણેંદ્ર અને જેમની કીર્તિ પ્રકટ થયેલી છે, એવા શ્રી પદ્માવતી દેવીને પણ હું પ્રણામ કરું છું.

દશમી ગાથાનો અર્થ

જેમના ચરણકમલમાં સદા પદ્માવતી અને ધરણેન્દ્ર વસે છે, એવા શ્રી પાર્શ્વનાથ પ્રભુના નામથી બધી જાતનું સર્પનું ઝેર નાશ પામે છે, અર્થાત્ ઉતરી જાય છે.

અગિયારમી ગાથાનો અર્થ

ૐકાર અને હ્રીંકાર રૂપ તથા તમામ પ્રકારના વિષોનું હરણ કરનાર એવા શ્રી પાર્શ્વનાથ ભગવાનનું વિદ્યા અને મંત્ર વડે ધ્યાન ધરવું. વળી ધરણેંદ્ર અને પદ્માવતીદેવીનું 'ૐ હ્રીં ક્ષ્મ્લ્વ્યું સ્વાહા' એ મંત્રથી આરાધન કરવું (એટલે સર્વ કાર્યોની સિદ્ધિ થાય છે).

બારમી ગાથાનો અર્થ

ૐ ધરણેંદ્ર અને પદ્માવતીના નામથી યુક્ત એવી નાગિણી વિદ્યા જય પામો. વિમલ ધ્યાનથી સહિત નીચેનો મંત્ર સદા સ્મરવો : 'ૐ હ્રીં ક્ષ્મ્લ્વ્યું સ્વાહા ॥'

આ સ્તોત્ર પરત્વે વિશિષ્ટ યંત્રો-મંત્રો જોવામાં આવ્યા નથી, એટલે તેમાં જે મંત્રોનો ઉલ્લેખ કર્યો છે, તે જ વિશેષ પ્રકારે સ્મરવા યોગ્ય છે, એમ સમજવું.

[२४]

सत्तर गाथानुं स्तोत्र

ઉવસગ્ગહરં સ્તોત્રનો સત્તર ગાથાનો પાઠ નીચે પ્રમાણે જાણવો :

उवसग्गहर पासं, पासं वंदामि कम्मघणमुक्कं ।
विसहरविसनिन्नासं, मंगलकल्लाणआवासं ॥ १ ॥
विसहरफुलिंगमंतं, कंठे धारेइ जो सया मणुओ ।
तस्स गह-रोग-मारी-दुट्ठजरा जंति उवसामं ॥ २ ॥
चिट्ठउ दूरे मंतो, तुज्झ पणामो वि बहुफलो होइ ।
नरतिरिएसु वि जीवा, पावंति न दुक्ख-दोगच्चं ॥ ३ ॥
ॐ अमरतरु-कामधेणु-चिंतामणि-कामकुंभमाइया ।
सिरि पासनाह सेवा गहणे सव्वेवि दासत्तं ॥ ४ ॥
ॐ ह्रीँ श्रीँ ऐँ ॐ
तुह दंसणेण सामिय, पणासेइ रोग-सोग-दोहग्गं ।
कप्पतरुमिव जायइ, (ॐ) तुह दंसणेण सव्व फलहेऊं
स्वाहा ॥ ५ ॥

ॐ नमिऊण पणवसहियं, मायाबीएण धरणनागिंद।
सिरिकामराजकलिअं, पासजिणिंद नमंसामि ॥६॥
ॐ ह्रीँ पास विसहर, विज्जामंतेण झाण ज्झाएज्जा।
धरण पउमावइ देवी, 'ॐ ह्रीँ क्ष्म्ल्व्र्यूँ स्वाहा' ॥७॥
ॐ जयउ धरणिंद–पउमावइ य नागिणी विज्जा।
विमलज्झाणसहिओ 'ॐ ह्रीँ क्ष्म्ल्व्र्यूँ स्वाहा' ॥८॥
ॐ थुणामि पासनाहं, ॐ पणमामि परम भत्तीए।
अट्ठक्खरधरणिंदं, पउमावई पयडिय किर्त्ति ॥९॥
जस्स पयकमले सया, वसइ पउमावई अ धरणिंदो।
तस्स नामेण सयलं, विसहरविसं पणासेइ ॥१०॥
तुह सम्मत्ते लद्धे, चिंतामणि–कप्पपायवब्भहिए।
पावंति अविग्घेणं, जीवा अयरामरं ठाणं ॥११॥
ॐ नट्ठट्ठमयठाणं, पणट्ठकम्मट्ठनट्ठसंसारं।
परमट्ठनिट्ठिअट्ठं, अट्ठगुणाधीसरं वंदे ॥१२॥
तुह नामसुद्धमंतं, सम्मं जो जवइ सुद्धभावेण।
सो अयरामरं ठाण, पावइ न य दोग्गइं दुक्खं ॥१३॥
पन्नासं गोपीडां, क्रूरग्गह दंसणं भयं काये।
आवीइ न हुंति एए, तहवि तिसंझं गुणिज्जासु ॥१४॥
पीडजंत भगंदर, कास सास सूल तह निव्वाहं।
सिरिसामलपास महत, नाम–पउर–पऊलेण ॥१५॥

रोगजलजलणविसहर, चोरारिमइंदगयरणभयाइं ।
पासजिणनामसंकित्तणेण पसमंति सव्वाइं ॥१६॥

इअ संथुओ महायस, भत्तिब्भरनिब्भरेण हियएण ।
ता देव दिज्ज बोहिं, भवे भवे पास जिणचंद ! ॥१७॥

આ સ્તોત્રના ગાથાક્રમમાં વધારે ફેરફાર છે, પણ તેમાં તેર ગાથાવાળા સ્તોત્રની બધી ગાથાઓ આવી જાય છે. વિશેષમાં તેરમી, ચૌદમી, પંદરમી અને સોળમી ગાથા બોલાય છે, તેના અર્થો આ પ્રમાણે જાણવા :–

તેરમી ગાથાનો અર્થ

હે પાર્શ્વનાથ પ્રભુ ! તમારા નામથી શુદ્ધ થયેલો મંત્ર જે કોઈ શુદ્ધ ભાવે સમ્યક્ પ્રકારે જપે છે, તે કદી દુર્ગતિ કે દુઃખને પામતો નથી, પરંતુ અજરામર સ્થાનને પામે છે.

ચૌદમી ગાથાનો અર્થ

સવાર, બપોર અને સાંજ એ ત્રણ સંધ્યાએ શ્રી પાર્શ્વનાથ ભગવાનના મંત્રની ગણના કરવાથી શરીરને વિષે પચાસ પ્રકારની ઇન્દ્રિયોની પીડા, ક્રૂર ગ્રહની અસર કે સર્પાદિ ઝેરી જંતુઓનો દંશ કદાપિ થતો નથી.

પંદરમી ગાથાનો અર્થ

શ્રી શામલિયા પાર્શ્વનાથનું નામ ઘણું મહાન છે, અર્થાત્ ચમત્કારિક છે. તે નામથી પ્રચુર એવો અગ્નિ હૃદયમાં પ્રકટ કરવાથી કોઈપણ પ્રકારની શારીરિક કે માનસિક પીડા થતી

નથી; કોઈએ યંત્રપ્રયોગ કર્યો હોય તો તેની અસર પડતી નથી. વળી ભગંદર, ખાંસી, શ્વાસ અને શૂલ જેવા ભયંકર વ્યાધિઓ પણ શમી જાય છે.

સોળમી ગાથાનો અર્થ

શ્રી પાર્શ્વજિનનું નામસંકીર્તન કરવાથી રોગ, પાણીનાં પુર, અગ્નિ, સર્પ, ચોર, શત્રુ, મદમસ્ત હાથી તથા યુદ્ધ એ સર્વના ભયો નાશ પામે છે.

[૨૫]

એકવીશ ગાથાનું સ્તોત્ર

ઉવસગ્ગહરં સ્તોત્ર નવ ગાથાનું, તેર ગાથાનું તથા સત્તર ગાથાનું પ્રાપ્ત થાય છે, તેમ એકવીશ ગાથાનું પણ પ્રાપ્ત થાય છે. શારદાવિજય મુદ્રણાલય–ભાવનગર તરફથી સને ૧૯૨૧માં છપાએલ પૂર્ણચન્દ્રાચાર્યવિરચિત ઉપસર્ગહરં સ્તોત્ર લઘુવૃત્તિના પ્રારંભમાં પરિશિષ્ટ તરીકે એકવીશ ગાથાનું ઉવસગ્ગહરં સ્તોત્ર આપવામાં આવ્યું છે. આ સ્તોત્રના પાઠમાં અશુદ્ધિઓ ઘણી રહી જવા પામી છે, પરંતુ જિજ્ઞાસુઓની જાણ માટે તથા ઉપાસકોની આરાધના માટે એ જ સ્તોત્રના ક્રમ અનુસાર અહીં એકવીશ ગાથાઓ બને તેટલી શુદ્ધ કરીને રજૂ કરવામાં આવે છે.

અહીં એટલી સ્પષ્ટતા કરવી ઉચિત છે કે શેઠ દે. લા. પુસ્તકોદ્ધાર ફંડ–સુરત તરફથી સને ૧૯૩૨માં પ્રકાશિત થયેલ પ્રિયંકરનૃપકથામાં છેવટે પરિશિષ્ટ તરીકે આ સ્તોત્ર છપાયું છે, પણ તેમાં ગાથાઓ વીશ છે તથા ચૌદમી ગાથા પછી

વધારે ફેરફાર છે, એટલે ઉપરના ક્રમને જ અનુસરવામાં આવ્યો છે. તેનો પાઠ આ પ્રમાણે જાણવો :

उवसग्गहरंपासं, पासं वंदामि कम्मघणमुक्कं ।
विसहरविसनिन्नासं, मंगलकल्लाणआवासं ॥ १ ॥

विसहरफुलिंगमंतं, कंठे धारेइ जो सया मणुओ ।
तस्स गह-रोग-मारी-दुट्ठजरा जंति उवसामं ॥ २ ॥

चिट्ठउ दूरे मंतो, तुज्झ पणामो वि बहुफलो होइ ।
नरतिरिएसु वि जीवा, पावंति न दुक्ख-दोगच्चं ॥ ३ ॥

ॐ अमरतरु-कामधेणु-चिंतामणि-कामकुंभमाइया ।
सिरिपासनाह सेवा-गहणे सव्वेवि दासत्तं ॥ ४ ॥

ॐ ह्रीँ श्रीँ ऐँ ॐ
तुह दंसणेण सामिय, पणासेइ रोग-सोग-दोहग्गं ।
कप्पतरुमिव जायइ, (ॐ) तुह दंसणेण सव्वफलहेऊं
स्वाहा ॥ ५ ॥

ॐ[1] नमिऊण पणवसहियं, मायाबीएण धरणनागिंदं ।
सिरिकामराजकलिअं, पासजिणिंदं नमंसामि ॥ ६ ॥

ॐ ह्रीँ[2] पास विसहर, विज्जामंतेण ज्झाण ज्झाएज्जा ।
धरण पउमावइ देवी, 'ॐ ह्रीँ क्ष्म्र्व्यूँ स्वाहा' ॥ ७ ॥

---

१. અહીં ॐકારની સાથે ह्रीँકાર પણ બોલાય છે. ૨. અહીં ह्रीँ પછી श्रीँ પણ બોલાય છે.

ॐ जयउ धरणिंद–पउमावई य नागिणी विज्जा ।
विमलज्झाणसहिओ 'ॐ ह्रीँ क्ष्म्ल्व्र्यूँ स्वाहा' ॥८॥
ॐ थुणामि पासनाहं,[3] ॐ पणमामि परमभत्तीए ।
अट्ठक्खरधरणिंदं, पउमावई पयडिय किर्त्ति ॥९॥
जस्स पयकमले सया, वसइ पउमावई य धरणिंदो ।
तस्स नामेण सयलं, विसहरविसं पणासेइ ॥१०॥
तुह सम्मत्ते लद्धे, चिंतामणिकप्पपायवब्भहिए ।
पावंति अविग्घेणं, जीवा अयरामरं ठाणं ॥११॥
ॐ नट्ठट्ठमयठाणं, पणट्ठकम्मट्ठनट्ठ संसारं ।
परमट्ठनिट्ठिअट्ठं, अट्ठगुणाधीसरं वंदे ॥१२॥
इअ संथुओ महायस, भत्तिब्भर निब्भरेण हियएण ।
ता देव दिज्ज बोहिं, भवे भवे पासजिणचंद ! ॥१३॥
तुह नामसुद्धमंतं, सम्मं जो जवइ सुद्धभावेण ।
सो अयरामरं ठाणं, पावइ न य दोग्गइं दुक्खं ॥१४॥
पन्नासं गोपीडां, कूरग्गह दंसणं भयं काये ।
आवीइ न हुंति एए, तहवि तिसंझं गुणिज्जासु ॥१५॥
पीडजंत भगंदर कास, सास सूल तह निव्वाहं ।
सिरिसामलपास महंत नाम–पऊर–पउलेण ॥१६॥
रोगजलजलणविसहर—चोरारिमइंदगयरणभयाइं ।
पासजिणनामसंकित्तणेण पसमंति सव्वाइं ॥१७॥

३. કેટલાક અહીં નાહં પાઠ બોલતા નથી, પણ છંદની દૃષ્ટિએ જરૂરી છે.

त नमह पासनाहं, धरणिंद नमंसियं दुहं पणासेइ ।
जस्स पभावेण सया, नासंति सयल दुरियाइं ॥१८॥
एए समरंताणं मणे, न दुहवाहि न तं महादुक्खं ।
नामं पि मंतसम्म, पयडं नत्थि तस्स संदेहो ॥१९॥
जलजलणभयसप्प-सीहचोरारि संभवे पि अप्पं ।
जो समरेइ पास पहु, पहवइ न कयावि किंचि तस्स ॥२०॥
इअ लोगट्ठि परलोगट्ठि, जो समरेइ पासनाहं तु ।
तत्तो सिज्झेइ खिप्पं, इह नाहं सरह भगवंतं ॥२१॥

આમાંની સત્તર ગાથાના અર્થો તો સત્તર ગાથાના સ્તોત્રમાં આવી ગયેલા છે. વિશેષમાં અઢારમી, ઓગણીસમી, વીસમી અને એકવીસમી ગાથા છે. તેના અર્થો આ પ્રમાણે સમજવા :

અઢારમી ગાથાનો અર્થ

તેથી ધરણેન્દ્રે નમસ્કાર કરેલા એવા શ્રી પાર્શ્વનાથ ભગવાનને હે લોકો ! તમે નમસ્કાર કરો, કે જે દુઃખનો નાશ કરે છે અને જેમના પ્રભાવથી સર્વ પ્રકારના પાપો સદા નાશ પામે છે.

ઓગણીશમી ગાથાનો અર્થ

શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સ્મરણ કરનારના મનમાં કોઈ પ્રકારનું દુઃખ થતું નથી કે તેને કોઈ વ્યાધિ સતાવતો નથી. વળી તેને જન્મ-જરા અને મૃત્યુરૂપ મહાદુઃખનો

અનુભવ પણ થતો નથી. શ્રી પાર્શ્વનાથ ભગવાનનું નામ મંત્ર સમાન છે. ખરેખર ! તેઓ પ્રકટપ્રભાવી છે, તેમાં કોઈ સંદેહ નથી.

વીશમી ગાથાનો અર્થ

જલ, અગ્નિ, સર્પ, સિંહ, ચોર, શત્રુ વગેરે તરફથી ભય ઉત્પન્ન થતાં જે થોડું પણ પાર્શ્વનાથ પ્રભુનું સ્મરણ કરે છે, તે કદી કોઈ રીતે પરાજય પામતો નથી.

એકવીશમી ગાથાનો અર્થ

જે આ લોકના સુખ અર્થે કે પરલોકના સુખ અર્થે શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સ્મરણ કરે છે, તેનો આત્મા જલ્દી સંસારસાગરનો પાર પામે છે, તેથી (હે લોકો ! તમે) શ્રી પાર્શ્વનાથ ભગવાનનું (સદા) સ્મરણ કરો.

[२६]

सत्तावीश गाथानुं स्तोत्र

उवसग्गहरं स्तोत्रनुं सत्तावीश गाथानुं स्तोत्र पण प्रचारमां छे अने ते केटलाक ग्रंथोमां छपायेलुं छे, तेनो पाठ आ प्रमाणे समजवो :

उवसग्गहरंपासं, पासं वंदामि कम्मघणमुक्कं ।
विसहरविसनिन्नासं, मंगलकल्लाणआवासं ॥ १ ॥
विसहरफुलिंगमंतं, कंठे धारेइ जो सया मणुओ ।
तस्स गह-रोग-मारी-दुट्ठजरा जंति उवसामं ॥ २ ॥
चिट्ठउ दूरे मंतो, तुज्झ पणामो वि बहुफलो होइ ।
नरतिरिएसु वि जीवा, पावंति न दुक्खदोगच्चं ॥ ३ ॥
ॐ अमरतरु-कामधेणु-चिंतामणि-कामकुंभमाइया ।
सिरिपासनाहसेवा-गहणे सव्वे वि दासत्तं ॥ ४ ॥
ॐ ह्रीँ श्रीँ ऐँ ॐ
तुह दंसणेण सामिय, पणासेइ रोग सोग दोहग्गं ।
कप्पतरुमिव जायइ, (ॐ) तुह दसणेण सव्वफलहेऊं
स्वाहा ॥ ५ ॥

ॐ नमिऊण पणवसहियं, मायाबीएण धरणनागिंदं ।
सिरिकामराजकलियं, पासजिणिंदं नमंसामि ॥ ६ ॥
ॐ ह्रीँ सिरिपास विसहर,
विज्जामंतेण झाण ज्झाएज्जा ।
धरणपउमावई देवी, 'ॐ ह्रीँ क्ष्म्ल्व्र्यूँ स्वाहा' ॥ ७ ॥
ॐ जयउ धरणिंद-पउमावइ य नागिणीविज्जा ।
विमलज्झाणहिओ, 'ॐ ह्रो क्ष्म्ल्व्र्यूँ स्वाहा' ॥ ८ ॥
ॐ थुणामि पासनाहं, ॐ पणमामि परमभत्तीए ।
अट्ठक्खरधरणिंदं, पउमावइ पयडिय किर्त्ति ॥ ९ ॥
जस्स पयकमले सया, वसइ पउमावइ य धरणिन्दो ।
तस्स नामेण सयलं, विसहरविसं पणासेइ ॥ १० ॥
तुह सम्मत्ते लद्धे, चिंतामणि-कप्पपायवब्भहिए ।
पावंति अविग्घेणं, जीवा अयरामरं ठाणं ॥ ११ ॥
ॐ नट्ठट्ठमयठाणं, पणट्ठकम्मट्ठनट्ठसंसारं ।
परमट्ठनिट्ठिअट्ठं, अट्ठगुणाधीसर वंदे ॥ १२ ॥
ॐ गरुडो वनितापुत्रो नागलक्ष्मीं महाबलः ।
तेण मुच्चंति मुसा, तेण मुच्चंति पन्नगा ॥ १३ ॥
तुह नामसुद्धमंतं, जो नर जवइ सुद्धभावेण ।
सो अयरामर ठाणं, पावइ न य दोग्गइं दुक्खं ॥ १४ ॥
(ॐ) पंडु भगंदर दाहं, कासं सासं च सूलमाइणि ।
पासप्पहुभावेण, नासंति सयल रोगाइं ह्रीँ स्वाहा ॥ १५ ॥

(ॐ)विसहर दावानल, साइणि वेयालमारि आयंका।
सिरिनीलकंठपासस्स, सरणमित्तेण नासंति ॥१६॥
पन्नासं गोपीडां, कुरग्गहदंसणं भयं काये।
आवीइ न हुंति एए, तहवि तिसंज्झं गुणिज्जासु ॥१७॥
पीडजत भगंदर, कास सास सूल तह निव्वाहं।
सिरिसामलपास महंत नाम-पउर-पऊलेण ॥१८॥
ॐ ह्रीँ श्रीँ
पासधरणसंजुत्तं, विसहरविज्जां जवेइ सुद्धमणेण।
पावइ इच्छियसुहं, 'ॐ ह्रीँ श्रीँ क्ष्म्ल्व्यूँ स्वाहा' ॥१९॥
रोगजलजलण विसहर,-चोरारिमइंदगयरणभयाइ।
पासजिणनाम संकित्तणेण, पसमंति सव्वाइं ह्रीँ
स्वाहा ॥२०॥
ॐ जयउ धरणिंद नमंसिय
पउमावइ पमुह निसेविया पाया।
ॐ क्लीँ ह्रीँ महासिद्धि, करेइ पास जगनाहो ॥२१॥
त नमह पासनाहं, धरणिंदनमंसियं दुहं पणासेइ।
जस्स पभावेण सया, नासंति सयलदुरियाइ ॥२२॥
[ॐ ह्रीँ श्रीँ तं नमः पासनाहं,
ॐ ह्रीँ श्रीँ धरणिंदनमंसियं दुह पणासेइ।
ॐ ह्रीँ श्रीँ जस्स पभावेण सया,
ॐ ह्रीँ श्रीँ नासंति सयलदुरियाहं ॥२२॥]

एए समरंताणं मणे, न दुहवाहि न तं महादुक्खं ।
नामपि मंतसम्मं, पयडं नत्थि त्थ संदेहो ॥२३॥

[ॐ ह्रीँ श्रीँ एए समरंताणं मणे,
ॐ ह्रीँ श्रीँ न होइ वाहि न तं महादुक्खं ।
ॐ ह्रीँ श्रीँ नामंपि मंतसमं,
ॐ ह्रीँ श्रीँ पयडं नत्थित्थ संदेहो ॥२२॥]

जलजलणभय तह सप्पं, सीह चोरारि संभवे वि अप्पं ।
जो समरेइ पासपहुं, पहवइ न कयावि किंचि तस्स ॥२४॥

[ॐ ह्रीँ श्रीँ जलजलणभय तह सप्पं,
ॐ ह्रीँ श्रीँ सीहचोरारि संभवे वि अप्पं ।
ॐ ह्रीँ श्रीँ जो समरेइ पासपहुं,
ॐ ह्रीँ श्रीँ पहवइ न कयावि किंचि तस्स ॥२४॥]

इअलोगट्ठि परलोगट्ठि, जो समरेइ पासनाहं तु ।
तत्तो सिज्झेइ खिप्पं, इह नाहं सरह भगवंतं ॥२५॥

[ॐ ह्रीँ श्रीँ क्लीँ ह्रीँ
इअलोगट्ठि पर लोगट्ठि,
ॐ ह्री श्रीँ जो समरेइ पासनाहं तु ।
ॐ ह्राँ ह्रीँ ह्रः हुँ गाँ गीँ गुँ गः
तत्तो सिज्झेइ खिप्पं,
इह नाहं सरह भगवंतं ॥२५॥]

ૐ હ્રીઁ શ્રીઁ ક્લીઁ ગ્રાઁ ગ્રીઁ ગ્રૂઁ ગ્રૈં ક્લીઁ ક્લીઁ ।
કલિકુંડ સ્વામિને નમો નમઃ ॥૨૬॥
ઇઅ સંથુઓ મહાયસ, ભત્તિબ્ભરનિબ્ભરેણ હિયએણ ।
તા દેવ દિજ્જ બોહિં, ભવે ભવે પાસજિણચંદ ! ॥૨૭॥

આ સ્તોત્રમાં તેરમી, પંદરમી, સોળમી, ઓગણીસમી, એકવીશમી તથા છવ્વીસમી ગાથા નવી છે. તેનો અર્થ આ પ્રમાણે સમજવો :

તેરમી ગાથાનો અર્થ

'ૐ ગરુડો વનિતાપુત્રો નાગલક્ષ્મીં મહાબલઃ ।' એ નામનો એક મંત્ર છે. તેનો પ્રયોગ કરવાથી ઊંદરો તથા સાપ દૂર ભાગી જાય છે.

પંદરમી ગાથાનો અર્થ

પાંડુ, ભગંદર, દાહ, ખાંસી, શ્વાસ, શૂલ આદિ તમામ રોગો શ્રી પાર્શ્વનાથ પ્રભુના પ્રભાવથી નાશ પામે છે. 'હ્રીઁ સ્વાહા' એ એક પ્રકારનું પલ્લવ છે, એટલે કે મંત્રાક્ષરોને છેડે આવનાર વિશિષ્ટ પદો છે.

સોળમી ગાથાનો અર્થ

શ્રી નીલકંઠ પાર્શ્વનાથ પ્રભુના સ્મરણ માત્રથી સાપ, દાવાનલ, શાકિની, વેતાલ, મારી–મહામારી તથા રોગો દૂર ભાગે છે.

ઓગણીસમી ગાથાનો અર્થ

શ્રી પાર્શ્વનાથ ભગવાન અને ધરણેંદ્ર નાગરાજના નામથી

સંયુક્ત એવી વિષધર વિદ્યાનો જે કોઈ શુદ્ધ મને જાપ કરે છે, તે ઇચ્છિત સુખને પામે છે. નીચેનો મંત્ર એ પ્રકારનો છે :

'ॐ ह्रीँ श्रीँ क्ष्म्ल्व्र्यूँ स्वाहा ।।'

એકવીશમી ગાથાનો અર્થ

જેમને શ્રી ધરણેંદ્ર નમેલા છે તથા જેમના ચરણકમળ પદ્માવતી આદિ અન્ય દેવીઓએ વિશેષ પ્રકારે સેવેલા છે, તે જગતના નાથ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ॐ क्लीँ ह्रीँ એ મંત્ર-જપ વડે મહાસિદ્ધિ આપે છે.

છવ્વીસમી ગાથાનો અર્થ

આ પાઠ એક ગાથા તરીકે બોલાય છે, પણ વાસ્તવમાં એ કલિકુંડ પાર્શ્વનાથનો મંત્ર છે.

શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં વિવિધ નામો અસ્તિત્વમાં આવેલાં છે. શ્રી કલિકુંડ પાર્શ્વનાથ એ તેમાંનું જ એક નામ છે. તેનો સંબંધ અમે બીજા પ્રકરણમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુના સંક્ષિપ્ત ચરિત્રમાં દર્શાવેલો છે.

દક્ષિણ દેશમાં દિગમ્બર સંપ્રદાયમાં શ્રી કલિકુંડ પાર્શ્વનાથની આરાધના વિશેષ પ્રમાણમાં થાય છે. તેનાં ખાસ વિધાનો '**વિદ્યાનુશાસન**' આદિ ગ્રંથોમાં દર્શાવેલાં છે.

એકવીશમી ગાથા પછીનો પાઠ અન્ય રીતે પણ બોલાય છે, તે મોટા કૌંસમાં દર્શાવેલો છે.

[૨૭]

ઉપસંહાર

શ્રી પાર્શ્વનાથ પ્રભુના મંત્રો, યંત્રો અને સ્તોત્રો ઘણા છે. એક મહાવિદ્વાન્ જીવનભર અભ્યાસ કરે તો પણ એ સામગ્રી ખૂટે એમ નથી, એટલે સામાન્ય મનુષ્યનું તો એમાં ગજું જ શું ? આ સંયોગોમાં આપણે ઉવસગ્ગહરં સ્તોત્રને એક મહાપ્રાભાવિક સ્તોત્ર માની તેનું નિત્ય-નિયમિત સ્મરણ કરીએ, એ જ હિતાવહ છે.

જો આ સ્તોત્ર શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા કે છબીની સામે ગણાય તો શીઘ્ર ફળ આપે છે, પરંતુ એ રીતે ગણના કરતાં પહેલાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની વાસક્ષેપ તથા શ્વેત પુષ્પવડે પૂજા કરવી અને આપણી ડાબી બાજુએ દીપક અને જમણી બાજુએ ધૂપ રહે એ રીતે દીપ અને ધૂપની વ્યવસ્થા રાખવી. અહીં ધૂપથી સુગંધી અગરબત્તી સમજવી.

આ રીતે નિત્ય આ સ્તોત્રની ૧૦૮ ગણના કરતાં વિપત્તિઓનાં વાદળ વિખરાઈ જાય છે, ધંધા-રોજગારમાં બરકત એટલે લાભ થાય છે અને લક્ષ્મી તથા કીર્તિ દિન-પ્રતિદિન વધતાં જાય છે. વળી તેનાથી મનને અદ્‌ભુત શાંતવન

સાંપડે છે, એટલે કે ભય, ચિંતા, ખેદ આદિનો અનુભવ થતો નથી.

ઉવસગ્ગહરં સ્તોત્ર અંગે અમારા કેટલાક અનુભવો આ ગ્રંથમાં વર્ણવ્યા છે, તે ધ્યાનપૂર્વક વાંચી જવાથી આરાધક આત્માઓનો ઉત્સાહ વૃદ્ધિ પામશે અને તેમને એક નવું જ બળ પ્રાપ્ત થશે, એમ અમારું માનવું છે.

આ ગ્રંથમાં જે યંત્રો–મંત્રો આપ્યા છે, તે આપણી વિહિત પરંપરાને અનુસરીને આપ્યા છે. તે બધાનો અનુભવ લઈ શકાયો નથી, પણ જેણે અનુભવ લીધો છે, તેને લાભ થયો છે, એટલે આવશ્યકતા અનુસાર તેનો ઉપયોગ કરવો, પરંતુ તે માટે પ્રથમ સદ્‌ગુરુ પાસેથી કે કોઈ અનુભવી પ્રામાણિક વ્યક્તિ પાસેથી તે અંગે યોગ્ય માર્ગદર્શન મેળવી લેવું.

ઘણા મંત્રો જપનારને કોઈ મંત્ર સિદ્ધ થતો નથી, એ વસ્તુ લક્ષ્યમાં રાખીને જે મંત્ર આપણને સહુથી વધારે ઇષ્ટ લાગે અને જેમાં હાર્દિક ભક્તિ જાગે, તેનો જ જપ કરવો અને કોઈ પણ સંયોગોમાં તેને જ વળગી રહેવું.

દરેક રીતે હતાશ થયેલા અને નાશ પામવાની અણી ઉપર આવેલા મનુષ્યો પણ આ સ્તોત્રનું સતત સ્મરણ કરવાથી આશાવંત બન્યા છે અને પોતાનું જીવન ઉજ્જવલ બનાવી શકયા છે, એટલે આ સ્તોત્રના સ્મરણમાં કદી આળસ કે ઉપેક્ષા કરવી નહિ.

શ્રી જિનશાસન આવી ઉત્તમ વસ્તુઓથી જયવંતુ છે અને સદા જયવંતુ રહેશે.

સર્વેનું કલ્યાણ થાઓ.

પરિશિષ્ટ

[૧]

ઉપસર્ગહરસ્તોત્રની પાદપૂર્તિરૂપ શ્રીપાર્શ્વનાથસ્તોત્ર

[આ સ્તોત્રમાં ઉવસગ્ગહરં સ્તોત્રનાં દરેક ચરણને એક એક ગાથામાં તેના ક્રમે ગુંથેલું છે. તેના રચયિતા શ્રી તેજસાગરજી છે.]

શ્રી ગુરુભ્યો નમઃ ।

उवसग्गहरं पासं, वंदिअ नंदिअ गुणाण आवासं ।
महसुरसूरिं सूरिं, थोसं दोसं विमुत्तूणं ॥ १ ॥
जह महमहिममहग्घं, पासं वंदामि कम्मघणमुक्कं ।
तह मह गुरुकमजुअलं, थोसामि सुसामि मिच्चुव्व ॥ २ ॥
संसारसारभूअं, कामं नामं धरंति निअहिअए ।
विसहरविसनिन्नासं, धन्ना पुन्ना लहंति सुहं ॥ ३ ॥
सारयससिसंकासं, वयणं नयणुप्पलेहिं वरभासं ।
कुणइ कुकम्मविणासं, मंगलकल्लाणआवासं ॥ ४ ॥

विसहरफुलिंगमंतं, कुग्गहगहगहिअविहिअपुव्वत्तं ।
कुवलयकुवलयकंतं, मुहं सुहं दिसउ अच्चंतं ॥५॥
गुरुगुरुगुणमणिमालं, (जुअलं)
कंठे धारेइ जो सया मणुओ ।
सो सुहगो दुहगो णो, सिवं वरइ हरइ दुहदाहं ॥६॥
गुरुपायं गुरुपायं, गयरायगइं हु नमइ गयरायं ।
तस्स गह-रोग-मारी-सुदुट्ठकुट्ठा न पहवंति ॥७॥
भूवालभालमउड-ट्ठिअमणिमालामऊहसुइपायं ।
जो नमइ तस्स निच्चं, दुट्ठजरा जंति उवसामं ॥८॥
चिट्ठउ दूरे मंतो, तुह संतो मज्झ तुज्झ भत्तीए ।
सव्वमपुव्वं सिज्झइ, झिज्झइ पावं भवारावं ॥९॥
अहवा दूरे भत्ती, तुज्झ पणामो वि बहुफलो होइ ।
संसारपारकरणे, सुजाणवत्तु (त्तं) व्व जाणाहि ॥१०॥
दंसणदंसणद तव, दंसणयं लद्धु (द्धूण) सुद्धबुद्धीए ।
नरतिरिएसु वि जीवा, गमणं भमणं व (च) न लहंति ॥११॥
गुरुमाणं गुरुमाणं, गुरुमाणं जे हु दिंति सुगुरूणं ।
ते दुहभवणे भवणे, पावंति न दुक्खदोगच्चं ॥१२॥
तुह सम्मत्ते लद्धे, लद्धं सिद्धीइ सुद्धमुद्धा णं ।
रयणे रयणे पत्ते, जहु सुलहा रिद्धिसंपत्ती ॥१३॥
सुहवरणे तुह चरणे, चिंतामणि-कप्पपायवब्भहिए ।
लद्धे सिद्धिसमिद्धे, लद्धममुद्धं तिजयसारं ॥१४॥

सामी ! कामियदायं, नच्चा सुच्चा जिआ तुमं पत्ता ।
पावंति अविग्घेणं, सिग्घमहग्घं कुसलवग्गं ॥१५॥

तिव्वायरेण भव्वा, तुह मुहकमलाउलेहि असम्मत्ता ।
पावंति पापहीणा, जीवा अयरामरं ठाणं ॥१६॥

इय संथुओ महायस !,
नियजसकरपयरपाविअसुसोम ? ।
नियमइणो अणुसारा, सारगुणा ते सरंतेण ॥१७॥

तुह सुहपयगयचित्तेण, भत्तिब्भरनिब्भरेण हियएण ।
अह देहि मे हिअकरं, सुचरणसरणं निरावरणं ॥१८॥
(जुअलं)

बहुरम्मधम्मदेसण—सुणणे थुणणे वि दुलह सम्मत्तो ।
ता देव ! दिज्ज बोहिं, सोहिं को हिंडइ भवंमि ? ॥१९॥

एवं सेवंतेणं, तुह सुहगुणकित्तणं मए विहिअं ।
ता देसु मे सुकुसलं, भवे भवे पास जिणचंद ! ॥२०॥

इअ थुओ सुहओ गुणसंजुओ
ससिगणंवरसुंदरथावणो ।
स उवसग्गहरस्स दलेहि सो
दिसउ तेअसुसायरसंपयं ॥२१॥
(द्रुतविलम्बितम्)

पंचपरमिट्ठि थुत्तं

(उवसग्गहरपायपुत्तिरूवं)

રચયિતા : પ. પૂ. આચાર્ય શ્રી વિજયધર્મધુરંધર સૂરીશ્વરજી મ૦
રચનાસમય વિ. સં. ૨૦૨૩

(૧)

पणमामि तमरिहंतं, पसमियपच्चूहवूहदुट्ठत्तं ।
सिवपयपरमुल्लासं, मंगलकल्लाणआवासं ॥ १ ॥

(૨)

हुज्जउ सिद्धा सरणं, जेहि विणासियमणंतगइमरणं ।
जेसिं झाणा कामं, दुट्ठजरा जंति उवसामं ॥ २ ॥

(૩)

आयरियाणं पाए, पडेमि आयारसुद्धिमिच्छंतो ।
जमणुसरिया सच्चं, पावंति ण दुक्खदोगुच्चं ॥ ३ ॥

(૪)

झाएमि उवज्झाए, जे संसत्ता सया वि सज्झाए ।
जंति जओ अणिदाणं, जीवा अयरामरं ठाणं ॥ ४ ॥

(૫)

जइ अहिलसह मुणित्तं,
दिसउ तइ भे सुणह स्मणिज्जमिगचित्तं ।
हियये धरह अमंदं, भवे भवे पासजिणचंदं ॥ ५ ॥

[૩]

એકસો આઠ નામગર્ભિત

શ્રીપાર્શ્વનાથસ્તોત્ર

શ્રી પાર્શ્વઃ પાતુ વો નિત્યં, જિનઃ પરમશંકરઃ ।
નાથઃ પરમશક્તિશ્ચ, શરણ્યઃ સર્વકામદઃ ॥ ૧ ॥
સર્વવિઘ્નહરસ્વામી, સર્વસિદ્ધિપ્રદાયકઃ ।
સર્વસત્ત્વહિતો યોગી, શ્રીકરઃ પરમાર્થદઃ ॥ ૨ ॥
દેવદેવઃ સ્વયંસિદ્ધશ્ચિદાનન્દમયઃ શિવઃ ।
પરમાત્મા પરબ્રહ્મ, પરમઃ પરમેશ્વરઃ ॥ ૩ ॥
જગન્નાથઃ સુરજ્યેષ્ઠો, ભૂતેશઃ પુરુષોત્તમઃ ।
સુરેન્દ્રો નિત્યધર્મશ્ચ, શ્રીનિવાસઃ સુધાર્ણવઃ ॥ ૪ ॥
સર્વજ્ઞઃ સર્વદેવેશઃ, સર્વગઃ સર્વતોમુખઃ ।
સર્વાત્મા સર્વદર્શી ચ, સર્વવ્યાપી જગદ્ગુરુઃ ॥ ૫ ॥
તત્ત્વમૂર્તિઃ પરાદિત્યઃ, પરબ્રહ્મપ્રકાશકઃ ।
પરમેન્દુ પરપ્રાણઃ, પરમામૃતસિદ્ધિદઃ ॥ ૬ ॥
અજઃ સનાતનઃ શમ્ભુરીશ્વરશ્ચ સદાશિવઃ ।
વિશ્વેશ્વરઃ પ્રમોદાત્મા, ક્ષેત્રાધીશઃ શુભપ્રદઃ ॥ ૭ ॥
સાકારશ્ચ નિરાકારઃ, સકલો નિષ્કલોઽવ્યયઃ ।
નિર્મમો નિર્વિકારશ્ચ, નિર્વિકલ્પો નિરામયઃ ॥ ૮ ॥
અમરશ્ચાજરોઽનન્ત, એકોઽનેકઃ શિવાત્મકઃ ।
અલક્ષ્યશ્ચાપ્રમેયશ્ચ, ધ્યાનલક્ષ્યો નિરઞ્જનઃ ॥ ૯ ॥

ॐकाराकृतिरव्यक्तो, व्यक्तरूपस्त्रयीमयः ।
ब्रह्मद्वयप्रकाशात्मा, निर्भयः परमाक्षरः ॥१०॥
दिव्यतेजोमयः शान्तः, परामृतमयोऽच्युतः ।
आद्योऽनाद्यः परेशानः, परमेष्ठी परःपुमान् ॥११॥
शुद्धस्फटिकसंकाशः, स्वयंभूः परमाच्युतः ।
व्योमाकारस्वरूपश्च, लोकाऽलोकावभासकः ॥१२॥
ज्ञानात्मा परमानन्दः, प्राणारूढो मनःस्थितिः ।
मनः साध्यो मनोध्येयो, मनोदृश्यः परापरः ॥१३॥
सर्वतीर्थमयो नित्यः सर्वदेवमयः प्रभुः ।
भगवान् सर्वसत्त्वेशः, शिवश्री सौख्यदायकः ॥१४॥
इतिश्रीपार्श्वनाथस्य, सर्वज्ञस्य जगद्गुरोः ।
दिव्यमष्टोत्तरं नाम, शतमत्र प्रकीर्तितम् ॥१५॥
पवित्रं परमं ध्येयं, परमानन्ददायकम् ।
भुक्तिमुक्तिप्रदं नित्यं, पठतां मंगलप्रदम् ॥१६॥

૧ શ્રી પાર્શ્વ
૨ જિન
૩ પરમ શંકર
૪ નાથ
૫ પરમ શક્તિ
૬ શરણ્ય
૭ સર્વકામદ
૮ સર્વવિઘ્નહર
૯ સ્વામી
૧૦ સર્વસિદ્ધિપ્રદાયક
૧૧ સર્વસત્ત્વહિત
૧૨ યોગી
૧૩ શ્રીકર
૧૪ પરમાર્થદ

૧૫ દેવદેવ
૧૬ સ્વયંસિદ્ધ
૧૭ ચિદાનન્દમય
૧૮ શિવ
૧૯ પરમાત્મા
૨૦ પરમબ્રહ્મ
૨૧ પરમ
૨૨ પરમેશ્વર
૨૩ જગન્નાથ
૨૪ સુરજ્યેષ્ઠ
૨૫ ભૂતેશ
૨૬ પુરુષોત્તમ
૨૭ સુરેન્દ્ર
૨૮ નિત્યધર્મ
૨૯ શ્રી નિવાસ
૩૦ સુધાર્ણવ
૩૧ સર્વજ્ઞ
૩૨ સર્વદેવેશ
૩૩ સર્વગ
૩૪ સર્વતોમુખ
૩૫ સર્વાત્મા
૩૬ સર્વદર્શી
૩૭ સર્વવ્યાપી
૩૮ જગદ્ગુરુ
૩૯ તત્ત્વમૂર્તિ
૪૦ પરાદિત્ય
૪૧ પરબ્રહ્મપ્રકાશક
૪૨ પરમેન્દુ
૪૩ પરપ્રાણ
૪૪ પરમામૃતસિદ્ધિદ
૪૫ અજ
૪૬ સનાતન
૪૭ શંભુ
૪૮ ઈશ્વર
૪૯ સદાશિવ
૫૦ વિશ્વેશ્વર
૫૧ પ્રમોદાત્મા
૫૨ ક્ષેત્રાધીશ
૫૩ શુભપ્રદ
૫૪ સાકાર
૫૫ નિરાકાર
૫૬ સકલ
૫૭ નિષ્કલ
૫૮ અવ્યય
૫૯ નિર્મમ
૬૦ નિર્વિકાર
૬૧ નિર્વિકલ્પ
૬૨ નિરામય

૬૩ અમર
૬૪ અજર
૬૫ અનન્ત
૬૬ એક
૬૭ અનેક
૬૮ શિવાત્મક
૬૯ અલક્ષ્ય
૭૦ અપ્રમેય
૭૧ ધ્યાનલક્ષ્ય
૭૨ નિરંજન
૭૩ ઉંકારાકૃતિ
૭૪ અવ્યક્ત
૭૫ વ્યક્તરૂપ
૭૬ ત્રયીમય
૭૭ બ્રહ્માદ્વય પ્રકાશાત્મા
૭૮ નિર્ભય
૭૯ પરમાક્ષર
૮૦ દિવ્ય તેજોમય
૮૧ શાન્ત
૮૨ પરામૃતમય
૮૩ અચ્યુત
૮૪ આદ્ય
૮૫ અનાદ્ય
૮૬ પરેશાન
૮૭ પરમેષ્ઠી
૮૮ પરઃપુમાન્
૮૯ શુદ્ધસ્ફટિકસંકાશ
૯૦ સ્વયંભૂ
૯૧ પરમાચ્યુત
૯૨ વ્યોમાકારસ્વરૂપ
૯૩ લોકાડલોકાવભાસક
૯૪ જ્ઞાનાત્મા
૯૫ પરમાનન્દ
૯૬ પ્રાણારૂઢ
૯૭ મનઃસ્થિતિ
૯૮ મનઃસાધ્ય
૯૯ મનોધ્યેય
૧૦૦ મનોદૃશ્ય
૧૦૧ પરાપર
૧૦૨ સર્વતીર્થમય
૧૦૩ નિત્ય
૧૦૪ સર્વદેવમય
૧૦૫ પ્રભુ
૧૦૬ ભગવાન્
૧૦૭ સર્વતત્ત્વેશ
૧૦૮ શિવશ્રીસૌખ્યદાયક

સર્વજ્ઞ અને જગદ્‌ગુરુ એવા શ્રી પાર્શ્વનાથનાં ૧૦૮ દિવ્ય નામો અહીં કહેવામાં આવ્યાં છે. આ નામો પવિત્ર છે, શ્રેષ્ઠ છે, ચિંતવવા યોગ્ય છે તથા પરમ આનંદના દેનારાં છે. જેઓ તેનો નિત્ય પાઠ કરે છે, તેને આ નામો ભુક્તિ અને મુક્તિ દેનારાં છે તથા સર્વ પ્રકારનું મંગલ કરનારાં છે.

[૪]

શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં વિદ્યમાન મુખ્ય તીર્થો

પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં જે તીર્થો આજે વિદ્યમાન છે અને જેની યાત્રા ખાસ કરવા જેવી છે, તેની નોંધ અહીં આપવામાં આવી છે. આરાધક આત્માઓને એ અતિ ઉપયોગી થશે, એમ અમારું માનવું છે. એ નોંધ અહીં અકારાદિ ક્રમે આપવામાં આવી છે.

[૧]

શ્રી અજારા પાર્શ્વનાથ

સૌરાષ્ટ્રની ભૂમિ અનેક જૈન તીર્થોથી વિભૂષિત છે. તેમાં (૧) દીવ, (૨) ઊના, (૩) અજારા, (૪) પ્રભાસપાટણ અને (૫) દેલવાડાની પંચતીર્થીનો સમાવેશ થાય છે. આ પંચતીર્થીમાં શ્રી અજારા પાર્શ્વનાથની મુખ્યતા છે.

એક કાલે અહીં મોટું નગર વસેલું હતું અને તે જૈનોનું મહત્ત્વનું કેન્દ્ર હતું. તેમાં શ્રી જિનેશ્વરદેવનાં અનેક

મંદિરો શોભી રહ્યાં હતાં. આ નગરની ઉત્પત્તિ વિષે કહેવાય છે કે અતિ પ્રાચીનકાલમાં રઘુકુલના અજયપાલ નામના રાજાને જ્યારે અનેક રોગોએ ઘેરી લીધા, ત્યારે તેનું નિવારણ શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાના ન્હવણજળથી થયું હતું. એ ઉપકારથી દબાયેલા રાજાએ અહીં અજયનગર નામનું એક ભવ્ય નગર વસાવ્યું અને તેમાં કલામય સુંદર જિનમંદિર બાંધી ઉક્ત પ્રતિમાની સ્થાપના કરી. અનુક્રમે તે નગર અજાહરા કે અજારા તરીકે ઓળખાવા લાગ્યું. આજે તો એ સ્થળે માત્ર એક નાનું ગામડું છે અને તેમાં જૈનોની વસ્તી નથી. આ તીર્થની સઘળી વ્યવસ્થા ઊનાનો શ્રીસંઘ કરે છે. યાત્રાળુઓ મોટા ભાગે ઊનાથી જ અજારા જાય છે.

અહીંના ઉજ્જડ પ્રદેશમાંથી ૧૫૦ જેટલી પ્રાચીન મૂર્તિઓ મળી આવી છે અને હજી બીજી મૂર્તિઓ ખંડિત-અખંડિત દશામાં મળતી જ રહે છે. શ્રી વિનયપ્રભ ઉપાધ્યાયે રચેલી તીર્થમાળામાં અહીંના શ્રી પાર્શ્વનાથ મંદિરની નોંધ કરેલી છે.

આજે અહીં શિખરબંધી ભવ્ય મંદિર મૌજુદ છે. તેમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની વેળુની બનેલી પ્રાચીન મૂર્તિ વિરાજે છે. તેના ઉપર લાલ લેપ કરેલો છે. મૂળ ગભારામાં બંને પડખે કાઉસગ્ગીયા મૂર્તિઓ છે, તે અહીંના ચોરાની જમીન ખોદતાં મળી આવેલી છે.

મંદિરની ચારે દિશા અને ખૂણામાં શ્રી આનંદવિમલસૂરિ, શ્રી વિજયદાનસૂરિ, શ્રી હીરવિજયસૂરિ, શ્રી વિજયસેનસૂરિ,

શ્રી મોહનસૂરિ, શ્રી તત્ત્વકુશલમુનિ અને ઉપાધ્યાય શ્રી વિદ્યાસાગર મહારાજની પાદુકાઓ પ્રતિષ્ઠિત છે. અહીંનું વાતાવરણ ઘણું શાંત અને આહ્લાદક છે.

[૨]

શ્રી અમીઝરા પાર્શ્વનાથ

મધ્ય પ્રદેશમાં મહુથી ૫૦ માઇલ દૂર અમીઝરા ગામમાં આવેલું શ્રી પાર્શ્વનાથ ભગવાનનું મંદિર તીર્થસ્વરૂપ છે.

અગાઉ અહીં રાઠોડોનું રાજ્ય હતું, ત્યારે એ કુંદનપુર નામે ઓળખાતું હતું. પરંતુ અહીંના રાજાએ અંગ્રેજો સામે માથું ઉચકતાં અંગ્રેજોએ તેને બેહાલ બનાવી મૂકયું હતું, પછી સિંધિયા નરેશના કબજામાં આવતાં ફરી આબાદ થયું અને કસબાતી શહેર બન્યું. તે શ્રી અમીઝરા પાર્શ્વનાથના ભવ્ય મંદિર પરથી અમીઝરા તરીકે ઓળખાવા લાગ્યું. તેની આસપાસનો જિલ્લો પણ અમીઝરા જીલ્લા તરીકે જ ઓળખાય છે.

શ્રી અમીઝરા પાર્શ્વનાથનું મંદિર ઘણું ભવ્ય છે અને તે શહેરના મધ્ય ભાગમાં આવેલું છે. તેમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનની ત્રણ હાથ મોટી શ્વેત મૂર્તિ બિરાજમાન છે. આ મૂર્તિ પરથી એક વાર લાગલગાટ ત્રણ દિવસ સુધી અમી ઝર્યું હતું, તેથી તે અમીઝરા પાર્શ્વનાથ તરીકે વિખ્યાત થયેલી છે.

કાવી પાસે ગંધારમાં, અમદાવાદ પાસે સાણંદમાં, તથા

ખેડામાં પણ શ્રી અમીઝરા પાર્શ્વનાથનાં ખાસ મંદિરો છે. આ નામની મૂર્તિઓ તો અનેક સ્થળે છે, જેમાં ગિરનાર પહાડ પર ભોંયરામાં આવેલી મૂર્તિ ઘણી ચમત્કારિક છે.

[૩]

શ્રી અહિચ્છત્રા પાર્શ્વનાથ

કુરુજાંગલ દેશમાં અહિચ્છત્રા નામે નગર આવેલું હતું. તેની પાર્શ્વતીર્થ તરીકે ભારે ખ્યાતિ હતી. એમ કહેવાય છે કે મેઘમાળીએ પાર્શ્વનાથ ભગવાનને જે સ્થાને ઉપસર્ગ કર્યો હતો અને જ્યાં ધરણેંદ્ર નાગરાજે આવીને તેમના માથે છત્ર ધર્યું હતું, તે સ્થાન અહિચ્છત્રા નામે પ્રસિદ્ધ થયું અને ત્યાં જે નગરી વસી તે અહિચ્છત્રા નામે ઓળખાવા લાગી. પુરાતત્ત્વવિદોના અભિપ્રાયથી ઉત્તર પ્રદેશના બરેલી જિલ્લામાં આવેલા એઓનાલા ગામથી ઉત્તરમાં ૮ માઈલ દૂર રામનગર શહેર છે. ત્યાંથી દક્ષિણમાં સાડાત્રણ માઈલના ઘેરાવામાં જે ખંડેરો પડેલાં છે, તે જ પ્રાચીન કાલની અહિચ્છત્રા નગરી છે.

અહીંથી થોડે દૂર કટારીખેડા નામની જગા છે, ત્યાંથી કેટલીક જૈન મૂર્તિઓ અને સ્તૂપો મળી આવ્યાં છે. ત્યાં આજે ઈંટનું બનાવેલું એક નાનું જૈન મંદિર છે, પરંતુ જૈન સંઘે આ સ્થાનનું ઐતિહાસિક મહત્ત્વ પિછાણી ત્યાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ભવ્ય મંદિર નિર્માણ કરવું જોઈએ તથા ત્યાં યાત્રાળુઓનું આગમન થતું રહે એવી વ્યવસ્થા પણ કરવી જોઈએ.

[૪]

શ્રી અવંતિ પાર્શ્વનાથ

મધ્ય પ્રદેશના ઉજ્જૈન શહેરમાં શ્રી અવંતિ પાર્શ્વનાથનું ભવ્ય મંદિર આવેલું છે. તેમાં શ્રી અવંતિ પાર્શ્વનાથની અતિ પ્રાચીન મૂર્તિ વિરાજે છે, તેથી તેની ગણના તીર્થમાં થાય છે.

શ્રી અવંતિ સુકુમાલે શ્રી આર્યસુહસ્તિ મહારાજ પાસે દીક્ષા લીધા પછી તરત જ અનશનની રજા માગી અને કંથેરીના વનમાં જઈ અનશન શરૂ કર્યું તથા પોતે કાયોત્સર્ગાવસ્થાએ ઊભા રહ્યા. એ વખતે તેમના પગમાં કંથેરીનો કાંટો વાગવાથી લોહી નીકળ્યું હતું, તેની વાસથી એક શિયાળણ પોતાના બચ્ચાં સાથે ત્યાં આવી પહોંચી. તેણે મુનિવરના શરીરને કરડવા માંડયું, છતાં તેઓ ધ્યાનથી ચળ્યા નહિ. એમ કરતાં તેમનું આખું શરીર પેલી શિયાળણ તથા તેનાં બચ્ચાંઓ ખાઈ ગયાં. આ સ્થળે તેમની સ્મૃતિમાં એક ભવ્ય મંદિર બંધાયું હતું અને તેમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ પ્રતિષ્ઠિત કરવામાં આવી હતી, તે શ્રી અવંતિ પાર્શ્વનાથના નામે વિખ્યાત થઈ હતી. કાલાંતરે એ સ્થાન અન્ય લોકોના હાથમાં ગયું અને ત્યાં મહાદેવની પિંડીકા બેસાડવામાં આવી. પરંતુ શ્રી સિદ્ધસેનદિવાકર સૂરિજીએ કલ્યાણમંદિરસ્તોત્રની રચના કરતાં અગિયારમા શ્લોકે મહાદેવની એ પિંડીકા ફાટી અને તેમાંથી ધરણેન્દ્રસહિત શ્રી અવંતિ પાર્શ્વનાથની મૂર્તિ પ્રગટ થઈ. આથી તેનો મહિમા ચારે બાજુ વિસ્તર્યો.

આ મંદિર ક્ષિપ્રા નદીના કિનારે આવેલું હતું, પણ આજનું મંદિર શહેરની મધ્યમાં આવેલું છે, એટલે એમ લાગે છે કે કાલાંતરે એ મંદિરનો ધ્વંશ થયો હશે અને તેમાંની ચમત્કારિક મૂર્તિને શહેરમાં લાવીને આ મંદિરમાં પ્રતિષ્ઠિત કરી હશે.

ઉજ્જૈનની સાથે જૈન ઇતિહાસનાં અનેક સુવર્ણપૃષ્ઠો જોડાયેલાં છે, એટલે આ સ્થાનની યાત્રા કરતાં એ પૃષ્ઠો તાજાં થાય છે અને પુનરુત્થાનની પવિત્ર પ્રેરણા કરી જાય છે.

[૫]

શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ

શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં વર્તમાન સર્વ તીર્થોમાં શ્રી શંખેશ્વર અને શ્રી અંતરીક્ષજી અગ્રગણ્ય સ્થાન ભોગવે છે. અન્ય શબ્દોમાં કહીએ તો આજે પણ આ બંને તીર્થોમાં અવારનવાર ચમત્કારિક ઘટનાઓ બન્યા કરે છે અને તેથી ભક્તવર્ગનું તેના તરફ ભારે આકર્ષણ થાય છે.

વરાડ દેશ આજના મહારાષ્ટ્ર રાજ્યની અંતર્ગત છે. તેમાં આકોલાથી ૪૪ માઈલ દૂર સિરપુર નામનું ગામ છે, તેમાં આ તીર્થધામ આવેલું છે.

એક વાર લંકાપતિ રાવણે પોતાના માલી અને સુમાલી નામના બે વિદ્યાધરોને કોઈ અગત્યનું કામ સોંપ્યું, એટલે તેઓ વિમાનમાં સવાર થઈને ઉડવા લાગ્યા. એમ કરતાં મધ્યાહ્ન વેળા થઈ, એટલે તેમણે વિમાનને નીચે ઉતાર્યું. તે

વખતે તેમની સાથે રહેલા સેવકને યાદ આવ્યું કે જિનમૂર્તિ તો ઘેર રહી ગઈ છે અને મારા સ્વામી તેની પૂજા કર્યા વિના ભોજન કરશે નહિ, એટલે છાણ અને વેળુની મૂર્તિ નિપજાવી. માલી-સુમાલીએ તેનું પૂજન કર્યા પછી ભોજન લીધું અને આગળ જતાં પહેલાં એ મૂર્તિ પાસેના જલાશયમાં પધરાવી દીધી. અધિષ્ઠાયક દેવે આ મૂર્તિને અખંડિત રાખી.

આ વાતને તો હજારો વર્ષ વીતી ગયાં. તે પછી વિક્રમની બારમી સદીમાં બીંગલપુરનો રાજા શ્રીપાળ ફરતો ફરતો ત્યાં આવ્યો અને તૃષાતાર થયેલો હોવાથી તેણે એ જલાશયના જળવડે હાથ-પગ-મોં ધોઈને યથેચ્છ જળ પીધું. પછી તે પોતાના નગરમાં પાછો ફર્યો. રાત્રે તેને ઘસઘસાટ ઊંઘ આવી ગઈ.

હવે બન્યું હતું એવું કે પૂર્વકર્મના ઉદયથી આ રાજાના આખા શરીરે કોઢ થયો હતો અને અનેક વૈદ્યો, મંત્રવાદીઓ, તંત્રવાદીઓ, ગારુડીઓ વગેરેએ ઉપચાર કરવા છતાં તે મટ્યો ન હતો. એટલું જ નહિ પણ તેના શરીરમાં ભારે બેચેની રહેતી હતી અને નિદ્રા પણ બરાબર આવતી ન હતી.

આ સ્થિતિ-સંયોગમાં રાજાને ભર ઊંઘમાં જોઈ રાણી આશ્ચર્ય પામી તથા રાજાના હાથ, પગ, મોં વગેરે રોગરહિત જોઈ અતિ પ્રસન્ન થઈ.

બીજા દિવસે રાજા-રાણી પોતાના સેવકો સાથે એ

જલાશય પર ગયાં, ત્યાં રાજાએ સર્વાંગસ્નાન કર્યું કે તેની આખીયે કાયા કંચનવરણી બની ગઈ. આથી સર્વ કોઈને આશ્ચર્ય થયું. પછી રાણીએ એ સ્થાનની પૂજા કરીને બલી–બાકળા ઉછાળવાપૂર્વક કહ્યું કે 'હે જળાશયના અધિષ્ઠાયક દેવો ! હે ક્ષેત્રદેવતાઓ ! તમે ગમે તે હો પણ મને દર્શન આપો.' અને રાજા–રાણી અન્નજળનો ત્યાગ કરી પ્રાર્થના કરતાં બેસી જ રહ્યાં. ત્રીજા ઉપવાસની રાત્રે સ્વપ્નમાં ક્ષેત્રદેવતાએ કહ્યું કે 'હે રાજન્ ! માલી અને સુમાલી નામના વિદ્યાધરોને માટે તેમના સેવકે બનાવેલું અને અહીં પધરાવેલું શ્રી પાર્શ્વનાથનું બિંબ આ જળમાં વિદ્યમાન છે. તેના પ્રભાવથી તારો કોઢ દૂર થયો છે. બીજા પણ અનેક પ્રકારના અસાધ્ય રોગો આ મૂર્તિના પ્રભાવે શમી જાય છે. હું નાગરાજ ધરણેન્દ્રનો સેવક છું અને તેમના હુકમથી અહીં રહીને સેવા કરું છું.'

તે પછી રાજાએ સ્વપ્નમાં એ પ્રતિમાની માગણી કરી અને આખરે ધરણેંદ્રે તેનો સ્વીકાર કર્યો તથા જણાવ્યું કે કમળનાલની ગાદલી બનાવી કાચા સૂતરના તાંતણે બાંધી તમે તેને કૂવામાં ઉતારજો, એટલે તેમાં હું પ્રતિમા મૂકીશ, પછી બહાર કાઢી કમળનાળીના રથમાં (ગાડામાં) પધરાવી સાત દિવસના ગાયના વાછરડા જોડી તમે આગળ ચાલજો. ગાડી તમારી પાછળ તમે જ્યાં જશો ત્યાં ચાલી આવશે, પણ તમે પાછળ જોશો નહિ. જે વખતે પાછળ જોશો કે તરત પ્રતિમાજી ત્યાં અટકી જશે. આ પંચમકાલમાં પણ

હે રાજન્ ! જે કોઈ પ્રાણી આ પ્રતિમાનું આરાધન કરશે, તેની સર્વ ઇચ્છાઓ અમે અંતરીક્ષમાં રહીને પૂરી કરીશું.'

પ્રાતઃકાલમાં રાજાએ નાગરાજના કહેવા મુજબ ભગવાનની પ્રતિમા પ્રાપ્ત કરી અને તેને નાલીના રથમાં બેસાડી સાત દિવસના વાછરડાઓ જોતર્યા તથા પોતે આગળ ચાલવા લાગ્યો. એમ કરતાં કેટલીક ભૂમિ ઓળંગી ગયા, ત્યારે રાજાને શંકા થતાં વાંકી નજરે જરા પાછળ જોયું, એટલે ભગવાન ત્યાં અટકી ગયા અને રથ નીચેથી નીકળી ગયો. ત્યાં વડલાનું ઝાડ હતું, તેની નીચે ભગવાન જમીનથી સાત હાથ ઊંચા રહ્યા. આથી રાજા આશ્ચર્ય પામ્યો અને ઘણો ખેદ કરવા લાગ્યો. ફરીને નાગેન્દ્રને સંભાર્યા, ત્યારે નાગેન્દ્રે કહ્યું કે 'ભાવિભાવ મિથ્યા થતો નથી. હવે અહીં જ ચૈત્ય બંધાવો. ભગવાન આગળ જશે નહિ.'

રાજાએ ત્યાં આગળ મંદિર બંધાવ્યું, પણ એથી રાજાને કંઈક અભિમાન આવતાં પ્રતિમાજીએ તેમાં પ્રવેશ કર્યો નહિ. છેવટે શ્રી અભયદેવસૂરિએ સં. ૧૧૪૨ના માહ સુદિ ૫ ને રવિવારે વિજય મુહૂર્તે ત્યાં પ્રતિષ્ઠા કરી અને તેનો મહિમા સારાયે ભારતવર્ષમાં પ્રસર્યો. વિક્રમની અઢારમી શતાબ્દીમાં શ્રી ભાવવિજયજી મહારાજે પોતાની ખોવાઈ ગયેલી ચક્ષુની રોશની આ પ્રતિમાના પ્રભાવથી પ્રાપ્ત કરી અને સં. ૧૭૧૫ ના ચૈત્ર સુદિ ૬ ને રવિવારે મંદિરને થોડું મોટું બનાવી પુનઃ પ્રતિષ્ઠા કરી.

હાલ નીચેથી એક અંગલૂંછણું પસાર થાય તેટલા

પ્રતિમાજી અદ્ધર રહે છે. દિગમ્બરોએ પણ આ તીર્થમાં પોતાની કેટલીક પ્રતિમાઓ બેસાડી છે અને એ રીતે પોતાનો હક્ક સાબીત કરવા પ્રયત્ન કર્યો છે, પણ તે અંગે રાજ્યના ફેંસલાઓ શ્વેતામ્બરોની તરફેણમાં છે.

આ તીર્થની યાત્રા દરેક જૈને અવશ્ય કરવા જેવી છે.

[૬]

શ્રી કરેડા પાર્શ્વનાથ

મેવાડની ભૂમિ અનેક જૈન તીર્થોથી વિભૂષિત છે. શ્રી કરેડા પાર્શ્વનાથ તેમાંનું એક છે. શિલાલેખમાં તેનો ઉલ્લેખ 'કરહેડા' તરીકે આવે છે, તો 'ગુર્વાવલિ'માં તેને 'કરહેટક' કહેવામાં આવ્યું છે. ઉદયપુર–ચિતોડ રેલ્વેના ભોપાલસાગર સ્ટેશનથી પોણો માઈલ દૂર આ તીર્થ આવેલું છે.

અહીં પ્રાચીન બાંધણીનું, શ્વેત પાષાણનું બાવન જિનાલય છે. તે મૂળ ગભારો, ગૂઢમંડપ, ચોકીઓ, ભમતીની દહેરીઓ, વિશાળ સભામંડપ, શૃંગાર ચોકી અને શિખર સાથેની રચનાવાળું છે. મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાન છે. તેમની મૂર્તિ શ્યામવરણી છે અને તેના ઉપર સં. ૧૬૫૬ નો લેખ છે. આ મૂર્તિ જીર્ણોદ્ધાર પ્રસંગે પ્રતિષ્ઠિત કરવામાં આવી હશે, એમ લોકોનું માનવું છે. અહીંના એક મંદિરમાં સં. ૧૩૨૬ના ચૈત્ર વદિ અમાવાસ્યા અને સોમવારનો લેખ મળી આવે છે.

'સુકૃતસાગર' ગ્રંથમાં લખ્યું છે કે 'માંડવગઢના

મહામંત્રી પેથડકુમારના પુત્ર ઝાંઝણકુમાર મોટા સંઘ સાથે તીર્થયાત્રાએ નીકળ્યા. શ્રી ધર્મઘોષસૂરિ આદિ અનેક સુરિપુંગવો તેની સાથે હતા. સંઘ અનેક તીર્થોની યાત્રા કરતો ચિતોડ આવ્યો અને ત્યાંના અનેક જિનમંદિરોનાં દર્શન કરી કરહેડા આવ્યો. ત્યાં ઉપસર્ગનું હરણ કરનારી શ્રી પાર્શ્વનાથ ભગવાનની સુંદર શ્યામવર્ણી મૂર્તિનાં દર્શન કર્યાં. સંઘપતિને તિલક કરવામાં આવ્યું, તે પછી સૂરિજીએ ઉપદેશ આપતાં સંઘપતિએ અહીંના નાના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને તેના પર સાત માળનું ભવ્ય મંદિર બંધાવ્યું.' પરંતુ આજે એ મંદિરમાં સાત માળ નથી, એટલે એ સાતમાળનું શું થયું ? તે વિચારવાનું રહે છે.

મુસલમાનોના આક્રમણથી બચવા આ મંદિરના એક ભાગ પર મસ્જીદ જેવો આકાર કરવામાં આવ્યો છે.

એમ કહેવાય છે કે જ્યારે આ મંદિર બંધાયું, ત્યારે તેની સામેની દિવાલમાં એક એવું છિદ્ર રાખવામાં આવ્યું હતું કે જેથી પોષ વદિ ૧૦ (ગુજરાતી મિતિ પ્રમાણે માગસર વદિ ૧૦)ના દિવસે તેમાંથી સૂર્યનું કિરણ સીધું મૂળનાયકના મુખ પર પડે. આ દિવસે શ્રી પાર્શ્વનાથ પ્રભુનો જન્મ થયો હતો, એ કહેવાની જરૂર છે ખરી ? પરંતુ આ મંદિરનો જીર્ણોદ્ધાર થયો, ત્યારે ઉક્ત દિવાલની કરામત અસ્ત પામી.

કરેડા સ્ટેશનથી માત્ર અઢી માઈલના અંતરે દયાલશાહનો કિલ્લો આવેલો છે. તેની સાથે ચિતોડના ઈતિહાસની એક મહાન ઘટના જોડાયેલી છે. મેવાડના રાણા રાજસિંહે

રાજસાગર તળાવની પાલ બંધાવવી શરૂ કરી, પણ તે ટકતી ન હતી. જ્યોતિષીઓએ કહ્યું કે સતી સ્ત્રીના હાથે પાયો નંખાય તો જ આ પાળ ટકશે, એટલે મંત્રી દયાલશાહની પુત્રવધૂએ પાયો નાખ્યો અને કામ આગળ ચાલ્યું. આના બદલામાં દયાલશાહને પહાડ પર મંદિર બંધાવવાની મંજૂરી મળી.

દયાલશાહ રાણા રાજસિંહના મુખ્ય મંત્રી હતા. તેમણે ઔરંગજેબ બાદશાહના સૈન્ય સામે લડીને વિજય મેળવ્યો હતો. વળી તેઓ ધર્મના પણ દૃઢ અનુરાગી હતા, એટલે આ મંદિરની પાછળ અઢળક નાણું ખર્ચ્યું અને તેને નવ માળથી સુશોભિત કર્યું. પાછળથી બાદશાહે તેને કિલ્લો સમજીને તોડાવી નાખ્યું. હાલ તેના બે માળ વિદ્યમાન છે. તે અંગે મેવાડી ભાષામાં એક દુહો પ્રચલિત છે :

કે તો રાણા રાજસિંહ, કે તો શાહ દયાલ;
વણે બંધાયો દેવરો, વણી બંધાઈ પાલ.

[૭]

શ્રી કાપરડા પાર્શ્વનાથ

જોધપુરથી ૨૨ માઇલ, પીપાડ સીટી સ્ટેશનથી ૮-૯ માઇલ અને ત્યાંથી બીલાડા જતી રેલ્વેના શલારી સ્ટેશનથી ચાર માઇલ દૂર કાપરડા નામનું ગામ છે. તેનું પ્રાચીન નામ કર્પટહેડક, કાપડહેડા વગેરે મળે છે. એક વખત એ સારી આબાદીવાળું મોટું શહેર હતું, પણ આજે ત્યાં મામુલી વસ્તી છે.

આ તીર્થમાં શ્રી સ્વયંભૂપાર્શ્વનાથનું ચાર માળનું

વિશાળ ગગનચુંબી ભવ્ય મંદિર છે, જે તારંગાજીના ભવ્ય જિનપ્રાસાદની યાદ આપે છે. ૯૮ ફીટની ઊંચાઈવાળું આ મંદિર હાલમાં કંઈક જીર્ણ થયેલું છે, પણ તેની ભવ્યતા જરાયે ઓછી થઈ નથી. સં. ૧૬૭૮ માં જૈતારણવાસી ઓસવાલ શેઠ ભાણુજી ભંડારીએ આ મંદિર બંધાવી પ્રતિષ્ઠા કરાવી હતી, એવો શિલાલેખ મૂળનાયકની પ્રતિમા પર મૌજુદ છે. ભાણુજી ભંડારીએ આ મંદિર કેવા સંયોગોમાં બંધાવ્યું, તે જાણવા જેવું છે.

રાવ જોધાજીના સમયથી ભંડારી મહાજનો મારવાડમાં આવ્યા અને પોતાની કુશલતાથી રાજ્યના અધિકારીપદે નિમાયા. જોધપુરના રાવ ગજસિંહે અમર ભંડારીના પુત્ર ભાણુજી ભંડારીને જૈતારણના અધિકારી નિમ્યા હતા. તેઓ પોતાની કામગીરી બરાબર બજાવતા હતા, પણ કોઈ ઈર્ષ્યાળુએ રાજાના કાન ભંભેર્યા, એટલે રાજાએ તેમને જોધપુર તેડાવ્યા. માર્ગમાં તેમણે કાપરડામાં મુકામ કર્યો.

જમવાનો સમય થતાં સાથેના માણસોએ તેમને ભોજન કરવા બોલાવ્યા, પણ તેમને શ્રી જિનેશ્વરદેવની મૂર્તિનાં દર્શન કર્યા વિના ભોજન ન લેવાની પ્રતિજ્ઞા હતી, તેથી તેમણે ના પાડી અને સાથેના માણસોને જમી લેવા જણાવ્યું. પણ સાથેના માણસોને ચેન ન પડ્યું. તેઓ જિનમૂર્તિની શોધ કરવા લાગ્યા, એવામાં એક યતિજી પાસે જિનમૂર્તિ હોવાની ભાળ મળી, એટલે ભંડારીજી દર્શનાર્થે એ યતિજીને ત્યાં ગયા. એ વખતે યતિજીએ ભંડારીની ઉદાસીનતા પારખી

લીધી અને કારણ પૂછયું તો ભંડારીજીએ રાજાના હુકમની વાત કરી. યતિજી નિમિત્તશાસ્ત્રના જાણકાર હતા. તેમણે કહ્યું : 'તમને કંઈ થશે નહિ. નિર્દોષ પાછા આવશો.'

ભંડારી જોધપુર ગયા અને રાજાને મળ્યા. તે વખતે તેમના મનમાં પાર્શ્વનાથ ભગવાનનું સ્મરણ ચાલુ હતું. રાજાને તેમની મુખમુદ્રા જોતાં જ સદ્‌ભાવ ઉત્પન્ન થયો અને 'તેઓ કદી પણ ખોટું કામ કરે નહિ' એવી ભાવના જોરદાર થતાં તેમને સન્માન આપ્યું.

જોધપુરથી પાછા ફરતાં ભંડારીજી કાપરડા આવ્યા અને પેલા યતિજીને મળ્યા. યતિજીએ આ ખુશાલીના બદલામાં કાપરડામાં એક જિનમંદિર બંધાવવા જણાવ્યું અને ભંડારીજીએ એ યતિશ્રીની મદદથી ત્યાં ભવ્ય મંદિર બંધાવ્યું, જે આજ સુધી એક તીર્થધામની ખ્યાતિ ભોગવી રહ્યું છે.

મંદિરના ત્રણ માળમાં ચૌમુખજી છે, જેમાં પહેલા માળે ઉત્તરસન્મુખ મૂળનાયક શ્રી સ્વયંભૂપાર્શ્વનાથ, પૂર્વમાં શ્રી શાંતિનાથ, દક્ષિણમાં શ્રી અભિનંદન અને પશ્ચિમમાં શ્રી મુનિસુવ્રત સ્વામીની પ્રતિમાઓ છે.

આ મંદિરનો વિસ્તાર તારંગા કરતાં વધારે છે. એને ફરતી વિશાળ ધર્મશાળા છે, તે અમદાવાદનિવાસી શેઠ મણિકલાલ મનસુખભાઈ એ બંધાવેલી છે. આ મંદિરનું શિખર પાંચ માઇલ દૂરથી દેખાય છે.

આ મંદિરનો છેલ્લો જીર્ણોદ્ધાર આચાર્ય શ્રીમદ્ વિજય-નેમિસૂરીશ્વરજી મહારાજે સં. ૧૯૭૫ માં કરાવેલો છે.

[૮]

કાશી (વારાણસી)

ચોવીશ જિનેશ્વરદેવોનાં ૧૨૦ કલ્યાણકોમાંથી ૧૬ કલ્યાણકો કાશી અને તેની આસપાસના વિભાગમાં થયેલાં છે, એટલે તે આપણે માટે એક મહાન તીર્થભૂમિ છે. વળી પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવલજ્ઞાન એ ચાર કલ્યાણકો અહીં થયેલાં હોવાથી તેની મહત્તા વિશેષ છે.

એક કાળે આ નગરીમાં જૈનોનું પ્રભુત્વ હતું, પણ કાલક્રમે અહીં વૈદિક મતાનુયાયીઓનું વર્ચસ્વ જામ્યું અને કેટલોક સમય બૌદ્ધોએ પણ આ નગરીમાં સારી એવી સત્તા ભોગવી, એટલે આપણું કોઈ પ્રાચીન સ્મારક આ સ્થળે રહ્યું નથી. આજથી બસો–ત્રણસો વર્ષ ઉપર તો એવી સ્થિતિ હતી કે અહીં કોઈ જૈન મંદિર બાંધવાની રજા મળતી નહિ અને કદાચ રજા મળે તો પણ એ મંદિર બીજા દિવસે જ જમીન દોસ્ત થાય.

આ વખતે ભેલુપુર કે જ્યાં શ્રી પાર્શ્વનાથ પ્રભુનો જન્મ થયો મનાય છે, ત્યાં કેટલાક ભાટ લોકો શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિઓ રાખતા અને તેને વડના એક ઝાડ નીચે પધરાવી યાત્રાળુઓને તેની પૂજા કરાવતા. પરંતુ ધર્મઝનુનનો એ યુગ ઓસરી જતાં જૈનોએ ધીમે ધીમે ત્યાં પોતાનાં મંદિરો બાંધવા માંડ્યાં અને આજે ત્યાં નીચે પ્રમાણે મંદિરો નજરે પડે છે :

(૧) **ભેલુપુર**–ધર્મશાળાની વચ્ચે ધાબાબંધી શ્વેતામ્બર જૈન મંદિર આવેલું છે. ઊંચી બેઠકની છત્રીમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ વિરાજમાન છે અને બીજી પણ પ્રતિમાઓ છે. આની લગોલગ દિગમ્બરોનું મંદિર પણ છે.

(૨) **અંગ્રેજી કોઠી**માં શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ઘર દહેરાસર છે.

(૩) **સુતાતોલા**માં શ્રી ગોડીપાર્શ્વનાથનું શિખરબંધી દહેરાસર છે.

(૪–૭) **નયાઘાટ** ઉપર શ્રી પાર્શ્વનાથ, શ્રી આદિનાથ, શ્રી સુપાર્શ્વનાથ અને શ્રી આદિનાથનાં એમ ચાર મંદરો છે.

(૮) **રામઘાટ** ઉપર શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર છે.

(૯) **બાલુજીકા ફરસ**માં શ્રી આદિનાથજીનું મંદિર છે.

(૧૦) **ઠઠેરી બજાર**માં શ્રી કેશરિયાજીનું મંદિર છે, જેમાં સ્ફટિકનાં બિંબ અને પાદુકાઓ છે.

(૧૧) **ભદૈની ઘાટ** ઉપર શ્રી સુપાર્શ્વનાથ ભગવાનનાં મંદિરો વિદ્યમાન છે. છેલ્લું સુંદર મંદિર વચ્છરાજઘાટના મથાળે ગંગાની સપાટીથી લગભગ ૨૫૦ ફીટ ઊંચે આવેલું છે. આગળ વિશાળ ચોક છે. તેમાં આરસની છત્રીમાં શ્રી સુપાર્શ્વનાથ ભગવાનનાં ચ્યવન, જન્મ, દીક્ષા અને કલ્યાણક એ ચાર કલ્યાણકોનું સ્મરણ આપતી સ્થાપના કરેલી છે. અહીંનું વાતાવરણ ઘણું જ શાંત અને પ્રભાવશાળી છે.

કાશી નજીક સિંહપુરીમાં અગિયારમા તીર્થંકર શ્રી શ્રેયાંસનાથ ભગવાનનાં ચાર કલ્યાણકો થયેલાં છે. અહીં સુંદર મંદિર છે. બાજુમાં બાગ અને ધર્મશાળા છે. અહીંથી બૌદ્ધોનું પ્રખ્યાત સારનાથ તીર્થ માત્ર અર્ધા માઇલના અંતરે આવેલું છે. આધુનિક સારનાથ એ પ્રાગ્ ઐતિહાસિક કાલના શ્રેયાંસનાથનો જ અપભ્રંશ હોય એમ કેટલાકનું માનવું છે.

કાશીથી ૧૪ માઇલ અને કાદીપુર સ્ટેશનથી ૨ માઇલ દૂર ચંદ્રપુરી નામનું ગામ છે. અહીંના લોકો આ ગામને ચંદ્રાવતી કે ચંદ્રૌટી તરીકે ઓળખે છે. આ ગામમાં ચાર વીઘા જેવડા વિશાળ ચોગાનમાં કિલ્લાથી ઘેરાયેલું અને આઠમા તીર્થંકર શ્રી ચંદ્રપ્રભ જિનેશ્વરનાં ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવળ એ ચાર કલ્યાણકોની યાદ આપતું નાનું છતાં મનોહર મંદિર આવેલું છે. મંદિરથી થોડે દૂર શ્વેતામ્બર જૈન ધર્મશાળા છે. ગામમાં જૈનોનું એક પણ ઘર નથી.

ભારતની અતિ પ્રાચીન નગરીઓમાં કાશીની ગણના થાય છે. વારણ અને અસિ નામની બે નદીઓના સંગમની સ્મૃતિ તરીકે તેને 'વારાણસી' એવું નામ પણ પ્રાપ્ત થયેલું છે. અંગ્રેજોના સમયમાં વારાણસી શબ્દનો અપભ્રંશ બનારસ તરીકે થયો, પણ આજે ભારતના લોકગણતંત્રમાં રાષ્ટ્રીય અસ્મિતાનો ઉદય થતાં ફરી તેનું નામકરણ વારાણસી તરીકે થયું છે. તેના એક ભાગને આજે કાશી કહેવામાં આવે છે, પણ ભેલુપુર અને ભદૈની બંને વારાણસીમાં જ આવેલાં છે.

[૯]

શ્રી કુકડેશ્વર પાર્શ્વનાથ

શ્રી પાર્શ્વનાથ ચૈત્યપરિપાટી વગેરેમાં શ્રી કુકડેશ્વર પાર્શ્વનાથનું નામ આવે છે, તેમજ શ્રી જિનપ્રભસૂરિજીએ વિવિધ તીર્થકલ્પમાં તે અંગે ખાસ એક કલ્પ પણ લખેલો છે.

આ સ્થાન મધ્ય પ્રાંતમાં નીમચથી ૨૪ માઇલ દૂર આવેલું છે કે જ્યાં આજે પણ શ્રી સંઘનું બંધાવેલું અતિ પ્રાચીન મંદિર વિદ્યમાન છે અને જેમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ વિરાજમાન છે.

ઈશ્વર રાજાને શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં દર્શનથી જાતિ-સ્મરણ જ્ઞાન થયું. તેમાં કૂકડાના ભવે પોતે જાતિસ્મરણ જ્ઞાન પામ્યો હતો અને ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરીને રાજપુર નગરમાં ઈશ્વર નામે રાજા થયો હતો, તેને જે સ્થળે શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં દર્શન થયાં હતાં, તે સ્થળે તેણે ભવ્ય જિનપ્રાસાદ બંધાવી તેમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં બિંબની સ્થાપના કરી અને તેમને કૂકડાનું ચિહ્ન કરાવ્યું, એટલે તે કુકટેશ્વર-કુકડેશ્વર પાર્શ્વનાથ તરીકે પ્રસિદ્ધ થયું.

[૧૦]

શ્રી ગોડી પાર્શ્વનાથ

વિક્રમની પંદરમી સદીમાં શ્રી ગોડી પાર્શ્વનાથનો મહિમા શરૂ થયો અને તે દિન-પ્રતિદિન વધવા લાગ્યો. આજે પણ જૈન સંઘ શ્રી ગોડી પાર્શ્વનાથ પરત્વે અત્યંત શ્રદ્ધા ધરાવે

છે અને તેમનાં દર્શન–પૂજન–સેવા–ભક્તિથી પોતાના જીવનની કૃતાર્થતા માને છે. ભારતવર્ષમાં શ્રી ગોડી પાર્શ્વનાથનાં નીચે પ્રમાણે ૫૯ મંદિરો હોવાનું અમારા જાણવામાં આવ્યું છે અને હજી કદાચ કોઈ મંદિર રહી જતું હોય તો એ બનવા જોગ છે; પરંતુ આ યાદી આજથી છ વર્ષ પહેલાં શ્રી ગોડી પાર્શ્વનાથ સાર્ધશતાબ્દી સ્મારક ગ્રંથના સંપાદન વખતે ઘણા સંશોધનપૂર્વક તૈયાર કરી હતી અને તેમાં 'જૈન તીર્થ સર્વસંગ્રહ'નો પણ ઉપયોગ કર્યો હતો, એટલે શ્રી ગોડી પાર્શ્વનાથનું કોઈ મંદિર રહી જવાની શક્યતા બહુ ઓછી છે.

ક્રમાંક	ગામનું નામ	ઠેકાણું
	મહારાષ્ટ્ર	
૧	મુંબઈ	પાયધુની
૨	,,	મહાજન એસોસીએશન, પટવા ચાલ
૩	,,	નારાયણ દાભોલકર રોડ, જીવનનિવાસ
૪	પૂના સીટી	વેતાલપેઠ, મોટું દહેરાસર
૫	સિનોલી	બજારમાં
૬	માળુંગા	,,
૭	શાહાપુર	ગુજરાત ગલી
	ગુજરાત, સૌરાષ્ટ્ર તથા કચ્છ	
૮	અમદાવાદ	શાહપુર, મંગળપારેખનો ખાંચો
૯	,,	કલ્યાણ સોસાયટી, એલીસબ્રીજ

૧૦	રાળજ	ગામમાં
૧૧	વડોદરા	દેરાપોળ, બાવાજીપુરા
૧૨	સુરત	માલીફળિયા
૧૩	,,	કાયસ્થ મહોલ્લો
૧૪	,,	નાનપરા, રાણીબાગના નાકે
૧૫	,,	વડાચૌટા, નગરશેઠની પોળ
૧૬	,,	ગોળશેરી
૧૭	થરાદ	સોનારની શેરી
૧૮	તેરવાડા	બજારમાં
૧૯	રાધનપુર	ગોડીજીની શેરીમાં
૨૦	મુજપુર	બજારમાં
૨૧	નરોડા	બજારમાં
૨૨	ઈડર	કોઠારીવાડો
૨૩	વીજાપુર	દોશીવાડો
૨૪	રિદ્રોલ	ગામવચ્ચે
૨૫	જામનગર	લાલબાગ, ડેલી ફળિયામાં
૨૬	ભાવનગર	વોરાબજારમાં

મારવાડ (રાજસ્થાન)

૨૭	રાપર (ગઢવાળી)	બજારમાં
૨૮	ફલોધિ	પાર્શ્વપુરા
૨૯	જેસલમેર	ખરતર ગચ્છનો ઉપાશ્રય
૩૦	,,	સુપાર્શ્વનાથનું દહેરાસર, ઉપલો માળ

૩૧	પાલી	સેવકોનો વાસ
૩૨	જાલોર	બજારમાં
૩૩	આહોર	ગામ બહાર
૩૪	કોસાણા	બજારમાં
૩૫	બીકાનેર	ગોત્રા દરવાજા બહાર
૩૬	ગઢસીવાના	કિલ્લાના દરવાજાની બહાર
૩૭	કોટડી	બજારમાં
૩૮	અજમેર	લાખણ કોટડી
૩૯	સોજત સીટી	સદર બજાર
૪૦	બડા વિઠોડા	ગામ બહાર
૪૧	નાડલાઈ	જેબલ પર્વતની તળેટીમાં
૪૨	પીંડવાડા	બજારમાં
૪૩	શિરોહી	જન મંદિરની ગલીમાં
૪૪	મંડવારિયા	બજારમાં
૪૫	મોટા ગામ	ગામ બહાર
૪૬	જશવંતપુરા	ગામ બહાર ૦॥ માઈલ દૂર

માલવા

૪૭	તાલનપુર	જંગલમાં

મેવાડ

૪૮	ઉદયપુર	માલદાસકી શેરી
૪૯	,,	સીંગવાડીઓંકી શેરી
૫૦	કેસર (કેર)	બજારમાં
૫૧	કેલવા	બજારમાં

મધ્ય પ્રદેશ

૫૨	મલકાપુર	મોટા બજાર
૫૩	બાલાપુર	ગુજરાતી પેઠ

યુક્તપ્રાંત, બિહાર, બંગાળ

૫૪	વારાણસી	સુતાતોલા
૫૫	આગરા	મોતી કટરા
૫૬	અજીમગંજ	મહાજન પટ્ટી

દક્ષિણ ભારત

૫૭	હૈદરાબાદ	કોઠી
૫૮	,,	બેગમ બજાર
૫૯	પરભણી	સદર બજાર

શ્રી ગોડી પાર્શ્વનાથની ઉત્પત્તિ કેવી રીતે થઈ? અને તેનો મહિમા કેવી રીતે પસર્યો, તે હવે જોઈએ.

અણહિલપુરપાટણમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની ત્રણ પ્રતિમાઓ કોઈ શ્રાવકે ભોંયરામાં રાખી મૂકી હતી. આ શ્રાવકના ઘરની નજીક એક 'તુરક' એટલે મુસલમાનનું ઘર હતું. તેણે ભોંય ખોદીને તેમાંની એક પ્રતિમા મેળવી લીધી અને તેને પોતાના ઘરમાં ખાડો ખોદી તેમાં રાખી દીધી. પછી તે રોજ રાત્રે તેના પર સૂઈ રહેવા લાગ્યો. એક રાત્રે આ પ્રતિમાના અધિષ્ઠાયક દેવે-યક્ષે તેને સ્વપ્નમાં આવીને કહ્યું : 'હવે તું આ પ્રતિમાને બહાર કાઢજે અને પારકર (સિંધ) થી મેઘાશા નામનો એક શ્રાવક અહીં આવે તેને પાંચસો ટકા લઈને આપી દેજે, નહિ તો હું તને મારી

નાખીશ.' આ સ્વપ્નથી મુસલમાન ભય પામ્યો અને તેણે એ પ્રતિમાને ખાડામાંથી કાઢી એક સારી જગાએ રાખી મૂકી. પછી તે મેઘાશાની રાહ જોવા લાગ્યો.

આ સમયે પારકર દેશમાં ભૂદેશર નામનું નગર હતું. ત્યાં ખેંગાર નામનો રાજા રાજ્ય કરતો હતો અને અનેક શેઠ–શાહુકારો તથા વ્યાપારીઓ વસતા હતા. તેમાં કાજળશા નામનો એક મોટો વ્યાપારી હતો. તેણે પોતાની બહેનને મેઘાશા સાથે પરણાવી હતી. આ સાળા–બનેવી વચ્ચે પ્રીતિ હતી, એટલે એક દિવસ કાજળશાએ મેઘાશાને કહ્યું કે 'તમે ગુજરાત દેશમાં જઈ વેપાર કરો. જે ધન જોઈશે, તે હું આપીશ. તેમાં અમુક ભાગ મારો રાખજો.' મેઘાશા તે માટે સમંત થયા અને કાજળશા પાસેથી ધન તથા કેટલાંક ઊંટો લઈને વેપાર કરવા અર્થે પાટણ શહેરમાં આવ્યો.

ત્યાં રાત્રે સ્વપ્નું આવ્યું કે 'આ ગામમાં એક મુસલમાન તને પ્રભુની પ્રતિમા આપશે, તે પાંચસો ટકા આપીને તું લઈ લેજે. એથી તારી બધી ચિંતા દૂર થશે.'

અનુક્રમે તે મુસલમાનનો ભેટો થયો અને મેઘાશાએ પાંચસો ટકા આપીને તેની પાસેથી શ્રી પાર્શ્વનાથજીની પ્રતિમાજી લઈ લીધાં. પછી તે રોજ તેની સેવાપૂજા કરવા લાગ્યો.

કેટલાક દિવસ બાદ મેઘાશા પોતાના વતનમાં પાછો ફરવા તૈયાર થયો, ત્યારે પોતાની સાથેના ૨૦ ઊંટ ઉપર રૂ ભર્યું અને તેમાં પેલાં પ્રતિમાજી મૂકી દીધાં. રાધનપુર આગળ દાણીએ–દાણ ઉઘરાવનારે પૂછ્યું કે 'તમારી સાથે

કેટલાં ઊંટ છે?' મેઘાશાએ કહ્યું : 'વીશ.' પણ દાણીએ ગણ્યાં તો ઓગણીશ થયાં. ફરી દાણીએ પૂછ્યું કે 'તમારી સાથે કેટલાં ઊંટ છે?' મેઘાશાએ કહ્યું : 'વીશ.' પણ દાણીએ ગણ્યાં તો ઓગણીશ જ થયાં.

મેઘાશાના સમજવામાં આવી ગયું કે આ ચમત્કાર પેલાં પ્રતિમાજીનો છે. જે ઊંટ ઉપર તેમને મૂકવામાં આવ્યાં છે, તે ઊંટ તેને દેખાતો નથી. તે બાબત તેણે દાણીને ખુલાસો કર્યો, એટલે દાણીએ તે પ્રતિમાજીનાં દર્શન કરવાની ઇચ્છા પ્રકટ કરી અને મેઘાશાએ તે પ્રતિમાજીનાં દર્શન કરાવ્યાં. આથી દાણી ઘણો પ્રસન્ન થયો અને તેણે દાણ માફ કર્યું.

અનુક્રમે મેઘાશા પોતાના વતન ભૂદેશરમાં આવ્યા અને તેમણે પેલાં પ્રતિમાજી પોતાના ઘરમાં સારા સ્થાનમાં પધરાવ્યાં. પછી કાજળશા મળવા આવ્યા, ત્યાં વેપાર-વણજની તથા હિસાબની વાત થઈ. તેમાં મેઘાશાએ પાંચસો ટકા પ્રતિમાજીના ગણાવ્યા. આથી કાજળશાએ ચીડાઈને કહ્યું : 'તમે આ શું કર્યું? એક પથ્થરના પાંચસો ટકા? તે મને પોસાશે નહિ.' મેઘાશાએ કહ્યું : 'તો એ પૈસા મારા માથે રહ્યા, હવે આ પ્રતિમાજીમાં તમારો ભાગલાગ નહિ.'

મેઘાશાને મૃગાદે નામની સ્ત્રી હતી. તેનાથી બે પુત્રો થયા હતા : એક મહિયો અને બીજો મહેરો. તે બંને પુત્રો રત્નસમાન હતા.

હવે મેઘાશાએ પેલાં પ્રતિમાજી ધનરાજ નામના પોતાના

એક સંબંધીને સોંપ્યા અને તે એ પ્રતિમાજીની નિત્ય સેવાપૂજા કરવા લાગ્યા. આ રીતે બાર વર્ષો વહી ગયા પછી યક્ષે સ્વપ્ન આપ્યું કે 'તું કાલે પ્રભાતે વહેલો તયાર થજે અને ભાવલ ચારણ પાસેથી વેલ માગી લઈને તેને બે નાના બળદો જોડજે અને તેમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા પધરાવીને તું જાતે જ એ વેલને હાંકજે અને થલવાડી તરફ લઈ જજે. રસ્તામાં પાછું વાળીને જોઈશ નહિ.'

બીજા દિવસે મેઘાશાએ તેમ કર્યું, પરંતુ ઉજ્જડ ગામ આવ્યું, ત્યાં તેણે પાછું વાળીને જોયું, એટલે વેલ ત્યાંજ થંભી ગઈ અને આગળ ચાલી નહિ. આથી મેઘાશાને ઘણો પસ્તાવો થયો. રાત્રે સ્વપ્નમાં યક્ષે કહ્યું કે 'આ ગોડીપુર નામનું ગામ છે. અહીંથી થોડે દૂર તાજું છાણ પડેલું છે, ત્યાં કૂવો ખોદાવીશ તો મીઠું પાણી નીકળશે. તેની નજીકમાં એક આકડો છે, ત્યાં ચોખાનો સાથિયો પૂરેલો છે. તેની નીચે ધન દટાએલું છે, તે તું લઈ લેજે. વળી નજીકમાં પથ્થરની ખાણ છે, તેમાંથી પથ્થરો મંગાવી શિરોહીના સલાટો પાસે સારા સ્થાને એક સુંદર મંદિર બંધાવજે અને તેમાં આ પ્રતિમાજી પધરાવજે.'

મેઘાશાએ તે પ્રમાણે કર્યું તથા પોતાના સગાંસંબંધીઓને તેડાવી એ ગામને વસ્તીવાળું કર્યું. પછી શિરોહીથી સલાટો તેડાવીને શુભ મુહૂર્તે સારા સ્થાને મંદિર બંધાવવાનું શરૂ કર્યું. હવે ધનની ખોટ ન હતી, એટલે તેને બને તેટલું સુશોભિત બનાવ્યું. તેની કીર્તિ ચારે બાજુ ફેલાવા

લાગી. આથી એક દિવસ કાજળશાએ આવીને કહ્યું : 'તમે જે મંદિર બંધાવો છો, તેમાં અર્ધો ભાગ મારો રાખજો.'

મેઘાશાએ કહ્યું : 'હાલ તો આ પ્રતિમાજીના પ્રભાવે મારી પાસે પૂરતું ધન છે. વળી તે પ્રતિમાજીના મેં પાંચ સો ટકા આપેલા, તે પણ તમે મારી પાસેથી વસુલ કર્યા હતા, એટલે હાલ તો મારું કામ મને જ કરવા દો.' આથી કાજળશાને ઘણું ખોટું લાગ્યું અને તેણે કોઈ પણ ઉપાયે મેઘાશાને ઠેકાણે પાડી દેવાનો નિર્ણય કર્યો.

અનુક્રમે કાજળશાની નાની પુત્રીના લગ્નનો અવસર આવ્યો, ત્યારે તેણે પોતાના બહેન-બનેવીને આમંત્રણ આપ્યું. તેમાં બહેન ગઈ અને બનેવી એટલે મેઘાશા ગયા નહિ; કારણકે તેને દૈવી ઈશારો થઈ ગયો હતો કે 'તારે આ લગ્નમાં જવા જેવું નથી. છતાં જવાનું થાય તો સાથે ભગવાનનું નમણ લેતો જજે.'

મેઘાશા નહિ જવાથી કાજળશા તેમને તેડવા માટે જાતે આવ્યા અને 'તમે નહિ આવો તો મારો આખો પ્રસંગ બગડશે' વગેરે અનેક વચનો બોલતાં મેઘાશા લગ્નમાં જવા તૈયાર થયા, પણ નીકળતી વખતે ભગવાનનું ન્હવણ લેવાનું ભૂલી ગયા. આનું નામ ભવિતવ્યતા !

લગ્નમાં પૂર્વસંકેત અનુસાર મેઘાશાને વિષમિશ્રિત દૂધ પીરસવામાં આવ્યું. આ વખતે મેઘાશાને પેલો દૈવી ઈશારો ચાદ આવ્યો, પણ ભાણામાં પીરસાયેલું એઠું નહિ મૂકવાનો

નિયમ હોવાથી તેઓ એ દૂધ પી ગયા અને થોડી જ વારમાં તેમનું પ્રાણપંખેરું ઉડી ગયું.

સર્વત્ર હાહાકાર મચી ગયો અને નક્કી કાજળશાએ દગો કર્યો, એ વાત સહુના સમજવામાં આવી ગઈ, એટલે લોકો તેમના પ્રત્યે તિરસ્કાર વરસાવવા લાગ્યા. આખરે કાજળશાએ ગોડીપુર આવી મંદિરનું અધૂરું રહેલું કાર્ય પૂરું કરાવ્યું અને વિ. સં. ૧૪૮૨માં તેની પ્રતિષ્ઠા થઈ. તે વખતે મેઘાશાના પુત્ર મહેરાએ તેનો ધ્વજદંડ ચડાવ્યો. ત્યારબાદ આ પ્રતિમાજીના અનેકવિધ ચમત્કારો લોકોના જોવામાં આવ્યા. તેથી તેનો મહિમા ખૂબ પ્રસર્યો અને તે પ્રતિમાજી શ્રી ગોડીપાર્શ્વનાથ તરીકે ઓળખાવા લાગ્યાં.

આ સ્થળે અનેક સંઘો યાત્રાર્થે ગયેલાના હેવાલો મળે છે. મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજે **'મારી સિંધયાત્રા'** માં આ તીર્થ અંગે નીચેની નોંધ કરી છે : 'કદાચિત્ કોઈને ખબર નહિ હોય કે આજે ગોડીપાર્શ્વનાથના નામે જે પ્રસિદ્ધિ થઈ રહી છે, એ ગોડીજીનું મુખ્ય સ્થાન સિંધમાં જ હતું–છે. નગરપારકરથી લગભગ ૫૦ માઈલ દૂર 'ગોડી મંદિર' નામનું એક ગામ છે. અત્યારે ત્યાં માત્ર ભીલોની જ વસ્તી છે, શિખરબંધ મંદિર છે, મૂર્તિ વગેરે કંઈ નથી. મંદિર જીર્ણશીર્ણ થઈ ગયું છે. આજથી ૨૦ વર્ષ પહેલાં નગરઠઠાના આસી. એન્જીનિયર શ્રીયુત્ ફત્તેચંદજી બી. ઈદનાણી ત્યાં આવેલા અને સરકારી હુકમથી તેમાં શું સુધારો–વધારો કરવો આવશ્યક છે, તેનું એસ્ટીમેટ કરી આવેલા. મંદિરની પાસે એક ભોંયરું

છે. તેમાં ઉતરવાની તેમણે કોશીશ કરેલી, પણ ભીલોએ ભય બતાવવાથી તેઓ ઉતર્યા નહિ. ગોડીજીના મંદિરના કોટ વગેરેના પથ્થરો ઉમરકોટમાં એક સરકારી બંગલાના વરંડા વગેરેમાં લાવવામાં આવ્યા છે.'

આ અંગે વધારે જાણવા ઈચ્છનારે, '**શ્રી ગોડી પાર્શ્વનાથ સાર્ધશતાબ્દી સ્મારક ગ્રંથ**' માં અમારો લખેલો 'શ્રી ગોડી પાર્શ્વનાથ' નામનો વિસ્તૃત લેખ અવશ્ય અવલોકવો.

આ તીર્થનો ઉદ્ધાર થાય, એ અતિ જરૂરનું છે. તે માટે જૈનસંઘે કટિબદ્ધ થવું જોઈએ.

[૧૧]

શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ

કચ્છના અબડાસા તાલુકામાં (૧) સુથરી, (૨) કોઠારા, (૩) જખૌ, (૪) નળિયા અને (૫) તેરા, આ પાંચ ગામો તીર્થરૂપ મનાય છે. આ પંચતીર્થીમાં સુથરીનું મહત્ત્વ સહુથી વધારે છે, કારણ કે ત્યાં શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથની ચમત્કારિક મૂર્તિ વિરાજમાન છે.

સુથરીમાં શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનોનાં ૨૦૦ ઘરો છે, ૬ ઉપાશ્રયો છે અને ૪ ધર્મશાળાઓ છે, જેમાંની ૩ સાર્વજનિક ઉપયોગ માટે છે અને એક ખાસ જૈન યાત્રાળુઓ માટે છે.

ગામની મધ્યમાં આવેલ શિખરબંધી મંદિરની બાંધણી

અને રંગકામ ભવ્ય છે. તેમાં ૪૮ પાષાણની, ૨૩ ધાતુની તથા ૨૬ ચાંદીની મળી કુલ ૯૭ જિનમૂર્તિઓ વિરાજમાન છે. આ સિવાય ૯૫ ચાંદીના તથા ૧૪ સર્વ ધાતુના સિદ્ધ-ચક્રો છે. દહેરાસરના પ્રવેશદ્વારની જમણી બાજુએ ચક્રેશ્વરીની દેવી અને ડાબી બાજુએ મહાકાલી દેવીની આરસની મૂર્તિઓ દર્શનીય છે.

મૂળ તો ઉદ્દેશી નામના એક શ્રાવકને કોઈ વ્યક્તિ પાસેથી શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ મળેલી, તે ખાદ્ય-પદાર્થના ભંડકિયામાં મૂકતાં આખું ભંડકિયું ખાદ્યપદાર્થોથી ભરાઈ ગયેલું. આ ઘટનાથી તે અતિ આશ્ચર્ય પામ્યો. તેણે આ વાત ગામના યતિજીને કરી, એટલે યતિજીએ ગામમાં એક નાની દહેરી બંધાવી તે મૂર્તિ એમાં પધરાવી. પ્રતિષ્ઠાના સમયે સંઘવાત્સલ્ય રાખવામાં આવ્યું, ત્યારે ઘીના એક કુલ્લામાંથી ઘી નીકળ્યા જ કર્યું. પાંચ મણના કુલ્લામાંથી પચીશ મણ ઉપરાંત ઘી નીકળે એટલે સહુને આશ્ચર્ય થાય એ સ્વાભાવિક છે. તપાસ કરી તો દહેરીમાં પધરાવેલા પ્રતિમાજી એ કુલ્લામાં હતા. પછી એ કુલ્લુ તોડી નાખી તેમાંથી પ્રતિમાજીને બહાર કાઢયા અને ફરી મોટું મંદિર કરાવી તેમાં તેની પ્રતિષ્ઠા કરી, ત્યારથી તે શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથના નામથી ઓળખાય છે. કચ્છ પ્રદેશમાં આ મૂર્તિનો ઘણો મહિમા છે.

[૧૧]

શ્રી ચારૂપમંડન પાર્શ્વનાથ

પાટણથી ત્રણ ગાઉ દૂર આવેલા ચારૂપ ગામમાં ભવ્ય શિખરબંધી જિનાલય છે. તેમાં મૂળનાયક શામળા પાર્શ્વનાથ ભગવાનની ભવ્ય અને પ્રાચીન મૂર્તિ વિરાજમાન છે, તે શ્રી ચારૂપમંડન પાર્શ્વનાથ તરીકે ઓળખાય છે.

પ્રાચીનકાળમાં ચારૂપ મહાતીર્થ હતું. ત્યાં આષાઢી શ્રાવકે ભરાવેલી ત્રણ પ્રતિમાઓ પૈકી એક પ્રતિમા સ્થાપન કરેલી હતી. સં. ૧૨૯૬માં નાગોરનિવાસી શેઠ દેવચંદે ચારૂપમાં શ્રી આદીશ્વર ભગવાનનો ગૂઢ મંડપ અને ચોકીઓ સાથેનો એક જિનપ્રાસાદ બંધાવેલો ને તેમાં ભવ્ય બિંબની પ્રતિષ્ઠા કરાવેલી, એવો ઉલ્લેખ આબૂમાંના શિલાલેખોથી પ્રાપ્ત થાય છે.

દહેરાસરજીની આજુબાજુ કોટ છે. કાર્તિક વદિ એકમના દિવસે પાટણનો શ્રીસંઘ ત્યાં દર્શન કરવા જાય છે. સ્થાન ઘણું ભવ્ય છે.

[૧૩]

શ્રી જીરાવલા પાર્શ્વનાથ

આબૂ રોડથી મોટર રસ્તે અણાદરા થઈને જીરાવલા જવાય છે. જૈન ગ્રંથોમાં તેનો ઉલ્લેખ જીરાવલી કે જીરિકાપલ્લી તીર્થ તરીકે આવે છે. અહીં ગામ બહાર ભાવન જિનાલયનું ભવ્ય મંદિર, ચોક અને ધર્મશાળા છે. ગામની ચારે તરફ

પહાડી છે. તેમાંથી વહેતાં ઝરણોને લીધે આ પ્રદેશ બારે માસ લીલોછમ રહે છે.

પ્રથમ અહીં મૂલનાયક તરીકે શ્રી પાર્શ્વનાથ ભગવાન બિરાજતા હતા, પણ જીર્ણોદ્ધાર સમયે શ્રી અરિષ્ટનેમિ ભગવાનની મૂલનાયક તરીકે પ્રતિષ્ઠા થયેલી છે અને તેની બંને બાજુ સહસ્રફણા પાર્શ્વનાથની મૂર્તિઓ બિરાજે છે.

મારવાડમાં બ્રાહ્મણપુર નગરમાં ધાંધલ નામનો શેઠ હતો. તેની ગાય હંમેશા સોહીલી નદીની પાસે રહેલા પહાડની ગુફામાં જઈને દૂધ ઝરી જતી. આથી શેઠને આશ્ચર્ય થયું. એક વાર તેમને સ્વપ્ન આવ્યું કે જ્યાં ગાય દૂધ ઝરે છે, ત્યાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ રહેલી છે. તેની તું પ્રભાવના કર.'

સવારે શેઠે ત્યાં જઈ જમીન ખોદાવી તો મૂર્તિ મળી આવી. એવામાં ત્યાં જીરાપલ્લી ગામના લોકો આવી પહોંચ્યા. તેમણે એ મૂર્તિ પોતાને ત્યાં લઈ જવાની ઇચ્છા પ્રકટ કરી. તેમાંથી વિવાદ થયો અને આખરે એવો નિર્ણય કરવામાં આવ્યો કે રથને એક બળદ બ્રાહ્મણપુરનો જોડવો અને બીજો જીરાપલ્લીનો જોડવો. પછી એ બળદ જ્યાં રથને લઈ જાય, ત્યાં પ્રભુજીને પધરાવવા. બળદો એ રથને જીરાપલ્લી તરફ લઈ ચાલ્યા, એટલે ત્યાંના મહાજને વાજતે-ગાજતે પ્રભુજીને નગરમાં પ્રવેશ કરાવ્યો.

એક વાર મુસલમાનોની સેના ચડી આવી, તેનો અધિષ્ઠાયક દેવની કૃપાથી પરાજય થયો, પરંતુ એ વખતે

કેટલાક મૌલવીઓ ગુપ્ત વેશે મંદિરમાં દાખલ થઈ ગયા અને લોહી છાંટીને એ મંદિરને અપવિત્ર કર્યું તથા મૂર્તિને ખંડિત કરી. બીજા દિવસે સવારે તેઓ પકડાઈ જતાં રાજાએ તેમને પ્રાણદંડ દીધો.

પવિત્ર પ્રાચીન મૂર્તિ ખંડિત થતાં ધાંધલ શેઠ વગેરેને પારાવાર દુઃખ થયું અને ઉપવાસ કર્યા. દેવે સ્વપ્ન આપ્યું કે એ મૂર્તિના નવ ટુકડા નવશેરની લાપસીમાં મૂકો અને નવમા દિવસે દરવાજા ઉઘાડજો એટલે તે સંધાઈ જશે, પણ સાતમા દિવસે કોઈ સંઘ દર્શને આવતાં બારણાં ઉઘાડ્યાં. એ વખતે મૂર્તિના ટુકડા તો જોડાઈ ગયા હતા, પણ રેખાઓ દેખાતી હતી. ત્યારથી મૂર્તિ એ હાલતમાં જ રહી.

આ મૂર્તિના ચમત્કારની બીજી પણ અનેક વાતો પ્રચલિત છે. મહામંત્રી પેથડકુમાર, ઝાંઝણકુમાર, ચાહડ વગેરેએ આ સ્થાનની યાત્રા કર્યાના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.

પ્રાતઃકાલની તીર્થવંદનામાં 'જીરાવલો ને થંભણ પાસ' એ શબ્દોથી આ તીર્થનું નામ લેવાય છે. વળી દરેક દહેરાસરમાં પ્રતિષ્ઠા વખતે જીરાવલા પાર્શ્વનાથનો મંત્ર આલેખાય છે, તે એનો મહિમા સૂચવે છે.

ઓરિસામાં જગન્નાથપુરી, મારવાડમાં ઘાણેરાવ, નાડલાઈ, નાંદોલ, બલોલ, શિરોહી અને મુંબઈમાં ઘાટકોપર ખાતે શ્રી જીરાવાલા પાર્શ્વનાથની સ્થાપના થયેલી છે.

[૧૪]

શ્રી નાકોડા પાર્શ્વનાથ

શ્રી સમયસુંદર ઉપાધ્યાયે એક સ્તવનમાં કહ્યું છે કે—

જાગંતો તીર્થ પાર્શ્વ પહુ,
જ્યાં યાત્રી આવે જગત સહુ;
મુજને ભવદુઃખ થકી છોડો,
નિત નામ જપો નાકોડો.

એ પરથી આ પ્રાચીન તીર્થનો મહિમા સમજી શકાશે.

પ્રથમ અહીં જૈનોનાં ૨૭૦૦ જેટલાં ઘર હતાં, પણ કાલક્રમે તેમાં ઘટાડો થતો ગયો અને આજે તો ત્યાં જૈનોનું એક પણ ઘર રહ્યું નથી.

મારવાડમાં બાલોતરા સ્ટેશનથી દક્ષિણ દિશામાં છ માઈલ દૂર મેવાનગર આવેલું છે. ત્યાં પ્રથમ વીરમપુર નામનું નગર વસેલું હતું અને તેનાથી દશ ગાઉના અંતરે નાકોર નગરની આબાદી હતી, એટલે વીરમપુર–નાકોરા તરીકે તેની પ્રસિદ્ધિ હતી. પરંતુ તેરમા સૈકામાં આલમશાહે નાકોર નગર ભાંગ્યું, ત્યારથી આ સ્થાન જ વીરમપુર–નાકોરા કે નાકોડા તરીકે ઓળખાવા લાગ્યું અને લોકોમાં આજે એ નામથી જ તેની આસ પ્રસિદ્ધિ છે.

અહીં ડુંગરની વચ્ચે ત્રણ મંદિરો આવેલાં છે. તેમાં મુખ્ય મંદિર શ્રી પાર્શ્વનાથ ભગવાનનું છે, તે ઘણું પ્રાચીન વિશાળ અને મનોહર છે. તેમાં ૨૩ ઇંચિની ભગવાનની ભવ્ય

પ્રતિમા બિરાજે છે. બંને તરફની મૂર્તિઓ પણ ૨૦ ઇંચનું કદ ધરાવતી હોવાથી અનુપમ દૃશ્ય ખડું કરે છે.

કેટલાક વૃદ્ધોનું એમ કહેવું છે કે નાકોડા પાસેની નદીના કિનારે એક પ્રાચીન ખંડેર છે, તેમાંથી આ પ્રતિમાઓ મળી આવી છે. મંદિરના દક્ષિણ ભાગમાં પાસે પાસે જ બે મજબૂત ભોંયરાં છે. તેમાં વિક્રમની બારમી સદીથી સત્તરમી સદીની મૂર્તિઓ વિરાજમાન છે.

ધર્મશાળા સુંદર છે. અહીં થોડા દિવસની સ્થિરતા-પૂર્વક આરાધના કરવામાં આવે તો અનુપમ શાંતિનો અનુભવ થાય છે.

[૧૫]

શ્રી નાગફણા પાર્શ્વનાથ

ઈડરથી કેશરિયાજી પગરસ્તે જતાં મેવાડની હદમાં બે ડુંગરો વચ્ચે આ તીર્થસ્થાન આવેલું છે. તેની ચારે તરફ ડુંગરો ફેલાયેલા છે. નજીકમાં કોઈ ગામડું નથી.

આ તીર્થમાં એક નાનું જિનાલય છે. તેમાં બે હાથની નાગરાજ ધરણેંદ્રની ફણાવાળી શ્યામ મૂર્તિ છે. તેના ઉપર શ્રી પાર્શ્વનાથ પ્રભુની છ ઇંચ કદની પ્રતિમા વિરાજે છે. મંદિરની નીચેના ભાગમાંથી પાણીનાં ઝરણાં વહે છે, તે આ સ્થાનની પ્રાકૃતિક શોભામાં ઘણો ઉમેરો કરે છે.

આ તીર્થ ચમત્કારિક છે. અહીં શ્રી ગુણદેવાચાર્યે ઓસવાલ વીરમશાહને ધરણેંદ્રની આરાધના કરાવી હતી અને

જ્યારે મેવાડનું રાજ્ય અકબર બાદશાહે જીતી લીધું, ત્યારે રાણા પ્રતાપને નાસી છૂટવું પડ્યું હતું અને જંગલોમાં આશ્રય લેવો પડ્યો હતો, તે વખતે તેમને એક જૈન સાધુનો સમાગમ થયો. તેમને રાણાએ પૂછ્યું કે 'આપ મને મારું રાજ્ય પાછું મળે તેવો કોઈ ઉપાય બતાવો.' ત્યારે એ સાધુ મહાત્માએ કહ્યું કે 'ધરણેન્દ્ર-પદ્માવતી સહિત શ્રી પાર્શ્વનાથજીની પ્રતિમાનું આરાધન કરવાથી તમારો મનોરથ સફલ થશે.' પછી તેમણે અહીં આવી શ્રી નાગફણા પાર્શ્વનાથનું આરાધન કર્યું હતું. ત્યાર બાદ થોડા જ વખતે તેમને ભામાશાહ તરફથી અનર્ગલ ધનની મદદ મળી હતી અને તેનાથી સજ્જ થઈને લડાઈ કરતાં મેવાડના બાવન કિલ્લા તથા ઉદયપુર જીતી લીધું હતું.

આ તીર્થમાં કોઈ રાત રહી શકતું નથી. આશાતના થાય તો ભમરા ઉડે છે. પામોલનો સંઘ ત્યાં દર્શને ગયો, ત્યારે એક અડચણવાળી બાઈ મંદિરમાં દાખલ થઈ કે તરત જ ભમરા ઉડ્યા હતા.

જે સંઘ ઈડરથી પગરસ્તે કેશરિયાજીની યાત્રાએ જાય છે, તે અવશ્ય અહીં યાત્રા કરવા આવે છે. જો વધારે યાત્રાળુ હોય તો ઝરણામાંથી વધારે પાણી વહે છે.

અમે વિ. સં. ૧૯૭૦ ના શિયાળામાં પગરસ્તે કેશરિયાજીની યાત્રા કરી, ત્યારે આ સ્થાનની યાત્રા કરી હતી અને તેનાથી ખૂબ પ્રભાવિત થયા હતા. આરાધના માટે આ સ્થાન ઘણું ઉત્તમ છે; પણ બધી સગવડ કરીને ત્યાં રહેવું જોઈએ.

[૧૬]

શ્રી પંચાસરા પાર્શ્વનાથ

પંચાસર ગામ આજે ગુજરાતમાં મોજૂદ છે. તેમાં એક કાળે શ્રી પાર્શ્વનાથ ભગવાનની અતિ પ્રભાવશાળી મૂર્તિ વિરાજમાન હતી, પણ કલ્યાણીના રાજા ભુવડે પંચાસર પર ચડાઈ કરી, તેમાં પંચાસરનો રાજા જયશિખરી માર્યો ગયો અને પંચાસર ભાંગ્યું, તે વખતે આ મૂર્તિને કોઈ સુરક્ષિત સ્થળે રાખી દેવામાં આવી.

જયશિખરીના પુત્ર વનરાજને નાગેન્દ્ર ગચ્છના શ્રી શીલગુણસૂરિએ આશ્રય આપ્યો અને સર્વ પ્રકારની વીરોચિત તાલીમ આપી. પરિણામે વનરાજ મહા પરાક્રમી નીવડ્યો. તેણે વિજયી બની અણહિલપુર પાટણ શહેર વસાવ્યું અને તેને પોતાની રાજધાની બનાવી. એ વખતે ભવ્ય મંદિર નિર્માણ કરી વિ. સં. ૮૦૨ ના વૈશાખ સુદિ ૩ ના દિવસે શ્રી પંચાસરા પાર્શ્વનાથની મૂર્તિ તેમાં પ્રતિષ્ઠિત કરી. આ મંદિરમાં વનરાજની મૂર્તિ પ્રભુના સેવક તરીકે ખડી છે. વનરાજ ચાવડા વંશનો હોવાથી ઇતિહાસમાં તેને વનરાજ ચાવડા તરીકે ઓળખવામાં આવ્યો છે.

[૧૭]

શ્રી ફલોધિ પાર્શ્વનાથ

શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં પ્રાચીન તીર્થોમાં શ્રી ફલોધિ પાર્શ્વનાથની પણ ગણના થાય છે. ફલોધિ ગામ મારવાડમાં

જોધપુરથી બિકાનેર જતી રેલ્વેમાં મેડતારોડ સ્ટેશનની પાસે આવેલું છે. તે સામાન્ય રીતે મેડતા–ફલોધિ તરીકે ઓળખાય છે. તેનું પ્રાચીન નામ ફલવર્ધિ કે ફલવર્ધિકા છે.

'**ફલવર્ધિકાતીર્થપ્રબંધ**'માં જણાવ્યું છે કે 'શ્રી વાદિદેવસૂરિ શાકંભરી નગરી તરફ વિહાર કરી રહ્યા હતા, ત્યારે વચમાં મેડતા પાસે ફલોધિ ગામમાં એક માસ રહ્યા હતા. એ વખતે પારસ નામના શ્રેષ્ઠિને એક ટીંબામાંથી જિનપ્રતિમા મળી આવી હતી, એટલે તેણે એક વિશાળ મંદિરની રચના કરી. તેનો વહીવટ અજમેર તથા નાગપુર (નાગોરી)ના શ્રાવકોને સોંપ્યો હતો. સં. ૧૧૯૯ના ફાગણ સુદિ ૧૦ ના રોજ એ મૂર્તિની મંદિરમાં સ્થાપના કરવામાં આવી અને સં. ૧૨૦૪ના માહ સુદિ ૧૩ ને શુક્રવારે તેના કલશ–ધ્વજનું આરોપણ કરવામાં આવ્યું.

શ્રી જિનપ્રભસૂરિએ **વિવિધતીર્થકલ્પ**માં આ તીર્થ સંબંધી એક કલ્પ લખ્યો છે. તેનો સાર એ છે કે 'સપાદલક્ષ દેશના મેડતા નગરની પાસે શ્રી વીરમંદિર અને બીજા નાનાં–મોટાં મંદિરોથી શોભતું ફલોધિ નામે નગર છે. ત્યાં ફલવર્ધિ દેવીનું એક ઊંચા શિખરવાળું મંદિર છે. એક વાર ધંધલ શ્રાવકે આ નગરની પાસે ચમત્કારભરી રીતે જિનબિંબ જોયું અને અધિષ્ઠાયક દેવની સહાયથી અહીં પાંચ મુખ્ય મંડપો તથા બીજા નાના મંડપો સાથેનું એક વિશાળ મંદિર બાંધવામાં આવ્યું. સં. ૧૧૮૧માં રાજગચ્છના શીલભદ્રસૂરિના શિષ્ય શ્રી ધર્મઘોષસૂરિ કે જેમણે દિગમ્બર

વાદી શ્રી ગુણચંદ્રને વાદમાં હરાવી વિજયપતાકા મેળવી હતી, તેમણે શ્રી પાર્શ્વનાથ ભગવાનની ચતુર્વિધ સંઘ સમક્ષ પ્રતિષ્ઠા કરી. કાળાંતરે સુલતાન શાહબુદ્દીને આ મંદિરની મૂર્તિનો અંગભંગ કર્યો. આવા અપકૃત્યથી શાહબુદ્દીનને શરીરપીડાનો વિચિત્ર અનુભવ થયો, તેથી તેણે આ મંદિર અખંડિત રાખવાનું ફરમાન કર્યું. તેમાં બીજી મૂર્તિ સ્થાપન ન કરતાં એ ખંડિત અંગવાળી મૂર્તિ જ ફરી સ્થાપન કરી. આ તીર્થમાં આવનારાઓએ ઘણા ચમત્કારો જોયા છે અને આ તીર્થનાં દર્શનમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં સમગ્ર તીર્થોનાં દર્શનનું ફળ મળે છે.'

અહીં બે મોટાં જિનમંદિરો વિદ્યમાન છે. તેમાં મોટા વંડાથી ઘેરાયેલું મંદિર શ્રી પાર્શ્વનાથ ભગવાનનું છે. તેમની શ્યામવર્ણી પ્રાચીન પ્રતિમા દર્શનીય છે. મંદિરમાં જીર્ણોદ્ધાર સમયે મીનાકારી કામ કરેલું છે. નંદીશ્વર દ્વીપ અને અષ્ટાપદના બે મનોહર પટ્ટો આ મંદિરમાં સ્થાપન કરેલા છે. મંદિરની આસપાસ ૨૪ દેવકુલિકાઓ છે.

બીજું મંદિર ઉપર્યુક્ત મંદિરની સામે શ્રી શાંતિનાથ ભગવાનનું છે, તે કોટવાળું અને ઘુમટબંધી છે. આ મંદિર પ્રથમનાં મંદિર કરતાં નાનું છે.

અહીં ધર્મશાળા અને દાદાવાડી છે. દર વર્ષે આસો સુદિ ૧૦ અને પોષ સુદિ ૮ થી ૧૦ સુધી મોટા મેળા ભરાય છે.

[૧૮]

શ્રી ઘલેજા પાર્શ્વનાથ

સૌરાષ્ટ્રમાં માંગરોલ અને પોરબંદરની વચ્ચે ઘલેજા ગામ આવેલું છે. ત્યાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનું દહેરાસર છે, તે તીર્થરૂપ છે. કેટલાક લોકો દરિયામાં વહાણમાં બેસીને જતા હતા, તે વખતે વહાણ થંભ્યું અને પ્રતિમાજી પ્રગટ થયાં. તેને ઘલેજા ગામમાં પધરાવવામાં આવ્યાં. લોકોને આ પ્રતિમાજી પર ઘણી આસ્થા છે. ઊના–અજારા પંચતીર્થીની યાત્રા કરનારા ઘણા ભાગે આ તીર્થની યાત્રા પણ કરે જ છે.

[૧૯]

શ્રી મક્ષી પાર્શ્વનાથ

માલવપ્રદેશમાં ઉજ્જૈનથી ભોપાલ જતાં મક્ષી નામનું સ્ટેશન આવે છે. તેની નજીકમાં મક્ષી નામનું ગામ છે. ત્યાં લાખો રૂપિયાના ખર્ચે બંધાયેલું ભવ્ય દહેરાસર છે, તે એક તીર્થની ખ્યાતિ ભોગવે છે.

સંગ્રામ સોની વઢિયારમાંથી માંડવગઢ આવ્યા અને પુષ્કળ દ્રવ્ય તથા ઉજ્જ્વલ કીર્તિ કમાયા. તેમણે પોતાના એ દ્રવ્યની સાર્થકતા ૧૭ જિનમંદિરો બંધાવીને તથા અનેક ગ્રંથભંડારો સ્થાપીને કરી. આ જિનમંદિરો પૈકી એક મંદિર તેમણે મગસીમાં બંધાવ્યું હતું અને તેમાં શ્રી પાર્શ્વ-નાથ ભગવાનની પ્રતિમા પ્રતિષ્ઠિત કરી હતી, તે મગસી પાર્શ્વનાથ તરીકે પ્રસિદ્ધ થઈ હતી.

શ્રી કલ્યાણસાગરે પાર્શ્વનાથચૈત્યપરિપાટીમાં કહ્યું છે કે–

અંતરીક કુકડેસરઈ અવંતી હો શ્રી મગસી પાસ;
રામપુરઈ રળિયામણો, મંડલિગઢ હો રાયરાણા દાસ.

શ્રી મેઘવિજય ઉપાધ્યાયે પણ શ્રીપાર્શ્વનાથ નામ-માલામાં તેની નીચે પ્રમાણે નોંધ લીધી છે :

મહિમાંહિં મહિમામંદિર શ્રી મગસીશ,
સુરનરનાયકપદ આપે છે જે અગસીશ.

શ્રી પાર્શ્વનાથ ભગવાનનું મંદિર હાટ બજારમાં આવેલું છે. મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનની એક બાજુએ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ અને બીજી બાજુએ શ્રી નેમનાથ ભગવાનની શ્યામ મૂર્તિ છે. મૂળ મંદિરમાં બે પ્રાચીન પ્રતિમાઓ દશમા સૈકાની છે ને બીજી મૂર્તિઓ પર ૧૫૪૨ના લેખો વિદ્યમાન છે. મૂળ મંદિરની ચારે બાજુ મળી ૪૨ દેવકુલિકાઓ છે. મંદિરની આગળ એક ચૌમુખ દહેરી છે, તેની આગળ રાયણવૃક્ષ છે. દહેરીમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં પગલાં છે. મંદિરની પાછળ આવેલા બગીચામાં પાંચ દહેરીઓ છે, તેમાં શ્રી પાર્શ્વનાથ ભગવાન, શ્રી અભયદેવસૂરિ અને દાદાજી વગેરેનાં પગલાં પધરાવેલાં છે. અહીં બે ધર્મશાળાઓ છે. આ તીર્થનો વહીવટ આણંદજી કલ્યાણજીની પેઢી સંભાળે છે.

[૨૦]

શ્રી લોદ્રવા પાર્શ્વનાથ

જેસલમેરથી દશ માઈલ દૂર શ્રી લોદ્રવા પાર્શ્વનાથનું

તીર્થ આવેલું છે. ત્યાં હજાર ફેણવાળી શ્રી પાર્શ્વનાથ ભગવાનની સુંદર મૂર્તિ વિરાજે છે. તેની પાસે અષ્ટાપદજીનું દહેરાસર છે, તેમાં પણ ઘણી મનોહર પ્રતિમાઓ છે. તેની બાજુમાં કલ્પવૃક્ષની અદ્‌ભુત રચના કરેલી છે. આ દહેરાસરમાં પેસતાં જે ઊંચું તોરણ છે, તેનું શિલ્પ ખાસ જોવા લાયક છે.

એમ કહેવાય છે કે પ્રથમ લોદ્રવા મોટું નગર હતું અને તેમાં ઓસવાળોનાં ૩૦૦૦ ઘર હતાં, પણ લડાઈમાં આ નગર ભાંગ્યું અને ઓસવાળો અન્યત્ર ચાલ્યા ગયા. સં. ૧૬૪૫માં ભણશાળી થીરૂશાહે આ જીર્ણોદ્ધાર કરાવેલો છે.

અહીં યાત્રાળુઓ જેસલમીરથી બસમાં આવે છે અને સેવા–પૂજા કર્યા પછી બસમાં પાછા ચાલ્યા જાય છે. ધર્મશાળાની વ્યવસ્થા સારી છે.

[૨૧]

શ્રી લોઢણ પાર્શ્વનાથ

વડોદરા નજીક ડભોઈ ગામમાં આઠ જૈન મંદિરો છે. તેમાંનું એક મંદિર શ્રી લોઢણ પાર્શ્વનાથનું છે, તે તીર્થરૂપ છે. તેમાં અર્ધપદ્માસને શ્રી પાર્શ્વનાથ ભગવાનની અતિ ચમત્કારિક પ્રતિમા વિરાજે છે.

સાગરદત્ત નામનો એક સાર્થવાહ ફરતો ફરતો દર્ભાવતીમાં આવ્યો. (ડભોઈનું પ્રાચીન નામ દર્ભાવતી છે.) આ સાર્થવાહને રોજ પ્રભુપૂજા કરવાનો નિયમ હતો; પણ પ્રતિમાજી વિસરી જવાથી તેણે ભોજન કર્યું નહિ. પછી વેલુની પ્રતિમા-

બનાવી પૂજન કર્યું અને એ રીતે પોતાનો નિયમ સાચવીને ભોજન કર્યું. પશ્ચાત્ એ પ્રતિમાજીને કૂવામાં પધરાવી દીધાં, પણ તે પીગળ્યાં નહિ, અખંડ રહ્યાં. પાછો સાર્થવાહ ફરતો ફરતો ત્યાં આવ્યો. તે વખતે રાત્રે અધિષ્ઠાયક દેવે સ્વપ્ન આપ્યું, એટલે સૂતરના તાંતણે બાંધી પ્રભુજીને બહાર કાઢ્યા.

અનુક્રમે ત્યાં મોટું દહેરાસર બંધાવી તેમાં આ પ્રતિમાજીને પધરાવ્યા. તે લોહ સમાન કઠણ હોવાથી લોઢણ પાર્શ્વનાથ નામ પડ્યું. અહીંના લોકોને તેની ઘણી આસ્થા છે.

[૨૨]

શ્રી વરકાણા પાર્શ્વનાથ

શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં પ્રસિદ્ધ તીર્થોની ગણનામાં વરકાણાતીર્થનો સમાવેશ થાય છે. 'સકલતીર્થવંદના' માં 'અંતરિક વરકાણો પાસ' એ શબ્દો વડે તેનું સૂચન થયેલું છે. આ તીર્થ રાજસ્થાનમાં રાણી સ્ટેશનથી બે માઇલ દૂર આવેલું છે.

પ્રથમ અહીં વરકનક નામનું એક મોટું નગર હતું અને તેમાં અનેક જિનમંદિરો શોભી રહ્યાં હતાં, પરંતુ રાજકીય ક્રાંતિમાં એ બધું ભૂગર્ભમાં ભળી ગયું અને તેના પર હાલનું ગામ વસ્યું. અહીં મેવાડના રાણા કુંભાના સમયમાં શ્રી માલપુરના એક ધનાઢ્ય ગૃહસ્થે બાવન દેવકુલિકાવાળું ભવ્ય જિનમંદિર નિર્માણ કરાવ્યું, તે આજે વિદ્યમાન છે. તેમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનું જે બિંબ છે, તે ઘણું પ્રાચીન

છે. ઘણા ભાગે સંપ્રતિ રાજાના સમયનું છે. તેનું પરિકર પીત્તળનું છે, જે પાછળથી બનેલું છે, પરંતુ તેમાં ૨૩ તીર્થંકરોની મૂર્તિઓ છે; એટલે મૂળનાયક મળીને ચોવીશી થાય છે.

મેવાડના અધિપતિ મહારાણા જગતસિંહે તપાગચ્છના આચાર્ય શ્રી વિજયદેવસૂરિજીના ઉપદેશથી વરકાણા તીર્થમાં પોષ વદિ ૮–૯–૧૦ના ભરાતા મેળાના દિવસોમાં લેવાતો કર માફ કરેલો છે.

યુગવીર આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ તથા આચાર્ય શ્રી વિજયલલિતસૂરિજીના પ્રયાસથી અહીં શ્રી પાર્શ્વનાથ જૈન વિદ્યાલય તથા હાઈસ્કૂલ શરૂ થયેલ છે અને તે આજે સારી સ્થિતિમાં ચાલી રહેલ છે.

[૨૩]

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનો મહિમા ભૂતકાલમાં ઘણો વિસ્તરેલો હતો અને આજે પણ ઘણો વિસ્તરેલો છે. ઘણા ભાવિકો પ્રાતઃકાલમાં તેમનું સ્મરણ કરે છે તથા સ્તવનો ગાય છે. વળી દરેક વર્ષે અનેક સ્થળે અટ્ઠમની તપશ્ચર્યા-પૂર્વક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની સમૂહ–આરાધના કરવામાં આવે છે, તે એમના પ્રત્યક્ષ પ્રભાવનું પુષ્ટ પ્રમાણ છે.

શ્રી શંખેશ્વર તીર્થ ગુજરાતના રાધનપુર જિલ્લામાં આવેલું છે. પ્રાચીન લેખો વગેરેમાં આ ગામનો ઉલ્લેખ

શંખપુર તરીકે થયેલો છે. આ શંખપુર ગામ કેમ વસ્યું ? તેની કથા જાણવા જેવી છે.

નવમા પ્રતિવાસુદેવ જરાસંધે શ્રીકૃષ્ણ ઉપર ચઢાઈ કરી અને તેના પ્રચંડ સૈન્યે સરસ્વતી નદી નજીક સેનપલ્લી ગામે પડાવ નાખ્યો. આ વખતે ભગવાન અરિષ્ટનેમિ કુમાર અવસ્થામાં શ્રી કૃષ્ણના સૈન્યમાં હતા. તેમણે પંચજન્ય શંખ ફુંકયો કે જરાસંધનું સૈન્ય ક્ષોભ પામ્યું. આથી જરાસંધે પોતાની કુલદેવી જરાનું આરાધન કર્યું અને તેના પરિણામે શ્રીકૃષ્ણનું સૈન્ય શ્વાસરોગથી પીડાવા લાગ્યું.

આ વખતે શ્રીકૃષ્ણે અટ્ઠમની તપશ્ચર્યાપૂર્વક પન્નગરાજ ધરણેન્દ્રની આરાધના કરી અને તેણે ભાવી તીર્થંકર શ્રી પાર્શ્વનાથજીનાં પ્રતિમાજી આપ્યાં. શ્રીકૃષ્ણે તેની પૂજા કરી અને તેમાં ન્હવણનું જળ સૈન્ય પર છાંટતાં સૈન્ય રોગરહિત થયું તથા જરાસંધને પીછેહઠ કરવી પડી. પછી તે સ્થળે શંખપુર નામનું ગામ વસાવી, તેમાં ભવ્ય મંદિર નિર્માણ કરી, આ અલૌકિક પ્રતિમાજીની સ્થાપના કરી.

એમ કહેવાય છે કે નવમા તીર્થંકરના વારામાં આષાઢી શ્રાવકે આ પ્રતિમા ભરાવેલી, તે દેવલોક વગેરેમાં પૂજાતી પૂજાતી છેવટે અહીં આ રીતે ધરણેન્દ્ર દ્વારા પ્રકટ થઈ.

આ મંદિરનો ઉદ્ધાર અનેક વાર થતો રહ્યો છે અને આજ સુધીમાં તેના અનેક ચમત્કારો જોવામાં આવ્યા છે. આજે પણ ઘણાને ત્યાં ચમત્કારિક અનુભવો થાય છે, તેથી

જ શ્રી પાર્શ્વનાથ ભગવાનના અન્ય કોઈ પણ તીર્થ કરતાં અહીં આરાધનાનું પ્રમાણ વિશેષ રહે છે.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું મંદિર ગામની મધ્યમાં આવેલું છે. તે બેઠી બાંધણીનું પણ દેખાવમાં ઘણું સુંદર છે. મૂળ ગભારો, ગૂઢ મંડપ, બે સભા મંડપો, મૂળ ગભારાની બંને બાજુ એક એક શિખરબંધી ગભારા, બાવન જિનાલયની દહેરીઓ, શૃંગાર ચોકી અને વિશાળ ચોક યાત્રાળુના મન પર ભવ્યતાની છાપ અંકિત કરે છે.

આ મંદિરની દિવાલોમાં મનોહર ચિત્રકામ થયેલું છે અને તેમાં શ્રીપાર્શ્વનાથ પ્રભુના દશે ય ભવનાં દૃશ્યો બતાવવામાં આવ્યાં છે.

આ તીર્થમાં છ ધર્મશાળાઓ છે અને ભોજનાલય, પુસ્તકાલય, ઔષધાલાય વગેરેની પણ સુંદર વ્યવસ્થા છે. અમદાવાદ, વીરમગામ, સુરેન્દ્રનગર, હારીજ વગેરે સ્થળેથી ત્યાં સુધી બસો જાય છે.

[૨૪]

શ્રી સમેતશિખર યાને પારસનાથનો પહાડ

જૈન ધર્મના મહાન તીર્થોમાં શ્રી સમેતશિખરની ગણના થાય છે, કારણ કે અહીં વીશ તીર્થંકરો નિર્વાણ પદને પ્રાપ્ત થયેલા છે.× પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ ભગવાન પોતાનો

× શ્રી આદિનાથ, શ્રી વાસુપૂજ્ય, શ્રી અરિષ્ટનેમિ અને શ્રી મહાવીરસ્વામી અન્યત્ર નિર્વાણ પામેલા છે.

નિર્વાણસમય નજીક જાણીને અહીં પધાર્યા હતા અને તેમણે બીજા તેત્રીશ મુનિવરો સાથે અનશન ગ્રહણ કર્યું હતું. શ્રાવણ સુદિ આઠમના રોજ વિશાખા નક્ષત્રમાં તેઓ નિર્વાણપદને પ્રાપ્ત થયા હતા.

શ્રી સમેતશિખર ગિરિરાજની ઊંચાઈ સમુદ્રની સપાટીથી ૪૪૮૮ ફીટની છે. તે બધો વખત લીલોછમ રહે છે અને તેમાં જાતજાતની ઔષધિઓ થાય છે, જેવી કે હરડે, ભીલામા ધોળી મુસળી, વછનાગ વગેરે. અહીં વનપશુઓ પણ સારા પ્રમાણમાં છે, પરંતુ યાત્રાળુઓને હરકત પહોંચતી નથી.

આ ગિરિરાજ પર જવાના બે મુખ્ય માર્ગો છે. તેમાંનો એક માર્ગ પારસનાથ હીલ યાને ઈસરી નામના સ્ટેશન પરથી જાય છે અને બીજો મધુવનથી જાય છે. તેમાં બીજો માર્ગ વધારે ઉપયોગમાં છે. ઈસરીમાં સ્ટેશનની નજીક જૈન ધર્મશાળા છે અને ત્યાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી છે, જે પહાડ વગેરેની દેખરેખ રાખે છે.

મધુવનમાં શ્વેતામ્બર જૈનોમાં ૧૧ મંદિરો લગોલગ આવેલાં છે, તેમાંનાં અર્ધા ઉપરાંત મંદિરો તો શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં જ છે. શ્વેતામ્બર ધર્મશાળામાં પ્રવેશ કરતાં કોટની બહાર ભોમિયાજીનું મંદિર છે.

સવારે ચાર વાગ્યે ચડવાની શરૂઆત કરવામાં આવે તો સાંજના પાંચ-છ વાગતાં પાછા મધુવન આવી શકાય છે. આ ગિરિરાજ પર રાત્રિ રહી શકાતી નથી. છ માઈલ

ચડતાં છ માઈલ ઉપર ફરતાં અને છ માઇલ નીચે ઉતરતાં તેની એક યાત્રામાં અઢાર માઇલનો પ્રવાસ થાય છે.

ત્રણેક માઈલ ઉપર જતાં ગંધર્વનાળું આવે છે, તેમાં બધો વખત શીતળ મીઠું પાણી વહ્યા કરે છે. અહીં ધર્મશાળા બંધાયેલી છે, તેમાં ઉતરતી વખતે ભાતું અપાય છે.

અહીં કુલ ૨૮ ટૂંકોની યાત્રા છે. તેમાં અઢારમી ટૂંકે શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ભવ્ય મંદિર છે. આ ગિરિરાજ પર આ એકજ મૂર્તિવાળું મંદિર છે, બીજાં બધાં સ્થળે ચરણપાદુકાઓ છે.

છેલ્લી ટૂંક મેઘાડંબર કહેવાય છે, તે સહુથી ઊંચી છે અને ઘણે દૂરથી દેખાય છે. અહીં શ્રી પાર્શ્વનાથ ભગવાનનું નિર્વાણકલ્યાણક થયેલું છે. જો અહીં શાંત-સ્વસ્થ મને શ્રી પાર્શ્વનાથ ભગવાનનો મંત્રજપ કરવામાં આવે તો સર્વ કષ્ટોનું નિવારણ થાય છે તથા પરમ શાંતિ અનુભવી શકાય છે.

[૨૫]

શ્રી સેરિસા પાર્શ્વનાથ

અમદાવાદથી પાલણપુર તરફ જતી ગાડીમાં કલોલ નામનું સ્ટેશન આવે છે. ત્યાંથી પાંચ માઇલના અંતરે શેરિસા કે સેરિસા નામનું ગામડું આવેલું છે. એક કાળે ત્યાં સોનપુર નામનું સુંદર નગર વસેલું હતું અને સેરિસા તેનો એક નાનકડો મહોલ્લો હતો, પરંતુ કાળનો કરાળ ઝપાટો લાગતાં સોનપુર નામશેષ થયું અને સેરિસા એક ગામડા રૂપે અવશિષ્ટ રહ્યું.

'વિવિધતીર્થકલ્પ' : 'નાલિનન્દન જિનોદ્ધાર પ્રબંધ' વગેરે પરથી જણાય છે કે નાગેન્દ્રગચ્છના શ્રી દેવેન્દ્રસૂરિજીએ ચૌદમા સૈકામાં આ તીર્થની સ્થાપના કરી હતી. કવિવર શ્રી લાવણ્યસમયે આ તીર્થની યાત્રા કરીને સં. ૧૫૬૨માં 'સેરિસાતીર્થસ્તવન' રચ્યું છે, એટલે સોળમી સદી સુધી આ તીર્થ જાહોજલાલીમાં હતું એવો નિશ્ચય થાય છે. સેરિસાના મંદિરની સં. ૧૪૨૦ના લેખવાળી શ્રી પદ્માવતી દેવીની મૂર્તિ આજે અમદાવાદ પાસે નરોડા ગામમાં વિદ્યમાન છે, જે સં. ૧૪૨૦ પછીના કટોકટીના સમયે ત્યાં લઈ જવામાં આવી હશે, એમ લાગે છે.

આજે અહીં વિશાળ સુંદર મંદિર બધું છે, તે અમદાવાદ–નિવાસી શેઠ સારાભાઇ ડાહ્યાભાઈએ બંધાવેલું છે. તેમાં મૂળ ગભારો જોધપુરી લાલ પથ્થરનો અને રંગમંડપ મકરાણાના પથ્થરથી બનાવેલો છે. આ મંદિરની પ્રતિષ્ઠા સં. ૨૦૦૨ના વૈશાખ સુદિ ૧૦ ના રોજ આચાર્ય શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી મારફત થયેલી છે.

અહીંના ભગ્ન મંદિર તરફ સંવત્ ૧૯૫૫માં જૈનોનું ધ્યાન ખેંચાયું અને ખોદકામ શરૂ થયું. તેમાંથી ૬ મૂર્તિઓ તથા કોતરણીવાળા અનેક પથ્થરો, થાંભલાઓ વગેરે મળી આવ્યાં. ત્યારબાદ અહીં મંદિર બંધાવવાનો નિર્ણય થયો.

અહીંના મૂળનાયકજી 'લોડણપાર્શ્વનાથ' કહેવાય છે. તે અંગે કોઈકનું કહેવું એમ છે કે આ પ્રતિમાને ડોલતી

જોઈને લોકોએ તેનું નામ 'લોઢણપાર્શ્વનાથ' રાખ્યું, તો બીજો મત એવો છે કે આ મૂર્તિનો એક પગ છૂટો હોવાથી તેને આવું નામ પ્રાપ્ત થયેલું છે. એક મત એવો પણ છે કે મૂળ આ મૂર્તિ વેળુની બનાવેલી હોવા છતાં લોઢા જેવી કઠિન બની ગઈ, તેથી લોઢણ પાર્શ્વનાથ તરીકે ઓળખાવા લાગી. પરંતુ 'લખ લોક દેખે, સહુ પેખે, નામ લોઢણ સ્થાપના' વગેરે પંક્તિઓ ઉપરથી તેનું નામ 'લોઢણપાર્શ્વનાથ' જ બરાબર લાગે છે.

અહીં ધર્મશાળા તથા ભોજનશાળાનો પણ પ્રબંધ છે.

[૨૬]

શ્રી સ્થંભન પાર્શ્વનાથ

ખંભાત નગર અનેક જિનમંદિરોથી સુશોભિત છે. તેમાં ખારવાડે શ્રી સ્થંભનપાર્શ્વનાથનું જે મંદિર આવેલું છે, તે તીર્થરૂપ છે અને તેમાં વિરાજમાન મૂળનાયકની મૂર્તિ પાછળ એક મોટો ઇતિહાસ છૂપાયેલો છે.

વિક્રમના બારમા સૈકામાં શ્રી અભયદેવસૂરિ એક મહા-વિદ્વાનની ખ્યાતિને પ્રાપ્ત થયા. તેઓ એક વખત ગુજરાતની યાત્રા કરવા નીકળ્યા, પરંતુ કર્મસંયોગે કુષ્ટરોગ ઉત્પન્ન થયો અને તેની પીડા દિનપ્રતિદિન વધવા લાગી. અનુક્રમે તેઓ સંભાણુક (થાંભણા) ગામે આવ્યા, ત્યારે તેમને અનશન કરવાની ઇચ્છા થઈ. હવે ત્રયોદશીની રાત્રિએ શાસનદેવીએ સ્વપ્નમાં કહ્યું : "ભગવન્ જાગો છો કે ?'

આચાર્યશ્રીએ ધીમા સ્વરે કહ્યું : 'હા જાણું છું.'

દેવીએ કહ્યું : 'ભગવન્ ! આ નવ કોકડાં છે, તે તમે ઉકેલો.'

આચાર્યે કહ્યું :' હું હવે જીવી શકીશ નહિ, તો કોકડાં કેવી રીતે ઉકેલું ?'

દેવીએ કહ્યું : 'એ તમે ઉકેલી શકશો. હજી તમે નવ અંગની વૃત્તિઓ રચીને શ્રી વીરપ્રભુના શાસનને શોભાવી શકશો.'

આચાર્યે કહ્યું : 'પણ એ બધું શી રીતે બની શકશે ? હું તો અનશનની ઇચ્છાવાળો છું.'

દેવીએ કહ્યું : 'ભગવંત !' નિરાશ થશો નહિ. શેઢી નદીના કિનારે હાલ જ્યાં સ્થંભનપુર નગર છે, ત્યાં ખાખરાના ઝાડ નીચે જમીનમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા છે, તે તમારા પ્રભાવથી પ્રકટ થશે અને તેનાં દર્શન માત્રથી તમારો કુષ્ટરોગ નાશ પામશે.'

પ્રભાતમાં સંઘ વંદન કરવા આવ્યો, ત્યારે આચાર્યશ્રીએ સ્થંભનપુર જવાની ઇચ્છા દર્શાવી. શ્રાવકો વિચારમાં પડયા કે 'અશક્ત શરીરે એટલે બધે દૂર શી રીતે પહોંચાશે ?' પણ છેવટે તેઓ આચાર્યશ્રીને લઈ સેઢી નદીના કિનારે આવ્યા અને પ્રતિમાજીની શોધ કરવા લાગ્યા, પણ પ્રતિમાજી મળ્યા નહિ. એવામાં ખાખરાના એક ઝાડ નીચે એક ગાયને દૂધ ઝરતી જોઈ. તેમણે આ વાત આચાર્યશ્રીને કહી. એટલે

આચાર્યશ્રીએ ત્યાં આવીને 'જયતિહુઅણ' સ્તોત્ર વડે ભગવાનની સ્તુતિ કરવા માંડી. એ સ્તુતિના પ્રભાવે જમીન માંથી શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા પ્રકટ થઈ. ત્યાં આચાર્યશ્રીએ સંઘસહિત ભક્તિપૂર્વક ચૈત્યવંદન કર્યું. પછી ત્યાં શ્રાવકોએ મંદિર બંધાવી એ મૂર્તિની પ્રતિષ્ઠા કરી અને તે શ્રીસ્થંભનપાર્શ્વનાથ તરીકે ઓળખાવા લાગી.

આ મૂર્તિનાં દર્શનથી શ્રી અભયદેવસૂરિ રોગરહિત થયા અને તેમણે આ શહેરમાં રહીને અતિ કઠિન એવી નવ અંગોની વૃત્તિઓ રચી.

આ શહેર હાલના ખંભાત શહેરથી પાંચ માઈલ દૂર આવેલું હતું. તેમાંની શ્રી સ્થંભનપાર્શ્વનાથની મૂર્તિને સં. ૧૩૬૦ની આસપાસ ખંભાત શહેરમાં લાવવામાં આવી એમ શ્રી મેરુતુંગરચિત 'સ્થંભનકપાર્શ્વનાથચરિત' પરથી સમજાય છે.

ખંભાતનો ઇતિહાસ ઘણો ઉજ્જવલ છે. જૈન ઇતિહાસની અનેક ઘટનાઓ તેની સાથે જોડાયેલી છે. આજે પણ સંખ્યાબંધ મંદિરો, ઉપાશ્રયો, પોષધશાળાઓ વગેરેથી તે શોભી રહેલ છે અને તેના શ્રાવક-શ્રાવિકાઓ વિરતિના પંથે વિચરવામાં અગ્રણી રહેલાં છે.

શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિઓ જુદાં જુદાં અનેક નામોથી જુદા જુદા શહેરોમાં વિદ્યમાન છે. તે બધાની યાદી કરીએ તથા તેની પાછળનો ઇતિહાસ એકઠો કરીએ તો એક

મોટો ગ્રંથ રચાય. અહીં તો આરાધકોને ખાસ ઉપયોગી નીવડે એવાં મહત્ત્વપૂર્ણ વિદ્યમાન તીર્થોનો જ ઉલ્લેખ કરેલો છે. તેના પરથી પણ શ્રી પાર્શ્વનાથ ભગવાનનો અચિંત્ય પ્રભાવ જાણી શકાશે.

સહુ કોઈ તેમની આરાધનમાં ઉજમાળ બનો, એવી આંતરિક અભિલાષા સાથે આ ગ્રંથ પૂરો કરીએ છીએ.

મહા પ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર
યંત્રાવલી

૧-જગદ્વલ્લભકર યન્ત્ર ❋



મહા પ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર
યંત્રાવલી

૨-સૌભાગ્યકર યંત્ર ❋

મહા પ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર
યંત્રાવલી

૩- લક્ષ્મીકર યંત્ર ※

ॐ
ह्रीं
ह्रां
ह्रिं
ह्रीं
ह्रूं
ह्रैं
ह्रौं
ह्रः
पा
श्व
देवदत्त
ॐ
ह्रीं
धर्
णेन्द्र
ॐ
ह्रीं
पद्मा
वत्यै
ॐ
ह्रीं
फणि
पार्श्व
नाथाय
ॐ
ह्रीं
नमः
ॐ
ह्रीं
श्रीं
क्लीं
ब्लूं
आं
क्रों
ह्रीं
य

મહા પ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર
યંત્રાવલી

૪- ભૂતાદિનિગ્રહકર યંત્ર ❋



મહા પ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર
યંત્રાવલી

૫-જ્વરનિગ્રહકર યંત્ર



મહા પ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર
યંત્રાવલી

૬ - શાકિનીનિગ્રહકર યંત્ર



મહા પ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર
યંત્રાવલી

૭-વિષમવિષનિગ્રહકર યંત્ર

મહા પ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર
યંત્રાવલી

૮- ઉપદ્રોપદ્રવનિર્નાશન યંત્ર



મહા પ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર
યંત્રાવલી

૧૧- વંદ્યાશબ્દપદ્ યંત્ર

મહા પ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર
યંત્રાવલી

૧૨-મૃતવત્સાદોષનિવારણ યંત્ર



મહા પ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર
યંત્રાવલી

૧૩- કાકવંધ્યાદોષનિવારણ યંત્ર



મહા પ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર
યંત્રાવલી

૧૪- બાલગ્રહપીડાનિવારણ યંત્ર



"જ્યારે જ્યારે અમારી પાસે કોઈ વ્યક્તિ પોતાનાં દુઃખ કે દારિદ્રની ફરિયાદ કરતી આવે છે, ત્યારે તેને અમે આ સ્તોત્રની શ્રદ્ધાપૂર્વક ગણના કરવાનું કહીએ છીએ અને તેનાં પરિણામો પ્રાયઃ સુંદર જ આવ્યાં છે."

—લેખક

શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ શાહની મનનીય કૃતિઓ

[જૈન સાહિત્ય સંબંધી]

		રૂા. પૈસા
×	જૈન શિક્ષાવલી : પ્રથમ શ્રેણી	૬–૦૦
×	જૈન શિક્ષાવલી : બીજી શ્રેણી	૬–૦૦
×	જૈન શિક્ષાવલી : ત્રીજી શ્રેણી	૬–૦૦
×	શ્રી વીર-વચનામૃત	૬–૦૦
	શ્રી વીર-વચનામૃત (હિંદી)	૬–૦૦
	જિનોપાસના	૬–૦૦
×	જીવવિચારપ્રકાશિકા	૬–૦૦
×	નવતત્ત્વદીપિકા	૬–૦૦
	નમસ્કારમંત્રસિદ્ધિ (બીજી આવૃત્તિ)	૬–૦૦
	મહા પ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર	૭–૫૦

[સર્વોપયોગી]

	ગણિત-ચમત્કાર (બીજી આવૃત્તિ)	૫–૦૦
	ગણિત-રહસ્ય (બીજી આવૃત્તિ)	૫–૦૦
	ગણિત-સિદ્ધિ (બીજી આવૃત્તિ)	૫–૦૦
×	મંત્રવિજ્ઞાન	૭–૫૦
	મંત્રચિંતામણિ	૭ ૫૦
	સંકલ્પસિદ્ધિ યાને ઉન્નતિ સાધવાની અદ્‌ભુત કલા	૫–૦૦
	સ્મરણકલા	૫–૦૦

પ્રાપ્તિસ્થાન :

પ્રજ્ઞા પ્રકાશન મંદિર

લખાભાઇ ગુણપત બીલ્ડીંગ, ચીંચબંદર

મુંબઇ–૯

× નિશાનીવાળાં પુસ્તકો હાલ મળતાં નથી.